શ્રીહરિ:

કમલદલ-૧૪

પ્રમાણ વચનો

(પુષ્ટિભક્તિમાર્ગાનુકૂળ)

શ્રીમદ્‌ભાગવત શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ઉપનિષદ્

દેવેન્દ્ર શાહ (ભરૂચ)

પ્રમાણ વચનો
(પુષ્ટિભક્તિમાર્ગાનુકૂળ)
શ્રીમદ્ભાગવત શ્રીમદ્ભગવદ્ગીતા
ઉપનિષદ્

કમલદલ : ૧૪

પ્રકાશક, સંકલન કર્તા : દેવેન્દ્ર શાહ
૫૦૨, આંગન એપાર્ટમેન્ટ,
કસક પાસે, ભરૂચ-૩૯૨૦૦૧
ફોન : (02642) 229048
મોબાઈલ : 9428176302
8849653819

અર્પણ : દશદિગંત વિજય શ્રીપુરુષોત્તમજીને...

અગાઉ પ્રકાશિત પુસ્તકોની યાદી

કમલદલ

૧. આપણા ૮૪
૨. ૪૧ આપણા માટે
૩. ૭ બોલ શ્રીકૃષ્ણના
૪. ૩ સોં હિલગનકી પહેચાન
૫. ૧ પુષ્ટિ કવન
૬. પનઘટ - કીર્તન ભાવ
૮. ભગવત્ કીર્તન રહસ્ય ખંડ ૧-૨
૯. કરી મન હરિભકતનકો સંગ
૧૦. ૪૯ શૂરના સૂર
૧૧. મધુરાષ્ટકમ્ એક રસઝલક
૧૨. ભગવત્ કીર્તન રહસ્ય ભાગ-૩
૧૩. નામરત્નાખ્ય રસમ્
૧૪. પ્રમાણ વચનો (પુષ્ટિભકિતમાર્ગાનુકૂળ) (પ્રસ્તુત)

પુષ્પ

૧. ૧ થી ૧૬ બડેનકી વાણી (વચનામૃત સંકલન)
૧૭. સૂરજ કોણ બતાવે (કાવ્ય સંગ્રહ)
૧૮. આંસુ
૧૯. શ્રીમદ્ ભાગવત્ સાર (PDF)
૨૦. તજી મન હરિ વિમુખન કો સંગ (PDF)

પ્રકાશિત ઓડીયો બુકની યાદી

૧. પુષ્ટિ પાઠાવલી
૨. ૮૪ વૈષ્ણવની વાર્તા
૩. ૨૫૨ વૈષ્ણવની વાર્તા
૪. શિક્ષાપત્ર
૫. રસખાનજી
૬. હરિગીત
૭. શ્રીમદ્ ભાગવત્ સાર
૮. શ્રીમદ્ ભાગવત્ સંપૂર્ણ
૯. શ્રીમદ્ ભાગવત્ રસાસ્વાદ
૧૦. સૂર સારાવલી
૧૧. કૃષ્ણલીલામૃત
૧૨. શ્રીમદ્ ભાગવત્ મૂલમ્
૧૩. તત્વાર્થદીપ નિબંધ મૂલમ્
૧૪. શ્રીમહાપ્રભુજી ગ્રંથાનિ મૂલમ્
૧૫. ઉપનિષદ્
૧૬. શિક્ષાપત્ર મૂલમ્ (શ્લોકમાત્ર)

ઉપોદ્‌ઘાત

સૌ પ્રથમ તો આ પ્રમાણ વચનો એકત્ર કરી તેનું વર્ગીકરણ કરવાનો વિચાર જે મને ઉદ્‌ભવ્યો તેનું કારણ પૂર્વાચાર્યો, આધુનિક આચાર્યો અને વિદ્વાનો પોતાના આલેખમાં ઠેર ઠેર પ્રમાણ વચનો ટાંકતા, તે જોઈ મને આશ્ચર્ય ય થતું અને મારી ક્ષુદ્રતા પણ અનુભવાતી... તેથી મને થયું કે પ્રમાણવચનોને વિષય સાથે જોડીને એક નાનકડી પુસ્તિકા તૈયાર કરવામાં આવે તો આ માર્ગની ઉપર ચાલવા માગતા કે મથતાં બાળકોને લાભદાયી થશે અને મારી ઉણપને પૂરવાનો કંઈક પ્રયાસ પણ થશે.

એ આશયથી અહીં શ્રીમદ્‌ ભાગવતપુરાણ, શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા તથા ઉપનિષદ્‌નાં એવાં વચનોને એકઠા કર્યા છે કે જે વચનો આપણા પુષ્ટિ ભકિતમાર્ગ સાથે સંગતિ કરતા હોય. પુષ્ટિભકિતમાર્ગના પ્રમાણ શાસ્ત્રો, પ્રમેય વિષયો, સાધનાપ્રણાલી અને ફળોના વિવિધ રૂપોને કેટલાક પેટા વિભાગ પાડી તેને એક "ઓળખ અક્ષર"થી વિભાજીત કર્યા છે. તથા વચનો કયાંથી ઉધૃત કર્યા છે તેનો સ્કંધ-અધ્યાય-શ્લોકની પણી નોંધ આપી છે. તથા આ પૂરા સ્ટ્રકચરને સમજવા માટેનું એક કોષ્ટક પણ શરૂઆતમાં આપેલ છે.

આનાથી કોઈપણ એક વિષયના વિવરણ વેળા અનેક પ્રમાણો તુરત જ સહેલાઈથી શોધી શકાશે. તે ઉદ્દેશથી આ પુસ્તિકા તૈયાર કરી છે.

મારા અધકચરા જ્ઞાનને કારણે અનેક ક્ષતિઓ રહી જવાનો પૂરો સંભવ છે એટલું જ નહિ પણ યોગ્ય મથાળું કે યોગ્ય વર્ગીકરણ કરવામાં પણ ચૂક રહી ગઈ હોઈ શકે. ઘણા વચનો હજુ પણ ઉમેરી શકાય તેવી શકયતાઓ પણ ખૂલ્લી છે. છતાં પણ એક નૂતન વિષય ઉપર નૂતન પ્રયોગ કરવાનું સાહસ કરેલ છે. તેથી મારી ક્ષતિઓને સહી લેવા નમ્ર વિનંતી છે.

આ પ્રયાસમાં મારા પ્રેરક, ભાવપોષક અને અનુગ્રહ - કર્તા સર્વ પૂ.પા. ગોસ્વામી બાળકો તથા વૈષ્ણવોનો હું સદૈવ ઋણી રહીશ.

આપ સૌને સાષ્ટાંગ દંડવત્‌ પ્રણામ અને યથોચિત્‌ ભગવદ્‌ સ્મરણ.

દેવેન્દ્ર શાહ

વિભાગીકરણ

પ્રમાણ	પ્રમેય	સાધન (મર્યાદા)	સાધન (પુષ્ટિ)
A1 ભાગવત A2 વેદ ગીતા અન્યપુરાણ ભારત	B1 પરબ્રહ્મ પરમાત્મા અક્ષરબ્રહ્મ B2 અવતારી/કૃષ્ણ ભગવાન/ઈશ્વર ગુણ-લીલા B3 અવતાર દેવતા કાલ-કર્મ વિ.	C1 કર્મ/ધર્મ જ્ઞાન યોગ ઉપાસના C2 પુરુષાર્થ વર્ણાશ્રમ વિદ્યા મર્યાદાભકિત બ્રહ્માત્મભાવ	D1 સેવા D2 કથા/સત્સંગ D3 પરિચર્યા યાત્રા વિવેક-ધૈર્ય આશ્રય પશ્ચાતાપ વિજ્ઞપ્તિ અલૌકીક પુરુષાર્થ

સાધન (પુષ્ટિ)	ફળ	જીવ	ભકત
E1 નિષ્કામ ભકિત સમર્પણ પ્રેમાસકિત વ્યસન સંયોગ-વિપ્રયોગ નિરોધ-માનસી સર્વાત્મભાવ E3 પરમ આશ્રય	F1 મોક્ષ સાયુજય F2 અલૌકિક સામર્થ્ય સેવોપયોગી દેહ પ્રભુદર્શન વિ.સાયુજય F3 લોકમા ગતિ F4 બ્રહ્મભાવ	G1 દૈવી G2 આસુરી	H1 શ્રોતા વકતા H2 ભગવદીય

ગુરુ	પ્રાકૃત તત્ત્વ	અભકત	
J દીક્ષા ઉપદેશ લક્ષણ	H/L પ્રપંચ મહત્‌તત્ત્વ દેહ-ઈન્દ્રિય મહાભૂત વ.	K દુષ્ટ/આસુરી અભકત સંસારી નિષિધાચરણી અધર્મી માયાનુસારી અવિદ્યાનુસારી	

પ્રમાણ વચનો

પદ્મપુરાણોકત શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય

વિષય **વિભાગ**

1/1 શ્રીકૃષ્ણનું બ્રાહ્મિક સ્વરૂપ B2

સચ્ચિદાનંદ સ્વરૂપ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર, ત્રિવિધ તાપને દૂર કરનાર શ્રીકૃષ્ણને અમો નમસ્કાર કરીયે છીયે

સચ્ચિદાનંદયરૂપાય વિશ્વોત્પત્યાદિ હેતવ:
તાપત્રય વિનાશાય શ્રીકૃષ્ણાય વયંનુમ:

2/1-2 બ્રહ્મભાવ સર્વાત્મભાવ F1

જેને કાંઈ પણ કર્મ કરવાં રહ્યાં ન હતા જેને ઉપનયન સંસ્કાર પણ થયો નહોતો તેવા શુકદેવજી, જયારે વનમાં ચાલી નીકળ્યા ત્યારે એમના વિરહમાં ગભરાયેલા વ્યાસજી "હે પુત્ર" એમ સંબોધન કરીને ઉચ્ચ સ્વરે બોલ્યા. એના ઉત્તરમાં શ્રીશુકદેવજી સર્વભૂતના આત્મા હોવાથી વૃક્ષોએ ઉત્તર આપ્યો, એવા સર્વના હૃદયમાં અંતર્યામીરૂપ રહેલા શ્રીશુકદેવજીને હું પ્રણામ કરુ છું.

1/4 ગુરુ J - ગુરુ H1 વકતા D2 કથા

અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવામાં કરોડો સૂર્યના પ્રકાશ જેવા તેજસ્વી હે સૂત, મારા કાનને આનંદ થાય તેવી સારરૂપ કથા મને કહો.

1/5-7 ભગવત્ પ્રાપ્તિનો ઉપાય જાણવાની આર્તી E1

ભક્તિજ્ઞાન અને વૈરાગ્યથી મળેલો વિવેક કેવી રીતે વધે અને વૈષ્ણવો માયાના મોહને કેવી રીતે છોડે ? આ ભયંકર કળિયુગ આવતાં જીવ આસુરભાવને પ્રાપ્ત થયો છે. સાંસારિક દુ:ખથી થયેલ જીવને શુદ્ધ કરવાનો ઉત્તમ ઉપાય કયો ? કલ્યાણરૂપ સાધનમાં જે ઉત્તમ સાધન હોય, પવિત્રમાં જે પવિત્ર હોય, સદા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવે એવું સાધન હોય તે સાધન આપ મને કહો.

1/11-12 શ્રીભાગવત ભય હારક A1

કલિરૂપ કાળ સર્પ ગળી જશે એવો જે ભય છે, તે ભયને દૂર કરવા માટે શ્રીશુકદેવજીએ શ્રીભાગવત નામનું શાસ્ત્ર કહ્યું છે. મનની શુદ્ધિ માટે એ ભાગવત કરતાં કોઈ વિશેષ સાધન નથી. પૂર્વ જન્મનાં પુણ્ય હોય તો જ શ્રીભાગવતની કથા સાંભળવાનો સમય મળે.

1/14 હરિકથાની ઉત્તમતા A1

પોતાનું કામ સિદ્ધ કરવામાં કુશળ તેવા દેવોએ શુકદેજીને પ્રણામ કરીને કહ્યું કે આ અમૃત લઈને એના બદલામાં અમને હરિકથારૂપી અમૃત આપો.

1/17 અભકત ભગવદ્કથાના અનધિકારી K

અને બોલ્યા કે એ વાત બને એવી નથી એમને અભક્ત જાણીને કથારૂપી અમૃત આપ્યું નહિ.

1/45 કલિકાળમાં જ્ઞાન વૈરાગ્યની દુર્બળતા C2

તરૂણી બોલી - મારું નામ ભક્તિ છે. જ્ઞાન અને વૈરાગ્ય નામના આ બે મારા પુત્રો છે. એઓ

કાળના યોગે જર્જરિત થઈ ગયા છે.

1/68 ભગવાનનાં ગુણગાન D2
જે ફળ તપથી યોગથી અથવા તો સમાધિથી મળતું નથી, તે ફળ કળિયુગમાં ભગવાનના ગુણગાનથી મળે છે.

1/71 ભાગવત વિક્રય K
બ્રાહ્મણો અનાજના લોભથી ઘર-ઘરમાં અને પ્રત્યેક મનુષ્ય પાસે ભગવાનની કથા કહે છે, તેથી કથાનો સાર ગયો છે.

1/79 મોટાઓની કૃપા D-2
હે દેવર્ષિ નારદજી ! તમે ભાગ્યશાળી છો અને મારા સદ્‌ભાગ્યને લીધે મને તમારો સમાગમ થયો છે. સાધુપુરુષોનું દર્શન જગતમાં ઉત્તમફળ તથા સર્વ સિદ્ધિઓ આપનારું છે.

2/3 ભક્તિ E1
તું સાક્ષાત્ ભક્તિ છે એથી તો શ્રીકૃષ્ણને પ્રાણથી પણ અધિક પ્રિય છે. તારા બોલાવ્યા કૃષ્ણ નીચેના ઘરમાં પણ પધારે છે.

2/4 ભક્તિ E1
સત્ય વગેરે ત્રણ યુગમાં જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિ અપાવી શકતા પણ કળિયુગમાં બહ્મનું આયુજય કરાવનારા કેવળ ભક્તિ જ છે.

2/16 પ્રેમલક્ષણા ભક્તિ E1
જેના ચિત્તમાં પ્રેમલક્ષણા ભક્તિ સદા રહે છે તે શુદ્ધમૂર્તિવાળા થાય છે, એ કોઈ દિવસ યમદૂતને જોતા નથી.

2/18 ભક્તિથી જ ભગવાન વશ થાય છે E1
તપ વેદ જ્ઞાન કે વૈદિક કર્મ વડે ભગવાન વશ થતા નથી, પણ પ્રેમ વડે ભગવાન વશ થાય છે, એમાં ગોપીજનો સાક્ષીરૂપ છે.

2/20 ભક્તદ્રોહી K
જે ભક્તિદ્રોહ કરે છે તે ત્રણ લોકમાં દુઃખી થાય છે. પહેલાં ભક્તિની નિંદા કરનાર દુર્વાસા થયો, તેને બહુ દુઃખ ભોગવવું પડયું હતું.

2/67-71 ભાગવતની વેદથીય ઉત્તમતા, ભાગવતનું પ્રયોજન A1
શ્રીભાગવતની કથા વેદ અને ઉપનિષદના સાર રૂપ પ્રગટ થઈ છે, તેમાંથી જે ઉત્તમ ફળ થાય છે તે વેદ કરતા કોઈ વિલક્ષણ જ થાય (૬૭) વેદતુલ્ય આ શ્રી ભાગવત નામનું પુરાણ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યને પૃથ્વી ઉપર સ્થાપન કરવાના ઉદ્દેશથી પ્રગટ થયું છે. (૭૧)

2/76 મહાપુરુષનો સંગ - સત્સંગનો પ્રભાવ D2
જયારે ઘણા જન્મમાં સંચય કરેલાં પુણ્ય પ્રગટ થાય છે ત્યારે પુરુષને સત્‌પુરુષનો સમાગમ પ્રાપ્ત થાય. સત્સંગ વડે અજ્ઞાનથી થયેલ મોહનો અને મદરૂપી અંધકારનો નાશ કરીને વિવેક ઉદય પામે છે.

3/25-29-37 સાપ્તાહિકી નહિ પણ સર્વદા કથા શ્રવણ D2

શ્રીમદ્ ભાગવતની કથા સદા સાંભળવી જોઈએ, કારણકે એના શ્રવણ માત્રથી પરમાત્મા મનમાં નિવાસ કરે છે. (૨૫) જેના ઘરે નિત્ય ભાગવતની કથા થાય છે, તેનું ઘર તીર્થરૂપ થાય છે અને એ ઘરમાં રહેનારાના પાપોનો એ નાશ કરે છે.

3/45 સદા ભાગવત કથા શ્રવણ A1

માટે હે યોગના નિધિ ! હે બુદ્ધિમાન ! એ કથાને પ્રયત્નપૂર્વક સાંભળવી, અમુક દિવસે જ સાંભળવી એવો દિવસનો નિયમ નથી એથી સદા એનું શ્રવણ કરવું.

3/61 ભાગવત ભગવદાત્મક A1

એમ બોલી ભગવાન અંતર્ધાન થયા ત્યારે જે પોતાનું તેજ હતું તે શ્રીભાગવતમાં પધરાવતા ગયા એટલે તેજરૂપે આપે શ્રીભાગવતરૂપી સાગરમાં પ્રવેશ કર્યો.

3/73 ભક્તિ E1

જેઓના ચિત્તમાં શ્રીકૃષ્ણની ભક્તિ નિવાસ કરીને રહી છે, તે લોકો નિર્ધન હોય છતા એઓને ધન્યવાદ ઘટે છે. ભગવાન પણ પોતાનો લોક છોડીને ભક્તિરૂપી દોરીથી ખેંચાઈને ભક્તના હૃદયમાં આવીને રહે છે.

4/78 સંસારરૂપ આંધળો કૂવો K

હું સ્નેહપાશમાં બંધાઈને આંધળા કૂવારૂપ આ સંસારમાં પડયો છું. હું ચાલી શકું નહિ તેવો પાંગળો થઈ ગયો છું. હે દયાનિધિ ! તું મને આ આંધળા કૂવામાંથી બહાર કાઢ

4/79-80 ભગવદીય જીવન H2

હાડકા - માંસ - રૂધિરવાળા આ દેહમાંથી અહંતા છોડો. સ્ત્રીપુત્રમાંથી મમતા છોડો. આ જગત બધું ક્ષણભંગુર છે, એમ જાણી વૈરાગ્યમાં પ્રીતિ કરીને ભક્તિનિષ્ઠ બનો. (૭૯) ભગવદ્ ધર્મમાં નિષ્ઠા રાખી લોકધર્મો છોડો. સાધુપુરુષોનું સેવન કરો. કામની તૃષ્ણાનો ત્યાગ કરો. બીજાના ગુણ દોષોનો વિચાર મનમાંથી જલ્દીથી કાઢી નાખો. સેવા અને કથારસનું નિરંતર પાન કરો. (૮૦)

5/71-76 શ્રવણ કયારે ફળે ? D2

શ્રવણના ભેદથી ફળમાં પણ ફેર પડયો છે. શ્રવણ તો બધાએ કર્યુ પણ એનું મનન બધાએ કર્યું નથી. (૭૧) ગુરુના વચનમાં વિશ્વાસ જોઈએ, પોતાને વિશે દીનપણા ભાવના જોઈએ, મનના દોષોને જીતવા જોઈએ અને કથામાં ગતિ સ્થિર થવી જોઈએ. આ પ્રકારે જો શ્રવણ કર્યું હોય તો એ ફળે છે. એવું શ્રવણ કરે તે બધાંને વૈકુંઠવાસ થાય એ નિશ્ચિત વાત છે. (૭૬)

6/20-21 કોની પાસે ભાગવત કથા કરાવવી A1

જે બ્રાહ્મણ વૈરાગ્યવાળો, વૈષ્ણવ, વેદ અને શાસ્ત્રનો સંદેહ દૂર કરનાર, દૃષ્ટાંતમાં કુશળ, ધીર અને તૃષ્ણાથી અત્યન્ત રહિત હોય તેવા બ્રાહ્મણ પાસે કથા વંચાવવી (૨૦) પરંતુ પંડિત હોય તો પણ અનેક ધર્મમાં ભટકતા, સ્ત્રીલંપટ તથા પાખંડનો વાદ કરનાર હોય તેવાઓની પાસે ભાગવતની કથા કરાવવી નહિ (૨૧)

6/43 વ્રતાદિ કથામાં સહાયક ન હોય તો ત્યાજય C1

જો ઉપવાસ કથામાં વિઘ્નકારક થઈ પડે તો એ ઉપવાસ સારો ન ગણાય,પણ કથા સાંભળવામાં સહાય કરે એવું ભોજન એનાથી સારું એવો સારો મત છે.

6/80 ભાગવત - વેદનું ગલિત અમૃતરસ ફળ A1

શુકદેવજીના મુખમાંથી પૃથ્વી ઉપર પડેલું વેદરૂપી કલ્પવૃક્ષના ફળરૂપ શ્રીભાગવત કે જે અમૃતરૂપી રસથી ભરપૂર છે, જે રસ માત્ર છે. લૌકિક ફળમાં છાલ અને ગોટલા હોય તેવું, આમાં બીજુ કાંઈ નથી માટે જ તે રસ છે, તેનું તમે વારંવાર પાન કરો.

સ્કન્દ પુરાણોકત ભાગવત માહાત્મ્ય

1/19-20 "વ્રજ"ની વ્યાખ્યા B2

વ્રજ એટલે વ્યાપવું. એનો અર્થ એ જ કે સર્વત્ર વ્યાપીને રહે તે વ્રજ કહેવાય. (૧૯) સત્વ રજ અને તમ ત્રણ ગુણોથી પર જે પરબ્રહ્મ કહેવાય છે તે સર્વત્ર વ્યાપક છે એ જ વ્રજ શબ્દનો અર્થ છે. એ સદાનંદ પરમ જયોતિર્મય અને અવિનાશી છે અને એ જ મુક્તને ગમ્ય સ્થાન છે. (૨૦)

1/21 રસાત્મક કૃષ્ણ H2 B2

એ સ્વયં રસ સ્વરૂપમાં વિલસે છે. એમને કોઈ વસ્તુ મેળવવા જવું પડે એમ નથી. પ્રેમરસમાં ડૂબેલા હોય એવા રસિક ભક્તો જ એમના સ્વરૂપનો અનુભવ કરી શકે છે. (૨૧)

1/22 આત્મારામની વ્યાખ્યા B2

એમનો આત્મા શ્રીરાધા છે, તેમની સાથે એ રમણ કરે છે, તેથી એમના ગુપ્ત સ્વરૂપને જાણનારા એમને આત્મારામ કહે છે.

2/10 નિત્ય સંયોગ E1

આત્મામાં રમણ કરનારા શ્રીકૃષ્ણનો આત્મા તો રાધિકા છે. એ રાધિકાનું હું દાસ્ય કરુ છું. તેથી મને વિરહ સ્પર્શ કરતો નથી. એમ કાલિન્દીજીએ બીજી પત્નીઓને કહ્યું.

2/24-25 વ્રજભક્તોના ચરણરજની કામના H2

ગોવર્ધન પર્વતની પાસે, કુસુમ સરોવર પાસે જેમને ભગવાને ઉત્સવ સ્વરૂપ આપ્યું છે તે ગુલ્મ લતા રૂપે વ્રજભક્તોના ચરણરજની કામના સહિત આજે પણ બિરાજે છે. (નારદકુંડ પાસે)

3/9-11 જીવની સ્વરૂપ વિસ્મૃતિ G

શ્રીકૃષ્ણની કૃપા સિવાય કોઈને પણ આત્મ સ્વરૂપ સ્ફૂર્તિ થતી નથી, કેમ કે જીવને માયા લાગી ત્યારે માયાએ એના શુદ્ધ સ્વરૂપનું વિસ્મરણ કરાવી દીધું. તેથી તો એ "જીવ" શબ્દવાચ્ય થઈ ગયો છે. માયાનો મોહ દૂર થાય (અનવતાર દશામાં) એ માટે તો શ્રીમદ્ભાગવત આધ્યાત્મ પ્રકાશક છે.

3/21-22 ગુણાધિકારી દેવો G

પુરુષધારી શ્રીકૃષ્ણે સૃષ્ટિને માટે વિશેષ ઈચ્છા કરી ત્યારે તે પ્રકૃતિ અને પુરુષરૂપ થયા. પ્રકૃતિના ત્રણ ગુણોમાંથી તે તે ગુણના અધિષ્ઠાતા બહ્માજી શિવ અને વિષ્ણુ થયા કે જેમને ભગવાને ક્રમ વડે સર્ગ, નિરોધ અને સ્થિતિના અધિકારી બનાવ્યા.

4/3 ભાગવત અને ભગવાનમાં સામ્યતા A1

શ્રીભાગવત અને શ્રીભગવાન એ બન્ને સચ્ચિદાનંદ રૂપ હોવાથી બન્નેનું સ્વરૂપ એક જ છે.

4/22 ભાગવતના વક્તા H1

ભગવદ્ આસક્તિવાળો, સર્વનો સુહદ, દીનજન ઉપર કૃપા કટાક્ષ કરનારો અને બીજાને

ભાગવત કથા સમજાવવામાં ચાતુર્યવાળો હોય તેવા વકતાને મુનિજનો માન આપે છે.

4/31 ભક્ત મુક્તિ ન માગે H2

શ્રીકૃષ્ણના વિહારની કથાના સ્વાદમાં લોભવાળા તો મુક્તિને પણ ઈચ્છતા નથી. તેઓને તો શ્રીભાગવત જ ધન છે.

4/48 શ્રીભાગવતનું ફળ A1

કાયમને માટે કૃષ્ણની પ્રાપ્તિ કરાવી આપનાર અને પ્રેમાનંદરૂપી ફળ આપનાર જો કોઈ શાસ્ત્ર હોય તો તે કળિયુગમાં શ્રીશુકદેવજીએ ભાખેલું શ્રીભાગવત જ છે.

શ્રીમદ્ ભાગવત

1/1/1 પરબ્રહ્મનુ સ્વરૂપ B1

જે પરબ્રહ્મ આ જગતના જન્માદિનું સમવાયી અને નિમિત્ત કારણ છે, જે પરબ્રહ્મને સર્વે જીવોના સર્વે પુરુષાર્થોનું સારી રીતે જ્ઞાન છે, જે પરબ્રહ્મ નિરપેક્ષ હોઈ સ્વસ્વરૂપથી પ્રકાશમાન છે, જે પરબ્રહ્મે વિદ્વાનોને પણ મોહ પમાડે તેવા વેદો આદિકવિ બ્રહ્માને પુરાણ સહિત વિસ્તારી આપ્યા, જે પરબ્રહ્મના સ્વરૂપમાં દેહ ઈન્દ્રિય અને અંત:કરણના ધર્મો, તેજમાં જલબુદ્ધિ, જલમાં પુથ્વીની બુદ્ધિ, પૃથ્વીમાં અગ્નિની બુદ્ધિ વ. જોનારના દૃષ્ટિદોષથી જેમ મિથ્યા છે તેવાં મિથ્યા છે; જે પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદા કપટને અથવા અવિદ્યાને દૂર કરે છે એવા પરમ સત્ય પરબ્રહ્મનું અમે ધ્યાન ધરીયે છીયે.

1/1/2 શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ A1

આ શ્રીભાગવતમાં નિર્મત્સર સત્પુરુષનો નિષ્કપટ પરમ ધર્મ કહ્યો છે, ત્રણ તાપને દૂર કરનાર અને કલ્યાણ પ્રાપ્ત કરાવનાર વાસ્તવિક વસ્તુ આમાં જાણવાની છે અને મહામુનિ વેદવ્યાસજીએ આ શ્રીભાગવત પ્રકટ કર્યું એના, વધારે વર્ણનથી શું ? પરંતુ ભાગ્યવાન આ શ્રીભાગવતનુ શ્રવણ કરતાં તુરત જ ભગવાનને હૃદયમાં ધારણ કરી શકે છે એથી બીજી શી મોટાઈ હોઈ શકે ?

1/1/3 ભાગવતની રસાત્મક્તા A1

નિગમરૂપ કલ્પતરુનું આ ગણિત ફલ છે, શુક્રના મુખ દ્વારા મળેલ તેથી અમૃત દ્રવ્યવાળું છે, લયને પહોંચતા સુધી રસરૂપ છે તે જ આ શ્રીભાગવત નામનું ગ્રંથરૂપ ફળ છે, તેના રસના ભોક્તા રસિકો તેના ભાવના ચિંતક હે ભાવુકો, રસરૂપ હોવાથી આ લીલા વર્ણનરૂપ ભાગવતનું પાન કરો અથવા આલયમ એટલે પ્રત્યેક જીવે મરણપર્યંત ભગવદ્ રસનું પાન કરવું.

1/1/5 તત્વજિજ્ઞાસા A2

એક દિવસ પ્રાત:કાળમાં મુનિઓ અગ્નિમાં હોમ કરીને બેઠેલા, સૂતજીનો સત્કાર કરી આદરપૂર્વક આ પ્રમાણે પૂછવા લાગ્યા.

1/1/8 અનુગ્રહ B2

હે સૌમ્ય ! તે સર્વ તમે એમના અનુગ્રહથી એના ભાવ સહિત જાણો છો, કારણકે ગુરુઓ સ્નેહવાળા શિષ્યને ગુપ્ત વાત પણ કહે છે.

1/1/11 કૃતાર્થતારૂપ શ્રવણ D2

તેમ શ્રવણ કરતાં ઘણાં કર્તવ્ય પ્રાપ્ત થાય છે તેથી કેવળ શ્રવણ માત્રથી કૃતાર્થતા થતી નથી. સાંભળવાનું પણ બહુ છે તેથી હે સાધો, જે તમે બુદ્ધિથી સારરૂપ નિશ્ચિત કર્યું હોય તે કહો, જેના શ્રવણથી પ્રાણીઓનું કલ્યાણ થાય અને ભગવાન સારી રીતે પ્રસન્ન થાય.

1/1/18 ઈશ્વરની લીલાકથા **D2**

હે બુદ્ધિમાન ! જીવના દુ:ખને હરનાર ભગવાનના અવતારની કથા જે ભગવાન કર્તુમ્ અકર્તુમ અન્યથા કર્તુમ્ સમર્થ એટલે ઈશ્વર છે, જે લોકનું કલ્યાણ કરનારી લીલાનું આત્મમાયા (સર્વ ભવન સામર્થ્ય) વડે ધારણ કરે છે તેમની શુભ અવતાર-કથા અમને કહો.

1/2/5 કૃષ્ણ સંબંધિ પ્રશ્ન કલ્યાણ કારક **H1**

એ પ્રમાણે નમન કરીને સૂતજીએ કહ્યું "હે મુનિઓ, વિશ્વનું કલ્યાણ કરનાર સરસ પ્રશ્ન તમે કર્યો, સરસ એટલા માટે કે તમારો પ્રશ્ન કૃષ્ણ સંબંધિ છે, જે કૃષ્ણના આવેશથી અંત:કરણ પ્રસન્ન થાય છે."

1/2/6-7 નિષ્કામ ભક્તિ **E1**

મનુષ્યોને માટે સૌથી શ્રેષ્ઠ, પરમધર્મ તે જ છે કે જેનાથી ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ પણ એવી કે જેમાં કોઈ પણ પ્રકારનાં નિમિત્ત અર્થાત કામના ન હોય અને જે નિત્ય નિરંતર ટકી રહે, જેની ધારા કયાંય તૂટે નહિ, આવી ભક્તિથી ભગવાન શ્રીકૃષ્ણ ખૂબ પ્રસન્ન થાય છે. આવી ભક્તિથી નિર્હેતુક જ્ઞાન અને વૈરાગ્ય સત્વરે પેદા થાય છે.

1/2/8 ધર્મનું પ્રયોજન ભગવત્કથા પ્રીતિ **D2**

પુરુષોએ સારી રીતે કરેલો ધર્મ વિશ્વકસેન ભગવાનની કથામાં પ્રીતિ ઉત્પન્ન ન કરે તો એ ધર્મ નહિ પરંતુ કોરો શ્રમ જ છે.

1/2/9 અર્થથી ધર્મ અને ધર્મથી મોક્ષ પુરુષાર્થ **C2**

મોક્ષ સંબંધિ ધર્મનું ફળ અર્થ નથી. ધર્મજ જેનો અંતિમ અર્થ છે તેવા તેવા અર્થનું ફળ કામ નથી.

1/2/11 બ્રહ્મ - પરમાત્મા - ભગવાન એક જ તત્વ **B1**

તત્વજ્ઞાનીઓ અદ્વિતીય એક જ જ્ઞાનને તત્વ કહે છે. જેને જ્ઞાનીઓ બ્રહ્મ કહે છે, યોગીઓ પરમાત્મા કહે છે અને ભક્તો ભગવાન કહે છે.

1/2/18 એકનિષ્ઠ ભક્તિ **E1**

એમ નિત્ય ભગવદ્ ગુણ સાંભળતા સાંભળનારનાં પાપ નષ્ટપ્રાય: થાય છે ત્યારે ઉત્તમ - શ્લોક ભગવાનમાં એક નિષ્ઠાવાળી પ્રીતિ થાય છે.

1/2/28-29 સર્વ માર્ગોનું લક્ષ્ય શ્રીકૃષ્ણ **B2**

બધા વેદ ભગવાન શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન કરે છે. યજ્ઞો પણ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના માટે જ છે. યોગો પણ એમને જ પ્રાપ્ત કરવા માટેના ઉપાય છે. કર્મો દ્વારા પણ એમની જ પ્રાપ્તિ કરવાની છે. જ્ઞાનથી પણ એમને જ જાણવાના છે. તપ પણ એમની પ્રાપ્તિનું કારણ છે. ધર્મ પણ એમને માટે જ છે. અરે બધી જ ગતિઓનું લક્ષ્ય પ્રાપ્ત કરવાની વસ્તુ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. આ બધા વેદ, યજ્ઞો વ. સત્વગુણ પરાયણ છે. સત્વગુણથી અંત:કરણની શુદ્ધિ થાય છે અને તેનાથી સુખની પ્રાપ્તિ થાય છે.

1/2/36 ભગવાનના નિસ્પૃહતા **B2**

એ પુરુષોત્તમની લીલા વિફળ નથી. એ અમોઘ સફળ લીલા વડે આ જગતને ઉત્પન્ન કરે છે, રક્ષણ કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે. તથાપિ એમાં પોતે આસક્ત થતા નથી. છ ગુણના ઈશ્વર પ્રાણીઓમાં ગુપ્તરૂપે બિરાજીને, સ્વાધીન રહીને, ઈન્દ્રિયોના સુખની ગંધ લે છે.

1/4/5 બ્રહ્માત્મક - ભાવ **F4**

એમની પાછળ આવતા (અનગ્ન) વ્યાસમુનિને જોઈને અપ્સરાઓએ વસ્ત્ર પહેર્યા પરંતુ (નગ્ન) શુકદેવજી ચાલ્યા ગયા ત્યારે ન પહેર્યા એ આશ્ચર્ય જોઈને વ્યાસે એનું કારણ પૂછ્યું ત્યારે એઓ બોલી: તમારા મનમાં સ્ત્રી-પુરુષનો અભેદ ભાવ નથી. પરંતુ કેવળ ભગવન્નિષ્ઠ તમારા પુત્રમાં તેવો ભાવ છે.

1/4/8 વૈરાગ્ય/તીર્થરૂપ મહાનુભાવ **C2 H2**

હે મહાભાગ સૂત, જે શુકદેવજી ગૃહસ્થના ઘરમાં ગાય દોવાય તેટલો વખત જ એ ગૃહસ્થાશ્રમને તીર્થરૂપ કરવા રોકાય છે તો એટલા સમયમાં આ મોટી સંહિતા કેમ કહી શકયા ?

1/4/25 ભગવલ્લીલાગાન વગર બધું અધૂરું **D2**

એમ લોકના કલ્યાણ અર્થે સર્વાત્મજ્ઞાનની પ્રવૃત્તિ કરતાં (પણ) વ્યાસજીને જયારે પોતાના હૃદયમાં પ્રસન્નતા ન થઈ ત્યારે હે બ્રાહ્મણો ! અત્યંત પ્રસન્ન નહિ અને સર્વ ધર્મને જાણનાર એ વ્યાસજીએ એકાન્તમાં પવિત્ર સરસ્વતીના તટ ઉપર વિચાર કરતાં કહ્યું કે -

1/5/8 ભગવદ્‌યશગાનની શ્રેષ્ઠતા **D2**

નારદજી : તમે ભગવાનના યશનું ગાન નહિ જેવું કરવાથી તમારો આત્મા પ્રસન્ન થતો નથી. તે તમારા જ્ઞાનની કમી હોવાનું હુ માનુ છું.

1/5/11 ભગવદ્ વાણી **D2**

ભક્તની તે વાણી જેમાં શ્લોકનું ઠેકાણું હોતું નથી, ભગવદ્ ગુણથી ગૂંથેલી હોઈને એ પ્રાણીમાત્રના પાપનો નાશ કરે છે. ભગવાનના યશસ્વી નામો સાધુ **લોકો** મુખથી ઉચ્ચારે છે, શ્રવણ કરે છે અને ગાય છે.

1/5/12 ભક્તિની કર્મ - જ્ઞાનથી શ્રેષ્ઠતા **E1**

અવિદ્યારહિત નિર્ગુણ જ્ઞાન પણ ભગવાનના ભાવ વિનાનું હોય તો બરાબર શોભતું નથી, તો પછી નિરંતર અકલ્યાણ કરનાર અને ઈશ્વરાર્પણ બુદ્ધિથી ન થયેલુ કર્મ તો કયાંથી જ શોભે ?

1/5/15 પાખંડી ધર્માચાર્યો **J**

જેનું કથન ધર્મરૂપે ગણાય છે તેવા પુરુષે જયારે અધર્મને ધર્મ કહ્યો ત્યારે બીજા ગમે તેટલા એને અધર્મ કહેશે તથા તે અધર્મ છે, એમ લોકોના માનવામાં નહિ આવે.

1/5/19 ભગવદ્ સેવા કથાનું ફળ **E1**

મનુષ્ય જો મોક્ષ આપનાર ભગવાનનો સેવક થાય તો હે અંગ ! તે આ સંસારમાં કોઈ પણ પ્રકારે આવતો નથી જ. ભગવાનના ચરણના આલિંગનાદિકનો પૂર્વમાં અનુભવ થયો છે, તેનું સ્મરણ કરતાં રસનો આવેશ આવવાથી એ ચરણ અને સ્મરણ છોડવાની ઈચ્છા કરતો નથી.

1/5/24 મહાપુરુષોનો અનુગ્રહ **H2**

તદ્ન બાળક છતાં મેં બધી ચપળતા છોડી દીધી હતી. હું ઈન્દ્રિયોનું દમન કરતો, રમકડાંનો સંગ્રહ ન કરતો, એમની સેવા કરતો અને થોડામાં થોડું બોલતો એવા અને જોઈને, જોકે મુનિલોકો સમાનદૃષ્ટિવાળા હતા તથાપિ એમણે મારા પર અનુગ્રહ કર્યો.

1/5/34 કર્મનું ભગવાનને સમર્પણ **E1**

એમ મનુષ્યના સર્વ કર્મ સંસાર ઉત્પન્ન કરનાર છે, પરંતુ એ કર્મો ભગવાનને અર્પણ કરો તો તેથી કર્મના સ્વરૂપનો નાશ થઈ જાય, પછી એનાથી સંસાર તો થાય જ કયાંથી ?

1/5/36 ગુણકીર્તનથી કર્મની અબાધકતા **D2**

ભગવાનની શિક્ષાએ કર્મ કરનારા ભક્તો ભગવાનના ગુણ અને નામોનો ઉચ્ચાર તથા સ્મરણ કરે છે તેથી એઓને એ કર્મ સંસાર આપનારું થતું નથી.

1/6/7 સર્વલોક ઈશ્વરને વશ છે **B2**

એ પોતે સ્વતંત્ર ન હોવાથી મારા યોગક્ષેમ માટે પણ અસમર્થ હતી. જેમ કાષ્ઠની પૂતળી એના સંચાલકને વશ હોય છે તેમ સર્વલોક ઈશ્વરને વશ છે.

1/6/10 ભગવાનની કૃપાળુતા **B2**

ભક્તનું સુખ ઈચ્છતા ભગવાનનો મેં મહાન ઉપકાર માન્યો કે મારામાં સ્નેહ રાખતી અને પારકી નોકરડી મારી માતા છૂટી ગઈ. હવે મને કોઈ પ્રતિબંધ ન હોવાથી હું ઉત્તરદિશા તરફ ચાલી નીકળ્યો.

1/6/16-20-21 ધ્યાનથી હૃદયમાં ભગવદ્દર્શન **C1**

પ્રથમ ચરણારવિન્દનું ધ્યાન કરતાં જ ચિત્ત ભાવવિવશ થયું. ઉત્કંઠા વધવા લાગી, નેત્રમાં આંસુ ઉભરાઈ આવ્યા અને ધીમે ધીમે મારા હૃદયમાં મને હરિનાં દર્શન થયાં. (૧૬) જેના હૃદયના દોષ પકવ થયા નથી, તેવા કુયોગીઓને મારું દર્શન (સાક્ષાત્) ખૂબ દૂર છે. (૨૦-૨૧)

1/6/24 ભગવદીયને અચલ સ્મૃતિ **D2**

મને પ્રાપ્ત કરવાનો તારો દૃઢ નિશ્ચય છે તે કયારેય, કોઈ પ્રકારથી ડગશે નહિ, ત્યાં સુધી કે પ્રજાની સૃષ્ટિ અને પ્રલય સમયે પણ આ શરીરની યાદી તાજી જ રહેશે.

1/6/27 ભગવદ્ વિરહમાં પર્યટન **D3**

આ રીતે પર્યટન કરવાથી કૃષ્ણમાં ગતિ થાય છે. કૃષ્ણમાં ગતિ થાય એટલે વિષયોમાંથી આસક્તિ દૂર થાય છે.

1/6/33 ભગવાનના ચરણ સર્વતીર્થરૂપ છે B2

કેમ કે હું ભગવાનના વીર્યો (મહા કર્મો)નું ઉચ્ચ સ્વરે ગાન કરું છું, ત્યારે જેના ચરણમાં સર્વ તીર્થ છે અથવા તીર્થરૂપ જેનાં ચરણ છે એવા અને સ્વયશ જેને પ્રિય છે તેવા ભગવાન જાણે કે મેં બોલાવ્યા હોય તેમ તુરત પધારીને મને હૃદયમાં દર્શન આપે છે.

1/6/35 સેવાથી જ મનની શાંતિ D1

કામ અને લોભથી ઘાયલ અંતઃકરણ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ કરવાથી પણ એટલું શાન્ત નથી થતું જેટલું ભગવત સેવાથી સાક્ષાત્ શાન્ત થાય છે, તેથી સેવા કરવી એ મુખ્ય કર્તવ્ય છે.

1/7/6-7 કૃષ્ણભક્તિ કરાવનાર ભાગવત સંહિતા A1

એ દર્શન કર્યા પછી એ જ સમાધિમાં અનર્થને દૂર કરનાર ઈન્દ્રિયોથી અગોચર ભગવાનમાં સાક્ષાત્ ભક્તિયોગને જોયો, એ સર્વ જાણીને લોકો એ વાતથી અજાણ્યા હોઈને એને જાણવા માટે શ્રીભાગવતસંહિતા રચી (૬) જે સંહિતાનું શ્રવણ થતાં પુરુષને પરમપુરુષ કૃષ્ણને વિશે ભક્તિ ઉત્પન્ન થાય છે. એ ભક્તિ શોક મોહ અને ભયને દૂર કરે છે.

1/7/17 મનુષ્યનો અહંકાર મિથ્યા છે K

એવાં સુંદર અને કંઈક બડાઈવાળાં વાક્ય વડે દ્રોપદીને શાન્ત કરીને ભગવાન જેના મિત્ર તથા સારથી છે, તેવો અર્જુન બખ્તર ધારણ કરી, મોટું ધનુષ્ય લઈ રથમાં સવાર થઈ ગુરુપુત્રની પાછળ પડયો.

1/7/22 ભક્તોને નિર્ભયતા/ભગવાનનું ભક્ત પ્રિયત્વ H2

હે કૃષ્ણ ! કૃષ્ણ ! આપની ક્રિયાશક્તિ અનંત છે. બીજાનો ભય ઉપસ્થિત થયા પછી તેમનું આપ પાલન કરો છો, પણ ભક્તોની પાસે તો ભયને ફરકવા પણ દેતા નથી. તેમને ભયમુક્ત જ રાખો છો. આપથી બહિર્મુખ લોકો બળતા જ રહે છે જન્મ મરણની, આગમાં જેમાંથી આપ જ ઉગારી શકો છો.

1/7/25 ભગવાનની અવતાર લીલા B2

આપનો અવતાર પૃથ્વીનો ભાર ઓછો કરવાની ઈચ્છાથી તથા પોતાના અનન્ય ભાવવાળા ભક્તો આપનું નિરંતર સ્મરણ અને ધ્યાન કરી શકે તે માટે છે.

1/8/9 શરણાગત રક્ષક ભગવાન જ D2

હે નાથ ! તપેલ લોઢા જેવું બાણ મારી સામે આવે છે તે ખુશીથી મને બાળે પણ આપ મારા ગર્ભની તો અવશ્ય રક્ષા કરો. એ ન પડે એ આપે કરવાનું છે. તેથી હું આપની શરણાગત થઈ છું, કારણકે બીજા તો પરસ્પર મૃત્યુવાળા હોવાથી શરણે જવા લાયક નથી.

1/8/17-18 પ્રભુનું ખરું સ્વરૂપ જાણવું દુર્લભ છે B2

સર્વભૂતની અંદર અને બહાર રહેનાર છતાં ન દેખાતાં પ્રકૃતિથી પર આદ્ય અને કર્તું અકર્તુંમ્ અન્યથા કર્તુંમ્ સમર્થ તેવા ઈશ્વર, માયારૂપ અંતર્પટથી ઢંકાયેલ, જેને ઈન્દ્રિયજન્ય

જ્ઞાન પ્રાપ્ત કરી શકતું નથી. મારે અધોક્ષજ, આપ સર્વરૂપ થાઓ છો છતાં આપ અવ્યય - વિનાશ વિનાના છો અને પુરુષરૂપ તેવા આપને નહિ જાણનારી હું નમસ્કાર કરુ છું. જેમ મૂઢ માણસ નાટકમાં અભિનય કરવા નટને ખરા સ્વરૂપમાં જાણી શકતો નથી, તેમ હું આપનું ખરું સ્વરૂપ ન જાણતાં કેવલ નમસ્કાર કરુ છું.

1/8/19 મુનિઓના ભક્તિયોગને વિસ્તારનાર પ્રભુ કૃષ્ણ B2
તથા શુદ્ધ અંતઃકરણવાળા, પરમહંસ રૂપ, મનન કરનારા એવા મુનિ લોકોના ભક્તિયોગને વિસ્તારવા માટે પ્રકટ થતા આપને અમો સ્ત્રી કેમ જાણી શકીયે ?

1/8/24 પ્રભુ દર્શનની ઝંખના એ જ કામ પુરુષાર્થ C2
હે જગદ્‌ગુરો ! અમને ડગલે અને પગલે વિપત્તિઓ હંમેશ હો, કારણકે તેથી તે તે વિપત્તિઓમાં પુનર્જન્મને ટાળનારા આપના દર્શન થાય.

1/8/25 અકિંચનતા / ઘમંડ રહિતતાથી પ્રભુ દર્શન થાય F2
ઉચ્ચ કુલમાં જન્મ, ઐશ્વર્ય, વિદ્યા અને લક્ષ્મીના કારણે જેનો ઘમંડ વધી ગયો છે તેવો પુરુષ તો આપના નામનું ઉચ્ચારણ કરવાને પણ લાયક નથી. કારણકે આપ તો એવા પુરુષને જ દર્શન આપો છો જે અકિંચન હોય અર્થાત જેને ઉપર ગણાવેલા ચાર પ્રકારમાંથી એકેય પ્રકારનો મદ ન હોય.

1/8/27 કાળના સ્વરૂપમાં ભગવાન B3
આપ કાલ સ્વરૂપ છો. આપનામાં આદિ અને અંત એવો વ્યવહાર સંભવતો નથી. કારણકે આપ નિત્ય છો. કાળ રૂપ હોવાથી સર્વને વશ કરનાર ઈશ્વર છો. સર્વમાં સમાનતાથી રહેનાર છો; જેનાથી પરસ્પર એક જીવ હોય, છતાં બન્નેમાં કાળ હોવાથી બન્ને કાળની પ્રેરણાથી કજિયો કરી જુદા પડે છે. આ સર્વ લીલા આપના અધિકારી કાળથી થાય છે. એમ મારું માનવું છે.

1/8/29 લીલાર્થ નાટક B2
હે વિશ્વાત્મા ! આપ અજન્મા અને અકર્તા છો છતાં આપના પશુ દેવ, જલચર અને મનુષ્યમાં જન્મ અને કર્મ આપ બતાવો છો, એ કેવલ નાટક માત્ર છે.

1/8/30 જીવને મોહ કરાવનાર ભગવાન B2
એક વખત આપે પથ્થર મારી દહીંનું પાત્ર ફોડયું હતું ત્યારે માતા યશોદા દોરડું લઈને પાછળ દોડી આવ્યા અને આપને પકડયા, ત્યારે આપે મુખ નીચુ કરી દીધું. આંખમાં આંસુ આવવાથી અંજન રેલાઈ ગયું. એ સમયના આપના સ્વરૂપનો વિચાર કરુ છું તો મારી બુદ્ધિમાં મોહ થાય છે, કારણકે સર્વને ભય કરનાર કાળને તો આપનો જ ભય છે, તો પછી આપ યશોદાથી ડર્યા એ આપનું ચરિત્ર મને ઘણો મોહ કરે છે.

1/8/41 કૃષ્ણમાં જ રતિ E1
અને ગંગાનો પ્રવાહ જેમ સમુદ્રમાં અવિચ્છિન્ન ચાલતો રહે છે તેમ હે મધુપતે ! મારી બુદ્ધિ બધું છોડી સાક્ષાત્ આપના સ્વરૂપમાં રતિ કરે એવું કરો.

1/8/51 સાધનશુદ્ધિ / યજ્ઞોથી થતો દોષ C1

જેમ કાદવને દૂર કરવા માટે કાદવવાળા પાણીથી, દારૂનો સ્પર્શ મટાડવાને માટે બીજા દારૂથી એને ધોવું એ પૂર્વ દોષને દૂર કરી શકતું નથી, તેમ યજ્ઞો કરવાથી એક પણ પ્રાણીને મારવાના પાપને દૂર કરી શકવાને સમર્થ કોઈ ન થાય.

1/9/20 ભગવાન સ્નેહવશ કોઈ પણ સંબંધ સ્વીકારે છે B2

તમે જેને મામાના પુત્ર સમજો છો, પ્રેમી, મિત્ર તથા સદ્ભાવ યુક્ત નિષ્કપટ હિતેચ્છુ સમજો છો અને તેથી જ સલાહકાર, દૂત અને મિત્રતાને લઈને એને સારથી પણ કર્યા.

1/9/22 ભગવાનની કૃપાળુતા B2

એકાન્ત ભક્તને વિશે એમની કૃપા તો જૂઓ કે મારા પ્રાણના પ્રયાણ વેળાએ એ કૃષ્ણે મને સાક્ષાત્ દર્શન આપ્યા.

1/9/23 ભક્તિ B2

ભક્તિ વડે મનનો આવેશ ભગવાનમાં કરીને કે વાણી વડે નામ લઈને દેહ છોડનારો યોગી કર્મવાસના છોડી દે છે.

1/9/37 ભકતવસ્તલતા B2

ભક્તની પ્રતિજ્ઞા સત્ય કરવા પોતાની પ્રતિજ્ઞા તોડનાર ભગવાનમાં ભક્તવત્સલતા જેમના ખભા ઉપરથી ખેસ સરી ગયો છે તેવા ભગવાન મારી પ્રતિજ્ઞા પાળવાને માટે પોતાની પ્રતિજ્ઞાને તોડતા, રથમાં રહીને ચક્ર શ્રીહસ્તમાં ધારણ કરનાર, જેમ હાથીને મારવાને સિંહ દોડે તેમ મારી સામે પધાર્યા ત્યારે પૃથ્વી કંપવા લાગી.

1/9/40 ભક્તિની બડાઈ E1

વળી સુંદર ગતિના વિલાસથી, મનોહર હાસ્ય અને પ્રેમપૂર્વક જોવાથી જેમને બહુમાન પ્રાપ્ત થયું છે તે કયાં સુધી કે એ માનના મદમાં ભગવાનના ખભા ઉપર ચડવાની ઈચ્છા કરતાં ગોપીજનો ભગવલ્લીલાના અનુકરણ માત્રથી કૃતકૃત્ય થયા. સ્વરૂપને પ્રાપ્ત થયા.

1/10/11 સત્સંગ D2

સત્સંગ વડે જેનો દુ:સંગ છૂટયો છે તેવા પુરુષ સત્સંગને છોડવાનો ઉત્સાહ નથી કરતો, કારણકે સંતો ભગવાનના યશ ગાય છે તે એકવાર સાંભળવાથી પણ મનને રુચે છે. તેથી કુન્તીના પુત્રોએ તો એ ભગવાનમાં જ બુદ્ધિને રોકી છે તે ભગવાનનો વિરહ કેમ સહન કરી શકે ?

1/10/20 શ્રીકૃષ્ણ જ ભગવાન્ B2

"જેમને જાણવાથી બધું જણાએલું થાય છે" એ શ્રુતિ પ્રમાણે મૂલ ભગવાનને જાણવા જોઈએ. તો ભગવાન કોણ ? એમ અપેક્ષા થાય તો એનો ખુલાસો: કોઈ પણ જાતની ઉપાસના, ઉપદેશ કે વિચાર વિના, જેમના સાન્નિધ્ય માત્રથી આપણે સર્વજ્ઞ (બધું જાણનાર) થઈ જઈએ તે ભગવાન. તેથી આ શ્રીકૃષ્ણ જ ભગવાન છે. ગુણોની ઉત્પત્તિ પહેલાં જગતના આત્મારૂપ ભગવાન્ જીવોને સ્વસ્વરૂપમાં લીન કરે છે, શક્તિઓ પણ

સ્વરૂપમાં જ લીન થાય છે, ત્યારે જે સ્વરૂપે એકલા રહે છે તે જ આ પુરાણ પુરુષ શ્રીકૃષ્ણ છે એમ નિશ્ચય સમજો.

1/11/8 ભગવદીયો માટે ઉત્કર્ષ H2

ભગવાનના દર્શન જ પહેલાં તો દુર્લભ છે. તેમાં પણ સન્મુખ રહીને દર્શન થવા દુર્લભ છે. તેમાં પણ ભગવાનની દૃષ્ટિ પોતાના પર પડે તે સૌથી દુર્લભ છે. તેમાં પણ દૃષ્ટિ, દયા અને સ્નેહવાળી - તે અમારા ઉપર પડી. ભગવદીયો માટે આ સિવાય બીજો કોઈ ઉત્કર્ષ નથી.

1/11/33 ભગવદ્ ચરણની ઉત્તમતા B2

ચંચલ સ્વભાવવાળાં લક્ષ્મીજી પણ ચંચળતા રૂપી સ્વભાવનો ત્યાગ કરી કોઈ દિવસ ચરણને છોડતા નથી.

1/11/37-38 ભગવદ્ સ્વરૂપથી અજ્ઞાન K

ભગવાન એવા અસંગ છે તેને પણ લોકો સંગી માને છે. પોતાની જેમ જ મનુષ્ય માને છે અને પોતાની જેમ જ ભગવાન્ પણ કામના કરે છે એમ માને છે, કારણકે એ તો મૂર્ખ હોવાથી ભગવત્ સ્વરૂપને જાણતા નથી. ભગવાનની એ જ ભગવત્તા છે કે જે પ્રકૃતિમાં રહે છે છતાં પ્રકૃતિના ગુણથી લેપાતા નથી, જેમ ભગવાનનો આશ્રય કરી રહેલી બુદ્ધિ પ્રકૃતિના ગુણથી લિપ્ત થતી નથી તેમ.

1/11/39 ભગવદ્ સ્વરૂપથી અજ્ઞાન K

હાથીને જોવો હોય તો આંખથી જોઈ શકાય, નાક કાન સ્પર્શથી નહિ છતાં અંધપુરુષો સ્પર્શ કરીને ભગવાનને જૂએ છે. તેમ ભગવાનને ભગવાનના શાસ્ત્રોથી જ જાણવા જોઈએ પણ જુદી જુદી મતિઓ જુદુ જુદુ કહે છે. કેટલાક કહે છે ઈશ્વર છે જ નહિ, બીજા કહે છે યજ્ઞ એ જ ઈશ્વર છે, ત્રીજા વળી ઈશ્વર કર્તા જ છે એમ કહે છે. જેમ ભગવાને જ પ્રવૃત્ત કરેલ તત્વજ્ઞાન પોતાના તર્કથી ભગવાનને ખોટી રીતે જાણે છે એમ પતિનું સત્યસ્વરૂપ નહિ જાણનારી મૂઢ અબલાઓ શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના એકાન્ત સેવી, સ્ત્રીલંપટ ભક્ત જ સમજી બેઠી હતી.

1/13/10 તીર્થરૂપ ભગવદ્ભક્તો H2

આપના સરખા ભગવદ્ભક્તો પોતે જ તીર્થ સ્વરૂપ હોઈ હૃદયમાં રહેલા ભગવાન વડે તીર્થોને તીર્થ કરે છે.

1/13/26 ભગવદીયનું શ્રેષ્ઠત્વ H2

જે પરથી અથવા પોતાથી વૈરાગ્ય પ્રાપ્ત કરી જિતેન્દ્રિય થઈ ભગવાનને હૃદયમાં પધરાવી જગતને છોડે તે મનુષ્યોમાં શ્રેષ્ઠ કહેવાય છે.

1/13/40 ભગવાનની ઈશ્વરતા B2

આ જગત ઈશ્વરને વશ છે, એ જ પ્રાણીને ભેળા કરે છે અને એ જ જુદા કરે છે માટે કોઈનો શોક ન કરો.

1/13/41 ભગવાનને સર્વ વશ B2

બળદોને જેમ નાકમાં નાની દોરી પરોવી દોરડાથી બાંધવામાં આવે ત્યારે બળદો વશમાં રહે છે તેમ પ્રાણી માત્રને વિષયરૂપી નાસિકામાં અહંતા-મમતા રૂપી દોરાથી વેધ કરી વેદની વાણીરૂપી નાથમાં (બ્રાહ્મણ ક્ષત્રી ગૃહસ્થ વ. નામોથી) જીવો બંધાયેલા હોઈ ઈશ્વરે વશ કરેલા છે. તેથી જ એ બધા ભગવાનનું ઈચ્છિત કરે છે.

1/13/42 ભગવાનની ઈચ્છાથી સંયોગ-વિયોગ B2

જેમ રમકડાં ભેગાં કરવાં અથવા જુદાં કરવાં એ રમનારની ઈચ્છા ઉપર નિર્ભર રહે છે તેમ જગત વડે ક્રિયા કરતા ભગવાનની ઈચ્છાથી પ્રાણીના સંયોગ વિયોગ થાય છે.

1/13/43 ભગવાનની બહુરૂપતા B1

હે રાજન્ આ એક જ ભગવાન જીવોની અંદર અને બહાર પોતે પ્રકાશરૂપે અને સર્વરૂપે દેખાય છે. માયાથી બહુરૂપ દેખાતા એ ભગવાનને તમે જુઓ.

1/14/21 ભગવદ્‌વિયોગ B1

આ મોટા ઉત્પાતોને જોઈને, બીજા કોઈ પુરુષનાં ચરણોમાં શોભા ન હોય તેવી શોભાવાળા ભગવાનના ચરણ કમળના વિયોગથી પૃથ્વીનો સોહાગ ઝૂંટાઈ ગયો હોય એમ હું માનુ છું.

1/15/4 ભક્તવત્સલતા/ભગવદ્ ઉપકાર B2

ભગવાનની મિત્રતા, એમનું સૌહાર્દ સારથીપણામાં જોવામાં આવ્યું છે એનું સ્મરણ કરવાથી નેત્રમાં આંસુ આવ્યા, કંઠે ગદ્ ગદ્ વાણી વડે મોટાભાઈ યુધિષ્ઠિર રાજાને અર્જુન આ પ્રમાણે કહેવા લાગ્યો.

1/15/11 ભગવાન જ પતિ/આશ્રય D3

દસ હજાર શિષ્યો સાથે દુર્વાસા, શત્રુની પ્રેરણાથી આપણે ભોજન કર્યા પછી આવ્યા, તેમને ભોજન કરાવવાને કશું ન મળતાં ભગવત્ સ્મરણ કર્યું ત્યારે ભગવાન વનમાં પધારી બાકી રહેલા શાકના લેશને ખાવાથી ઋષિ લોકો જલમાં સ્નાન કરતાં કરતાં ત્રિલોકીને તૃપ્ત માની ત્યાંથી ચાલતા થયા અને જેનો અંત ન આવે તેવા દુ:ખથી ભગવાને આપણું રક્ષણ કર્યું.

1/15/14 ભગવત્ સંબંધ B2

કૌરવોની સેના અપાર અને અનંત મહાસાગર જેવી હતી. હું એકલો જ રથથી તેને તરી ગયો, આનું એક માત્ર કારણ હું ભગવાનનો બાંધવ હતો. એ ભગવદ્ બંધુત્વ માત્રથી, ભગવદ્ ભક્તિ અને ભગવત્ સાનિધ્ય ન હોવા છતાં, કૌરવ સેનાના સાગરને હું તરી શકયો.

1/15/17, 19 જીવની દુષ્ટતા/પ્રભુની ઉદારતા B2

સંસારથી મુક્ત થવા માટે સન્ત પુરુષો જેમનાં ચરણકમલની સેવા કરે છે, પોતાની જાત સુદ્ધાં આપી દેનાર એ ભગવાનનું દુષ્ટ બુદ્ધિવાળો સારથિ બનાવતાં ય અચકાયો નહિ. સુવું, બેસવું, ટહેલવું, આપ બડાઈ કરવી, ભોજન વ.માં અમે સાથે હોઈએ, કયારેક

હું વ્યંગમાં કહી બેસતો "મિત્ર તમે તો ભારે સાચા બોલા હોં." એ વખતે પણ એ મહાપુરુષ પોતાની મહાનુભાવતાને લીધે મિત્ર મિત્રનો, પિતા પુત્રનો અપરાધ સહી લે છે તેમ, તેઓ મારા દુષ્ટ બુદ્ધિવાળાના અપરાધો સહી લેતા.

1/15/35 ભગવાને ધારણ કરેલા રૂપ-અવતાર B3

અલગ અલગ પ્રકારની ભૂમિકા ભજવવા અભિનેતા જેમ સ્ત્રી વિગેરેના વેશમાં આવે છે અને તે તે કાર્ય પૂરું થયે તે રૂપ છોડી દે છે તેમ ભગવાન શ્રીકૃષ્ણ વિવિધ પ્રકારની ક્રીડા કરવા મત્સ્ય, વરાહ, નૃસિંહ, રામ વ.રૂપો ધારણ કરે છે. જે કલેવરથી શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર ઉતાર્યો તે કલેવરનાં કામ પૂરાં થયે, આપે ત્યાગ પણ કર્યો.

1/15/41-42 મુક્તિની પ્રક્રિયા F1

વાણીથી શરીરનો સંબંધ હોવાથી વાણીનો મનમાં હોમ કર્યો, મનની સ્ત્રી વાણી છે એમ શ્રુતિમાં કહ્યું છે. એ વાણીનો મનમાં અને મનનો પ્રાણમાં હોમ કર્યો, પ્રાણનો અપાનમાં, અપાનનો મૃત્યુમાં, મૃત્યુનો ઉપસર્ગમાં હોમ કર્યો એ ઉત્સર્ગ તથા મૃત્યુનો હોમ પાંચ ભૂતોમાં કર્યો. પાંચ ભૂતને ત્રણ ગુણમાં હોમ્યા. ત્રણ ગુણોને પ્રકૃતિમાં હોમીને પ્રકૃતિને પુરુષરૂપ આત્મામાં હોમી અને એ પુરુષને સર્વકાળ વ.ના નિયામક અક્ષરમાં હોમી દીધા.

1/15/46 ભક્તિથી ભગવત્ પ્રાપ્તિ એ પંચમ પુરુષાર્થ C2 E1

ચારે પુરુષાર્થો તો એમણે અહીં જ પ્રાપ્ત કરી લીધા હતા. હવે ભગવાનના ચરણારવિન્દની પ્રાપ્તિ કરી છેલ્લામાં છેલ્લો પાંચમો પુરુષાર્થ છે, એમ જાણી તેઓએ મનમાં ધ્યાન કર્યું.

1/17/21 અધર્મ K

અધર્મ કરનારને જે નરકાદિ સ્થાન મળે છે તે જ અધર્મની ચુગલી કરનારને પણ મળે છે.

1/17/23 ધર્મનાં ચરણ C1

તપ પવિત્રતા દયા અને સત્ય એ તારા ચાર પગ સત્યયુગમાં હતા. તે-તે યુગ જતાં એક એક પગ અધર્મના અંશ મોહ, સંગ અને મદથી ઓછા થતા હાલ તારો એક પગ રહ્યો છે.

1/17/40-41 અધર્મની પ્રવૃત્તિ K

જેને આબાદીની ઈચ્છા હોય તે એ કલિના નિવાસ રૂપ પાંચ પદાર્થનું (જુગારમાં અસત્ય, મધપાનમાં મદ, રજોગુણ એટલે ક્રોધ તેમાં હિંસા મુખ્ય, કામમાં સ્ત્રી અને સોનામાં વેર) સેવન ન કરે, તેમાં પણ ખાસ કરીને ધાર્મિક રાજા, લોક ગુરુ અને પતિ એ ત્રણ લોક, શિષ્ય અને ઘરના પાલક હોવાથી અધર્મના સ્થાનોને ન સેવે, નહિ તો એ દ્વારા પ્રજા, સેવક અને બાળ બચ્ચાંમાં અધર્મની પ્રવૃત્તિ થાય છે.

1/18/13 સત્સંગ E3

ભગવત્ પ્રેમી ભક્તના સંગની એક ક્ષણની તુલનામાં સ્વર્ગ કે મોક્ષને પણ અમે તો ગણતા નથી તો પછી મનુષ્યના આ લોકનાં સુખ તો સત્સંગની ક્ષણની બરોબરી કયાંથી કરે ?

1/18/21 પુરુષાર્થોની ક્ષુદ્રતા **E3**

જે ભગવાનના ચરણનખથી નીકળતું અને બ્રહ્માએ ચરણ ધોવા માટે આપેલું (ગંગાનું) જળ મહાદેવ સહિત જગતને પવિત્ર કરે છે, તો પછી એવા મુકુંદ ભગવાનથી બીજો કયો અર્થ વધારે હોઈ શકે ?

1/18/47 ભક્તોનો સદાચાર **H2**

ભગવાનના ભક્તોને ગાલીદાન કરે, છેતરે, શાપ દે અને માર મારે તો પણ એઓ સમર્થ હોવા છતાં ભગવાનના સેવક હોવાથી બદલો લેતા નથી.

1/19/7 વૈરાગ્ય **C2**

એમ પરીક્ષિત ગંગાજીના તીર ઉપર પ્રાયોપ્રવેશ કરવાનો નિશ્ચય કરી બેઠા અને અનન્ય ભાવવાળા થઈ, સમસ્ત સંગ છોડી, મુનિનું વ્રત ધારણ કરી, મુકુંદના ચરણનું ધ્યાન કરવા લાગ્યા.

1/19/16 ભગવદીય જીવન **H2**

આપ બ્રાહ્મણોના ચરણોમાં પ્રણામ કરીને પુનઃ એટલી જ પ્રાર્થના કરું છું કે કર્મવશાત્ મારે ગમે તે યોનિમાં જન્મ લેવો પડે પણ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં મારો પ્રેમ સ્થિર રહે, એમના ચરણાશ્રિત મહાનુભાવો ભગવદીયોમાં વિશેષ પ્રીતિ હો અને જગતના સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મારી એકધારી મૈત્રી રહે એવો આશીર્વાદ આપો.

1/19/23 મોટાઓનો અનુગ્રહ એ સ્વભાવ **H2**

આપ બધા સર્વ સ્થળેથી, જેમ સત્યલોકમાંથી વેદો સાક્ષાત્ દેહ ધરીને આવે તેમ આવ્યા છો તે આપને બીજાઓ ઉપર અનુગ્રહ સિવાય બીજુ કંઈ પ્રયોજન નથી. આ લોક કે પરલોકમાં બીજું કર્તવ્ય નથી.

2/1/3-4 સંસારી **K**

ગૃહસ્થ લોકોની રાત્રિ નિદ્રામાં કે સ્ત્રીસંગમાં અને દિવસ ધનની હાય હાયમાં કે કુટુંબનું ભરણપોષણ કરવામાં જાય છે. (૩) દેહ સ્ત્રી પુત્રાદિ એ સર્વ આત્માની સેના છે છતાં તે અસત છે, તેમાં પાગલ બનેલો સંસારી એને મરતા જૂએ છે છતાં એ ન મરેલા હોય એવું માની કાર્ય કરે છે (૪)

2/1/7 મુનિઓ માટે પણ ભગવદ્ કથા **D2**

હે રાજા, ઘણું કરીને મુનિઓ વિધિ નિષેધનો ત્યાગ કરી પોતે નિર્ગુણ ભગવાનમાં નિષ્ઠા રાખી ભગવદ્ ગુણના અનુકથનમાં રચ્યા રહે છે.

2/1/9 ભગવદ્ - લીલા **B2**

હું નિર્ગુણ બ્રહ્મમાં નિષ્ઠાવાળો હતો છતાં ભગવાનની લીલાએ મારું ચિત્ત હરિ લીધું. તેથી હે રાજર્ષિ હું આ શ્રીભાગવત ભણ્યો.

2/1/11 યોગી-વૈરાગી માટે પણ ભગવદ્ કીર્તન

હે રાજન ! જે યોગીઓ સંસારથી વિરક્ત થયેલા હોય અને બ્રહ્માનંદ મેળવવાની

ઈચ્છાવાળા હોય તેમણે ભગવન્નામનું કીર્તન કરવું એ જ એમનું કર્તવ્ય છે તે વાત નિર્ણીત થયેલી છે.

2/1/15 to18 અંતકાળે કર્તવ્ય (મર્યાદા માર્ગીને) C1

પુરુષને જયારે અંતકાળ આવે ત્યારે એણે ભય છોડી દેવો એટલું જ નહિ પણ દેહ અને દેહના સંબંધિઓમાં સ્પૃહારૂપ પાશને વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે છેદી નાખવો. ધીર બનીને ગૃહનો ત્યાગ કરવો, પ્રવિત્ર તીર્થોમાં સ્નાન કરવું. પવિત્ર એકાન્ત સ્થાનમાં બેસી વિધિ પ્રમાણે આસનની કલ્પના કરીને અઉમ (૩૦) ત્રણ અક્ષરોવાળા પરબ્રહ્મનો મનથી અભ્યાસ કરવો, શ્વાસને જીતવો, મનનું નિયમન કરવું છતાં ઓમનું વિસ્મરણ થવા દેવું નહિ. (૧૫-૧૬-૧૭) મનથી ઈન્દ્રિયોને રોકવામાં વિષયો દોષવાળા છે. એવી બુદ્ધિની સહાય લેવી અને ઈન્દ્રિયોને વિષય તરફ જતી અટકાવવી અને કર્મો વડે ચંચલ થઈ ગયેલા મનને ભગવાન રૂપ શુભ અર્થમાં લગાડવું.

2/1/19 સમાધિ યોગ C1

બધા અવયવોમાં લાગેલા મનને એમાંથી છૂટું ન કરતાં મૂર્તિના એક અવયવમાં લગાડી એનું ધ્યાન કરવું. પછી એમાં મનને લીન કરીને કાંઈ પણ યાદ ન કરતાં નિર્વિષય બનવું એનું નામ "સમાધિ".

2/1/39 સર્વાત્માનું ભજન

સ્વપ્નમાં અનેક દેહોને જોનાર આત્મા વિરાટ એક છે તેમ એ વિરાટ સર્વાત્મા હોવાથી સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. એ સત્ય છે, આનંદ નિધિ છે, એ જ ભજનીય છે. બીજે આસક્ત થનારનો સંસારમાં પાત થાય છે. માટે એને છોડીને બીજામાં આસક્ત ન થવું.

2/2/1 ભગવાનની પ્રસન્નતાથી જ જ્ઞાન સફળ થાય B2

એમ પ્રથમ બ્રહ્માજીએ ભગવાનની ધારણા કરી ભગવાનને પ્રસન્ન કર્યા અને પોતાની નષ્ટ થયેલી બુદ્ધિને પાછી સૃષ્ટિ કરવાને પ્રાપ્ત કરી અને ઉદ્યોગ કરવાની બુદ્ધિથી પ્રલય પહેલાં જેવું જગત હતું તેવું જગત સર્જન કર્યું કેમ કે એમનું જ્ઞાન સફળ છે.

2/2/6 ભગવાનની સ્વતંત્રતા અને ફળરૂપતા B2

ભગવાન સર્વત્ર વ્યાપ્ત હોવાથી પ્રીતિરૂપ ષડ્ગુણયુક્ત અને અનંત આત્મા પોતાની મેળે ચિત્તમાં પ્રવેશે છે. જે નિયમથી સુખરૂપ હોય તે જો એને ભજે તો સંસારનાં બધાં કારણ સમાપ્ત થઈ જાય.

2/2/8 યૌગિક ધ્યાન ધારણા C1

કેટલાક પોતાના દેહની અંદર હૃદયાકાશમાં રહેતા ચારભૂજાવાળા કમળ, ચક્ર, શંખ અને ગદારૂપ ચાર આયુધ પોતાના હસ્તમાં ધારણ કરતા પ્રાદેશ માત્ર પુરુષની ધારણા વડે સ્મરણ કરે છે.

2/2/15-16 યોગની ચરમ અવસ્થા C1

(આત્માને પરમાત્મામાં જોડી, ધીર થઈ શાન્તિ મેળવતો કાર્યથી વિરમે છે.) આ અવસ્થામાં સત્વગુણ પણ નથી તો પછી રજોગુણ અને તમોગુણની વાત જ શી ? અહંકાર, મહત્‌તત્ત્વ અને પ્રકૃતિનું પણ ત્યાં અસ્તિત્ત્વ નથી, એ સ્થિતિમાં દેવતાઓનો પણ કોળિયો કરી જનાર કાળ પણ કંઈ કરી શકતો નથી, તો દેવતા અને તેમને અધીન રહેનારાં પ્રાણીઓ તો રહી જ કેવી રીતે શકે છે?

2/2/27 ક્રમમુક્તિરૂપ દુઃખ F1

આ બ્રહ્મલોકમાં શોક નથી, વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, પીડા નથી, ઉદ્વેગ નથી. પરંતુ ત્યાં રહેનારાને જે કંઈ દુઃખ હોય તો એ ભગવાનને મેળવવાનું. આ સાધન અને તેના પ્રકારને ન જાણનારા જીવને દુરન્ત દુઃખ ભોગવવું પડે છે, એનું માત્ર દુઃખ મનમાં હોય છે, બીજું નહિ.

2/2/34 સદ્યોમુક્તિરૂપ ભક્તિમાર્ગ E1 A2

સંસારમાં પ્રવેશ કરનાર માટે બે મુક્તિમાર્ગ છે. (ઉપર નિર્ગુણ કહ્યો તે) ભક્તિમાર્ગ જેવો સુખરૂપ બીજો માર્ગ નથી. આ માર્ગે ચાલતાં વાસુદેવ ભગવાનમાં ભક્તિ થાય છે.

2/2/37 વેદનો સાર/ભગવાનમાં પ્રીતિ E1 A2 D2

સમગ્ર વેદને બુદ્ધિપૂર્વક ત્રણવાર વાંચી વિચારીને નિશ્ચલ ભગવાન બ્રહ્માએ એનો નિશ્ચય કર્યો કે જીવોને ભગવાનમાં પ્રીતિ થાય એ વેદનો સાર છે.

2/2/37 ભગવાનના કથામૃતની ફળરૂપતા D2

સત્પુરુષના આત્મારૂપ એવા ભગવાનનું કથામૃત કાનરૂપી પડિયામાં ભરી જે પાન કરે છે તે વિષયથી દુષિત થયેલા અંતઃકરણને પવિત્ર કરે છે અને ભગવાનના ચરણકમળ ને પ્રાપ્ત થાય છે.

2/3/10 પરમપુરુષને ભજવું જ કર્તવ્ય E1

અકામ હોય, સર્વકામ હોય કે મોક્ષકામ હોય, એ ઉદાર બુદ્ધિવાળો તીવ્ર ભક્તિયોગ વડે પરમપુરુષને ભજે.

2/3/11-12 ભગવદ્‌પ્રેમીનો સંગ H2

જેટલા પણ ઉપાસક છે એ બધાનું હિત એમાં છે કે તેઓ ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ કરી ભગવાનમાં અવિચલ પ્રેમ પ્રાપ્ત કરી લે (૧૧) જેના જ્ઞાનથી ઊર્મિઓનું ચક્ર શાન્ત થાય છે, આત્મા પ્રસન્ન થાય છે અને આ લોક તેમજ પરલોકના ગુણોમાં વૈરાગ્ય થાય છે. ભગવત્‌ પ્રાપ્તિમાં સર્વને સમ્મત એવો કેવળ ભક્તિમાર્ગ જ છે. એવો તો નિવૃત્તિને ચાહનારો કોણ હોય જે એમાં પ્રેમ ન કરે.

2/3/20-24 સર્વેન્દ્રિયોથી ભગવાનને ભજવા E1

જે માણસના કાન ઉરુક્રમ ભગવાનના પરાક્રમને સાંભળતા નથી તે સર્પના દર જેવા છે, જે જીભ ભગવાનની કથા કહેતી નથી. તે અસતી દેડકી જેવી છે. ભલે માથા ઉપર પટ્ટ

અને કિરીટ ધારણ કરવામાં આવે પણ જો એ મસ્તક મુકુટને ન નમતું હોય તો એ કેવળ માથાના ભારરૂપ છે. જે હાથ સેવા કરતા નથી. તેને મડદાના હાથ જેવા સમજવા પછી ભલેને એઓના હાથ સોનાના કડા પહેરેલા હોય, જે આંખો વિષ્ણુ ભગવાનના વિગ્રહના દર્શન ન કરે તે મોરપીછના ચાંદલા કહેવાય, આંખો નહિ. જો મનુષ્યના પગ મંદિર તરફ જતા ન હોય તો એ વૃક્ષના જેવા જન્મવાળા ગણાય. જે ભગવદ્ ભક્તના ચરણરજની ઈચ્છા ન રાખતો હોય છતાં જો એ ભગવાનના ચરણમાં ધરેલ તુલસીની ગંધને અનુભવતો ન હોય તો એ પણ જીવતું મડદુ છે. ભગવાનનાં નામ લેતા જેના નેત્રોમાં આંસુ ન ભરાય અને જેના શરીરમાં રોમાંચ ખડા ન થાય તે માણસના હૃદયને ચકમકના પથ્થર જેવું જાણવું.

2/4/12 ભગવાન પોતાની શક્તિને ધારણ કરીને સર્વ કંઈ કરે છે. B2

જે પરપમપુરુષ સદ્‌રૂપ જગતનાં ઉત્પતિ સ્થિતિ અને નાશને માટે સત્વ રજ તથા તમો ગુણ રૂપ ત્રણ શક્તિઓને સ્વીકારી બ્રહ્મ, વિષ્ણુ અને શિવના રૂપ ધારણ કરે છે અને પ્રાણીઓની અંદર પ્રગટ થાય છે. જેની ગતિને કોઈ જાણતું નથી તે મહિમાવાળા ભગવાનને મારા નમસ્કાર હો...

2/4/14 સાધનથી અસાધ્ય ભગવાન B2

કેવલ ભગવાનને આધીન થઈને રહેનારા ભક્તોના સ્વામી આપને નમસ્કાર. વળી જે એમ માને છે કે અમે યોગ વડે સાધનો આચરીને ભગવાનને પામી શકીશું. એવા પૃથ્વી ઉપરના યોગીઓ તો જેની દિશા પણ નથી જાણતા તેવા આપને પ્રણામ.

2/4/17 સમર્પણ વગરની સર્વ સાધના વિફલ E1

મોટા મોટા તપસ્વીઓ, દાનવીરો, યશ માટે પ્રયત્ન કરનાર વાવકૂવા ધર્મશાળા વગેરે બંધાવનાર, મંત્ર જાણનાર, યોગીઓ તથા સદાચારથી ચાલનારા જેને અર્પણ કર્યા વગર ફળને મેળવી શકતા નથી તેવા સુંદર કીર્તિવાળા પરમેશ્વરને નમન.

2/4/23 કર્તા, ભોક્તા ભગવાન સ્વયં છે. B2

જે ભગવાન્ પાંચ મહાભૂતોમાંથી આ શરીરો ઉત્પન્ન કરે છે, વળી એમાં રહીને પાંચભૂત તથા ૧૧ ઈન્દ્રિયરૂપ થઈને એના રસને ભોગવે છે, તે ભગવાન મારી વાણીને એના ગુણોથી અલંકૃત કરી દો.

2/5/11 ભગવાન્ સ્વયં પ્રકાશ છે. સૃષ્ટિ એમનાથી પ્રકાશીત છે. B2

જેમ સૂર્ય ચંદ્ર નક્ષત્રો તારાઓ પ્રકાશ આપે છે, તેમ ભગવાને પોતાના પ્રકાશથી જગતને પ્રકાશીત (પ્રકટ) કર્યું છે, હું પણ એના પ્રકાશથી પ્રકાશું છું. - બ્રહ્માજી

2/5/14 બધું ભગવાન જ બન્યા છે B2

હે બ્રહ્મન્ ! દ્રવ્ય (ભૂતાદિ), કર્મ (જન્મનું નિમિત્ત), કાલ (ગુણ ક્ષોભક), સ્વભાવ (પરિણામનો હેતુ) અને જીવ આ પાંચે વસ્તુ વાસુદેવ ભગવાનથી જુદી નથી.

2/5/17 કર્તા કારયતા ભગવાન છે B2

એ ભગવાન દૃષ્ટા છે, ઈશ્વર છે, વિકાર વિનાના છે, સર્વના આત્મારૂપ છે એની જ્ઞાનદૃષ્ટિથી પ્રેરણા પામેલો હું એને જ સરજવાનું તે ઉત્પન્ન થઈને સરજુ છું. - બ્રહ્મા

2/5/21 પોતે જ એકમાંથી અનેક થયા B1

હે આત્મન્ માયા પતિ ભગવાનને એકમાંથી બહુ થવાની ઈચ્છા થઈ ત્યારે પોતાની માયાથી પોતાના સ્વરૂપમાં સ્વયં પ્રાપ્ત કાલ કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો .

2/5/35 તે એક અનેક થયા B1

એ વિરાટ પુરુષ એ અંડને ભેદીને એમાંથી બહાર નીકળ્યા. એને હજારો સાથળ, પગ, બાહુ, આંખો, મોઢાં અને માથાં હતાં.

2/6/15 પુરુષ રૂપ અવતાર B3

જે થયું હશે,થાય છે અને થશે તે બધું પુરુષ રૂપ છે. આ બ્રહ્માંડ એનાથી ઘેરાયેલુ છે. એનાથી એક વેંત પોતે વધારે છે.

2/6/17 વિરાટ પુરુષ દ્વારા ફલદાન B2

એ પુરુષ નિત્યસુખ અને મોક્ષસુખ ના ઈશ્વર હોવાથી વિરાટ શરીરથી પર છે કોઈથી પાર ન પામી શકાય એવો મહિમા એ વિરાટ પુરુષનો છે.

2/6/20 ભગવાનની શક્તિ વિદ્યા અવિદ્યા B2

બે માર્ગો ચાલે છે. એક માર્ગ એવો જેમાં કાર્યનુ ફળ ભોગવવામાં આવે છે તે અને બીજો જેમાં કર્મફળને છોડી દેવામાં આવે. એકને અવિદ્યા કહે છે અને બીજાને વિદ્યા કહે છે. ઉભયનો આશ્રય ભાગવાન કરે છે.

2/6/27 પૂજય અને પૂજન સામગ્રીમાં અભેદ B2

આવી રીતે યજ્ઞ માટે ઉપયોગી પદાર્થો એકત્ર કરીને યજ્ઞરૂપ પુરુષના અંગમાંથી લીધા. એ યજ્ઞરૂપ પુરુષ ઈશ્વર છે. એમનું એ પદાર્થો વડે યજન કર્યુ.

2/5/30 ત્રણ ગુણને ધારણ કરવા છતા નિર્ગુણ B2

આ જગત ભગવાન નારાયણમાં રહ્યું છે. એમણે જો કે સૃષ્ટિ કરવામાં માયાના મોટા ગુણોને ધારણ કર્યા છે, છતા એ પોતે નિર્ગુણ છે.

2/6/31 સર્વ ગુણાધિપતિ દેવો ભગવાનને આધીન B2

હું એમની આજ્ઞાથી જગતને ઉત્પન્ન કરુ છું. મહાદેવજી એમને અધીન રહીને જગતનો લય કરે છે. એવા એ ત્રણ શક્તિવાળા ભગવાન પુરુષરૂપથી જગતનુ પાલન કરે છે.
- બ્રહ્માજી

2/6/32 સર્વ કંઈ ભગવાન જ બન્યા છે/ભગવાનથી ભિન્ન કંઈ નથી B1

બેટા, તમે મને જે પૂછયું તે મેં તમને કહ્યું. ભાવ અથવા અભાવ,કાર્ય અથવા કારણના રૂપમાં એવી કોઈ ચીજ નથી જે ભગવાનથી અલગ હોય.

2/7/47-48 પરબ્રહ્મનુ સ્વરૂપ ભગવાન જ સાધન B2 B1

પરમ પુરુષ પરબ્રહ્મનું પદારવિન્દ નિત્ય છે, જ્ઞાનમાત્ર છે, શુદ્ધ સમ કાર્ય કારણ થી પર છે,આત્માનુ ખરુ સ્વરૂપ છે, જયાં કારક વાળો શબ્દ પણ પહોંચતો નથી, માયા એની સામે જોતાં લજાય છે. પરમબ્રહ્મનુ એ પદ શોકરહિત સુખરૂપ છે. જેમ ઈન્દ્ર કુવો ગાળ વાના સાધનો જેવાં કે કોદાળી પાવડો રાખતો નથી કેમકે તે પોતે જળનો રાજા છે, તેમ યતિઓ મનને ભગવાનમાં રાખીને યોગ તપ સાધનોને છોડી દે છે.

2/7/31 વ્રજ-ભગવાનની અંગીકૃતિ/નિઃસાધન ફલાત્મા B2

દિવસે ઘરનાં કામમાં વ્રજ ગળાડૂબ રોકાયેલુ હશે જયારે રાતે થાકીને લોથપોથ થઈ જવાથી ઘસ ઘસાટ ઊંઘી જશે.આમ દિવસ અને રાતે પરલોકનું સાધન કંઈ નથી કરતા એવા વ્રજવાસીઓને વૈકુંઠ સુધી જવાની મહેનત ન પડે માટે વ્યાપી વૈકુઠને જ અહીં તેમની પાસે લાવી મૂકશે. આમ કરવાનુ કારણ કે પ્રભુએ વ્રજને પોતાના તરીકે અંગીકાર કર્યો હતો.

2/7/40 ભગવાનનો અગણિત મહિમા B2

કદાચ કોઈ ડાહ્યો પુરુષ પૃથ્વીના કણ કણને ગણે પણ વિષ્ણુના પરાક્રમો એટલા બધા છે કે એની ગણના થઈ શકે નહિ.

2/7/42 ભગવદ્ આશ્રય E3

સર્વોત્મભાવ વડે નિષ્કપટ થઈ જે અનંતના ચરણનો આશ્રય કરે તેની ઉપર ભગવાન દયા વિચારે છે. એ ભગવાનની માયા, જે અતી દુસ્તર છે તેને પણ તરી જાય છે. કુતરા શિયાળવાને ખાવા લાયક એવા આ દેહમા "હુ અને મારુ " એવી બુદ્ધિ ન હોય તે જ માયાને તરી ઉતર્યા છે.

2/8/5-6 ભગવદાશ્રય E3 G

પોતાના ભકતોના ભાવરૂપ તળાવમાં પ્રગટ થયેલા કમળ રૂપ, કાનના છિદ્ર વાટે ભગવાન હદયમાં ડોળાયલા જળને શરદ શુદ્ધ કરે છે તેમ હૃદયમાં પધાર્યા પછી એને શુદ્ધ કરે છે.જયારે આવી રીતે જીવ-આત્મા ભગવાનથી શુદ્ધ થાય છે ત્યારે પછી એ કૃષ્ણના ચરણના મૂળને છોડતો નથી. જેમ મુસાફરીના સર્વ કલેશથી મુકત થયેલો પથિક ઘરમાં આવ્યા પછી ઘરને છોડતો નથી એમ.

2/8/28 ભાગવતની વેદતુલ્યતા A1

બ્રહ્મકલ્પમાં ભગવાને કહ્યું હતુ એ શ્રીભાગવત નામનું પુરાણ વેદની તુલ્ય છે. એ શ્રીભાગવતપુરાણ શુકદેવજીએ પરીક્ષિતને સંભળાવ્યુ.

2/9/3 જીવનની નિર્લેપતા G

જયારે કાળ અને માયાથી પર એવા જન ભગવાનમાં સંદેહ રહિત બનીને રમે છે ત્યારે હું અને મારું છોડી દઈ, દેહાદિ અને એને આપનારી માયાને છોડી દઈને ઉદાસ થઈને રહે છે.

2/9/6 બ્રહ્માને તપની આજ્ઞા **C2**

હે રાજન્ ! એ બ્રહ્માજી એક દિવસ ચિન્તન કરતા હતા, તેટલામાં સ્પર્શનો ૧૬મો અને ૨૧મો એ બે અક્ષર (ત પ) બે વાર બોલાયા તે પોતે વિભુ હોવાથી સાંભળ્યા. એમણે જે બે અક્ષરો સાંભળ્યા તે નિષ્કિંચનના ધન રૂપ ગણાય છે.

2/9/10 વૈકુંઠધામ **B2**

એ વૈકુંઠમાં રજોગુણ અને તમોગુણ નથી તેમજ એનાથી મળેલ સત્વ પણ નથી. ત્યાં માયા પણ નથી. ત્યાં દેવો અને દૈત્યોથી પૂજાયેલા ભગવાનના સેવકો રહે છે.

2/9/20 ભગવદ્દર્શન ફલાત્મક **F2**

મારું દર્શન ન થયું ત્યાં સુધી શ્રેયને માટે પરિણામ ઉઠાવવાનો રહે છે. મારું દર્શન થયા પછી શ્રમની જરૂર નથી.

2/9/21 ભગવાનની ઈચ્છા નિયામક **B2**

તમને મારા લોકનું દર્શન થયું એ તમારા તપનું ફલ નથી, પણ એ મારી ઈચ્છાનો પ્રતાપ સમજો. વળી તમે એકાન્તમાં "તપ" એ શબ્દ સાંભળીને તપ કર્યું એ પણ મારી ઈચ્છાનો જ પ્રતાપ સમજો.

2/9/32 બ્રહ્મ-સર્વકાલિક **B1**

હુ પૂર્વે હતો જ. બીજુ કાર્ય કારણાત્મક અથવા એથી પર કંઈ નહોતુ. પછી પણ હું જ છું. આ જે દેખાય છે તે હું છું. પ્રલય પછી જે બાકી રહેશે તે પણ હું જ છું.

2/9/35 બ્રહ્મ - અન્વય - વ્યતિરેક **B1**

તત્વજિજ્ઞાસુએ આત્મા સંબંધિ એટલું જ જાણવું બસ છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે એને જ જાણવાથી બધું જણાય તે આત્મા.

2/9/36 બ્રહ્મ અને જગત **B1**

બ્રહ્મરૂપ જગતને જાણવું પણ જગતથી જુદું બ્રહ્મ છે. તેથી જગતમાં આસક્તિ કરવી નહિ. એક પદાર્થમાં પણ સર્વ લીલા સહિત ભગવાન છે તે દેશકાળ વસ્તુ રૂપ છે, છતાં એનાથી જુદા પણ છે.

2/10/1 ભાગવતમાં ભગવાનની દસવિધ લીલા **A1**

શ્રીભાગવતમાં સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વંતર ઈશાનુકથા મુક્તિ આશ્રય એ દશ પદાર્થ કહ્યા છે.

2/10/6 નિરોધ-મુકિત લીલા **B1**

પોતાની શક્તિઓ સાથે આ ભગવાનનું પાછળથી પોઢવું એનું નામ નિરોધલીલા. બીજા પ્રકારના રૂપને છોડીને સ્વસ્વરૂપમાં આવી જવુ એનું નામ મુક્તિલીલા.

2/10/7 આશ્રય **B1**

ઉત્પતિ અને પ્રલય જેનાથી થાય અને જેનાથી પ્રકાશે છે તે આશ્રય. એ જ પરબ્રહ્મ,

એ જ પરમાત્માના નામથી ઓળખાય છે.

2/10/10-11 નારાયણ નામ **B3**
વિરાટપુરુષ અંડનો ભેદ કરીને જયારે બહાર નીકળ્યા ત્યારે પોતાને રહેવાનું સ્થાન જોઈએ, એની ઈચ્છા કરતાં પોતે પવિત્ર થઈને પવિત્ર જલ ઉત્પન્ન કર્યું. પોતે બનાવેલા જળમાં એ હજારો વર્ષ રહ્યા. એથી એનું નારાયણ એવું નામ થયું. કેમ કે નરથી ઉત્પન્ન થાય તે નાર - જળ કહેવાય. એ જેનું સ્થાન એ નારાયણ કહેવાય.

2/10/21 વિરાટપુરુષના અંગ આ રીતે બન્યા. **B1**
જયારે તેણે જોવાની ઈચ્છા કરી ત્યારે તેને બે નેત્ર થયાં. તેમાં સૂર્ય દેવતા થયા, ચક્ષુ ઈન્દ્રિય થઈ, રૂપ વિષય થયો.

2/10/44-45 ભગવાન્ સંબંધે વર્ણન અનુવાદ માત્ર છે. **B2**
રાજાને સમજાવવા માટે અમે ભગવાનને આવી રીતે કહ્યા પણ વિદ્વાન લોકો ભગવાનને એવી રીતે જોવાને યોગ્ય નથી. ભગવાન્ જન્મ લઈને કર્માદિ કરે છે એ તો અનુવાદ માત્ર છે. એ પણ કર્તાપણાના નિષેધ માટે છે કેમકે એ કર્તાપણું ભગવાનમાં માયાએ આરોપ્યું છે.

3/1/2 ભગવાન બિરાજતા ન હોય તેવું ઘર પણ ત્યાજય. **K**
એ તો જયારે પાંડવોનું સમાધાન કરવાને ભગવાન હસ્તિનાપુર પધારેલા ત્યારે રાજા દુર્યોધનના ઘરને છોડીને વિદુરજીના ઘરને પોતાનું ઘર માની એમાં પોતે બિરાજેલા, આવા લાયક ઘરને, જયારે એમાં ભગવાન બિરાજતા ન્હોતા ત્યારે છોડી દીધુ.

3/1/13 ભગવદ્દ્વેષી પુત્ર પણ ત્યાજય **K**
તમારો પુત્ર આ દુર્યોધન જે ભગવાનને દ્વેષ કરે છે, તે તમારા ઘરમાં પુત્રરૂપે શત્રુ આવીને રહેલો છે, એ શ્રીકૃષ્ણથી વિમુખ છે, આમ છતાં તમે પુત્રબુદ્ધિથી એનું પોષણ કરો છો. જો તમારે તમારા કુળનું કુશળ ઈચ્છવું હોય તો એને તત્કાલ છોડી દો.

3/1/19 યાત્રાની સફળતા **D3**
પવિત્ર રીતે એકાન્તમાં રહેવા લાગ્યા. સદા સ્નાન કરતા. નીચે ભોંય પર શયન કરતા. કોઈ પોતાને ન જાણે તેવા અવધૂતવેશમાં રહી ભગવાનને પ્રસન્ન કરે તેવા વ્રતે ફરવા લાગ્યા.

3/1/44 ભગવાનના જન્મનું પ્રયોજન **B2**
ભગવાન્ અજન્મા છે છતાં જગતમાં પોતે જન્મ લે છે. એ ઉન્માર્ગે ચાલનારાઓનો નાશ કરવા માટે જ. જો એમ ન હોય તો ગુણોથી પર હોવા છતાં કર્માધીન દેહને કોણ સ્વીકારે ?

3/2/17 ભગવાનની મનુષ્યવત્ લીલા **B2**
હે પિતા ! હે અમ્બ ! અમે કંસથી ઘણા ભયભીત થયેલા હોવાથી આપની કંઈ સેવા કરી શકયા નહિ, માટે આપ અમારી ઉપર પ્રસન્ન થાઓ.

3/2/21 ભગવાનની ઈશ્વરતા. B2

એ ભગવાનનો નથી કોઈ બરાબરીયો કે નથી કોઈ એનાથી અધિક. વળી એ ત્રણે લોકના અધિપતિ છે. જેની સર્વ કામનાઓ પૂર્ણ થયેલી છે તેવા લોકપાલો સ્વરાજયલક્ષ્મીથી ભગવાનને ભેટ ધરતા પોતાના કિરીટના મણિઓ વડે એમની ચરણપીઠિકાને પૂજતા હોવાથી એ પીઠિકા સ્તુતિપાત્ર થઈ છે.

3/2/4-5 નિરોધ સ્થિતિ E1

પ્રથમ તો કૃષ્ણચરણની સુધામાં ડૂબેલા ઉદ્ધવજી બે ઘડી બોલ્યા વગર બેસી રહ્યા અને તીવ્ર ભક્તિયોગ વડે ભગવાનના સ્વરૂપમાં આનંદમગ્ન થઈ ગયા. (૪) રોમાંચથી એમના સર્વે અંગ પ્રફૂલ્લિત થયાં. બંધ નેત્રમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં અને સ્નેહના પ્રવાહમાં ડૂબતાં પૂણાર્થ હોય એમ દેખાવા લાગ્યા. (૫)

3/2/33 સ્વકીય વ્રજના શરણાગતવત્સલ B2

માન ખંડિત થવાથી વિહ્વલ બની ઈન્દ્રે વ્રજનો નાશ કરવા અતીવૃષ્ટિ કરી ત્યારે ભક્તના ઉપર અનુગ્રહ કરી ભગવાને ગોવર્ધન પર્વતને લીલારૂપી છત્ર કરીને એ વડે વ્રજનું રક્ષણ કર્યું.

3/3/2 કૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય B2

સાંદિપનિ ગુરુએ એકવાર કહેલા વેદ વિસ્તાર સાથે ભણીને, એમના મરેલા પુત્રને પંચજન્ય દૈત્યના પેટમાંથી પાછો લાવી આપ્યો અને એવી રીતે ગુરુદક્ષિણા આપી.

3/4/13 ભાગવત A1

પહેલા આદિ સર્ગમાં મારા નાભિકમળમાં બેઠેલા બ્રહ્માને મેં મારા મહિમાને પ્રકાશિત કરનાર જ્ઞાન કહેલું. એ જ્ઞાન ભગવત્ સંબંધિ હોવાથી વિદ્વાન લોકો એને શ્રીભાગવત્ કહે છે. તે જ્ઞાન હું તમોને આપુ છું.

3/4/16 વિરુદ્ધ ધર્માશ્રયત્વ / ભગવત્વ B2

આપ નિસ્પૃહ છો છતાં આપનાં કર્મો જેવાં કે - શત્રુના ભયથી મથુરા છોડી સમુદ્રદુર્ગવાળી દ્વારકામાં પધારવું, આત્મારામ છતાં હજારો પ્રમદાનો આશ્રય કરવો વગેરે જોવામાં આવે છે ત્યારે એમાં ડાહ્યાપુરુષની બુદ્ધિ પણ ચક્કરમાં પડી જાય છે.

3/5/2 કર્મ દુ:ખદ છે C1

લોકો સુખ પ્રાપ્તિ માટે કર્મ કરે છે પણ એ કર્મથી સુખ નથી થતુ અને દુ:ખ મટતું નથી, ઊલટું એ કર્મથી જ ફરી દુ:ખ દેખે છે.

3/5/4 કલ્યાણમાર્ગ - ભક્તિમાર્ગ E1

અમને એવો કલ્યાણમાર્ગ બતાવો કે જે માર્ગ વડે આરાધના કરવાથી પુરુષના હૃદયમાં રહેલા ભગવાન્ હૃદયને ભક્તિથી પવિત્ર કરી તત્ત્વબોધના જ્ઞાન સાથે પુરાણના જ્ઞાનનું દાન કરે.

3/5/5-6 ઈશ્વરનું સ્વરૂપ B2

ઈશ્વર ત્રણ ગુણના નિયંતા છે. એ ષડ્ગુણથી યુક્ત છે. એ પોતે પોતાને વશ રહીને અહીં પધારી કર્મો કરે છે. પોતે ચેષ્ટારહિત છતાં આ જગતને ઉત્પન્ન કરે છે. તેને સારી રીતે સ્થાપન કરે છે, એની આજીવિકા પણ કરી આપે છે. (૫) પાછું વળી જગતને પોતાનાં હૃદયરૂપી ગુફામાં દાખલ કરીને નિવૃત્તિ પરાયણ થઈ પોઢે છે. એવા યોગેશ્વરના ઈશ્વર પોતે એક છતાં જગતમાં અનુપ્રવેશ કરી બહુરૂપે જે પ્રકારે થતા હોય છે.

3/5/7 ભગવાનની ક્રીડાનું કારણ B2

અવતારના ભેદ વડે ક્રીડા કરતાં એ ભગવાન ગાય, બ્રાહ્મણ અને દેવતાના કુશળને માટે કાર્યો કરે છે.

3/5/9 ભગવાન સર્વનું કારણ B2

જે નારાયણે કર્મરૂપ અને નામવડે જે કારણથી પ્રજાના ભેદ કર્યા હોય તે નારાયણ પોતે જ આ સર્વનું કારણ છે.

3/5/11 ભગવદ્ચરણો તીર્થરૂપ B2

ભગવાનના ચરણમાં બધાં જ તીર્થો છે. જેમની સ્તુતિ ઋત્વિજો યજ્ઞમાં કરી ગયા છે. જો ભગવાન પુરુષની કર્ણનાડીમાં પ્રાપ્ત થાય તો સંસારને આપનાર ઘરમાં પ્રીતિને કાપી નાખે છે.

3/5/13 શ્રદ્ધાવાન્ ભક્ત H2

શ્રદ્ધાવાળા મનુષ્યમાં આસ્તિક બુદ્ધિ વધે છે, ત્યારે એનામાં ભગવાન સિવાયના બીજા વિષયમાં વિરક્તિ ઉત્પન્ન કરે છે. એથી ભગવાનના ચરણોમાં એને સુખ થાય છે અને એનાં બધાં દુ:ખોનો જલ્દીથી નાશ કરી શકે છે.

3/5/45 ભક્તિ અને નિર્મળ અંત:કરણથી ભગવદ્ધામમાં સ્થિતિ E1

આપની કથારૂપી સુધાનું પાન કરીને જેમની ભક્તિ વૃદ્ધિ પામી છે અને જ્ઞાનના સારરૂપ વૈરાગ્યથી જેમનું અંત:કરણ નિર્મળ થયું છે તેઓ અચલ એવા આપના વૈકુંઠને પામે છે.

3/6/1-2 કાલ રૂપે ભગવાન્ B2

ભગવાને જોયું કે, પોતાની જુદી જુદી શક્તિઓને લોકની રચના કરવી એનું જ્ઞાન નથી તેથી "કાળ" નામની દૈવી શક્તિને ઉરુક્રમ ભગવાને ધારણ કરી અને ત્રેવીશ તત્વનો સમુદાય જે કાંઈ પણ કામ કરવાને અસમર્થ હતો તેમાં એમણે પ્રવેશ કર્યો.

3/6/36 વાણીનો અન્યવિનિયોગ K

અન્યમાં વાણીનો વિનિયોગ થવાથી મારી વાણી અસતી બનેલી હોય તેને ભગવાન સત્કારે એ માટે હું મારી બુદ્ધિ અનુસાર જેવું મેં સાંભળ્યુ છે તેવું ભગવાનની કીર્તિનું સર્વદા કીર્તન કરુ છુ. (૬)

3/6/37 વાણી અને કર્ણની સુફલતા - ભગવદ્ગુણગાન D2

ભગવાનના ગુણોનું ગાન કરવુ એ વાણીનો મોટામાં મોટો લાભ છે. વળી વિદ્વાનોએ

આરંભ કરેલી કથારૂપી સુધામાં કાનનો વિનિયોગ કરવો એ પણ મોટામાં મોટો લાભ છે.

3/7/3 ભગવાન પોતાની માયા વડે સૃષ્ટિકાર્ય કરે છે B2

ભગવાન્ એ વિશ્વને ગુણવાળી આત્મમાથા વડે ઉત્પન્ન કરે છે, માયા વડે એ એનું સારી પેઠે રક્ષણ કરે છે. વળી પાછા એને એ પોતામાં ઉપસંહાર કરે છે.

3/7/11 માયાસંબંધ અનર્થકારી / ભગવદ્કૃપાથી માયા નિવૃત્ત થાય KB2

એ માયાનો સંબંધ અનર્થ બતાવનાર છે. ભગવાન્ કૃપા કરે અને નિવૃત્તિ માર્ગના ધર્મ આચરવામાં આવે તો ભગવદ્ ભક્તિયોગ વડે ધીમે ધીમે એ નિવૃત્ત થાય.

3/7/12 સર્વેન્દ્રિયો ભગવાનમાં નિરુદ્ધ થાય તો કલેશ ન રહે E1

પરમાત્મા હરિ દૃષ્ટા છે. એમનામાં બધી ઈન્દ્રિયોનો ઉપરામ થાય ત્યારે જેમ સુઈ રહેનારના બધા ક્લેશ નિવૃત્ત થઈ જાય. તેમ તેના કલેશ નિવૃત્ત થઈ જાય.

3/7/16 અધૂરી ભક્તિ કે જ્ઞાન ક્લેશ કરાવે છે. E1

લોકમાં જે ગૂઢતમ છે અને જે બુદ્ધિના પારને પામ્યો છે તે બે જ સુખી છે, પરંતુ થોડું જ્ઞાન અને થોડી ભક્તિ વાળાને એક નિશ્ચય હોતો નથી. તેથી બે નૌકામાં એક એક પગ મૂકનાર જેમ ક્લેશ પામે છે તેમ એ વચમાં રહેવાથી ક્લેશ પામે છે.

3/7/18 ભગવદ્ચરણની ભક્તિ E1

મધુ દૈત્યનો દ્વેષ કરનારને, કૈટક દાનવને મારનાર કુટસ્થ ભગવાનનાં ચરણ વિશે રતિવિલાસ કરવાથી બધા દુ:ખ મટી જાય છે અને આ એમની સેવા વડે થાય છે.

3/7/19 અલ્પ તપવાળાને (ઉત્કટતા) ભગવદ્ભક્તોનો સંગ નથી મળતો K

જેઓ અલ્પ તપવાળા છે તેમને ભગવાનના માર્ગમાં રહેતા ભગવદ્ ભક્તોની સેવા દુર્લભ છે. એ ભગવદ્ભક્તો દેવનાદેવ અને અવિદ્યા દૂર કરનાર ભગવાનનું નિત્ય ગાન કરે છે.

3/7/21 આદિપુરુષ સર્વત્ર અને સર્વમાં છે B1

એ જ આદિપુરુષ કહેવાય છે. જેના હજારો પગ, સાથળ, બાહુછે. જેનામાં વિશ્વ તથા આ લોકો સારી રીતે રહી શકેછે.

3/7/35 ગુરુ સર્વનું દાન કયારે કરે ? J

જે શિષ્યો અને પુત્રો આજ્ઞાકારી સેવા કરનારા હોય છે. તેમને દીનવત્સલ એવા ગુરુઓ વગર પૂછયે પણ બધુ કહે છે.

3/7/40 કર્મ મોક્ષ નથી અપાવી શકતું C1

ભણ્યા ભણાવ્યા વેદ, યજ્ઞ, દાન, તપ વગેરે બધાં મળીને પણ જીવને મોક્ષ આપનાર જ્ઞાનના અંશને પણ પહોંચી શક્તા નથી.

3/9/11 ભક્તની ભાવના પ્રમાણે ભગવાન રૂપ ધરે છે B2

આપની શ્રવણભક્તિથી જેને આપના માર્ગનાં દર્શન થયા છે, પ્રેમભક્તિની ભાવનાથી જેનું હૃદયકમળ આપને બિરાજવા લાયક થયું છે, તેવાના હૃદયમાં પધારી પછી એ જયાં

જેવા રૂપની પોતાની બુદ્ધિમાં ભાવના કરે છે તેવો દેહ અબાધિત અનુગ્રહ વડે આપ એ ભક્તોને માટે પ્રગટ કરે છે.

3/9/41 E1
ભગવાનમાં પ્રીતિથી જ મોક્ષરૂપ ફળ મળે છે
તત્વજ્ઞાનીઓનો એવો મત છે કે તળાવ, કૂવા વગેરે કરવાથી, તપશ્ચર્યા કરવાથી, યજ્ઞથી, દાનથી, યોગ તથા સમાધિથી મોક્ષ વગેરે ફલ પ્રાપ્ત થતું હોય તો એવું ફળ મારી પ્રીતિ વડે જ થાય છે.

3/9/42 B2
સર્વમાં પ્રિયત્વનું કારણ "ભગવાનમાં" રહેલ છે
હું આત્માઓનો આત્મા છું. ઘણા જ પ્રિય પદાર્થો કરતાં પણ અધિક પ્રિય છું માટે મારામાં પ્રીતિ કરવાને લોકો દેહાદિમાં પ્રીતિ કરે છે.

3/10/13 સૃષ્ટિની નિત્યતા **H**
આ જગત જેવું અત્યારે દેખાય છે તેવું જ પહેલા પણ હતું અને પછી પણ આવું જ રહેશે.

3/11/41 ભગવન્ માહાત્મ્ય **B1**
જેના રોમકૂપમાં એવાં અનંત બ્રહ્માંડ ઊડયા કરે છે તેવું આ અક્ષરબ્રહ્મ છે. એ સર્વના કારણોનું કારણ છે મહાત્મા એવા સાક્ષાત્ પુરુષ વિષ્ણુ (વ્યાપક) છે તેનું તે ધામ (રહેવાનું સ્થાન) છે.

3/12/31 મહાપુરુષોનું અનુસરન **H2**
આવું કામ તેજસ્વી પુરુષને પણ યશ આપનાર નથી. હે જગદ્‌ગુરુ ! મોટા પુરુષે કરેલાં કામોને અનુસરવાથી લોક પોતાનું શ્રેય કરી શકે છે.

3/12/38 સ્ત્રી શુદ્રો પ્રતિ ઉપકારક પુરાણો તથા ભારત **A2**
ઈતિહાસ અને પુરાણ એ પાંચમો વેદ છે. બ્રહ્માજીએ વિચાર્યું કે, "સ્ત્રી શુદ્રાદિ અને દ્વિજબન્ધુને પણ ઉપયોગી થાય તેવું કાંઈ કરું." એમ ધારી સર્વમુખોથી એ ઈતિહાસ અને પુરાણોને પ્રક્ટ કર્યા.

3/13/46 ભગવાનના અવર્ણનીય ગુણ કર્મ **B2**
આપના કર્મ અપાર છે. "એવા અવર્ણનીથ ગુણોને હું ગાઈ શકીશ" એવુ કહેનાર ભ્રષ્ટમતિવાળો કહેવાથ કેમકે આપની થોગમાથા વડે આ જગત મોહિત થઈ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે તો પછી આપને કયાથી જાણી શકે ?

3/13/50 ભગવાન માટે ભક્તિ **B2E1**
ભગવાન તો બધી કામનાઓ પુર્ણ કરવા સમર્થ છે. એ પ્રસન્ન થાય ત્યારે શું દુર્લભ છે? પણ એ ક્ષુલ્લક કામનાઓની જરૂર જ શી છે? ભગવાનને માટે જ ભગવાનની ભક્તિ કરવી એવી જેમની અનન્ય દૃષ્ટિ છે તેમને તો ભગવાન પોતાની ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવે છે.

3/14/49 ભગવાનની ભક્તિ પ્રતિ કૃપા B2

ભક્તની ઈચ્છા પ્રમાણે સ્વરૂપને ધારણ કરનાર, જે અંદર અને બહાર નિર્મળ છે જેમના નેત્ર કમળ જેવા છે. જેમનુ મુખારવિંદ પ્રકાશતાં કુંડળો વડે શોભે છે. શ્રીના ચિન્હરૂપ લક્ષ્મીજીથી સુંદર તેવા ભગવાન્ તારા પૌત્રને (પ્રહ્લાદ) નિરંતર દર્શન દેશે.

3/15/23-24 દુર્લભ મનુષ્યત્વનો સદુપયોગ E1

ભગવાનના કથા સિવાયની બીજી કુકથા બુદ્ધિનો નાશ કરનારી છે.જે એ સાંભળે છે તે વૈકુંઠમાં જઈ શક્તો નથી. હતભાગી જ એવી કુકથા સાંભળે છે. એવી સાર વગરની કુકથા સાંભળનાર નરકગામી થાય છે. મનુષ્યપણુ તો બ્રહ્માજી પણ માગી રહ્યા છે. કારણકે એમાં તત્વજ્ઞાન સહિત ધર્મ પણ સિદ્ધ થઈ શકે છે એવા મનુષ્યત્વને પામીને જો મનુષ્યોએ ભગવાનનુ આરાધન ન કર્યું તો હે દેવો ! તેઓ ભગવાનની માયાથી મોહિત થયેલા છે એમ જ સમજવુ રહ્યું.

3/15/25 ઉત્તમ શ્રોતા H1

જેમનો અહંકાર દૂર થયો છે તેઓ નિરંતર ભગવાનને અનુસરે છે. એવાઓને પોતાના સ્વામીની કથામાં અનુરાગ હોય છે એથી કથા કહેવા માત્રથી એમને વિકળતા થાય છે. એમના નેત્રમાં જળ આવી જાય છે અને એમને રોમાંચ થાય છે. આવા ભક્તો જેના જેવા શીલસ્વભાવની અમે પણ ઈચ્છા કરી રહ્યા છીયે તેઓ આપણી ઉપર રહેલા વૈકુઠમાં જાય છે.

3/15/48 ભક્તોને મોક્ષ તુચ્છ છે H2

જેઓ આપના ચરણનો આશ્રય કરનારા છે તથા કીર્તન કરવા લાયક અને તીર્થની જેમ પવિત્ર કરનારી કથારસના રસિયા છે તેવા કુશળ પુરુષો આત્યંતિક મોક્ષને પણ વિશેષ ગણતા નથી.

3/16/21 ભગવાનની અકળ લીલા B2

એ લક્ષ્મી એકાંતમાં આપની સેવા કરવાને આવે છે. છતાં આપ એનો બહુ આદર કરતા નથી કારણકે આપ આપના પરમ ભક્તોમાં જ વિહરો છો. એવા આપ ઐશ્વર્યાદિ ષડ્ગુણના સ્થાન રૂપ છતાં બ્રહ્મણના પગની રજથી પવિત્ર થયાનુ કહો છો અને ભૃગુ લાંછન શા માટે ધારણ કરતા હશો એ કંઈ અમારી બુદ્ધિમાં આવતુ નથી.

3/16/23 ભગવદ્ લીલા B2

હે ત્રિલોકપતિ ! સત્યના નિધિ હોવાથી આપ લોકોનું કલ્યાણ કરવાની ઈચ્છા કરો છો અને એટલા માટે આપની શક્તિરૂપ રાજાઓ દ્વારા શત્રુનો ઉદ્ધાર કરો છો. વિભુ છતાં બ્રાહ્મણને નમન કરો છો પણ એથી આપના સ્વરૂપ-પ્રભાવને હાનિ થતી નથી કેમકે મોટા નમ્રતા દેખાડે છે એ પણ તેમનો એક વિનોદ છે.

3/19/35 શરણાગત વત્સલતા B2

ગજેન્દ્રને ઝૂડે પકડવાથી એની ચારે તરફ હાથીણીઓ ચીસો પાડી રહી હતી અને કોઈ પણ પ્રકારે કોઈ એને છોડાવે એવું જણાતુ ન્હોતુ, તેવે સમયે એણે ભગવાનનું દયાન ધર્યું

તો હરિ ભગવાને એને દુ:ખથી મુક્ત કર્યો.

3/21/17 ભગવદાશ્રય કરનાર ભક્તો H2

આપના ભક્તો તો એવા હોય છે કે તેઓ લોકોનો તેમજ પશુના જેવા લોકને અનુસરતા ભક્તોનો પણ ત્યાગ કરી, આપના ચરણ રૂપી છત્રનો આશ્રય કરે છે અને પરસ્પર આપના ગુણાનુવાદ રૂપી અમૃતપાન વડે દેહના ધર્મ ભૂખતરસ વિસરી જાય છે.

3/21/19 બ્રહ્મ જગતનું ઉપાદાન નિમિત્ત કારણ છે B1

જેમ કરોળિયો પોતાના મોઢામાંથી લાળ કાઢી એમાં વિહાર કરે છે અને વળી પોતે પાછો એ લાળને પોતાના સ્વરૂપમાં લીન કરે છે તેમ આપ એક હોવા છતાં આપની યોગમાયા વડે આ જગતને ઉત્પન્ન કરો છો અને પ્રલય વખતે એ બધું પાછું સ્વરૂપમાં લીન કરો છો. એમ કરવામાં આપને બીજાની જરૂર પડતી નથી, આપ કેવળ સ્વશક્તિથી બધું કરવા સમર્થ છો.

3/21/20 ભગવાનનો અનુગ્રહ B2

અહંકારાદિ વિષયો સંસાર આપનાર છે. આપ ભક્તોને એ આપવાનુ પસંદ કરતા નથી, આમ છતાં જો આપ એવા કોઈ ભક્ત ઉપર એવો અનુગ્રહ કરો તો માયા વડે તુલસીથી શોભતા શ્રીઅંગનું દર્શન આપો છો. એવો ભક્ત આપના સ્વરૂપમાં આસક્તિથી સંસારને તરી જાય છે.

3/21/21 ભક્તિ/ભગવાનની ભક્ત પ્રતિ ઉદારતા E1

પોતાના આનંદના અનુભવમાત્રથી આપની ક્રિયા માત્ર નિવૃત્ત થઈ છે. માયા આપને સ્વાધીન હોવાથી આપનું ચરણકમળ લોકતંત્રને ચલાવનાર હોવાથી વંદનીય છે. આપ થોડી નામમાત્રની ભક્તિ કરનાર ઉપર પણ સમસ્ત અભિલષિત વસ્તુઓની વર્ષા કરી રહ્યા છો.

3/21/24 આત્માનું સમર્પણ-કૃતાર્થતા E1

હે પ્રજાધ્યક્ષ! મારુ કરેલું પૂજન કદાપિ નકામું જતું નથી તેમાંય જેણે મારામાં પોતાનો આત્મા અપર્ણ કર્યો છે તેવા તમારા જેવાએ કરેલુ આરાધન તો વ્યર્થ ન જ જાય.

3/21/30 કર્મફલ ભગવાનને અપર્ણ E1 C1

તમે તો મારી આજ્ઞાનું સારી રીતે પાલન કરી મારામાં સર્વ કર્મફલને અર્પણ કરી કૃતાર્થ થશો અને મને પ્રાપ્ત થશો.

3/22/20 અનંત ભગવાનનુ સ્વરૂપ B1

જેનાથી આ વિચિત્ર વિશ્વ થયું છે, જેમાં સ્થિતિ કરી રહ્યું છે અને જેમાં લીન થાય છે તે પ્રજાપતિના પતિ આ અનંત ભગવાન મારે પ્રમાણરૂપ છે.

3/22/34 વૈરાગ્ય C1

તે ઈચ્છાનુસાર ભોગોનું નિમાર્ણ કરવામાં કુશલ હતા. પરંતુ મનનશીલ અને ભગવત્ પરાયણ હોવાથી ભોગો એમને જરાય વિચલીત કરી શક્તા ન હતા.

3/22/35 ભગવદ્ પરાયણતા E1

તેમનો બધો જ સમય વિષ્ણુની કથાનુ શ્રવણ ધ્યાન અને કથન કરવામાં પસાર થઈ ગયો. તેમનો જરા પણ સમય વ્યર્થ ન ગયો.

3/23/57 સેવારૂપ કર્મથી બંધનમુક્તિ D1

જે કર્મ-ધર્મ કે વૈરાગ્ય ઉત્પન્ન કરનાર ન થાય તથા ભગવાનની સેવારૂપ જે કર્મ ન થાય તેવા કર્મનો કરનારો જીવતાં મૂઓ છે એમ સમજવું. હુ ખરેખર ભગવાનની માયાથી છેતરાઈ છું. મેં મુક્તિ આપનારી આપની સેવા કરી પણ હું બંધનથી મુક્ત ન થઈ.

3/24/31 ભગવાન સ્વેચ્છયા રૂપ ધારણ કરે છે B2

જો કે આપ પ્રાકૃતરૂપ વિનાના છો, તો પણ જે-જે રૂપ આપને રુચતું હોય અને જે-જે રૂપ ભક્તને ઈચ્છિત હોય તે ચતુર્ભૂજ સ્વરૂપને ધારણ કરો છો, જેનું વર્ણન વેદમાં કરેલું છે.

3/24/38 કર્મ અપર્ણ કરવા અને ભગવાનના ભજનથી મોક્ષ પરમાનંદ E1

તમને જવાની મારી આજ્ઞા છે. બધાં કર્મ મારામાં અર્પણ કરશો તો કોઈથી ન જીતાય તેવા મૃત્યુને જીતશો. પરમાનંદની પ્રાપ્તિ માટે મારું ભજન કરો.

3/24/39 સર્વાત્મભાવથી મોક્ષ F1

હુ સર્વનો આત્મા છું. સ્વયં પ્રકાશ છું, એવા મને જો તમે સર્વમાં જોશો તથા તમારા પોતાના સ્વરૂપમાં તમારી મેળેજ સર્વને જોશો તો શોકરહિત થઈને મોક્ષ પામશો.

3/24/40 આત્મવિદ્યાથી મોક્ષ F1

મારી માતાને સર્વકર્મને શાન્ત કરનારી આત્મવિદ્યાનું હું દાન કરીશ, આના વડે મારી માતા ભય અને શોકને તરી જઈ મોક્ષ પામશે.

3/24/47 પ્રેમલક્ષણા ભક્તિથી ભગવદ્રતિ F1 E1

અમણે ઈચ્છા અને દ્વેષને છોડી દીધાં અને સર્વત્ર સમાન ચિત્તવૃત્તિ કરી દીધી અને પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરી, એ ભગવદ્ ગતિને પામ્યા.

3/25/3 ભક્તેચ્છાને અનુસરનારા ભગવાન B2

ભગવાનની બધી લીલા કીર્તનયોગ્ય ભક્તોની ઈચ્છાને અનુસરવાના સ્વભાવવાળા ભગવાન આત્મમાયા વડે જે-જે કરે છે તે બધી લીલા કીર્તન કરવા યોગ્ય હોય છે.

3/25/15 ચિત્ત ભગવદાસક્ત થાય તો મુક્તિ F1 E1

ચિત્ત જે વિષયમાં આસક્ત થાય તે જીવને બંધન કરે, જો ભગવાનમાં આસક્ત થાય તો મુક્ત કરે.

3/25/25 સદ્પુરુષોના સંગથી ભગવદ્કથા લાભ તેથી મોક્ષમાર્ગ ગતિ H3 D2

સત્પુરુષોનો સારી રીતે સંગ થવાથી, એને મારા પ્રભાવને પ્રકાશ કરનારી, હૃદય અને કર્ણને આનંદદાયક કથાનો લાભ થાય છે. એનાથી ક્રમે-ક્રમે મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, રતિ અને ભક્તિ થાય છે.

3/25/19 ભગવાનની ભક્તિથી બ્રહ્મની પ્રાપ્તિ **F1E1**

યોગી લોકોને બ્રહ્મની પ્રાપ્તિ માટે ભગવાનની ભક્તિ જેવો કલ્યાણકારી માર્ગ નથી.

3/25/20 ભગવદ્ભક્તોમાં આસક્તિ કરે તો મોક્ષ મળે **H2F1**

ડાહ્યા પુરુષો આસક્તિને ન છેદી શકાય તેવું બંધન સમજે છે. જો એ જ આસક્તિ ભગવદ્ભક્તોમાં કરવામાં આવે તો એનાથી મોક્ષદ્વાર ખૂલ્લાં થાય છે.

3/25/38 અનન્ય ભગવદાસક્તિથી મોક્ષ **E1F1**

જેમનો એકમાત્ર હું જ પ્રિય, આત્મા,પુત્ર,મિત્ર,ગુરુ,બાંધવ અને ઈષ્ટદેવ છું તે મારા જ આશ્રયમાં રહેવાવાળા ભક્તોજનો શાંતિમય વૈકુઠધામમાં પહોંચી કોઈ પણ પ્રકારથી આ દિવ્ય ભોગોથી વંચિત નથી હોતા તેમજ તેમને મારુ કાલચક્ર સ્પર્શ કરી શકતું નથી.

3/25/39-40 અનન્ય ભક્તિથી સનકાદિ જેવી સ્થિતિ **E1F1**

જેઓ આલોક,પરલોક, બન્નેલોકમાં જનાર ચતુર્વિધ આત્મા અને શરીરનાં સંબંધિ લક્ષ્મી,પશુઓ,ગૃહો વગેરે બધાંનો ત્યાગ કરી મને એકલાને જ અનન્ય ભાવે ભક્તિ વડે ભજે છે. તેને હું મૃત્યુથી પેલે પાર લઈ જઉ છું. તેમની મુક્તિ ય નહિ અને મૃત્યુ ય નહિ એવી સનકાદિ સ્થિતિ થાય છે.

3/25/44 ભક્તિપૂર્વક શરણાગતિથી પરમગતિ **E1F1**

જે પુરુષો પરલોકને માટે યત્ન કરે છે તેમણે મારી ભક્તિ વડે પોતાનું મન મારામાં સ્થિર કરવું. એમ કરવાથી જ કલ્યાણનો ઉદય થાય છે. ભક્તિપૂર્વક શરણાગતિ વગર નિ:શ્રેયસનો બીજો કોઈ જ માર્ગ જગતમાં નથી.

3/27/5 ચિત્તને વિષયમાંથી ખેંચી ભગવાનમાં આરોપણ **E1**

દુષ્ટોના માર્ગમાં અનાદિ કાળથી ચિત્ત આસક્ત હોવાથી એ એમાંથી એકદમ નીકળી શકતું નથી, છતાં ધીમે-ધીમે વૈરાગ્યદ્વારા ચિત્તને સંસારથી છૂટું કરવા અને સ્નેહ દ્વારા ચિત્તને ભગવદ્ વશ કરવા એણે અવશ્ય કર્તવ્ય કરવું.

3/27/21-23 સાંખ્ય મુજબ ચિત્ત એકાગ્રતાનો ઉપાય **C1**

જેમ અગ્નિને વધારનાર અરણિ બળી જતાં અગ્નિ શાંત થઈ જાય, તેમ ફલના અનુસંધાન રહિત સ્વધર્મના આચરણથી આદરપૂર્વક નિરંતર શ્રવણ વગેરેથી પૂર્ણતા પામેલી મારા પ્રત્યે તીવ્ર ભક્તિથી અને તત્વોનો સાક્ષાત્કાર કરાવનાર જ્ઞાનથી, ધારદાર વૈરાગ્યથી, તપ સહિત યોગસાધના તેમજ આત્મસમાધિથી ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય ત્યારે પ્રકૃતિ બળતી બળતી અંતે શાન્ત થઈ જાય છે. અર્થાત પુરુષ પ્રકૃતિથી જુદો થઈ જાય છે.

3/28/2 સ્વધર્માચરણ **C2**

શક્તિપ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું, વિધર્મથી દૂર રહેવું, દૈવથી જે મળે તેટલાથી સંતુષ્ટ રહેવું અને આત્મજ્ઞાનીના ચરણની સેવા કરવી અર્થાત તેમનું દાસ્ય કરવું.

3/29/7 ભક્તિના અનેક પ્રકાર (ભક્તિહંસ) **E1**

પુરુષના સ્વભાવ ભેદને લઈને મતભેદને લીધે ભક્તિયોગ અનેક પ્રકારનો છે. સ્વભાવ

અને ગુણના ભેદથી પ્રાણીના ભાવના પણ ભેદ જણાય છે એને અનુસાર ભક્તિમાર્ગો પણ બહુ છે.

3/29/11 નિર્ગુણભક્તિનું લક્ષણ **E1**

હું સર્વ પ્રાણીઓના હૃદયાકાશમાં રહેલો છું, એવા મારા ગુણ સાંભળતાં જ જેમ અનેક પર્વતોને ભેદીને ગંગાનો પ્રવાહ સમુદ્રની દિશામાં નિરંતર વહે છે તેમ મનની ગતિ અવિચ્છિન્ન પ્રવાહ રૂપે મારામાં (ભગવાનમાં) વહ્યા કરે તો એ લક્ષણ નિર્ગુણ ભક્તિયોગનું છે.

3/29/12 આત્યંતિક ભક્તિયોગ **E1**

કોઈ પણ ફલની આશા વગરની અવિરત, નિરોધ પૂર્વકની ભક્તિ પુરુષોત્તમમાં કરવી એ આત્યંતિક ભક્તિયોગ કહેવાય છે.

3/29/13-14 નિષ્કામ ભક્તો **H2**

વળી સાલોકય,સાર્ષ્ટિ,સામીપ્ય અને સારૂપ્ય એવી ચાર પ્રકારની મુક્તિ આપવા છતાં મારા ભક્તો મારી સેવા વિના બીજું કંઈ લેતા નથી.

3/29/21-22 ભગવાન જ સર્વ કાંઈ બન્યા છે/ભેદદૃષ્ટિ **B1**

હું પ્રાણીમાત્રનો આત્મા હોવાથી સર્વ પ્રાણીમાં તે તે રૂપે સદા રહુ છું તેથી જે લોકો પ્રાણીમાત્રમાં રહેલ મારો (પરમાત્માનો) અનાદર કરી માત્ર મૂર્તિના પૂજનમાં લાગ્યા રહે છે તેઓની તે પૂજા સ્વાંગ માત્ર છે(૨૧) સર્વ પ્રાણીઓમાં રહેલ સર્વના આત્મારૂપ અને સર્વના નિયામક એવા મને છોડીને મૂર્તિનુ ભજન કરે એ ભસ્મમાં
હોમ કરવા જેવું કરે છે.

3/29/33 સમદર્શી / સમર્પિત **E1**

માટે બધાં ક્રિયા અને અર્થ મારામાં અર્પણ કરનાર,નિત્ય પોતના આત્માને મારામાં અર્પણ કરનાર,કર્મ ન છોડતાં જે કંઈ કર્મ કરે તે મારામાં અર્પણ કરે તે જ અકર્તા અને સમદર્શ કહેવાય છે. એનાથી આ જગતમાં બીજા કોઈને હું ઉત્તમ જોતો નથી.

3/30/5 માયાનો દુષ્પ્રભાવ **K**

પુરુષ નરકમાં રહેતાં પણ નારકી દેહને છોડવાને ઈચ્છતો નથી કેમકે નારકી યોનિમાં પણ દેવમાયાથી મોહ પામી તે સુખ માને છે.

3/31/15 ભક્તના અનુગ્રહથી માયાથી છૂટાય **H2**

ભગવાનની માયાને લીધે આ સંસારમાર્ગ ગુણકર્માત્મક હોવાથી બંધનવાળો છે. તેમાં ફરતાં થાકવાથી પુર્વાપસ્મરણ નષ્ટ પામેલો જીવ ભગવદ્ ભક્તોના અનુગ્રહ વગર સંસાર પારને કેમ પામી શકી ?

3/31/48 ભગવાનની માયાથી છૂટવાનો યૌગિક ઉપાય **C1**

યોગ અને વૈરાગ્યવાળી સમ્યગ્ દર્શન રૂપ બુદ્ધિ વડે આત્માને સ્થિર કરવો અને માયારચિત લોકમાં શરીરને રોકીને પોતે એનાથી ઉદાસીન રહી કાળક્ષેપ કરવો.

3/32/5-7 હરિ પ્રાપ્તિના જ્ઞાનમાર્ગીય ઉપાય / શ્રી હરિ નુ સ્વરૂપ

જે ધીર પુરુષો કામનાની તૃપ્તિ માટે કે અર્થની પ્રાપ્તિ માટે ધર્મનો ઉપયોગ નથી કરતા, પણ ધીર થઈ, આસક્તિ છોડી, કર્મોનો ત્યાગકરી, પ્રશાન્ત, શુદ્ધબુદ્ધિવાળા નિષ્ઠા રાખી અહંતા અને મમતાને છોડી, દાસ્ય વ. સ્વધર્મ અને સત્યયુક્ત થઈ ચિત્તનું શોધન કરી નિવૃત્તિ ધર્મનું આચરણ કરે છે, તે જીવો અંતે સૂર્યમાર્ગ દ્વારા સર્વવ્યાપી પૂર્ણપુરુષ શ્રીહરિને પ્રાપ્ત થાય છે. જે કાર્ય કારણરૂપ જગતના નિયન્તા, સંસારનુ ઉપાદાન કારણ અને એના ઉત્પત્તિ પાલન તેમજ સંહાર કરનારા છે.

3/32/24-25 જ્ઞાનમાર્ગીને મળતું ફળ C1

તેથી જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિઓ દ્વારા પણ ભગવદ્ભક્તનું ચિત્ત એમાં પ્રિય અપ્રિય રૂપ વિષમતાનો અનુભવ નથી કરતું, સર્વત્ર ભગવાન જ દેખાય છે, એ જ વખતે તે સંગરહિત બધાંમાં સમાનરૂપથી સ્થિત, ત્યાગ અને ગ્રહણ કરવા યોગ્ય દોષ અને ગુણોથી રહિત હોય તેવું સ્થાન પ્રાપ્ત કરેલો પોતાના આત્માનો બ્રહ્મ સ્વરૂપે સાક્ષાત્કાર કરે છે.

3/32/26 જ્ઞાનમાર્ગીને બ્રહ્માનુભૂતિ C1

એ જ જ્ઞાનસ્વરૂપ છે, એ જ પરબ્રહ્મ છે, એ જ પરમાત્મા છે, એજ ઈશ્વર છે, એ પુરુષ છે, એ જ એક ભગવાન સ્વયં જીવ શરીર વિષય, ઈન્દ્રિય વ. અનેક રૂપે દેખાય છે.

3/33/3 બ્રહ્મનું સ્વરૂપ B1

ગુણપ્રવાહ વડે વહેંચીને (બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર રૂપે) આપ જ જગતને ઉત્પન્ન કરો છો, એ પણ કંઈ ચેષ્ટા કર્યા વગર જ કારણકે આપ સત્ય સંકલ્પ છો, આપ જેવી ઈચ્છા કરો તેવું કરવાને આપની ચેષ્ટાને જરૂર નથી, એ ઈચ્છા માત્રથી થઈ જાય છે. આપ ઈશ્વર આત્મા અને અતકર્ય હજારો શક્તિવાળાં છો, તેથી જ કહીયે તે બધુ જ આપમાં સંભવે છે.

3/33/5 કપિલ અવતારનું પ્રયોજન B3

પાપનો નાશ કરવાને તથા આજ્ઞાકારીઓની ઉન્નતિને માટે આપ દેહનો સ્વીકાર કરો છો. હે વિભો! જેવા આપના વરાહ વ. અવતારો છે, તેવો આપનો આ અવતાર પણ આત્મમાર્ગને પ્રગટ કરવા માટે છે.

3/33/6 ભગવદ્ શ્રવણ-કીર્તનનો મહિમા D2

જેના નામનું શ્રવણ કર્યા પછી, કીર્તન કરવાથી, જેને નમન કરવાથી કે સ્મરણ કરવાથી પણ કોઈ વાર ચાંડાલ પણ તત્કાલ એ જ જન્મમાં યજ્ઞ કરવા લાયક બને છે તો પછી હે ભગવન્ ! આપના પ્રત્યક્ષ દર્શનથી પવિત્ર થાય તેમાં તો કહેવું જ શું?

4/1/57 શાસ્ત્રો જ પ્રમાણ A2

એમના સ્વરૂપનો વિચાર શાસ્ત્રોના આધારે માત્ર અનુમાનથી થઈ શકે છે.

4/2/2 સદાશિવનુ અલૌકિક સ્વરૂપ B3

ચરાચરનુ ગુરુ, નિવૈર, શાન્તમૂર્તિ આત્મારામ અને જગતના પરમ આરાધ્ય સદાશિવનો દ્વેષ કોણ કરે?

4/2/32 વેદમંત્રની ઉત્તમતા **A2**

સત્પુરુષોનો વેદરૂપ માર્ગ અત્યન્ત શુદ્ધ અને સનાતન છે.

4/3/17 સત્પુરુષ માટે સદાચાર **C2**

વિદ્યા, તપ, ધન સારું શરીર યુવાવસ્થા અને કુળ એ છ વસ્તુ સત્પુરુષોમાં તો ગુણરૂપ છે. જ્યારે એ નીચપુરુષોમાં દોષરૂપ થઈ જાથ છે.

4/3/21 મહાત્માનો દ્રોહી **K**

જીવની ચિત્તવૃતિના સાક્ષી, અહંકાર વિહોણા મહાપુરુષોની સમૃદ્ધિને જોઈને જેના હૃદયમાં સંતાપ અને ઈન્દ્રિયોમાં અકળામણ થાય છે, તે પુરુષ એના પદને તો સહેલાઈથી પ્રાપ્ત નથી કરી શકતો પણ દૈત્યો જેમ શ્રીહરિનો દ્વેષ કરે છે તેમ દ્વેષ જ કર્યા કરે છે.

4/3/22 વ્યક્તિને નહિ પરમાત્માને નમસ્કાર **B1**

સમજદાર લોકો પરસ્પર ઊઠી ઊભા થઈ વિનય દર્શાવે છે. અને નમસ્કાર કરે છે, એ સારી રીત છે. પરંતુ એ અંતર્યામી પરમાત્માને ઉદ્દેશીને જ અંતઃકરણથી કરવામાં આવે છે, દેહાભિમાન ધરાવનારા પુરુષને ઉદ્દેશીને નહિ.

4/3/23 શુદ્ધ અંતઃકરણમાં વાસુદેવ બિરાજે છે **B1**

વસુદેવ નામ જ વિશુદ્ધ અતંઃકરણને લાગુ પડે છે તેવા અંતઃકરણમાં જ ઈન્દ્રિયોથી અગોચર એવા ભગવાન વાસુદેવ વસે છે.

4/4/11 પરબ્રહ્મનું સ્વરૂપ લક્ષણ **B1**

આ જગતમાં પ્રાણીમાત્રના પ્રિય અને આત્મારૂપ સદાશિવના કરતાં કોઈ શ્રેષ્ઠ નથી. એમને નથી કોઈ પ્રિય કે નથી કોઈ અપ્રિય. એવા સર્વરૂપ અને વેર રહિત સદાશિવની સાથે આપના વિના બીજો કોણ વેર કરે ?

4/4/12 મહાત્માપુરુષો ગુણગ્રાહી **H2**

આપના જેવા પુરુષો તો બીજાના ગુણોમાં પણ દોષ જ જૂએ છે, એમના ગુણને નહિ પણ કોઈ સજ્જન એમ નથી કરતા. કેટલાક વચલા લોકો ગુણને ગુણ અને દોષને દોષ તરીકે સમજે છે, સાધુ પુરુષો માત્ર ગુણનું જ ગ્રહણ કરે છે, દોષનું ગ્રહણ ન કરે અને મહાત્મા પુરુષો તો પારકા દોષોનું ગ્રહણ નહિ કરતાં થોડા ગુણ હોય તેને પણ ઘણા કરી માને.

4/4/17 દુષ્ટતા સામે સત્‌પુરુષનો ધર્મ **C2**

જયાં નિરંકુશ માણસો નિંદા કરતા હોય અને જયાં પોતાને મરવા કે સામાને મારવાની શક્તિ ન હોય ત્યાંથી કાન ઢાંકીને નીકળી જવું જોઈએ અથવા તો શક્તિ હોય તો બકવાદ કરનાર દુષ્ટ જીભને ખેંચી કાઢી, જરૂર લાગે તો પોતે પણ મરી ફીટવું જોઈએ, એ જ ધર્મ છે.

4/4/19 મહાત્મા પુરુષ **H2**

પોતાના સ્વરૂપાનંદમાં જ મગ્ન રહેતા મહાત્મા પુરુષની બુદ્ધિ વેદની વિધિ નિષેધની આજ્ઞાને અનુસરતી નથી, કેમકે જેમ દેવોની ગતિ આકાશમાં અને મનુષ્યોની ગતિ પૃથ્વીમાં જ હોય છે. તેમ નિવૃત્તિ અને પ્રવૃત્તિવાળાની સ્થિતિ જુદી જુદી હોય છે.

4/7/51 ભગવાન જ ગુણાધિકારી દેવ બને છે. **B3**

હે વિપ્રવર ! હું જ મારી ત્રિગુણાત્મક માયાનો સ્વીકાર કરી જગતના સૃષ્ટિ સ્થિતિ અને પ્રલય કરવા તે-તે કાર્યને ઘટે તેવા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જુદા જુદા નામ ધારણ કરુ છું.

4/7/53 અદ્વૈતભાવ-જ્ઞાન **C1**

જેમ માણસ પોતાના માથા કે પગ વગેરે અવયવોને પોતાથી જુદા લેખતો નથી તેમ મારો ભક્ત કોઈ પ્રાણીઓને મારાથી જુદા ગણતો નથી.

4/8/33 સંતોષ / મોક્ષપ્રાપ્તિ **F1**

"દેવ દુ:ખ આપે તો પાપ મટે છે અને સુખ આપે તો પુણ્ય મટે છે." એમ માની જે માણસ પોતાના અંત:કરણને સંતુષ્ટ રાખે છે તેને મોક્ષ મળે છે.

4/8/52 પરમાનંદની પ્રાપ્તિ **E1**

ભક્ત લોકોના મનમાં રહેનારા હસતા, પ્રેમ સહિત જોતા અને વર દેનારાઓમાં ઉત્તમ, પુરુષાકૃતિ ભગવાનનું એકાગ્ર ચિતથી ધ્યાન કરવું - ભગવાનની મંગલમયી મૂર્તિનું આ પ્રમાણે નિરંતર ધ્યાન કરવાથી મન તત્કાલ પરમાનંદમાં ડૂબી જઈ તલ્લીન થઈ જાય છે અને ફરી ત્યાંથી પાછુ ફરતું નથી.

4/9/7 સર્વનું ઉપાદાન કારણ **B1**

હે ભગવાન આપ એક જ છો છતાં ઘણા ગુણવાળી આપની માયારૂપ શક્તિથી આ મહત્‌તત્ત્વ વગેરે સર્વ જગતને ઉત્પન્ન કરો છો અને પછી એમાં પ્રવેશ કરવાથી જુદા - જુદા લાકડામાંના અગ્નિની પેઠે ઈન્દ્રિયાદિ અસત્‌ગુણોમાં એના અધિષ્ઠતા દેવતાઓના રૂપમાં સ્થિત રહીને અનેકરૂપ આપ દેખાઓ છો.

4/9/8 મુક્તો પણ શરણાગત **E3 F1**

આપને શરણે આવેલા બ્રહ્માજીને પણ જયારે આપે જ્ઞાન આપ્યું ત્યારે સૂઈને ઉઠેલા પુરુષની જેમ આ જગત જોવામાં આવ્યું હતું. એટલા માટે હે દીનબંધો ! આપના ચરણારવિંદ મુક્ત લોકોને પણ શરણરૂપ છે, તેને કોઈ પણ કૃતજ્ઞ પુરુષ તો ભૂલે જ કેમ !

4/9/9 ભક્તિનો હેતુ માત્ર ભગવત્‌-પ્રાપ્તિ **E1**

આ શબ સમાન શરીરથી ભોગવાતા ઈન્દ્રિયો અને વિષયોના સંસર્ગથી ઉત્પન્ન થતા સુખ તો મનુષ્યને નરકમાં પણ મળી શકે છે. જે લોકો આ વિષયસુખને વિષે લાલાયિત રહે છે અને જે જન્મમરણની જંજાળથી છોડાવનાર કલ્પતરુ સ્વરૂપ આપની ભક્તિ ભગવત્‌ પ્રાપ્તિ સિવાય બીજા હેતુથી કરે છે તેમની બુદ્ધિ ચોક્કસ આપની માયા દ્વારા ઠગાઈ ગઈ છે.

4/9/10 ભગવાન કરતાંય ભગવાનની કથા શ્રેષ્ઠ **D2**

આપના ચરણારવિંદના ધ્યાનથી કે આપના ભક્તોની કથા સાંભળવાથી પ્રાણીઓને જે સુખ થાય છે તે સુખ આનંદરૂપ પરબ્રહ્મમાં પણ મળતું નથી તો પછી કાળની તલવાર જેને કાપી નાખે છે તે સ્વર્ગીય વિમાનોમાંથી ગબડી પડતા પુરુષોને તો તે સુખ મળી શકે જ કયાંથી ?

4/9/11 ભગવદીયોનો સંગ **D2**

મને તો નિર્મળ અંત:કરણવાળા અને નિરંતર આપની ભક્તિ કરતા મહાત્મા ભક્તોનો સંગ મળજો. એમના સત્સંગમાં આપના ગુણો અને લીલાઓની કથાસુધાનું પાન કરી કરીને હું ઉન્મત્ત થઈ જઈશ અને સહજમાં ઘણા કષ્ટથી ભરેલા ભયંકર સંસારરૂપ સમુદ્રનો પાર પામીશ.

4/9/12 ભક્તોનાં લક્ષણ **H2**

આપના ચરણારવિન્દની સુગંધમાં જે ભક્તો લુબ્ધાયા છે, તેમનો સંગ સેવનારા પોતાને અત્યંત પ્રિય એવા આ મનુષ્યદેહનું અને એને વળગેલાં પુત્ર, સંબંધિ, ઘર, ધન તથા સ્ત્રીઓનું સ્મરણ પણ કરતા નથી.

4/9/17 શરણ **E3**

આપ જ પુરુષાર્થરૂપ છો એમ જાણી જે સર્વ પુરુષાર્થરૂપ કોઈનું ચરણારવિન્દ નિષ્કામપણે ભજન અર્થે હોય તો ખરેખર રાજયાદિ વૈભવ અને ઐશ્વર્ય કરતા ફલરૂપ આપનું એ ચરણારવિન્દ જ છે. તાજી વિવાએલ ગાય જેમ વાછરડાને ધવડાવે છે અને વ્યાઘ્રાદિથી રક્ષા કરે તેમ આપ રક્ષા કરો છો.

4/11/10 સાધુઓ કરૂણાવાન **H2**

આ જડ દેહને આત્મા માની પશુની પેઠે પ્રાણીઓનો સંહાર કરવો એ ભગવાનને અનુસરનારા સાધુ લોકોનો માર્ગ નથી.

4/11/13 મોટાઓનો વ્યવહાર

સર્વાત્મા શ્રીહરિ તો પોતાનાથી મોટેરાઓ પ્રત્યે સહનશીલતા નાનેરાઓ પ્રત્યે દયા, બરાબરીયા સાથે મિત્રતા અને સમસ્ત જીવોની સાથે સમતા બતાવવાથી પ્રસન્ન થાય છે.

4/11/14 ભગવાનની પ્રસન્નતાથી આપની પ્રાપ્તિરૂપ ફળ. **F1**

જયારે ભગવાન પ્રસન્ન થાય ત્યારે ઈન્દ્રિયોથી તેમજ દેહાભિમાનથી મુકત થાય છે અને એ પરમસુખરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

4/11/18 અકર્તા પરબ્રહ્મ જગતના કર્તા છે **B1**

કાલશક્તિ દ્વારા ક્રમશ: સત્વાદિ ગુણોમાં ક્ષોભ થવાથી લીલામય ભગવાનની શક્તિ પણ સૃષ્ટિ વગેરે રૂપમાં વહેંચાઈ જાય છે. તેથી ભગવાન અકર્તા હોવા છતાં જગતની રચના કરે છે અને સંહારક ન હોવા છતાં એનો સંહાર કરે છે. સાચું પૂછો તો એ અનંત પ્રભુની લીલા સર્વથા અચિંન્તનીય છે.

4/11/22 લીલાનુસાર બધા નામ ભગવાનના જ B2

આ પરમાત્માને જ મિમાંસક લોકો કર્મ કહે છે, ચાર્વાક સ્વભાવ કહે છે, વૈશેષિક મનવાળા કાળ કહે છે. જયોતિષી "દેવ" અને કામશાસ્ત્રી "કામ" કહે છે.

4/11/25-26 ભગવાન પોતાની માયાથી સૃષ્ટિ કરે છે/ભગવાનમાં કર્તાપણાનો અભાવ B1

એ ઈશ્વર જ જગતને સરજે છે, પાળે છે મારે છે તો પણ નિરહંકાર હોવાથી એના સંબંધના ગુણથી અને કર્મથી લેપાતા નથી એનું કારણ એ છે કે લોકોના અંતર્યામી નિયંતા, રક્ષક, ઈશ્વર જ પોતાની માયાશકિતયુકત સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરે છે.

4/11/30 ભક્તિથી અહંતા મમતા છૂટે E1

શોધતી વખતે જ જો અનંત આનંદમય સર્વશક્તિયુક્ત અને આંતર્દષ્ટિથી જણાય તેવા એ ઈશ્વરની પરમ ભક્તિ થાય તો "હું અને મારું" એવા પ્રકારે જામી ગયેલી અજ્ઞાનની ગાંઠ ધીરે ધીરે તૂટી જશે.

4/12/8 ભક્તની કામના / ભગવાનનું સ્મરણ / સંસાર તરવાનો ઉપાય D2 D1

એ પ્રમાણે જયારે યક્ષરાજ કુબેરજીએ વર માગવાનો આગ્રહ કર્યો ત્યારે આ મહાવૈષ્ણવ મહામતિ ધ્રુવે ભગવાનનું સ્મરણ અવિચલ રહે એવું માગ્યું. જેનાથી અનાયાસે દુસ્તર સંસારરૂપ ઘોર સાગરને તરી જવાય છે.

4/12/18 દેહાધ્યાસ નિવૃત્તિ / ભક્તની વ્યાકુળતા H2

નિરંતર ભગવાનમાં ભક્તિનો પ્રવાહ વહેતાં આનંદથી આવતાં અશ્રુને લીધે વારંવાર દ્રવીભૂત થઈ જતા શરીરમાં રોમાંચ થતો અને દેહાભિમાનથી મુક્ત થયેલા ધ્રુવને પોતાના શરીરનું પણ "હું ધ્રુવ છું" એવું સુદ્ધા સ્મરણ ન રહ્યું.

4/12/37 વિષ્ણુપદના અધિકારી / ભક્તોના લક્ષણ H2

જે લોકો શાન્ત, સમદૃષ્ટિ રાખનારા, શુદ્ધ, સર્વ પ્રાણીઓને રાજી રાખનારા, ભગવદ્ ભક્તોને જ પોતાના સાચા સુહૃદ માનનારા હોય છે, તેઓ એ વિષ્ણુપદને અનાયાસે જ પામે છે.

4/13/9-10 સમદર્શી મુમુક્ષુ C1

તેથી એ (ઉત્કલ) જોવામાં પોતાના સ્વરૂપથી જુદું બીજું કાંઈ પણ આવતું નહોતું. જવાળા વગરના અગ્નિના પેઠે મહાવિદ્વાન એ ઉત્કલ અજ્ઞાની લોકોના માર્ગમાં જ જડ અંધ બહેરો ઘેલો અને મૂંગા જેવો જણાતો હતો. વાસ્તવમાં એવો હતો નહિ.

4/13/47 પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ C2

એ પ્રમાણે વૈરાગ્ય પામેલા અને ઉજાગરા કરતા અંગરાજા મધ્યરાત્રીએ ઊઠી અને વેનની માને સૂતી મૂકીને સમૃદ્ધિવાળા ઘરમાંથી ચુપચાપ નીકળી ગાય.

4/15/23 સ્તુતિ કરવા લાયક તો ભગવાન જ છે પ્રસંશા મહાત્માને પણ પાડે છે માટે પ્રત્યક્ષ પ્રસંશા ન કરવી K

જો મારી સ્તુતિ કરવી હોય તો મારા ગુણ પ્રસિદ્ધ થયા પછી અને એ પણ મારી પરોક્ષમાં

કરજો. જયાં વર્ણન કરવા યોગ્ય પવિત્રકીર્તિ ભગવાનના ગુણ હોય ત્યાં શિષ્ટ પુરુષો બીજા કોઈ તુચ્છ માણસની સ્તુતિ કરતા હોતા નથી.

4/19/12 વંચક **K**

ઈન્દ્રે પોતાના રક્ષણ માટે કવચરૂપે પાખંડવેશ ધારણ કરી લીધો હતો, જે અધર્મમાં પણ ધર્મનો ભ્રમ ઉત્પન્ન કરનારો છે અને જેનો આશ્રય લઈ પાપી પુરુષ પણ ધર્માત્મા જેવો લાગે છે.

4/19/25 ઉપધર્મ **K**

આ નાસ્તિક મત દેખાવમાં સુંદર છે અને મોટી - મોટી યુક્તિઓથી પોતાના પક્ષનું સમર્થન કરે છે. હકીકતમાં એ ઉપધર્મ - નાસ્તિકવાદી છે. લોકો એને ધર્મ માની એમાં આસક્ત ભ્રમ વશ થઈ જાય છે.

4/20/3 દેહ અને આત્માની ભિન્નતા **C1**

સુબુદ્ધિવાળા અને ભલા સ્વભાવવાળા ઉત્તમ મનુષ્યો કોઈ પ્રાણીનો દ્રોહ કરે જ નહિ કેમ કે તેઓ દેહને આત્મા માનતા નથી.

4/20/9 ભક્તિ **E1**

જે પુરુષ નિષ્કામપણે, શ્રદ્ધાપૂર્વક, સ્વધર્મથી મારી ભક્તિ કરે છે તેનું મન ધીરે ધીરે શુદ્ધ થાય છે.

4/20/24 કથા શ્રવણ **D2**

આપની કીર્તિકથાના શ્રવણને સારુ મને દશ હજાર કાન આપો એવો હું વર માગુ છું જેનાથી હું આપની લીલા અને ચરિત્રો સાંભળ્યા કરું.

4/20/31 ભગવત્ સ્વરૂપાનંદ જ ફળ / સકામતા **K F2**

આપની માયાએ લોકોને આપના સત્યસ્વરૂપથી વિમુખ કર્યા છે, કેમ કે એઓ મૂર્ખ બનીને સ્વરૂપાનંદ સિવાય બીજાં પુત્રાદિક સુખ માગે છે.

4/21/31 પ્રભુચરણસેવાથી સંચિતમેલની નિવૃતિ **D1**

રોજ રોજ વધતિ પ્રભુચરણ સેવાની પ્રીતિ એમનાં ચરણમાંથી નીકળેલી ગંગાની પેઠે સંસારના અગ્નિથી સંતપ્ત મનુષ્યોની બુદ્ધિના સંચિત મેલને નષ્ટ કરી દે છે.

4/21/46 પુત્રથી દુષ્ટપિતાનુ કલ્યાણ **C2**

"પુત્ર દ્વારા પિતા પુણ્યલોકોને પ્રાપ્ત કરે છે". એ શ્રુતિ યથાર્થ છે.

4/22/20 કથા વાસનાના મેલને કાપે છે. **D2**

શ્રી મધુસુદન ભગવાનનાં ચરણકમલોના ગુણાનુવાદમાં અવશ્ય આપની ગાઢ પ્રીતિ છે. હરકોઈને એ પ્રાપ્ત થવી ઘણી કઠન છે અને પ્રાપ્ત થતાં હદયમાં જામેલા વાસનાના મલને સર્વથા નાશ કરી નાખે છે. જે બીજા કોઈ પણ ઉપાયથી દૂર થતો નથી.

4/22/32 આત્મા પ્રિય છે માટે દેહાદિ પ્રિય છે. B1
આત્મા ઉપરના પ્રેમને લીધે જ બીજું બધું પ્રિય લાગે છે.

4/22/40 યોગથી સંસાર કઠીન / કૃષ્ણાશ્રયથી સંસાર પાર સહજ C1 E1
સંસાર રૂપી સાગરમાં મન અને ઈન્દ્રિયો રૂપી મગરો હોય છે. જે લોકો યોગ વગેરે કઠણ સાધનોથી આ સંસાર સાગરને પાર કરવા માગે છે તેમનો સામે પાર પહોચવાનો પ્રયત્ન ઘણું કરીને અશક્ય છે અથવા તેમને ઘણો જ શ્રમ પડે છે કારણકે એમને કપ્તાનરૂપ શ્રીકૃષ્ણાનો આશ્રય નથી. માટે તમે તો ભગવાનના સુસેવ્ય ચરણકમળોને નાવ બનાવી રમતમાત્રમાં આ દુસ્તર સમુદ્રને પાર કરી લો.

4/22/44 સમર્પણ E1
પ્રાણ સ્ત્રી પુત્રો હરપ્રકારની સામગ્રીથી ભરેલું ભવન રાજ્ય,સૈન્ય,પૃથ્વી અને ભંડાર એ બધું મહાત્માઓનું જ છે. એ બધુ તો મારુ ન હોવાથી દક્ષિણારૂપે અપાઈ શકે તેમ નથી તેથી નોકર જેમ રાજાની જ ચિજ રાજાને નિવેદન કરે તેમ એ સઘળુ આપના જ શ્રી ચરણોમાં નિવેદન છે.

4/23/27આત્મજ્ઞાનથી ભગવત્ પ્રાપ્તિ C1
આ લોકમાં અલ્પ આયુષ્યવાળું જીવન હોવા છતાં જે લોકો ભગવાનની પ્રાપ્તિ થાય એવું આત્મજ્ઞાન મેળવીલે છે તો એમને પછી બીજી કઈ વસ્તુ દુર્લભ હોય ?

4/23/28 દુર્લભ મનુષ્યજન્મ / વિષયાસક્તિનો ત્યાગ C2
મોક્ષ આપે એવો દુર્લભ મનુષ્યનો જન્મ ઘણી મુશ્કેલીથી મળ્યો છે છતાં જો માણસ વિષયોમાં આસક્ત રહે તો એને ઠગાયેલો અને આત્મદ્રોહી જાણવો.

4/24/18 મોટાઓની લોકશિક્ષાર્થ કૃતિ H2
જો કે ભગવાન શંકર આત્મારામ છે. એમને પોતાને માટે નથી કંઈ કરવાનુ કે નથી કંઈ મેળવવાનુ તો પણ આ લોકસૃષ્ટિની રક્ષાને માટે તેઓ પોતાની ઘોરરૂપ શક્તિ-શિવાની સાથે સર્વત્ર ફરતા રહે છે.

4/24/30 વૈષ્ણવો H2
એટલા માટે મને ભગવાન જેવા વહાલા છે તેવા જ તમે વૈષ્ણવો વહાલા છો વૈષ્ણવોને પણ મારા જેવો બીજો કોઈ વહાલો કદી પણ હોતો નથી.

4/24/57 સત્સંગની ઉત્કૃષ્ટ ફળરૂપતા D2
આવા ભગવાનના પ્રેમી ભક્તોનો સત્સંગ અડધી ક્ષણ માટે પણ થઈ જાય તો એની આગળ હું સ્વર્ગ અને મોક્ષની પણ કંઈ વિસાત સમજતો નથી, તો પછી મૃત્યુલોકના તુચ્છ ભોગોની તો વાત જ શી ?

4/24/62 સાકાર-નિરાકાર / બ્રહ્મ મર્યાદિક ભક્તો B1
જો કે આપ નિરાકાર છો તો પણ પંચભૂત ઈન્દ્રિય અને અંતઃકરણથી જાણવામાં આવતા આપના સાકાર રૂપનું જે યોગીઓ શ્રદ્ધાપૂર્વક અને કર્મો વડે મુક્તિ માટે સારી પેઠે પૂજન

કરે છે તેઓ વેદ અને શાસ્ત્રોના સાચા મર્મજ્ઞ છે.

4/25/4 કર્મથી આત્યંતિક કલ્યાણ નથી થતુ **C1**

હે રાજા ! આ યજ્ઞો કરીને તારે તારુ કયું કલ્યાણ કરવુ છે ? દુ:ખનો આત્યન્તિક નાશ અને પરમાનંદની પ્રાપ્તિનું નામ કલ્યાણ છે તે તો કર્મથી નથી મળતું.

4/29/5 દેહાધ્યાસ **K**

મેં પુરંજનની સ્ત્રી કહી તે બુદ્ધિ સમજવી. એને લીધે જ દેહ ઈન્દ્રિય વ માં "હું અને મારું" એવી સમજ ઊભી થાય છે. અને આ શરીરમાં જીવ, અધ્યાસોને લીધે ઈન્દ્રિયો વડે વિષયો ભોગવે છે.

4/29/39-40 ઉત્તમશ્રોતા **H1**

જ્યાં ભગવદ્ ગુણોના કથન અને શ્રવણ માટે તત્પર વિશુદ્ધ ચિત્તવાળા ભક્તો રહેતા હોય છે એ સંત સમાજમાં ચોતરફ મહાપુરુષોના મુખથી નીકળેલ શ્રીમધુસુદન ભગવાનનાં ચરિત્રરૂપ શુદ્ધ અમૃતની અનેક નદીઓ વહેતી રહે છે. જે લોકો અતૃપ્ત ચિત્તથી શ્રવણ કરવામાં તત્પર પોતાના કર્ણપુર દ્વારા તે અમૃતનુ છાકમછોળ પાન કરે છે તેમને ભૂખ-પ્યાસ, ભય, શોક મોહ વ. કંઈ પણ નડી શકતા નથી.

4/30/19 ગૃહસ્થાશ્રમીને બંધન ક્યારે ન નડે ? **D2**

જે લોકોનાં કર્મ ભગવદ્ અર્પણ બુદ્ધિથી થતાં રહે છે અને જેમનો બધો જ સમય મારી કથાવાર્તામાંજ પસાર થાય છે. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર એમના બંધનના કારણ થતાં નથી.

4/30/22 વેદ જે ભગવાનની જ લીલા ગાય છે **A2**

આપ ક્લેશને મટાડનાર છો, મન અને વચનના વેગથી પણ આપનો વેગ વધારે છે. વેદમાં સઘળી ઈન્દ્રિયોની વૃત્તિઓ વડે આપના જ નામ અને ગુણ ગવાય છે.

4/30/23 અદ્વૈત ભગવાન જ લીલાર્થ દ્વૈત થયા છે **B1**

આપના સ્વરૂપમાં સ્થિત રહેતા હોવાથી આપ શુદ્ધ છો, શાન્ત છો. મનરૂપ નિમિત્તને લીધે અમને આપમાં આ મિથ્યા દ્વૈત દેખાઈ રહ્યુ છે. જગતના ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાને માયાના ગુણોનો સ્વીકાર કરી આપ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ સ્વરૂપ ધારણ કરો છો.

4/30/30 ગુરુરૂપ ભગવાન / પુરુષાર્થરૂપ ભગવાન **J**

આપ મોક્ષનો માર્ગ દેખાડી આપનાર સ્વયં પુરુષાર્થ રૂપ છો. આપ અમારા ઉપર પ્રસન્ન છો એથી વિશેષ શું જોઈએ?

4/31/9 હરિસેવામાંજ કૃતાર્થતા **D1**

આ લોકમાં તેજ મન અને તે જ વાણી સફલ છે કે જેના દ્વારા સર્વાત્મા સર્વેશ્વર શ્રીહરિનું સેવન કરવામાં આવે છે.

4/31/10-12 સ્વરૂપ સાક્ષાત્કાર જ ફળ F1

જેમના દ્વારા પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી દેવાવાળા શ્રીહરિને પ્રાપ્ત ન કરી શકાય, એ માતાપિતાની પવિત્રતાથી,.યજ્ઞોપવિત સંસ્કારથી,યજ્ઞદીક્ષાથી પ્રાપ્ત થનારા શ્રેષ્ઠ જન્મોથી, વેદોક્ત કર્મોથી, દેવતાઓ જેવા દીર્ઘ આયુષ્યથી, શાસ્ત્રજ્ઞાનથી, તપથી, વાણીની ચતુરાઈથી, યોગથી, સાંખ્યજ્ઞાનથી, સંન્યાસ અને વેદોના અભ્યાસથી તથા વ્રત-વૈરગ્યાદિ કલ્યાણનાં બીજાં સાધનોથી પણ પુરુષોને શુ લાભ થવાનો છે?

4/31/14 ભગવાનના પૂજનમાં સર્વનું પૂજન E

જેમ ઝાડને મૂળને પાણી પાવાથી એમાં થડ, શાખા, ઉપશાખા, ફૂલ, પાદડાં વ. તૃપ્ત થાય છે અને જેમ પ્રાણને ભોજન આપવાથી સઘળી ઈન્દ્રિયો તૃપ્ત થાય છે તેમ ભગવાનનું પૂજન એ જ બધાનુ પૂજન છે.

4/31/17 નિર્ગુણ પરમાત્મા B1

જેવી રીતે વાદળ, અંધકાર અને પ્રકાશ ક્રમશઃ આકાશમાં પ્રકટ થાય છે અને એમાં જ લીન થાય છે પણ આકાશ એનાથી લિપ્ત થતું નથી તે જ પ્રમાણે આ સત્વ રજ અને તમોમયી શક્તિઓ કયારેક પરબ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક લીન થાય છે આ જ પ્રમાણે એમના પ્રવાહ ચાલતો રહે છે, પણ એનાથી આકાશની માફક અસંગ પરમાત્મામાં કંઈ વિકાર થતો નથી.

4/31/21 અર્થપુરુષાર્થરૂપ ભગવાન C2

ભગવાનને જ ધનરૂપ માનનારા નિર્ધન ભક્તો ઉપર જ ભગવાન પ્રેમ રાખે છે કેમ કે એ પરમ રસજ્ઞ છે એ અકિંચન ભક્તોની અનન્ય અહૈતુકી ભક્તિમાં કેટલી મીઠાશ છે એને પ્રભુ બરાબર જાણે છે. જે શાસ્ત્રાભ્યાસ ધન, કુળ અને કર્મના અભિમાનથી નિષ્કીંચન મહાત્મા પુરુષોનો તિરસ્કાર કરે છે તેવા દુર્બુદ્ધિવાળા લોકોની પૂજાનો તો ભગવાન સ્વીકાર કરતા જ નથી.

4/31/22 ભક્તાધીન ભગવાન B2

ભગવાન સ્વરૂપાનંદથી જ પરિપૂર્ણ છે. એમને પોતાની સેવામાં નિરંતર રહેવા વાળા લક્ષ્મીજી તથા તેની ઈચ્છા કરનાર રાજાઓ અને દેવતાઓની પણ કંઈ જ પરવા નથી, આમ હોવા છતાં તે પોતાના ભક્તોને તો આધીન જ રહે છે.

5/1/1 ભગવદ્ભક્તોને ગૃહાસક્તિ થતી નથી H2

પિયવ્રત રાજાને ઘર વ. માં આસક્તિ થઈ જ ન્હોતી. જે મહાત્મા પુરુષો ભગવાનના ચરણારવિંદના મધુર મકરંદ રસમાં મનને લગાડી રાખે છે તે ભગવદ્ભક્તો પરમહંસોને પ્રિય શ્રીવાસુદેવ ભગવાનના કથા શ્રવણરૂપી પરમ કલ્યાણમય માર્ગને ઘણે ભાગે છોડતા નથી.

5/1/11 ભગવાન સ્વતંત્ર, બાકી સૌ તેમને આધીન B2

આ તારો પિતા, નારદજી, અમે સદાશિવ કલ્પનામાં પણ ન આવી શકે તેવા પરમેશ્વરની આજ્ઞા પરતંત્રપણાથી માથે ચઢાવીયે છીયે.

5/1/13 જીવના ભાગ્યવિધાતા ભગવાન છે, કર્મ નહિ B2B3

ઈશ્વર જવો દેહ આપે છે તેવો જ દેહ ધારણ કરી જીવ જન્મ લે છે, મરણ પામે છે, કર્મ કરે છે અને નિરંતર શોક મોહ, ભય, સુખ અને દુઃખ ભોગવે છે એમાં ફેરફાર કરી શકતો નથી.

5/1/16 જ્ઞાનીને પ્રારબ્ધકર્મ ભોગવવા પડે છે પણ તે હવે વાસના મુક્ત રહે છે C1

આ બધું અજ્ઞાનીઓ માટે છે બ્રહ્મવેતા માટે નથી એમ ન સમજવું. જીવનમુક્ત પુરુષને પણ પ્રારબ્ધકર્મ હોય ત્યાં સુધી દેહ ધારણ કરવો પડે છે પરંતુ ફરક એટલો કે જાગેલ માણસને સ્વપ્નનું સ્મરણ રહે છે તેમ જીવનમુક્તને જો કે દેહનુ સ્મરણ રહે છે છતાં એ એમાં અભિમાનથી બંધાતો નથી તેમજ વાસનાથી બીજા દેહને આપનારા કર્મો પણ કરતો નથી.

5/1/17 વૈરાગ્ય સહિતનો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ C2

ઘરનો ત્યાગકરી વનમાં જવાથી મોક્ષ થાય છે એમ પણ ન સમજવું. જેણે ઈન્દ્રિયોને નાથી નથી એવો ગાફેલ માણસ વનમાં ભટકતો હોય, તેમ છતાં ઈન્દ્રિયોરૂપી શત્રુઓ સાથે હોવાથી તેને વિષયોનો સંગ થાય છે. ઊલટું વિદ્વાન્ માણસ જિતેન્દ્રિય તથા આત્મારામ બનીને ઘરમાં રહે તો ગૃહસ્થાશ્રમ પણ એનું શું બગાડવાનો હતો.?

5/1/27 સંન્યાસીને પણ ભક્તિથી જ સાયુજય E1C2

આ નિવૃત્તિ પરાયણ મહર્ષિઓ સન્યાસાશ્રમમાં રહીને સમસ્ત જીવોના અધિષ્ઠાન (નિવાસ) અને ભવબંધનથી ડરેલા લોકોને આશ્રય દેનારા ભગવાન વાસુદેવના સોહામણા ચરણારવિંદનું અખંડ ચિંતન કર્યું, એ અખંડ સ્મરણથી મળેલ પરમભક્તિયોગથી એમનાં હદય શુદ્ધ થઈ ગયાં અને એમાં શ્રીભગવાનનો આવિર્ભાવ થયો ત્યારે દેહાદિની ઉપાધિ નિવૃત્ત થઈ જવાથી એમના આત્માનું સંપૂર્ણ જીવોના આત્મસ્વરૂપ પ્રભુમાં સાયુજ્ય થઈ ગયું.

5/36 પ્રેમથી જ પ્રભુને તોષ E1

જો આપને પ્રેમ-ગદ્ગદ્ વાણીથી સ્તુતિ કરતાં કરતાં સામાન્ય જલ, વિશુદ્ધ પલ્લવ, તુલસી અને દૂબનાં અંકૂર વ. સામગ્રીથી આપની પૂજા કરે તો પણ આપ બધી રીતે સંતુષ્ટ થઈ જાઓ છો.

5/5/2 મહાત્મા H2

મહાત્મા પુરુષોની સેવા એ મોક્ષનું દ્વાર છે. સ્ત્રીસંગીઓનો સંગ નરકનું દ્વાર છે એમ શાસ્ત્રો કહે છે. મહાત્મા તે જ છે જે પરમ શાંત, સમદૃષ્ટિવાળા ક્રોધ રહિત, સર્વના હિતચિંતક અને સદાચારવાળા હોય.

5/5/30 પરમહંસ C1

ક્યારેક શહેરો અને ગામડામાં ચાલ્યા જતાં, કોઈ પણ રસ્તે નીકળતા, તો જેવી રીતે વનમાં ફરતા હાથીને માખીઓ સતાવે તેમ મૂર્ખ અને દુષ્ટ લોકો તેમને હેરાન કરતા, કોઈ ધમકી દેતા, કોઈ મારતા, કોઈ પેસાબ કરતા, થૂંકતા, ઢેખારા મારતા, પણ તેઓ

કોઈ પણ બાબત પર ધ્યાન ન દેતાં, કેમકે આ મિથ્યા શરીરમાં તેમને મમતા ન્હોતી. કાર્ય કારણ રૂપ સંપૂર્ણ પ્રપંચના સાક્ષી થઈ પોતાના પરમાત્મા સ્વરૂપમાં સ્થિત હતા. તેથી અંખડ ચિત્તવૃત્તિથી એકલાજ પૃથ્વી પર વિચરતા રહેતા હતા.

5/6/2 ચંચળ ચિત્ત (મન) ભરોસાપાત્ર નથી K

સંસારમાં જેમ ચાલાક પારધી પોતે પકડેલા મૃગનો વિશ્વાસ નથી કરતો હોતો, તે જે પ્રમાણે બુદ્ધિમાન લોકો આ ચંચલ ચિત્તનો ભરોસો નથી કરતા.

5/6/17 ભક્તિયોગીના લક્ષણ E1

હંમેશા અનેક પ્રકારનાં સંસારના દુ:ખોથી જળજળતા હદયને સમયે સમયે ભક્તિ સરિતામાં નવરાવીને ભગવદીયપણાથી પુરુષ કૃતાર્થ થાય છે તેઓ તો ભક્તિમાં જ પરમાનંદ પામે છે. તેવાઓને પરમ પુરુષાર્થરૂપ મોક્ષનું દાન વગર માગે કરવામં આવે તો પણ તેઓ એમાં પ્રીતિ ધરાવતા નથી. ભગવાનના નિજજ્ન થઈ જવાથી જ એમના બધા પુરુષોર્થો સિદ્ધ થઈ જાય છે.

5/6/18 ભક્તિયોગીની મુક્તિ કરતાં અધિકતા E1

ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પાંડવોના તથા યાદવોના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ, સુહદ અને કુલપતિ હતા. અરે ત્યાં સુધી કે કયારેક ક્યારેક તો તેઓ આજ્ઞાકારી સેવક બની જતા હતા. એ જ પ્રમાણે ભગવાન બીજા ભક્તોના પણ અનેક કાર્યો કરી શકે છે અને એમને મુક્તિ પણ આપી શકે છે પરંતુ મુક્તિથી પણ ચડી જાય એવો ભક્તિયોગ છે તે સહજમાં નથી દેતા.

5/7/6 સમર્પણ E1

એ પ્રમાણે એના (યજ્ઞના) અંગ અને ક્રિયા સહિત અનેક યજ્ઞોના અનુષ્ઠાન સમયે થતા ધર્મના અપૂર્વ ફળને ભરતજી વાસુદેવ ભગવાનને અર્પણ કરી દેતા કેમકે એ અપૂર્વફળ યજમાનમાં રહે છે, એમ માનીએ તો પણ યજમાન હોવાથી એમને અર્પણ કરી દેવું યોગ્ય છે અને એ અપૂર્વફળ યજ્ઞના દેવોમાં રહે છે એમ માનીયે તો પણ વેદના મંત્રોના જણાવેલ ઈન્દ્રાદિક દેવોના નિયંતા ભગવાન હોવાથી તે એમને જ અર્પણ કરી દેવું ઘટે છે.

5/7/12 ભક્તિવર્ધિની E1

એવી રીતે નિત્ય ભગવાનનુ પૂજન કરવાથી ભગવાન ઉપર સ્નેહ વધતાં એમનુ હદય પીગળી જઈ શિથિલ થઈ જતુ અને આનંદના પ્રબલ વેગથી શરીરના રૂવાંટા ઊભાં થઈ જતા. ઉત્કંઠાને લીધે વારંવાર આવતા સ્નેહનાં આંસુથી નેત્રથી જોવાની શક્તિ રોકાઈ જતી. પરમાનંદથી તરબોળ હદય રૂપ ગંભિર સરોવરમાં બુદ્ધિ ડૂબી જવાથી કરવામાં આવતી ભગવત્ પૂજાનું પણ એમને સ્મરણ ન રહેતુ.

5/7/14 પરબ્રહ્મ પરમાત્મા ભગવાન B1

પ્રકૃતિથી પર,કર્મોના ફળ આપનાર, બુદ્ધિને ગતિ આપનાર મનથી જગતને સર્જનાર અને સર્જેલા જગતમાં અંતર્યામી રૂપથી પ્રવેશ કરી તૃષ્ણાવાળા જીવને ચૈતન્ય શક્તિથી પાળ

નાર, જે સૂર્યદેવના આત્મારૂપ ભગવાન છે તેમનુ અમે શરણું લઈએ છીયે.

5/8/11 દૃઢ વિષયાસક્તિ **K**
આવી રીતે આસક્તિ દૃઢ થઈ જવાથી ભરત રાજા બેસતા, સુતા, ફરતાં, ઊભા રહેતા અને ખાતાપીતા પણ એનુ ચિત્ત એના સ્નેહપાશમાં બંધાયેલું રહેતુ હતું.

5/8/28-29 યોગમાર્ગની ત્રુટી / પ્રાણી માત્રમાં પ્રભુ વસે છે. પરંતુ ભજનીય તો કૃષ્ણ જ છે **C1**
તાદૃશસ્થાપિ સતત ગેહસ્થાન વિનાશકં (ભ.વ.૬) પૂર્વ જન્મમાં એમણે ભગવાનની જે આરાધના કરેલી તેના પ્રભાવથી પોતાનો મૃગનો અવતાર આવવાનું કારણ સંભારીને એ ઘણા જ પસ્તાયા (૨૮) અને મનમાં કહેવા લાગ્યા કે અહો ! બહુ ભૂંડુ થયું. હું સંયમશીલ મહાનુભાવોના માર્ગમાંથી ભ્રષ્ટ થયો ! ધૈર્યપૂર્વક બધી આસક્તિનો ત્યાગ કરી એકાન્તમાં એ પવિત્ર વનમાં રહ્યો અને યોગમાર્ગની રીતિથી સર્વ પ્રાણીઓના આત્મા ભગવાન શ્રીવાસુદેવનું ભજન કરતો હતો. ભગવાનનું શ્રવણ, મનન, કીર્તન, આરાધન અને સ્મરણમાં લાગી રહેવાથી મારી કોઈ પળ વ્યર્થ જતી ન્હોતી. મારું મન એકાગ્ર બનીને ભગવાનમાં જ લાગી રહ્યું હતું પણ એ સઘળું મારી મૂર્ખાઈથી મૃગના બચ્ચાની પછવાડે લક્ષ્ય ચૂકી ગયું.

5/9/3 પૂર્વ સંસ્કારવત્ ભક્તને સ્મૃતિ રહે છે (સર્વ. નિ. ૨૧૭) **E1**
આ બીજા જન્મમાં મૃગ થયા અને ત્રીજા આ છેલ્લા જન્મમાં મૃગનું શરીર છોડી બ્રાહ્મણને ત્યાં જનમ્યા, એમ મહાપુરુષોનું કહેવું છે. આ જન્મમાં પણ ભગવાનની કૃપાથી પોતાના પૂર્વજન્મોની પરંપરાની સ્મૃતિ હોવાથી તેઓ એવી આશંકાથી કે રખેને ફરી કોઈ વિઘ્ન આવી પડે, પોતાના સ્વજનોના સંગથી બહુ ડરતા હતા. હર સમય એનું શ્રવણ સ્મરણ અને ગુણ કીર્તન કર્મબંધનને મટાડનાર છે એવા ભગવાનના ચરણારવિંદનું ધ્યાન કરતા હતા અને ભગવાનના અનુગ્રહથી રખેને પોતાને કોઈના સંગનું બંધન થાય એવી શંકાથી લોકોને પોતે જાણે ઉન્મત્ત, જડ, આંધળા અને બહેરા હોય એવું દેખાડતા હતા.

5/9/8 કર્મ વિદ્યાથી લૌકિક પુરુષાર્થ સિદ્ધ થાય અને બ્રહ્મવિદ્યાથી અલૌકિક પુરુષાર્થ સિદ્ધ થાય **C1**
પિતા મરી ગયા પછી જડ ભરતના ભાઈઓ જેઓ જડભરતના પ્રભાવને જાણતા નહોતા અને બ્રહ્મવિદ્યામાં નહિ પણ કર્મવિદ્યામાં જ પોતાનો પુરુષાર્થ સમજતા હતા, તેમણે ભરતને કેવલ મૂર્ખ જાણી શીખવવાનો આગ્રહ છોડી દીધો.

5/9/9 ત્રિદુઃખ સહનં ધૈર્ય **D3**
બીજી કોઈ પણ રીતે ઉત્પન્ન ન થઈ શકતું સ્વત:સિદ્ધ કેવલજ્ઞાન-આનંદરૂપ આત્મજ્ઞાનની એમને પ્રાપ્તિ થઈ હતી તેથી એમને માન મળે કે અપમાન સુખ મળે કે દુ:ખ એનાથી એમને કશી પણ દેહાભિમાનની સ્ફૂર્તિ થતી નહિ.

5/10/12 લૌકિકત્વં વૈદિકત્વં કાપટયાત્ તેષુ નાન્યથા (પુ.પ્ર.મ-૨૦) **C1**
આ રાજા છે અને આ પ્રજા છે એવી ભેદબુદ્ધિ વ્યવહાર સિવાય બીજે કયાંય લગાર

પણ જોવામાં આવતી નથી. જો વ્યવહાર દૃષ્ટિ છોડી પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો કોણ રાજા ? અને કોણ પ્રજા ? એવું કંઈ છે તો નહિ જ. તો પણ જો તને રાજાપણાનું અભિમાન હોય જ, તો હે રાજા ! હું તારી શી સેવા કરું ?

5/11/4 નિરંકુશ મન **K**

જયાં સુધી મન સત્વ રજ અને તમો ગુણને વશ છે ત્યાં સુધી માણસ નિરંકુશપણે જ્ઞાનેન્દ્રિયથી તેમજ કર્મેન્દ્રિયથી શુભ-અશુભ કર્મો કર્યા કરે છે.

5/11/13 પરબ્રહ્મ પરમાત્મા પ્રેરક **B1**

એ ક્ષેત્રજ્ઞ પરમાત્મા સર્વ વ્યાપક, જગતનું આદિકારણ, પરિપૂર્ણ, અપરોક્ષ, સ્વયં પ્રકાશ, અજન્મા, બ્રહ્માદિના પણ નિયંતા અને પોતાને આધીન રહેનારી માયા દ્વારા બધાના અંતઃકરણમાં રહીને જીવોને પ્રેરિત કરનાર સમસ્ત પ્રાણીઓના આશ્રયરૂપ ભગવાન વાસુદેવ છે.

5/11/7 નિરંકુશમનથી દેહાધ્યાસ **K**

આ મન જ તમારો પ્રબળ શત્રુ છે. મન જ આત્માને દેહાભિમાનરૂપ અધમતા આપે છે તો પણ એમાંથી છોડાવનારું પણ એ જ છે.

5/12/12-13 મહાત્મા પુરુષોની ચરણરજનું માહાત્મ્ય **H2**

આ પરમાત્મજ્ઞાનની પ્રાપ્તિ કાંઈ તપ કરવાથી થતી નથી, વેદોક્ત કાર્ય કરવાથી થતી નથી, પ્રાણીઓને અન્નાદિકનું દાન કરવાથી થતી નથી, અતિથિસેવા, દીનસેવા વગેરે ગૃહસ્થોચિત ધર્મોનું પાલન કરવાથી થતી નથી, વેદના અભ્યાસ કરવાથી થતી નથી, તેમ જળ અગ્નિ કે સૂર્યની ઉપાસના કરવાથી થતી નથી, માત્ર મહાત્મા પુરુષોના ચરણની રજથી પોતાની જાતને નવડાવી દેવાથી થાય છે.

5/14/44 ભક્તને મનમોક્ષની તુચ્છતા / સેવાની અનિવાર્યતા **D1**

જેનો ત્યાગ કરવો ઘણો જ કઠણ છે તેવા પૃથ્વી, પુત્ર, સ્વજનો, સમ્પત્તિ અને સ્ત્રીઓને તથા દેવતાઓ પણ જેને માગે છે તેવી અને પોતાની કૃપાદૃષ્ટિને ઈચ્છતી લક્ષ્મીને પણ ભરતજીએ લેશમાત્ર ઈચ્છી ન્હોતી. એ વાત મહાત્મા પુરુષોને ઘટે છે, કારણકે જેમનું ચિત્ત ભગવાનની સેવામાં અનુરક્ત થઈ ગયું છે તેઓ મોક્ષને પણ તુચ્છ ગણે છે.

6/1/10 કર્મમાર્ગીય પ્રાયશ્ચિતની વ્યર્થતા **C1**

પાપ નિર્મૂળ તો થતું નથી. થતું હોય તો પાછું ઉત્પન્ન થવું ન જોઈએ. જેમ હાથી નાહ્યા પછી પણ ધૂળ નાખીને પોતાના શરીરને મેલુ કરે છે, તેમ માણસ પણ એકવાર પ્રાયશ્ચિત્ત કરીને વળી પાછું પાપ કરે છે. કર્મમાર્ગથી કરેલું પ્રાયશ્ચિત્ત હાથીના સ્નાન જેવું છે તેથી તેવા પ્રાયશ્ચિત્તને હું વ્યર્થ માનુ છું.

6/1/16 ભક્તિથી જ પાપમુક્તિ **E1**

જ્ઞાનમાર્ગથી પણ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. વૈષ્ણવોની સેવાથી ભગવાનમાં જ પોતાની ઈન્દ્રિયોને તત્પર રાખનાર માણસ, પાપથી જેવો મુક્ત થાય છે તેવો તપ વગેરેથી થતો નથી.

6/1/18 ભગવાનથી વિમુખતામાં પ્રાયશ્ચિત્ત અર્થહીન છે **K**

જેમ નદીઓ મદીરાના ઘડાને પવિત્ર કરી શકે નહિ, તેમ વારંવાર કરાતાં મોટા મોટા પ્રાયશ્ચિત્તો ભગવાનથી વિમુખ માણસને પવિત્ર કરી શકતાં નથી.

6/1/52 કર્મ બેડી છે **C1**

જે જીવ અજ્ઞાનવશાત્ કામ ક્રોધ લોભ મોહ મદ મત્સર આ છ શત્રુઓ ઉપર વિજય નથી મેળવી શકતો તેની પાસે એની મરજી નહિ છતાં પણ એ લીંગ શરીર કર્મ કરાવે છે. જીવ પોતે રેશમના કીડાની પેઠે કર્મથી પોતાના સ્વરૂપને ઢાંકી દઈને પાછો એમાંથી નીકળવાનો ઉપાય જાણતો નથી.

6/2/11 ભગવન નામનો મહિમા **D2**

ભગવાનનું નામ લેવાથી જેવી પાપીની શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ મહાત્માઓએ કહેલા ચાન્દ્રાયણાદિક પ્રાથશ્ચિત્તોથી થતી નથી. ભગવાનનું નામ પાપ મટાડવા ઉપરાંત ભગવાનના ગુણને પણ જણાવનારું છે.

6/2/24-25 ભકિતનો સંગ / ભક્તિનો મહિમા **H2 E1**

એણે યમના દુતો પાસેથી વેદમાં પ્રતિપાદિત સગુણ (પ્રવૃત્તિ વિષયક) ધર્મ અને ભગવાનના પાર્ષદો પાસેથી ભગવાને પ્રતિપાદન કરલો શુદ્ધ નિર્ગુણ ધર્મ સાંભળ્યો હતો. આવી રીતે ભગવાનના મહિમાનુ શ્રવણ કરવાથી અજામીલને તુરત ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થઈ અને પોતાનું પાપ સંભારીને ભારે પશ્ચાત્તાપ થયો.

6/2/39 સાધુ પુરુષના સંગથી સંસારમુક્તિ **H2**

એ પ્રમાણે સાધુ પુરુષોના ક્ષણ માત્રના સંગથી અજામીલને પરમ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એ પુત્રાદિકના સ્નેહરૂપ સર્વ બંધનમાંથી છૂટો પડી હરિદ્વારમાં ગયો.

6/3/12 સર્વકંઈ ભગવાનને આધીન છે **B2**

સ્થાવર અને જંગમનો સ્વામી મારાથી જુદો જ છે. બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર એ એના અંશ રૂપ છે અને એમના વડે આ જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય થાય છે. સર્વ લોકો નાકમાં નાથેલા બળદની પેઠે ઈશ્વરને વશ છે. સર્વના સ્વામી એ પરમેશ્વરમાં તાંતણામાં લુગડાંની પેઠે આ આખું જગત ઓતપ્રોત છે.

6/3/27 ભગવદીયોને કાલ કર્મ નવ બાંધે રે **H2**

જે સમદૃષ્ટિવાળા સાધુ પુરુષો ભગવાનને જ પોતાના સાધ્ય અને સાધન માની તેમના ઉપર નિર્ભર હોય તેમની પવિત્ર કથાઓને દેવો અને સિદ્ધ લોકો પણ ગાય છે. તેમની રક્ષા ભગવાનની ગદા સદા કરતી જ રહે છે. તેમની પાસે પણ તમારે ભૂલે-ચૂકે પણ જવું નહિ કેમકે એમને શિક્ષા કરવાને હું કે કાળ પણ સમર્થ નથી.

6/4/13 અંતર્યામી **B1**

સર્વ પ્રાણીઓના અંતર્યામીરૂપે ભગવાન રહ્યા છે માટે આ સઘળું જગત ભગવાનના સ્થાનરૂપ છે, એમ જાણવાથી ભગવાનને પ્રસન્ન કરી શકાય.

6/4/23 પરબ્રહ્મનું સ્વરૂપ **B1**

આપ સુધી કોઈ પણ પ્રમાણની પહોંચ નથી. આભની કોઈ અવધિ, કોઈ સીમા નથી. આપ સ્વયં પ્રકાશ પરાત્પર છો.

6/4/29 પરબ્રહ્મનું સ્વરૂપ **B1**

જે કાંઈ વચનોથી કહેવામાં આવે છે, જેનો બુદ્ધિથી નિશ્ચય કરવામાં આવે છે, જે ઈન્દ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે અને મનથી જેની કલ્પના કરવામાં આવે છે; તે ભગવાનનું સ્વરૂપ નથી કેમકે એ સઘળું ગુણોનું જ સ્વરૂપ છે. આપ તો ગુણોના તિરોભાવથી તથા આવિર્ભાવથી જાણવામાં આવો છો.

6/4/33 અવતારી **B2**

જે અનંત ભગવાન નામરૂપરહિત છે, છતાં પણ પોતાના ચરણની ભક્તિ કરનારાઓની ઉપર અનુગ્રહ કરવા સારું જુદાજુદા જન્મ ધરીને અને કર્મ કરીને નામરૂપનું ગ્રહણ કરે છે.

6/9/39 ભગવાનની અમૃતમય કથાનો મહિમા **D2**

આપના અમૃતમય મહિમારસનો અનંત સમુદ્ર છે. તેની નાનીસી છાંટનો પણ વધારે નહિ એકવાર પણ સ્વાદ ચાખી લેવાથી હૃદયમાં પરમાનંદની અખંડ ધારા વહેવા લાગે છે. જેનાથી બધા જ સાંસારિક સુખો ભૂલાઈ જાય છે.

6/11/23 ભગવાનની ભક્તો પર કૃપા **B2**

હે ઈન્દ્ર ! અમારા સ્વામી પોતાના ભક્તના ધર્મ અર્થ અને કામ સંબંધિ પ્રયાસોને નિષ્ફળ બનાવી દીધા કરે છે અને સાચું પૂછો તો એનાથી જ ભગવાનની કૃપાનું અનુમાન થાય છે કારણકે એમનો એવો કૃપા-પ્રસાદ અકિંચન ભક્તોને માટે અનુભવગમ્ય છે, બીજાઓને માટે અત્યંત દુર્લભ છે.

6/11/24 પુષ્ટિમાર્ગીય ધર્મ પુરુષાર્થ

હે સર્વ દુ:ખો દૂર કરનાર હરિ ! આપ મારા ઉપર એવી કૃપા કરી દો કે અનન્યભાવથી આપના ચરણ કમલોના આશ્રિત સેવકોની સેવા કરવાનો અવસર મને આવતા જન્મે મળે. હે પ્રાણવલ્લભ ! મારું મન આપના મંગલમય ગુણોનું સ્મરણ કર્યા કરે. મારી વાણી આપના ગુણોનું ગાન કરે અને શરીર આપની સેવામાં લાગ્યું રહે.

6/11/25 પુષ્ટિમાર્ગીય અર્થ પુરુષાર્થ **E1 C2**

હે સકલ ઐશ્વર્યના ભંડાર ભગવાન ! હું આપને છોડીને નથી તો ઈન્દ્રાસનની ઈચ્છા કરતો કે નથી કરતો બ્રહ્માસનની, નથી મારે પૃથ્વી ઉપરનું સામ્રાજ્ય જોઈતું કે નથી જોઈતું (ભોગપ્રચૂર) રસાતલાદિક પાતાલનું આધિપત્ય. અરે ! યોગની સિદ્ધિઓ અને મોક્ષની પણ આપના વિના ઈચ્છા રાખતો નથી.

6/11/26 પુષ્ટિમાર્ગીય કામ પુરુષાર્થ **E1 C2**

જેવી રીતે પંખીઓનાં પાંખ વગરનાં બચ્ચાં પોતાની મા ની વાટ જૂએ છે, જેવી રીતે ભૂખ્યાં વાછરડાં પોતાની માનું દૂધ પીવા આતુર રહે છે અને જેવી રીતે વિયોગીની પત્ની

પોતાના પરદેશ ગયેલા પ્રીતમને નિરખવા આતુર હોય છે, તેવી જ રીતે હે કમલનયન પ્રભુ ! મારું મન આપના દર્શનને માટે આતુર બન્યું છે.

6/11/27 પુષ્ટિમાર્ગીય મોક્ષ પુરુષાર્થ E1 C2

હે નાથ ! પોતાના કર્મોને લઈને આ સંસારચક્રમાં ભ્રમણ કરતા મને ઉત્તમ કીર્તિવાળા ભગવદ્ભક્તોની જ મિત્રતા થાઓ. પરંતુ જેઓ આપની માયાથી શરીર પુત્ર સ્ત્રી ઘરમાં જ આસક્તિવાળા હોય તેમની સાથે મારો સંબંધ કદાપિ ન થાઓ.

6/12/10 પ્રાણીમાત્ર ભગવાનને સ્વાધીન B2

હે ઈન્દ્ર ! જેમ લાકડાની પૂતળી અને યંત્રનો મૃગ એને નચાવનાર તંત્રીને સ્વાધીન છે એમ જ બધાં પ્રાણીઓને ભગવાનને આધીન સમજો.

6/12/11 તત્વો બ્રહ્મને આધીન B2

ઈશ્વરની કૃપા વિના પુરુષ પ્રકૃત્તિ મહત્ત્વ અહંકાર પંચમહાભૂતો, ઈન્દ્રિયો મન બુદ્ધિ તથા ચિત્ત એ કોઈ પણ જગતને સરજવામાં સમર્થ નથી.

6/12/12 સર્વ ભગવાનને આધીન B2

એવું નહિ જાણનારો માણસ જ, પરતંત્ર જીવ સ્વતંત્ર કર્તા-ભોક્તા છે એવું માને છે. વસ્તુત: ઈશ્વર પોતે જ પ્રાણીઓ દ્વારા પ્રાણીઓને ઉત્પન્ન કરાવે છે અને પ્રાણીઓ દ્વારા જ પ્રાણીઓને મરાવે છે.

6/14/3-4 ગૃહાસક્તિ છૂટવી દુર્લભ છે K

ધરતી ઉપર જેટલા રજના કણ છે, તેટલા આ સંસારમાં જીવ છે. એ પૈકી કેટલાક મનુષ્યો વગેરે શ્રેષ્ઠ જીવો જ કંઈક ધર્મનું આચરણ કરે છે. તેમાં પણ કેટલાક ઉત્તમ દ્વિજો જ મોક્ષની ઈચ્છા રાખે છે. એવી મોક્ષની ઈચ્છા રાખનારાઓ પૈકી હજારોમાં કોઈક જ ગૃહાસક્તિ છોડે છે અને તત્ત્વોને જાણે છે.

6/14/5 ભગવદાસક્તિ થવી તો ઘણી દુર્લભ છે E1

જીવન્મુક્ત પામેલા કરોડો સિદ્ધ લોકોમાંથી પણ ભગવાનમાં પરાયણ અને શાન્ત અંત:કરણવાળા હોય તેવા તો કોઈ માંડ માંડ મળે.

6/15/20 મોટા પાસે માંગવુ નહિ/આપણી મનોભાવના પ્રમાણે જ પ્રભુ આપે છે. D3 B2

પ્રથમ હું તમારી પાસે તમને જ્ઞાન આપવા જ આવેલો પણ તે વખતે તમારો અન્ય અભિનિવેશ હોવાથી મેં તમને જ્ઞાન ન આપતાં પુત્ર જ આપ્યો.

6/16/4-6 પ્રાપંચિક સંબંધોમાં મમતા ન રાખવી D3 K

કયા જન્મમાં આ મારા માતા-પિતા હતા ? હું તો મારાં કર્મો વડે દેવ, મનુષ્ય, પશુયોનિમાં કેટલાય વખતથી ફરું છું, બધું જ્ઞાતિ શત્રુ મધ્યસ્થ મિત્ર ઉદાસીન અને દ્વેષી આ ભાવો સર્વ પ્રાણીઓમાં ક્રમે કરીને થયા કરે છે. જેમ ખરીદ વેચાણના સુવર્ણાદિ પદાર્થો એક પાસેથી બીજા પાસે જાય છે તેમ માણસોનો જીવ પણ પોતાની વાસના પ્રમાણે અનેક પ્રકારની યોનિમાં ફરે છે.

6/16/10-11 પરબ્રહ્મ ઈશ્વર પણ છે **B1**

એને કોઈ પ્રિય કે અપ્રિય નથી, પોતાનો કે પારકો એવો ભેદ નથી. એ એક હોવા છતાં સર્વની બુદ્ધિનો અને કર્તાના ગુણદોષોનો દૃષ્ટા છે, એ સર્વનો આત્મા હોવાથી કોઈના ગુણદોષ કે ક્રિયાના ફળને ગ્રહણ કરતો નથી પણ ઉદાસીનની પેઠે રહેતો છતાં પર અને અવરને કારણ કાર્યાત્મક જગતને જોનાર ઈશ્વર છે.

6/16/18 સર્વ વ્યૂહરૂપ પ્રભુ જ છે **B2**

ભગવાન વાસુદેવ ! આપને નમસ્કાર હો. પ્રદ્યુમ્નરૂપ, અનિરુદ્ધરૂપ અને સકર્ષણરૂપ આપને મારા નમસ્કાર.

6/16/19 પરમાત્મારૂપ ભગવાન **B1**

વિજ્ઞાન માત્ર આપ છો. આપ પરમાનંદ મૂર્તિ છો, આત્મારામ છો, શાન્ત છો, જેનો દ્વૈતભાવ લુપ્ત થયો છે તેવા આપ છો.

6/16/21 દુર્ગમ્ય પરબ્રહ્મ **B1**

વાણી જયાં નહિ પહોંચતાં વિરામ પામી જાય છે, મન પણ જેને મળ્યા વગર પાછું ફરે છે એ ઉપરત થઈ જતા નામ કે રૂપરહિત કેવલ ચૈતન્યઘન છે અને કાર્યકારણથી પર છે, તે અમારા રક્ષક હો.

6/16/22 કારણ-કાર્ય-કૃતિરૂપ પરબ્રહ્મ **B1**

આ કાર્યકારણરૂપ જગત જેમાંથી ઉત્પન્ન થાય છે, જેમાં રહેલું છે અને જેમાં લય પામે છે તથા જે માટીની વસ્તુઓમાં વ્યાપ્ત માટીની જેમ બધામાં ઓતપ્રોત છે તે પરબ્રહ્મ સ્વરૂપ આપને હું નમસ્કાર કરુ છું.

6/16/24 ઈશ્વરની જ સર્વત્ર સત્તા **B1**

આપની સત્તા વડે ઈન્દ્રિય પ્રાણ મન બુદ્ધિ વગેરે પોત પોતાના કાર્ય કરવાને સમર્થ થાય છે, એની સત્તા વિના સમર્થ થતાં નથી. જેમ તપાવેલું લોઢું જ બાળી શકે છે, ઠંડુ લોઢું બાળી શકે નહિ તેમ જીવ પણ જાગ્રદાદિ અવસ્થામાં ભગવદ્શક્તિ વડે જ દૃષ્ટાપણું પામે છે.

6/16/34 ભક્તોના પ્રિય તથા ભક્તો જેમને પ્રિય **B2**

સમદર્શી અને જિતેન્દ્રિય પુરુષોએ આપ અજિત હોવા છતાં આપને જીવી લીધા છે. આપ અત્યંત દયાળુ હોવાથી જેઓ નિષ્કામપણે આપની સેવા કરે છે તે ભક્તોને આપ આત્માનું દાન કરો છો તેથી આપે એમને પણ જીવી લીધા છે.

6/16/35 સર્વ પ્રભુના અંશ છે **B1**

આ જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય એ આપનો જ લીલા વિલાસ છે. વિશ્વ નિર્માતા બ્રહ્મા વગેરે આપના અંશના પણ અંશ છે છતાં પોતાને જ જગત્કર્તા માની પૃથક્ અભિમાન વડે માંહો માંહે ખોટી ખોટી સ્પર્ધા કરે છે.

6/16/39 ભગવાન ભક્તની લૌકિક કામનાનો નાશ કરે છે B2

જેમ શેકેલા બીજ ઉગતા નથી, તેમ આપમાં કામબુદ્ધિ રાખનાર ભક્તને આપની કામના હોવાથી એને કામાદિનું તુચ્છ ફળ મળતું નથી કારણકે જીવને સત્ત્વ વગેરે ગુણથી સુખ દુ:ખ વગેરે દ્વંદ્વ થાય પણ આપ તો નિર્ગુણ હોવાથી આપની કામનાનું ફળ સુખ દુ:ખથી પર હોય છે અને તેથી એ એને ધીમે ધીમે નિષ્કામ કરે છે.

6/16/41 ભાગવતધર્મ વિષમબુદ્ધિ વાળો નથી હોતો D3

ભાગવત ધર્મમાં બીજા ધર્મોની પેઠે તું અને હું અથવા તારું અને મારું એવી વિષમ બુદ્ધિ નથી, જે ધર્મનાં વિષમબુદ્ધિ હોય છે તે જ અશુદ્ધ, ક્ષયવાળો અને બહુ અધર્મવાળો હોય છે.

6/16/43 સત્ય સંકલ્પતો વિષ્ણુ: B2

આપનો સંકલ્પ કયાંય વ્યર્થ જતો નથી. એ દૃષ્ટિએ જ આપે ભાગવતધર્મ કહ્યો છે. તે ધર્મને આર્ય લોકો સ્થાવર જંગમમાં ભેદ રાખ્યા વગર સેવે છે.

6/16/44 મુક્તિ સાધક-ભગવન્નામ શ્રવણ D2

આપના દર્શનથી મનુષ્યનાં સર્વ પાપનો ક્ષય થાય છે એ કંઈ અઘટિત નથી જ. જે આપના નામનું એકવાર શ્રવણ જ કરે તે નીચ ચંડાળ હોય તો પણ સંસારથી મુક્ત થઈ જાય છે.

6/16/46 દૈન્યં તત્ તોષ સાધનમ્ B1 D3

આપ જગતના આત્મા છો એટલે બધાના મનની વાત જાણો છો તેથી પતંગીયુ જેમ સૂર્યને પ્રકાશીત ન કરી શકે તેમ હું આપને વિનંતી ન કરી શકું.

6/16/57 પ્રભુથી વિમુખતાથી સંસાર પ્રાપ્તિ K

જયારે જીવ મારા સ્વરૂપને ભૂલી જાય છે ત્યારે તે પોતાને અલગ માની બેસે છે. તેથી જ તેને સંસારના ચક્કરમાં પડવું પડે છે અને જન્મ ઉપર જન્મ અને મૃત્યુ ઉપર મૃત્યુ પ્રાપ્ત થાય છે.

6/17/27 ભગવદ્‌ભક્તોની નિસ્પૃહતા H2

અદ્‌ભૂત કર્મવાળા ભગવાન્ હરિના ભક્તો મહાત્મા છતાં કેવા નિસ્પૃહ હોય છે !

6/17/28 ભગવદીય અભય હોય છે H2

નારાયણ પરાયણ લોકો કયાંય ભય પામતા નથી કારણકે સ્વર્ગ, મોક્ષ કે નરકમાં પણ સમાનતાથી કેવલ ભગવાનનાં જ તેમને દર્શન થાય છે.

6/17/29 સંસારનાં દ્વંદાદિ સુખ-દુ:ખ ભગવાનની લીલા છે K

ઈશ્વરની લીલા વડે દેહના સંયોગથી મનુષ્યને સુખ-દુ:ખ, મૃત્યુ-જન્મ અને શાપ અનુગ્રહ વગેરે દ્વંદ્વ પ્રાપ્ત થાય છે.

6/17/33 પરમાત્માને પોતાનો અંશ આત્મા પ્રિય જ હોય છે B1

એને તો કોઈ પ્રિય નથી કોઈ અપ્રિય નથી, કોઈ પારકો નથી, પરંતુ ભગવાન્ બધા

પ્રાણીઓના આત્મા હોવાથી સર્વ પ્રાણીઓને પ્રિય છે.

6/17/37 સાધુભક્ત ધૈર્યવાન હોય છે D3

જો કે ભગવદ્ભક્ત ચિત્રકેતુ દેવી પાર્વતીજીને સામે શાપ આપવાને સમર્થ હતા છતાં એણે મસ્તક નમાવીને દેવીએ આપેલા શાપનો સ્વીકાર કરી લીધો. સાધુનું આ જ લક્ષણ છે.

6/18/74 ભગવાનની નિષ્કામ આરાધના E1

ભગવાનની નિષ્કામ આરાધના કરનાર જે ભગવાન સિવાય બીજી વસ્તુને ઈચ્છતા નથી મોક્ષને પણ નહિ તે જ સ્વાર્થમાં કુશળ છે.

6/18/75 મહોદાર ભગવાન B2

ભગવાન જગદીશ્વર બધાના સેવ્ય અને પોતાના આત્મા જ છે તે પ્રસન્ન થાય ત્યારે પોતાની જાતને પણ આપી દે છે. ભલા એવો કથા બુદ્ધિમાન હોય જે એમની આરાધના કરીને વિષયભોગોનું વરદાન માગે ? એ વિષય ભોગ તો નરકમાં પણ મળી શકે છે.

7/1/6 માયાવડે વિરુદ્ધધર્માશ્રયને પ્રભુ ધારણ કરે છે B4

કોઈ વ્યક્તતાથી ન જણાય માટે અજન્મા અને નિર્ગુણ ભગવાન્ પોતાની સૃષ્ટિ કરનારી માયાના ગુણોનો સ્વીકાર કરી બાધ્યબાધક ભાવને પ્રાપ્ત થાય છે, અર્થાત મરનાર અને મારનાર બન્નેના પરસ્પર વિરોધીરૂપો ગ્રહણ કરે છે.

7/1/1 દુર્બુદ્ધિવાળો દુર્ભાગી જીવ (પ્રક્ષિપ્ત) K

જીભ મેળવીને જે કીર્તન કરવા યોગ્ય વિષ્ણુનું કીર્તન કરતો પ્રક્ષિપ્ત નથી તે દુર્બુદ્ધિવાળો મોક્ષરૂપી સીડી મેળવ્યા છતાં એની ઉપર ચઢી શકતો નથી.

7/1/2 ભગવદ્ શ્રવણ-કીર્તનથી કૃતાર્થતા (પ્રક્ષિપ્ત) D2

એટલા માટે જેઓ ગોવિન્દનું માહાત્મ્ય જે આનંદરસથી સુંદર છે તે નિત્ય શ્રવણ કરી ગાય છે તેઓ નિસંશય કૃતાર્થ થાય છે.

7/1/10 ત્રિગુણાત્મક સૃષ્ટિ પોતા માટે ભગવાન કરે છે B1

જયારે પરમેશ્વર પોતાને માટે શરીરો ઉત્પન્ન કરવા ધારે છે ત્યારે એ પોતાની માયાથી રજોગુણની અલગ સૃષ્ટિ કરે છે. જયારે તે વિચિત્ર યોનિઓમાં ક્રીડા કરવાની ઈચ્છા કરે છે ત્યારે સત્વગુણની સૃષ્ટિ કરે છે અને શયનની ઈચ્છા કરે છે ત્યારે તમોગુણની સૃષ્ટિ કરે છે.

7/1/11 ત્રિગુણાત્મક સૃષ્ટિ કાલને આધીન છે અને કાલ ભગવાનને આધીન છે B1

ભગવાન સત્ય સંકલ્પ છે. એની ઈચ્છામાં હર બ્રહ્મ વગેરે પણ મીનમેખ કરી શકતા નથી. તેઓ જ જગતની ઉત્પત્તિના કારણ પ્રકૃતિ અને પુરુષના સહકારી અને આશ્રય, કાળને ઉત્પન્ન કરે છે. તેથી તે કાળને આધીન નથી. પણ કાળ તેમને આધીન છે. કાળ રૂપી ઈશ્વર જયારે સત્ત્વગુણની વૃદ્ધિ કરે છે ત્યારે સત્વમય દેવતાઓનું બળ વધારે છે અને ત્યારે જ એ પરમ તમોગુણી દૈત્યોનો સંહાર કરે છે. ખરેખર તો એ સમ જ છે.

7/1/23 ભેદભાવનું મૂળ દેહાધ્યાસ K

જયારે આ શરીર જ આત્મા માની લેવામાં આવે છે ત્યારે "આ હું છું અને આ મારું છે." એવી ધારણા બંધાય છે. આ જ બધા ભેદભાવનું મૂળ છે. એને લીધે જ માર અને દુર્વચનોથી દુ:ખ થાય છે.

7/1/25 ભગવાન સમદૃષ્ટા છે / ભગવાનમાં મન જોડી દેવું. L

તેથી (ભગવાનમાં આમ દેહાભિમાન ન હોવાથી) ભલને પૂરા વેરભાવથી અને નિવૈર ભક્તિભાવથી, ભયથી, સ્નેહથી અથવા કામથી ગમે તેમ હોય, ભગવાનમાં પોતાનું મન પૂરેપૂરું લગાવી દેવું જોઈએ. ભગવાનની દૃષ્ટિએ આ બધા ભાવોનું મૂલ્ય એક સરખું છે.

7/1/30 મન ભગવાનમાં લગાડનારની કૃતાર્થતા E1

હે રાજન ! ગોપીઓ કામથી, કંસ ભયથી, શિશુપાલ દંતવકત્ર વગેરે રાજાઓ દ્વેષથી, યાદવો કુટુંબના સંબંધથી, તમે સ્નેહથી અને અમે ભક્તિથી પોતાનું મન ભગવાનમાં લગાડયું છે.

7/1/42 ભગવાનના પ્રિયનું રક્ષણ ભગવાન પોતે કરે છે B2

પરંતુ પ્રહ્લાદ સર્વાત્મા ભગવાનના પરમપ્રિય થઈ ગયા હતા, સમદર્શી બની ગયા હતા, ભગવાનના પ્રભાવથી સુરક્ષિત હતા તેથી અનેક ઉપાયો કર્યા છતાં હિરણ્યકશિપુ એને મારવામાં સફળ ન થયો.

7/2/38 ભગવાન જ રક્ષક છે તેવું માનનારને ચિંતા નથી E3

અમે પરમ ધન્ય છીએ કારણકે અમને અમારા મા-બાપે છોડી દીધા છતાં અમે કંઈ ચિંતા કરતા નથી. વાઘ વગેરે અમને ખાઈ જતા નથી. તેથી ગર્ભમાં જે રક્ષા કરે છે, તે જ સર્વત્ર રક્ષા કરે છે.

7/2/39 જીવને સજા કે વર આપનાર ભગવાન જ છે B2

હે અબળાઓ ! જે નિર્વિકાર ઈશ્વર પોતાની ઈચ્છાથી આ જગત પેદા કરે છે, તે જ રક્ષા કરે છે અને લોપ કરે છે. આ જગત્ ભગવાનની ક્રીડા રૂપ છે. માત્ર તે આ ચરાચર જગતને દંડ યા પુરસ્કાર આપવા સમર્થ છે.

7/2/43 પરમાત્મા દેહમાં રહેવા છતાં નિર્લિપ્ત છે B1

જેવી રીતે કાષ્ઠમાં રહેલ વ્યાપક અગ્નિ તેનાથી સ્પષ્ટ રીતે જુદો છે એવી રીતે દેહમાં રહેવા છતાં વાયુનો એની સાથે કંઈ સંબંધ નથી. જેવી રીતે આકાશ બધે એકસરખું હોવા છતાં કોઈના દોષગુણથી લેપાતું નથી તેવી જ રીતે સમસ્ત દેહ ઈન્દ્રિયોમાં રહેવાવાળો અને તેનો આશ્રય પણ એમનાથી અલગ અને નિર્લિપ્ત છે.

7/4/28 ભગવાન ભક્તનો દ્રોહ સહન નથી કરતા B2

નિવૈર શાંત મહાત્મા એવા પોતાના પુત્ર પ્રહલાદનો દ્રોહ કરશે ત્યારે છકી ગયેલા એવા એને હું મારીશ.

7/4/37 ભગવદાસક્તિ થતાં લૌકિકાસક્તિ છૂટી જાય છે **E1**

બાળક છતાં ભગવાનમાં મન લાગવાથી રમકડાંને છોડી દેનાર ગાંડો માણસ જેમ જગતની શરમ રાખતો નથી તેમ પ્રહ્લાદ પણ શ્રીકૃષ્ણના અનુગ્રહથી ગૃહિત થતાં આ જગતના વિષયોને લોક રીતે ન જોતો.

7/4/42 ભગવદીયોનો સંગ **H2**

ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલોની આ ભક્તિ અકિંચન ભગવત્પ્રેમી તાદૃશીઓના સંગથી જ પ્રાપ્ત થાય છે. એ દ્વારા તે પોતે તો પરમાનંદમાં મગ્ન રહેતા જ હતા પણ જે બિચારાનું મન દુ:સંગને લીધે દીન - હીન થઈ રહ્યું હતું તેમને પણ વારંવાર શાન્તિ આપતા હતા.

7/5/5 અહંતા-મમતાના ત્યાગપૂર્વક ભગવાનનું શરણ **E3**

પિતાજી, સંસારના પ્રાણીઓ "હું" અને "મારું"ના ખોટા આગ્રહને પકડી રાખી કાયમને માટે અત્યંત બેચેન રહે છે. આવા પ્રાણીઓ માટે હું એ જ મારી વાત સમજું છું કે તેઓ પોતાના અધ:પતનના મૂલ કારણ, ઘાસથી ઢંકાયેલા અંધારા કૂવા જેવા અને આ ઘરને મૂલ કારણ, ઘાસથી ટંકાયેલા અંધારા કૂવા જેવા અને આ ઘરને છોડી દઈ વનમાં ચાલ્યા જાય અને ભગવાન શ્રીહરિનું શરણ લે.

7/5/23-24 નવધા ભક્તિનું સમર્પણ **E1**

વિષ્ણુનું શ્રવણ કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય સખ્ય અને આત્મનિવેદન એ પ્રમાણે નવવિધ ભક્તિ કરીને પુરુષ વિષ્ણુને અર્પણ કરે તો એ ઉત્તમ ભણતર કહેવાય.

7/5/28 વરણ દૈવીજીવ તરીકેનું **G**

હે ઈન્દ્રશત્રો ! આ તમારો પુત્ર મારું કહ્યું કરતો નથી. એની આ બુદ્ધિ તો નૈસર્ગિક છે એથી આપ અમારા ઉપર ખોટો દોષારોપ ન કરો.

7/5/31 વિષય તથા કામ્ય વૈદિક સાધનાથી નહિ પણ ભગવાનની પ્રાપ્તિથી પુરુષાર્થો સિદ્ધ થાય. **C2**

જે લોકો ઈન્દ્રિયોથી જણાતા બાહ્ય વિષયોને પરમપ્રિય સમજી મૂર્ખતાને લીધે, અંધજનોની પાછળ અંધજનોની માફક ખાડામાં પડવા માટે ચાલ્યા જતા હોય છે અને વેદવાણીરૂપ રસ્સીના કામ્યકર્મોના દીર્ઘ બંધનમાં બંધાયેલ છે તેમને ખબર નથી કે આપણા સ્વાર્થ અને પરમાર્થ ભગવાન વિષ્ણુ જ છે. એમની જ પ્રાપ્તિથી આપણને બધા પુરુષાર્થો પ્રાપ્ત થાય છે.

7/6/1 બાળપણથી જ ભક્તિ કરવી જોઈએ **E1**

મિત્રો આ સંસારમાં મનુષ્યજન્મ બહુ દુર્લભ છે એના દ્વારા અવિનાશી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ એનો અંત કયારે આવી જાય તેની ખબર પડતી નથી, તેથી બુદ્ધિમાન પુરુષે વૃદ્ધાવસ્થા અથવા યુવાનીના ભરોસે નહિ રહેતાં બચપણમાં જ ભગવાનની પ્રાપ્તિ કરાવી આપનાર સાધનો કરી લેવા જોઈએ.

7/6/4 સાંસારિક સુખ માટે પ્રયાસ ન કરવો **C2**

સાંસારિક સુખને માટે પ્રયત્ન કરવાની કોઈ જરૂર નથી કારણકે પોતાની મેળે જ મળનારી વસ્તુ માટે પ્રયત્ન કરવો તે આયુષ્ય અને શક્તિનો વ્યર્થ બગાડ છે. જે લોકો એમાં સપડાઈ જાય છે એમને ભગવાનના પરમ કલ્યાણ સ્વરૂપ ચરણકમલોની પ્રાપ્તિ થતી નથી.

7/6/25 ભજન કરતાં મોક્ષની ભક્ત માટે તુચ્છતા **E1F**

તદં પ્રાપ્તૌ વૃથામોક્ષ (સ.સ્તો ૩૫)

શ્રીભગવાનના ચરણામૃતનું સેવન કરવામાં તથા આપના નામ-ગુણોનું કીર્તન કરવામાં લાગ્યા છીયે ત્યારે આપણને મોક્ષની પણ શી જરૂર છે ?

7/6/26 વૈદિક સાધનો પણ ભક્તિના અંગ કે સાધન તરીકે હોવા જોઈએ **C1 E1**

ધર્મ અર્થ કામ એ ત્રિવર્ગ એના સાધન આત્મવિદ્યા, કર્મકાંડ, તર્કશાસ્ત્ર, દંડનિતિ અને જીવિકાના અનેક પ્રકારના સાધનો વેદોના પ્રતિપાદ્ય વિષયો છે એ સાચું, પણ એ બધું જીવને પોતાના પરમ હિતેચ્છુ પરમપુરુષ ભગવાન શ્રીહરિને આત્મ સમર્પણ કરવામાં સાધનરૂપ હોવું જોઈએ.

7/7/16 ભગવદ્‌કૃપા હોય તો હીન યોનિમાં પણ ભગવદ્ સ્મરણ રહે છે **B1**

ઘણો સમય થઈ જવાથી અને સ્ત્રી હોવાથી પણ મારી માતાને તો એ જ્ઞાનનું સ્મરણ રહ્યું નહિ પરંતુ દેવર્ષિની વિશેષ કૃપા હોવાથી મને એનું વિસ્મરણ થયું નહિ. જેવું અને તેવું યાદ છે.

7/7/18 પ્રાકૃત દેહમાં ભાવ વિકાર થાય છે **L**

જેમ વૃક્ષને અસ્તિ જાયતે વર્ધતે વિપરિણમને અપક્ષીયતે, નશ્યતિ (હોવું-જન્મે-વધે-ફેરફાર-ઘસાય-નાશ) તેવા છ ભાવ વૃક્ષના ફળમાં થાય છે, તેમ આત્માવાળા દેહમાં એ છ ભાવ વિકાર કાળે કરીને દેખાય છે.

7/7/29 કર્મોના બીજના નાશનો શ્રેષ્ઠ ઉપાય ભગવાનમાં નિષ્કામ પ્રેમ છે **C1E1**

આમ તો આ ત્રિગુણાત્મક કર્મોના બીજને જ બાળી નાખવા માટે અથવા બુદ્ધિવૃત્તિઓનો પ્રવાહ બંધ કરવા માટે હજારો સાધન છે પરંતુ જે ઉપાયથી અને જેવી રીતે સર્વશક્તિમાન ભગવાનમાં સ્વભાવિક નિષ્કામ પ્રેમ થઈ જાય તે જ ઉત્તમ ઉપાય છે.

7/7/30 ભક્તનાં કર્તવ્ય કે સાધના **H2**

ભક્તિપૂર્વક ગુરુની સેવા, જે કઈ મળે તે પ્રભુને નિવેદન કરી દેવું ભગવત્ પ્રેમી ભગવદીયોનો સંગ કરવો, એના ચરણકમળનુ ધ્યાન કરવુ, એના સ્વરૂપનું પુજન કરવું, એની કથામાં શ્રદ્ધા રાખવી, એના ગુણ લીલાનું કીર્તન કરવું.

7/7/34 ભગવાનમાં દૃઢ રતિવાળા ભક્તનાં લક્ષણ (પંચપદ્યનિ) **H2**

રતિવાળો ભક્ત, ભગવાનનાં લીલાવિગ્રહ વડે જ અતુલ્ય પરાક્રમો કરવામાં આવ્યા હોય તેને યાદ કરી અત્યંત હર્ષથી રોમાંચિત થાય છે અને આંખમાં પ્રેમના આંસુ આવે છે.

એ મુક્ત કંઠે ગાવા લાગે છે, શબ્દ કરે છે અને નાચવા લાગે છે.

7/7/40 પરમાત્માજ નિર્દોષ ફલ છે **B1F3**

ભગવાનેવહિ ફલં (પુ.પ્ર.મ.)

યજ્ઞો દ્વારા તમે સ્વર્ગાદિ મેળવો તો એ પણ નાશવંત, સાપેક્ષ-એક બીજાથી નાના મોટા અને ઊંચા નીચા છે. વળી એ પણ જોઈએ તેટલા નિર્દોષ નથી. નિર્દોષ એકમાત્ર પરમાત્મા છે તેથી પરમાત્માની પ્રાપ્તિ માટે પરમાત્માને જ ભક્તિપૂર્વક ભજો

7/7/48 ભગવાનની નિષ્કામ ભક્તિ **E1**

માટે આત્મારૂપ, દુ:ખ હરનાર અને પ્રભુરૂપ ભગવાન, જેને ધર્મ-અર્થ-કામ આધીન છે એવા ભગવાનને કામના છોડીને ભજો.

7/7/51-52 ભગવાનની પ્રાપ્તિ માત્ર નિષ્કામ પ્રેમ ભક્તિથી થાય છે **E1**

હે દૈત્ય બાળકો ! ભગવાનને પ્રસન્ન કરવા માટે બ્રાહ્મણ દેવતા અથવા ઋષિ હોવું, સદાચાર અથવા વિવિધ પ્રકારના જ્ઞાનથી સંપન્ન હોવું તથા દાન તપ યજ્ઞ શારીરિક અને માનસિક શૌચ અને ભારે ભારે વ્રતનુ આચરણ પૂરતું નથી. ભગવાન માત્ર નિષ્કામ પ્રેમભક્તિથી જ પ્રસન્ન થાય છે. બીજુ બધું તો દેખાવ માત્ર છે.

7/8/8 દરેકમાં રહેલ સામર્થ્ય ભગવાનનું છે, પોતાનું નહિ **B2**

હે દૈત્યરાજ ! બ્રહ્મજીથી લઈને તરણા સુધી બધા નાના મોટા થર-અચર જીવોને ભગવાને જ પોતાને વશ કરી રાખ્યા છે. મારુ અને આપનું જ નહિ પરંતુ સંસારના સમસ્ત બળ વાનોનું બળ કેવલ તે જ છે.

7/9/9 ભક્ત જ ભગવાનને પ્રસન્ન કરી શકે છે **E1**

ધન, કુળ, તપ, શાસ્ત્ર, શ્રવણ, ઈન્દ્રિયસામર્થ્ય, કાન્તિ પ્રતાપ, ઉદ્યમ, બુદ્ધિ, પ્રજ્ઞા અને અષ્ટાંગયોગ એ બારે ગુણો ભગવાનને પ્રસન્ન કરાવી શક્તા નથી એવુ મારુ માનવું છે કેમકે ગજેન્દ્રને તો ભગવાન ભક્તિ વડે જ પ્રસન્ન થયા.

7/9/10 ભગવાનનો ચાંડાળભક્ત ધર્માચરણ કરનાર બ્રાહ્મણથી ય ઉત્તમ **H2**

આ બાર ગુણવાળો બ્રાહ્મણ હોય છતાં ભગવાનના ચરણ કમળથી વિમુખ હોય તો એવા બ્રાહ્મણ કરતા મન, વચન, કર્મ ધન અને પ્રાણને ભગવાનમાં રાખનાર ચાંડાળ ઉત્તમ છે.

7/9/11 નિસ્પૃહ હોવા છતાં ભગવાન ભક્તની ભેટની સ્પૃહા કરે છે **B2**

પ્રભુ પોતાના સ્વરૂપ લાભ વડે પૂર્ણ છે. એ અજ્ઞાની લોક તરફથી સત્કારની ઈચ્છા કરતા નથી, છતાં દયાળુ છે તેથી એના ઉપાચારને સ્વીકારે છે. આપના અનુગ્રહથી આપનુ નિત્ય દાસત્વ શ્રેષ્ઠ છે. કોઈ કદાચિત બીજાથી રક્ષિત જણાય તો એના પણ રક્ષક આપ જ છો કેમકે આપ સર્વરૂપ છો. જેનામાં જે કાળે જ્યારે જેના વડે , જેનુ, જેનાથી, જેને માટે, જેવુ આ લોકમાં માતાપિતા કે બ્રહ્માદિથી જે કંઈ થાય છે કે વિપરિત બને છે, કે કોઈની પ્રેરણાથી થાય છે, એ બધું આપનુ જ સ્વરૂપ છે.

7/9/24 ભગવાનના દાસોનુ દાસપણું સર્વશ્રેષ્ઠ સુખરૂપ છે. H2E1

તેથી હું પ્રાણીઓના વૈભવના પરિણામને જાણું છું માટે બ્રહ્મલોક સુધીના આયુષ્યની ઈન્દ્રિયોથી ભોગવતા સુખોની અને લક્ષ્મીની હું ઈચ્છા કરતો નથી. તેમજ મહાપરાક્રમી આપની કાળમૂર્તિથી નાશ પામતી સિદ્ધિઓ પણ હું ઈચ્છતો નથી પણ મને તો આપ આપના દાસોની પાસે લઈ જાઓ.

7/9/31 ભગવાનનું સ્વરૂપ B1

હે ઈશ, આ સદ્ અને અસદ્ રૂપ જગત આપનુ રૂપ છે છતાં આપ એ જગતથી જુદા છો "આ પોતાનો અને પારકો" એવી બુદ્ધિ થવી એ જ માયા. જેનાં જેમાંથી ઉત્પત્તિ, પ્રકાશ અને નાશ એ તે રૂપ છે. બધું આપથી થાય છે તેથી ભગવદ્રૂપ છે.

7/9/43 ભગવદ્ ભજન/ભગવદ્ વિમુખ E1 K

હે પરમાત્મન્ આપના પરાક્રમના ગાયન રૂપ આપના ગુણામૃતમાં મારુ મન ડૂબેલું છે તેથી ન તરી શકાય તેવી વૈતરણી પણ હું દુ:ખ માનતો નથી, પરંતુ જેમનું મન તમારી કથાથી વિમુખ છે, જેઓ મિથ્યા ઈન્દ્રિયોના સુખ માટે કુટુંબનો ભાર વહ્યા કરે છે, એવા મૂઢ લોકોનો હું શોક કરુ છું.

7/9/44 સદગુરુ / મહાપ્રભુજીએ પ્રભુની બે આજ્ઞા ઉથાપીને પણ ભૂતલ પર જ રહ્યા E1

હે દેવ ! કદાચ આપ કહો કે "તુ મુક્તિ લઈ લે, બીજાને તો તત્ત્વ જાણનાર મુનિઓ ઉપદેશ આપશે" તો એના ઉત્તરમાં મારે એટલું જ કહેવાનું કે ઘણુ કરીને તો મુનીઓ પોતાની મુક્તિ કરવાની ઈચ્છાથી વનમાં એકાન્ત દેશમાં તપશ્ચર્યા કરે છે માટે તેઓ બીજાનુ કાર્ય સિદ્ધ કરવામાં તત્પર નથી. આ કૃપણ લોકોને છોડી એકલો મુક્તિ મેળવવાની ઈચ્છા રાખતો કોઈ બીજો ઉદ્ધારક હું જોતો નથી.

7/9/50 માંગવા લાયક તો ભક્તિ છે / છ અંગવાળી સેવા E1D1

નમસ્કાર, સ્તુતિ, સર્વ કર્મોનુ સમર્પણ, સેવાપૂજા ચરણકમલોનુ સ્મરણ અને કથાશ્રવણ આ છ અંગવાળી સેવા કર્યા વગર મનુષ્ય પરમહંસ-પ્રાપ્ત-ભગવાનની ભક્તિ કેમ કરી શકે? મુક્તિ મળે નહિ અને સેવા વિના ભક્તિ કેમ સિદ્ધ થાય ? આપ તો પોતાના પરમપ્રિય ભકતજનોનું, પરમહંસોનુ સર્વસ્વ છો તેથી મને આપની ભક્તિ આપો.

7/10/4 નિષ્કામ ભક્તિ E1

હે જગદ્ગુરુ ! પરીક્ષા સિવાય આવું કહેવામાં કોઈ કારણ દેખાતુ નથી કારણકે આપ બહુ જ દયાળુ છો આપની પાસે જે સેવક પોતાની કામનાઓ પૂર્ણ કરવા ચાહે છે તે સેવક નથી વાણિયો છે.

7/10/11 ભગવાનમાં ચિત્તરાખી ભગવદીચ્છા જાણી ભોગ કરવો ભક્તિ અંતર્ગત ભોગ E1

હે પ્રહલાદ ! તારા જેવા અનન્ય ભક્તો આ લોક તેમજ પરલોક સંબધિ કોઈ પણ વસ્તુ માટે ક્યારે ય પણ કામના કરતા નથી, તો પણ તું મારી પ્રસન્નતા માટે વધારે નહિ ફક્ત એક મન્વંતર સુધી ભોગ કર.

7/10/18 ભક્ત ૨૧ પેઢી તારે છે H2

હે સાધો ! કુળને પવિત્ર કરનાર તું એના કુળમાં જનમ્યો છે તેથી તારા પિતા એકલા જ નહિ પણ એના આગળ પાછળના દશ દશ પુરુષ પવિત્ર થયા એમ સમજ.

7/10/19 ભક્ત તદ્દન અપવિત્રને પણ પવિત્ર કરનાર છે H2

સમાન દૃષ્ટિવાળા મારા ભક્તો જ્યાં જ્યાં શાન્ત અને શુદ્ધ આચારયુક્ત થઈને ફરે છે તે દેશ અપવિત્ર હોય તો પણ એ ભક્તોના પ્રચારથી પવિત્ર થાય છે જો અતિઘોર વંશમાં મારો ભક્ત જન્મે તો એ વંશ પણ હલકો હોય છતાં પવિત્ર થાય છે.

7/13/7-8 સંન્યાસીએ શું ન કરવું C2

અસત્ શાસ્ત્રમાં આસક્ત થાય નહિ, કોઈ પણ ધંધાથી જીવિકા ચલાવે નહિ, વાદ-વિવાદમાં તર્ક કરે નહિ અને આગ્રહથી કોઈ પણ પક્ષ લઈને લડે નહિ, ઘણા શિષ્યો કરે નહિ, બહુ ગ્રન્થનો અભ્યાસ ન કરે, ગ્રંથોની વ્યાખ્યા ન કરે, આશ્રમ બાંધી એનો માલિક ન બને કેમકે એમ કરતાં કોઈનું ભલું-બુરું કરવાનો પ્રસંગ આવે છે.

7/13/21 અનન્ય ભક્તિનો પ્રભાવ E1

તમારી અનન્ય ભક્તિને લીધે તમારા હૃદયમાં નારાયણ ભગવાન સદા બિરાજે છે. ભગવાન હરિ શુદ્ધભક્તિ વડે જેમ સૂર્ય અંધકારને મટાડે તેમ તમારા હૃદયમાં બિરાજી તમારા હૃદયના અજ્ઞાનને દૂર કરતા રહે છે.

7/14/36 ભગવાનના ભજનમાં સૌનું ભજન આવી જાય છે. B2

જીવોથી ભરેલા બ્રહ્માંડ કોશ રૂપ વૃક્ષનું મૂળ ભગવાન છે. એ ભગવાન રૂપી મૂળનું સિંચન કરવાથી પત્ર-પુષ્પ-ફળ રૂપ સર્વ પ્રાણીને તૃપ્તિ થાય છે.

7/14/38 મનુષ્ય દેહની ઉત્તમતા C2

હે યુધિષ્ઠિર ! એકરસ રહેવા છતાં પણ ભગવાન્ આ મનુષ્ય આદિ શરીરોમાં તેમની વિભિન્નતાને લીધે ન્યુનાધિક રૂપથી પ્રકાશમાન છે. તેથી પશુ-પક્ષી આદિ શરીરો કરતાં મનુષ્ય જ શ્રેષ્ઠ પાત્ર છે અને મનુષ્યમાં પણ જેમાં ભગવાનના અંશ તપ, યોગ વ. જેટલા અધિક હોય તે એટલો જ શ્રેષ્ઠ છે.

7/14/40 અન્ય દેવ ભગવદંશ હોવાથી તેમનો દ્વેષ ભગવાનનો જ દ્વેષ છે K

પરંતુ જો એ મૂર્તિમાં શ્રદ્ધાથી કેટલાક પૂજા કરે અને બીજાનો દ્વેષ કરે તો એ ઉપાસનાનું ફળ એને મળતુ નથી.

7/15/5 સમર્પણ અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો E1

યોગ્ય દેશ અને કાળ કહ્યાં છે તેમાં મુનિના અન્ન સામા વગેરે ભગવાનને ધરીને શાસ્ત્રોક્ત વિધિથી સુપાત્રને ભોજન કરાવે તો એનું ફળ અક્ષય થાય છે અને કામનાને પૂર્ણ કરે છે.

7/15/12 અધર્મની શાખાઓ પણ અધર્મરૂપ જ છે K

અધર્મ રૂપી વૃક્ષને વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા, છલ એવી પાંચ શાખાઓ છે ધર્મને

જાણનાર એ પાંચના અધર્મના જેમ જ ત્યાગકરી ધર્માચરણ કરવું

7/15/13-14 અધર્મની શાખાઓની વ્યાખ્યા K
જે કાર્યને ધર્મબુદ્ધિથી કરવા છતાં, પોતાના ધર્મને બાધ આવે તે વિધર્મ, ક્ષત્રિયને કહેવામાં આવેલો ધર્મ બ્રાહ્મણને પરધર્મ. બીજાને છેતરવા પાખંડથી કરેલો ઉપધર્મ અથવા ઉપમા છે. શાસ્ત્રનાં વચનોનાં બીજા જ પ્રકારનો અર્થ કરી કરેલો ધર્મ છલ અને શાસ્ત્રે ન કહ્યુ હોય છતાં પોતાનું મનમાન્યું કરવું એ ધર્માભાસ. આ પાંચ અધર્મના ભેદ દુ:ખકારક છે. સાચો ધર્મ સર્વને શાન્તિ આપે છે.

7/15/26 ગુરુદેવ J
હૃદયમાં જ્ઞાનનો દીપક પ્રગટાવનાર ગુરુદેવ સાક્ષાત્ ભગવાન જ છે. જે પુરુષ એને મનુષ્ય સમજે છે તેનુ બધું શાસ્ત્રશ્રવણ હાથીના સ્નાનની જેમ વ્યર્થ છે.

7/15/29 લોકસેવાથી સંસાર જ મળે, મોક્ષ નહિ F1K
જેમ ખેતી વ. ઉદ્યમો યોગના ફળરૂપ મોક્ષને અપાવવાને સમર્થ નથી પણ એથી જીવનનિર્વાહ થાય છે, તેમ વાવ-કુવા-ધર્મશાળા બંધાવવી વગેરે ધર્મો સંસાર આપનાર છે, મોક્ષ આપવા સમર્થ નથી.

7/15/46 ભગવાનનો અનાશ્રય પતન નોંતરે K
અચ્યુતનો આશ્રય કર્યા વગર ઈન્દ્રિયોરૂપી બહિર્મુખ ઘોડા તથા બુદ્ધિ રૂપી સારથી ગાંડા બનીને વિમાર્ગે લઈ જાય છે અને વિષયરૂપી લૂંટારા એ રથને મૃત્યુરૂપી ભયવાળા ગાઢ અંધકારવાળા સંસાર રૂપી મોટા કુવામાં ફેંકી દે છે.

7/15/75 ભગવાન પોતાના ઘરમાં બિરાજે તે મહાભાગ્ય D1
આ લોકોમાં તમે બડભાગી છો કેમકે તમારા ઘરમાં સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા મનુષ્યનુ રૂપ ધારણ કરી ગુપ્ત રીતે બિરાજી રહ્યા છે, તેથી જ સંપૂર્ણ જગતને પવિત્ર કરી દેનારા ઋષિમુનિઓ ફરી એમના દર્શન કરવા દશેય દિશામાંથી તમારી પાસે આવ્યા કરે છે.

8/1/9 પરમાત્મા B1
વિશ્વને જે ચેતન આપે છે પણ વિશ્વ જેને ચેતન આપી શકતુ નથી, આ વિશ્વ ઊંઘે છે ત્યારે પણ જે જાગે છે અને જગત જાણતું નથી પણ જે જગતને જાણે છે તે પરમાત્મા છે.

8/1/10 પોતાના વિત્તથી જ સમર્પિત જીવન જીવવું E1
આ જગતમાં જે કંઈ સ્થાવર જંગમ પદાર્થ છે તે બધું પરમાત્માના આવેશથી સત્તા અને ચેતનાવાળું છે, તેથી એણે આપેલી વસ્તુને પ્રસાદના ભાવથી ગ્રહણ કરી એનાથી નિર્વાહ કરે, કોઈ ધનની સ્પૃહા ન કરે.

8/1/12 પરબ્રહ્મ B1
જેને આદિ, અંત કે મધ્ય નથી, જેને સ્વ કે પર નથી, અંદર કે બહારનો ભેદ નથી સ્વ-પર નો ભેદ જેનાથી થાય છે તે સત્યરૂપ બ્રહ્મ પૂર્ણરૂપ છે.

8/1/13 પરબ્રહ્મ B1

વિશ્વ જેનું સ્વરૂપ છે, જેનાં બહુ નામ છે, જેની સર્વની ઉપર સત્તા છે, જે સત્ય સ્વરૂપ છે, જે સ્વયં પ્રકાશરૂપ છે, જે અજન્મા અને અનાદિ છે, તે સર્વભવન સમર્થ આત્મશક્તિ વડે આ જગતના જન્મ વ. ને ધારણ કરે છે અને વિદ્યા વડે માયા શક્તિને દૂર કરી નિશ્ચેષ્ટ રહે છે.

8/1/15 C1

પોતાના આત્મામાં સંતુષ્ટ રહે તો કર્મબંધન ન થાય. આમ તો ભગવાન પણ કર્મ કરે છે. છતાં એ એમાં બંધાતા નથી કેમકે આત્માના લાભથી પૂર્ણકામ છે. ભગવાનને જેઓ અનુસરે તેઓ પણ સંસારના બંધનમાં બંધાતા નથી.

8/1/16 ભગવાનની ચેષ્ટા લોક શિક્ષાર્થ B2

ભગવાન કર્મની ચેષ્ટા કરે છે છતાં પોતાના સ્વરૂપને જાણનાર હોવાથી નિરભિમાન છે, નિરભિલાષ છે, અને કોઈ પ્રેરણા કરી શક્તો નથી. એ પોતેજે કરે છે તે લોકોને શિખવવા માટે કરે છે. પોતાના માર્ગને છોડતા નથી. એવા સમગ્ર ધર્મના પોષક પ્રભુને શરણે જાઉ છું.

8/2/33 ભગવાન જ સર્વના પતિ રક્ષક છે B2

એ સર્વનો ઈશ્વર છે. બળવાન કાળરૂપી સર્પ જે સર્વની પાછળ અત્યન્ત વેગથી દોડે છે, તેના ભયથી જેઓ ઈશ્વરને શરણે આવે છે તેને એ છોડાવે છે. કાળરૂપી મૃત્યુ પણ જેનાથી ભય પામે છે, તેવા ઈશ્વરને રક્ષક જાણી એને શરણે જઈએ.

8/3/3 પરબ્રહ્મ B1

જેમાં આ જગત રહે છે, જેનાથી આ જગત થાય છે, જે કારણ વડે આ થાય છે અને જે રૂપ આ બધું છે, જે આ અને બીજાથી જુદા છે તે સ્વતંત્ર ભગવાનને હું શરણે જાઉ છું.

8/3/4 પરબ્રહ્મ B1

જે પોતાની ઈચ્છાશક્તિ વડે ક્વચિત નામ રૂપે પ્રકટ થતું તો ક્વચિત્ નામરૂપના ભેદ વગર સ્વરૂપમાં રહેતું તેવા કાર્યકારણાત્મક, જગતને જે નિત્યજ્ઞાન વડે સાક્ષી રૂપે જૂએ છે, તે બધાનું મૂલ છે અને પોતાનું મૂલ પણ તે જ છે, કોઈ બીજુ તેનું મૂલ નથી. તે જ સમસ્ત કાર્ય અને કારણથી અતીત પ્રભુ, મારી રક્ષા કરે છે.

8/3/8 પરબ્રહ્મ B1

જેને જન્મ કે કર્મ નથી, નામ કે રૂપ નથી, ગુણ કે દોષ નથી, છતાં એ લોકની સૃષ્ટિ અને સંહાર કરવા માટે નામ, રૂપ, જન્મ-કર્મ અને ગુણ-દોષ પોતાની માયાશક્તિ વડે સમયને અનુસરીને સ્વીકારે છે.

8/3/11 ભગવાન B2

વિવેકી પુરુષ કર્મ-સંન્યાસ અથવા કર્મ-સમર્પણ દ્વારા પોતાનું અંતઃકરણ શુદ્ધ કરીને પ્રાપ્ત કરે છે તથા જે સ્વયં તો નિત્ય મુક્ત પરમાનંદ અને જ્ઞાન સ્વરૂપ છે જ પણ બીજાને

કૈવલ્યમુક્તિ દેવાનું સામર્થ્ય પણ એમના એકલામાં જ છે.

8/3/12 ભેદસહિષ્ણુ અભેદ **B2**

જે સત્વ રજ અને તમ એ ત્રણ ગુણોનો ધર્મ સ્વીકારી ક્રમશ: શાન્ત ઘોર અને મૂઢ અવસ્થા પણ ધારણ કરે છે, એ ભેદરહિત સમભાવથી સ્થિત જ્ઞાનઘન પ્રભુ છે.

8/3/20 અનન્ય ભક્ત **H2**

ભગવાનને શરણે જઈ જેઓ એક એને જ ભજનારા છે તેઓ ભગવાન પાસેથી કંઈ પણ લેવાની ઈચ્છા કરતા નથી, પરંતુ એમના અતી અદ્‌ભુત ચરિત્રનુ ગાન કરતા આનંદ સમુદ્રમાં મગ્ન રહે છે તેવા ભગવાનની સ્તુતિ કરુ છું.

8/3/32 દૈન્ય તત્ તોષ સાધનમ્ **H2**

હાથીને તો મહાબળવાન ઝૂડે પાણીમાં પકડી રાખ્યો હતો તેથી એ અત્યંત દુ:ખી હતો. એણે હાથમાં ચક્ર ધારણ કરેલા હરિ ભગવાનને ગરુડ ઉપર બિરાજેલા જોયા એટલે પોતાની સૂંઢમાં એક કમળ લઈ એને ઉપર ઉઠાવ્યું અને દીન આર્તિપૂર્વક બોલ્યો "નારાયણ ! અખિલગુરો ! ભગવાન આપને હું નમું છું."

8/4/6 ભગવાનનો સ્પર્શ ભગવદીય બનાવી દે છે **F1**

ગજેન્દ્ર પણ ભગવાનનો સ્પર્શ થતાં જ અજ્ઞાનના બંધનમાંથી મુક્ત થઈ ગયો. તેને ભગવાનનું જ રૂપ પ્રાપ્ત થઈ ગયું. તે પિતાંબરધારી અને ચતુર્ભૂજ બની ગયો.

8/4/11 અપનો દોષ તુ દેખ સખી રી - (ભગવદીય) સ્વદોષ દર્શન **H2**

એમ બોલીને શાપ અને વરદાન દેવા સમર્થ અગસ્ત્ય શિષ્યોની સાથે ત્યાંથી રવાના થઈ ગયા, ત્યારે રાજાએ ધૃષ્ટદ્યુમ્ને પણ ધાર્યું કે "મારું પ્રારબ્ધ જ આવું હતું જે થયું તે ઠીક થયું."

8/4/12 ભક્તિ ગમે તે યોનિમાં પણ ભગવદ્ વિસ્મૃતિ થવા દેતી નથી **E1**

ત્યાં તો એને આત્માની વિસ્મૃતિ કરાવનાર હાથીનો દેહ પ્રાપ્ત થઈ ગયો. પરંતુ ભગવાનની ભક્તિનો પ્રભાવ જ એવો છે કે હાથીના દેહમાં પણ ભગવાનની સ્મૃતિ થઈને જ રહી.

8/5/30 પ્રભુ સાધન સાધ્ય નહિ કૃપા સાધ્ય છે. અનુગ્રહ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિ. **B2**

જેની માયા વડે લોક મોહ પામી પોતાના લક્ષ્યને ચૂકી જાય છે. તે માયાનો કોઈ પાર પામી શકતું નથી. તે માયા અને તેના ગુણોને જેણે વશ કરી, જે સર્વ પ્રાણીમાં સમાનરૂપે વિચરણ કરતા રહે છે. જીવ પોતાના સાધન બલથી નહિ પણ એમની કૃપાથી જ એમને પ્રાપ્ત કરી શકે છે.

8/6/9 ભક્તિશાસ્ત્રને અનુસરવું **A1**

હે પુરુષશ્રેષ્ઠ ! શ્રેયની ઈચ્છાવાળા લોકોને વૈદિક તેમજ નારદપંચરાત્ર વગેરે કહેલ તાન્ત્રિક ઉપાયો વડે આ તમારા રૂપનું આરાધન કરે છે તેથી આપનું રૂપ અનાદિ છે, અત્યારે જ નવું પ્રકટ થયું નથી, આપ વિશ્વમૂર્તિ છો તેથી ત્રણ લોકની સાથે અમને

પણ આપના સ્વરૂપમાં નિશ્ચયપૂર્વક જોઈ શકીયે છીયે.

8/6/11 આપણો નિર્ગુણ ભક્તિમાર્ગ છે **E1**

આપનો આશ્રય કરી રહેલી આપની માયા વડે આ જગતને બનાવી એમાં આમ અંતર્યામી રૂપથી બિરાજો છો. તેથી જ વિવેકી અને શાસ્ત્રજ્ઞપુરુષ ખૂબ સાવધાનીથી પોતાના મનને એકાગ્ર કરી, આ ગુણો વિષયો ખૂબ હોવા છતાં પણ આપના નિર્ગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે.

8/6/12 સર્વમાં સારરૂપ શ્રીકૃષ્ણ **B2**

જેવી રીતે યુક્તિથી માણસ કાષ્ઠમાંથી અગ્નિને, ગાયમાંથી ઘીને, પૃથ્વીમાંથી અન્નને, પૃથ્વીમાંથી જળને અને ઉદ્યોગથી આજીવિકા મેળવે છે. તેમ ભક્તિયોગ, જ્ઞાનયોગ વગેરે દ્વારા આપને આ વિષયોમાં જ પ્રાપ્ત કરી લે છે અને પોતાના અનુભવ પ્રમાણે આપનું વર્ણન કરે છે.

8/9/29 સર્વદેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ **E/B2**

મનુષ્યને પોતાના દેહ અને પુત્રાદિ માટે પ્રાણ, ધન, વાણી, કર્મ અને મન વડે જે કંઈ કરે છે તે ભેદબુદ્ધિથી કરે છે તેથી એનું ફળ એને મળતું નથી અને વૃથા જાય છે, પરંતુ જો તેઓ જે કંઈ કરે એ અભેદ બુદ્ધિથી કરી ભગવદ્ અર્પણ કરે તો એનું ફળ જલ્દી મળે. જેમ વૃક્ષના મૂળમાં જળ સિંચન કરે તો થડ ડાળીઓ અને પાન બધાંને પહોંચી જાય તેવી જ રીતે ભગવાન્ માટે કર્મ કરવાથી તો બધાંને માટે થઈ જાય છે.

8/12/43 પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ **B2**

એમણે કહ્યું "હું શિવજી વિદ્યાનો અધિપતિ છું, છતાં પણ દૈવત એવા અજન્મા પુરુષની માયાથી મોહિત થઈ ગયો, તે માયાને તમે પણ જોઈ."

8/17/8 પરમાનંદ રૂપે તુ કૃષ્ણ સ્વાત્મનિ નિશ્ચય: **B2**

અદિતિ - હે ઈશ્વર ! આપ યજ્ઞના સ્વામી છો અને સ્વયં યજ્ઞ પણ છો. આપના ચરણકમલોનો આશ્રય કરી લોકો ભવસાગરને તરી જાય છે. આપના યશકીર્તનનું શ્રવણ પણ સંસારમાંથી તારનારું છે. આપના નામોના શ્રવણ માત્રથી જ આનંદ-મંગળ થઈ જાય છે. આપ દીન હીનના સ્વામી છો, અમારું કલ્યાણ કરો.

8/17/17 સેવા ફલાત્મક છે **D1**

જે મારી સેવા કરે છે તેને એ સેવા એની શ્રદ્ધાને અનુકૂળ હોય, એવું ફળ આપે છે. એ કદાપી વ્યર્થ જતું નથી.

8/19/23 ભગવાનની માયા બહુ શક્તિમાન છે **K**

મેં સાંભળ્યું છે કે પૃથુ ગય વગેરે રાજાઓ સાતેય દ્વિપોના અધિપતિ હતા પરંતુ એટલું ધન અને ભોગની સામગ્રી મળવા છતાં તેઓ તૃષ્ણાનો પાર પામી શકયા નહોતા.

8/20/4 સત્ય સંકલ્પતોર્વિષ્ણુ નાન્યથાતુ કરિષ્યતિ / સદાચાર **C2**

આ પૃથ્વીએ કહ્યું છે કે - અસત્યથી મોટો બીજો કોઈ અધર્મ નથી. હું બધાનો ભાર

સહન કરી શકુ છું પણ ખોટું બોલવાનો ભાર મારાથી સહન થઈ શકતો નથી.

8/22/3 અસાધુવાદથી ડરવું / દુ:સંગથી ડરવું K

હું મારા સ્થાનથી પડું, નરકમાં જઉ, દોરડા થી બંધાઉં કે નાશ ન પામે તેવા અપાર દુ:ખમાં આવી પડું તેથી હું નથી ડરતો. હુ આ ખરાબ છે એવા અસાધુવાદથી ડરું છું.

8/22/24 अनुग्रह पुष्टिमार्गे नियामक ईति स्थिति B2

आसकतो मगवानेव शापं दापयति कवचित् (પુ. પ્ર મ. ૧૬)

હું જેની પર અનુગ્રહ કરુ છું તેનું દ્રવ્ય ખેંચી લઉ છું. જે પૈસાના મદથી લોકોભિમાની તથા અનમ્ર થઈ જાય છે તે લોકનું તેમજ મારું અપમાન કરે છે.

8/22/26 અનુગ્રહ દોષહારક B2

એમાં ઉત્તમકુળમાં જન્મ, ઉત્તમ કર્મ, સુદર રૂપ, વિદ્યા, ધન અને ઐશ્વર્ય હોવા છતાં જો એને ગર્વ ન થાય તો મારો એની ઉપર અનુગ્રહ છે એમ સમજવું.

8/22/27 ભક્ત નિર્મોહી છે H2

ઉપર ગણાવ્યાં એ જન્મ-કર્મ વ. અભિમાન અને જડતા ઉત્પન્ન કરે છે. એ બધાં શ્રેયનાં પ્રતિબંધક છે. પરંતુ એમાં મારા ભકતને મોહ થતો નથી તેથી હુ એને સંપત્તિ વ. આપું છું પણ અભકતોનો તો એ નાશ કરે છે એથી એની સંપત્તિ હરી લઉ છું.

8/23/6 ભગદ્ અનુગ્રહ B2

જેને ચરણે આખું જગત પડે છે તેવા આપ અમારા જેવા અસૂરના કિલ્લાના રક્ષક બન્યા, આવી કૃપા તો આપે બ્રહ્માડમાં શિવજી કે લક્ષ્મીજી પર કરી નથી જણાતી તો બીજા પર ક્યાંથી જ કરી હોય ?

8/23/15 ભગવાન નામની અપૂર્વતા C1

જેણે પોતાનાં કર્મ સમર્પિત કરી દરેક પ્રકારે યજ્ઞેશ્વર યજ્ઞપુરુષ આપની પૂજા કરી છે તેવા બલિરાજાના કર્મોમાં કોઈ ત્રૃટિ, વિસમતા કેવી રીતે હોઈ શકે ?

8/23/16 ભગવન્ નામની શ્રેષ્ઠતા D2

કારણકે મંત્રોની અનુષ્ઠાન-પદ્ધતિની, દેશ, કાલ, પાત્ર અને વસ્તુની બધી ય ભૂલો આપના નામના સંકીર્તન માત્રથી સુધરી જાય છે. આપનુ નામ બધીજ તૃટીઓને પૂર્ણ કરી દે છે.

8/23/17 आज्ञैव कर्या सततं स्वामी द्रोहोन्यथा भवेत् (અં.પ્ર.૪) **E1**

તો પણ હે અનંત આપની આજ્ઞા પ્રમાણે હું કરીશ. મનુષ્યમાટે સૌથી મોટું શક્તિશાળી કલ્યાણસાધન એજ છે કે તે આપની આજ્ઞાનુ પાલન કરે.

8/24/5 ભક્ત પ્રિયત્વ B2

આમ તો ભગવાન્ બધાના એક માત્ર પ્રભુ છે છતાં ગાય, બ્રાહ્મણ, દેવતા, ભક્ત, વેદ, ધર્મ અને અર્થનો રક્ષા કરવાને માટે શરીર ધારણ કરે છે.

8/24/30 ભગવદાશ્રય **E3**

જેવી રીતે દેહ વ. અનાત્મ વસ્તુઓમાં મમતાનું અભિમાન કરનાર સંસારી પુરુષોનો આશ્રય વ્યર્થ છે તેવી રીતે આપના ચરણોનો આશ્રય તો વ્યર્થ થઈ શક્તો નથી કારણ કે આપ બધાના નિ:સ્વાર્થ પ્રેમી, પરમ પ્રિયતમ અને આત્મા છો.

8/24/50 तदमावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेःक्वचित् (सर्व नि २३२) **J**

જેમ આંખ વિનાનો માણસ આંધળાને દોરે છે તે પ્રમાણે મૂર્ખ ગુરુ અને અજ્ઞાની ચેલાનો સંબંધ હોય છે. જેમ આંધળો નિયત સ્થાન પર પહોંચાડી શક્તો નથી તેમ મૂર્ખ ગુરુ અજ્ઞાનીનું શ્રેય કરી શકતો નથી. તેથી સુર્ય-ચંદ્ર જેમનાં નેત્ર છે તેવા સ્વયં પ્રકાશરૂપ આપને ગુરુ કરી આપના સ્વરૂપને જાણવાની ઈચ્છાથી આપને શરણે આવ્યા છીયે.

9/2/11-12 ભક્તિથી પ્રભુમાં ચિત્ત પ્રવણતા **E1**

चेतस् तत् प्रवण सेवा (सि मु)

સર્વ પ્રાણીમાં સમ દૃષ્ટિ રાખવાથી તથા પર અને પરમ શુદ્ધ એવા વાસુદેવ ભગવાનની ભક્તિ કરવાથી એ એમાં એકચિત્ત થઈ ગયો, એણે સંગ છોડી દીધો, ચિત્તને શાન્ત કરી દીધું અને પ્રભુ ઈચ્છાથી જે કંઈ મળે તેનાથી એ દેહનો નિર્વાહ કરવા લાગ્યો.

9/4/21 સમર્પણથી તાદાત્મ્ય **E1**

એવી રીતે પોતે જે જે કર્મ કરતા તે બધું જ ભગવાનમાં અપર્ણ કરતાં. એને ભગવાનમાં સર્વાત્માભાવ થઈ ગયો અને ભગવદ્ ભક્ત બ્રાહ્મણોની આજ્ઞાથી પૃથ્વીનું રાજ્ય કરતા હતા.

9/4/26 મર્યાદાભક્તિથી વિષયોમાં વૈરાગ્ય **C2**

ભક્તિ અને તપરૂપ સ્વધર્મવડે ભગવાનને પ્રસન્ન કરતા એ અમ્બરીષ રાજાએ ધીમે ધીમે બધી આસક્તિઓને છોડી દીધી.

9/4/28 ભક્ત ચાહે તો પણ એકાંતિક ભક્તની રક્ષા પ્રભુ કરે છે **H2**

ભગવાને એ અંબરીષને શત્રુને ભય કરે તેવું ચક્ર આપ્યું હતું કેમકે એ એકાંત ભક્ત હતો. શત્રુનું ધ્યાન રાખવા જતાં ભગવાનમાંથી ચિત્તને ચલિત કરવાનું ભક્તને પોષાય નહિ, એટલા માટે ભગવાન્ એની ભક્તિથી પ્રસન્ન થઈ, એની રક્ષા માટે આપ્યું હતું.

9/4/63-70 ભક્તિને કારણે ભગવાન ભક્તાધીન થઈ જાય છે **E1 B2**

શ્રીભગવાને કહ્યું, હું ભક્તને આધીન છુ. હે બ્રહ્મન ! એની પાસે હું સ્વતંત્ર નથી. સાધુભક્ત પુરુષો મારા હદયને કબજે કરી બેઠા છે. હું પણ ભક્તને જોઈને પ્રસન્ન થાઉં છું. સત્યપુરુષો એવા મારા ભક્ત વિના હું મારા આત્માને પણ ઈચ્છતો નથી તેમજ મારાથી અભિન્ન એવી મારી લક્ષ્મી કે જેને મારા સિવાય બીજું કોઈ નથી, તેને પણ હું મારા ભક્તની અપેક્ષાએ ગૌણ ગણું છું કેમકે જે સ્ત્રી ઘર પુત્ર મિત્ર પ્રાણ ધન આલોક તથા પરલોકને છોડીને મારા રક્ષણ નીચે આવ્યા હોય, તેઓને હું કેમ છોડી શકુ ? તેઓએ મારામાં પોતાનું હદય બાંધી દીધું હોય છે. જગત્ પ્રત્યે સમાન દૃષ્ટિથી જોનારા

હોય છે તેથી જેમ સારી સ્ત્રી સારા પતિને વશ કરે તેમ એ ભક્તોએ મને પ્રેમ વડે વશ કરી લીધો છે. એમને સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિ આપવામાં આવે છે છતાં તેઓ મારા સિવાય એને પણ ઈચ્છતા નથી. તેઓ કેવળ સેવાથી જ કૃતાર્થ છે પૂર્ણ છે. તે એ કાળથી નાશ પામતા સ્વર્ગ આદિની તો ઈચ્છા જ કેમ કરે ? ભક્તો મારું હૃદય છે. હું ભક્તોનું હૃદય છું. મારા વગર એ કંઈ જાણતા નથી.

9/9/6 ભક્તોના હૃદયમાં હરિ બિરાજે છે તેથી ભક્તો પણ પાપનાશક છે H2

હે માતા, જેમણે લોક, પરલોક, ધન, સમ્પતિ અને સ્ત્રી પુત્રની કામનાનો ત્યાગ કર્યો છે, જે સંસારની અહંતા મમતાને છોડી દઈ શાન્ત થઈ ગયો છે જે ભગવદ્ શાસ્ત્ર પરાયણ છે અને લોકોને પવિત્ર કરવાવાળા પરોપકારી સજ્જન છે, તેઓ પોતાના અંગ સ્પર્શથી તમારા પાપોનો નાશ કરી દેશે કારણકે એમના હૈયામાં અઘરૂપ અઘાસુરને મારનારા હરિ નિવાસ કરે છે, એમ ભગિરથે ગંગાજીને કહ્યું.

9/19/14 ભોગથી કામ વધે છે K

કોઈ દિવસ પણ કામ, ભોગ કરવાથી શાન્ત થતો નથી, ઘી નાખવાથી અગ્નિ વધે તેમ ફરી વધતો જ જાય છે.

9/21/6 સર્વાત્મભાવથી સંસારમાં વૈરાગ્ય E1

રન્તિદેવે એનો સત્કાર કર્યો અને જે અન્ન એને મળ્યું હતું તેમાથી શ્રદ્ધાપૂર્વક એનો ભાગ કાઢી આપ્યો કેમકે સર્વત્ર એ જીવમાત્રમાં ભગવાનને દેખતો હતો. તેથી એણે બ્રાહ્મણને ભોજન આપ્યું અને બ્રાહ્મણદેવતા ભોજન કરીને ચાલ્યા ગયા.

9/21/14 પ્રભુએ જેમનુ વરણ કર્યુ છે તે સહજ કૃપાળુ હોય છે. H2

એમ બોલી જળ હતું તે પણ પિપાસાથી મરતા પુલકશન્ રાજાએ આપી દીધુ કેમકે સ્વભાવથી જ રન્તિદેવ ધીરજવાળો અને દયાળુ હતો.

10/1/4 ભગવદ્ ચરિત્ર D2

ભગવાનના ચરિત્રને તો જેની તૃષ્ણા (સાંસારિક) નિવૃત્ત થઈ હોય તે જ ગાઈ શકે છે.

10/1/5 ભગવદ્ આશ્રય E3

જેમ સમુદ્રમાં તિમિંગલ છે તેમ દેવોને જીતનાર ભીષ્માદિ અતિશયોરૂપ તિમંગલવાળા કૌરવના સૈન્યરૂપ દુર્લઘ્ય સાગરને અમારા પિતામહો ભગવાનને નાવ બનાવીને એમનો આશ્રય લઈને એને વત્સપદ જેવડો બનાવી પોતે તરી ગયા.

10/1/7 ભગવદ્ આશ્રય D2

પુરુષ અને કાળ રૂપથી મનુષ્યના હૃદયમાં અને બહાર રહીને મૃત્યુ અને અમૃતને આપનાર તેમજ માયા વડે મનુષ્ય જેવા ભાસતા ભગવાનના ચરિત્રને હે વિદ્વન્ ! આપ કહો

10/1/13 કથામૃત D2

જલ છોડીને હું બેઠો છું અને ભૂખ કે તૃષા બાધા કરતી નથી એનું કારણ હું તો એજ જાણું છુ કે આપના મુખકમળથી શ્રવતા કથારૂપ અમૃતનું હું પાન કરુ છું એ જ મને ભુખ

તરસથી મુક્ત કરે છે તેથી આપ મને કથામૃતથી તૃપ્ત કરો.

10/1/15 ભગવદ્ કથા **D2**

તારી વાસુદેવ ભગવાનની કથામાં સ્થિર રુચિ આ વખતે થઈ એ તારી બુદ્ધિનો નિશ્ચય ઉત્તમોત્તમ ગણાય.

10/1/16 ભગવદ્ કથા **D2**

જેમ ગંવાજલ ત્રિલોકને પવિત્ર કરે છે તેમ વાસુદેવકથાનો પ્રશ્ન કહેનાર પુછનાર અને સાંબળનાર એ ત્રણેને પવિત્ર કરે છે.

10/1/22 પ્રાર્થિત વા તતઃ કિં સ્થાત્ સ્વામ્યભિપ્રાય સંશયાત્ **B2**
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવચ

ભગવાને પૃથ્વીનું દુ:ખ આપણી વિનંતી પહેલાં જ જાણી લીધું છે. ઈશ્વરના ઈશ્વર ભગવાન પોતાની કાળશક્તિ વડે બધા યાદવકુલમાં આવતાર ધારણ કરો.

10/1/24 भगवद् रुप सेवार्थं तत् सृष्टि **D1**

વાસુદેવની કલારૂપ અનંતશેષ જે સહસ્ત્રમુખવાળા છે જે પોતાના સ્વરૂપવડે શોભનાર છે તે ભગવાનનુ પ્રિય કરવાને માટે પ્રથમથી પ્રગટ થશે.

10/1/39 કર્મથી પુનર્જન્મ **D2**

મનુષ્યનો દેહ જ્યારે પંચત્વને પામે છે ત્યારે એ દેહમાં રહેનાર જીવ પોતાના કર્મોને અનુસાર બીજા દેહમાં પ્રવેશ કરીને વર્તમાન દેહને છોડે છે.

10/1/42 અધ્યાસથી સંસાર **D2**

ઉત્પત્તિ અને મરણ એ દેહનો ધર્મ છે આત્માનો ધર્મ નથી આત્મા તેઓના અધ્યાસથી ઉત્પન્ન થાય છે અને મરે છે અધ્યાસથી જીવ પણ ગ્રાહ્ય-અગ્રાહ્ય એને અનુસરીને કરે તેથી બીજા દેહને માટે પ્રયાસની જરૂર નથી.

10/1/43 બ્રહ્મસંબંધ મંત્ર/અધ્યાસ **B2K**

પોતાના મોહથી બનેલા અને આત્મપણે સ્વીકાર કરેલા દેહ ઈન્દ્રિય, અંત:કરણમાં આ જીવ જો કે સ્વયં બ્રહ્માંશ છે છતાં રાગવશ થઈને અંત:કરણ દેહાદિરૂપે પોતાને સમજીને એના કરેલા દોષને સ્વીકારી મોહને પામે છે જીવને દેહ સંબધ તો ભ્રમથી થયો છે તેથી દેહને લીધે આત્માનો અપકાર ન કરવો જોઈએ.

10/1/58 ધૈર્ય **D3**

સાધુપુરુષને કાંઈ દુ:સહ ન હોય, વિદ્વાનને કંઈ અપેક્ષિત ન હોય, કદર્યને કાંઈ ન કરાય એવું ન હોય અને ધીરજવાને કાંઈ દુ:ખથી છોડવાનું ન હોય.

10/2/6 ભગવાન માયાના પણ પતિ છે / ભક્ત પ્રિયત્વ **B2**

ભગવાન જેના રક્ષક છે તેવા યાદવોને કંસ જ્યારે બહુ દુ:ખ દે છે એ વાત ભગવાને જાણી ત્યારે ભગવાને પોતાની યોગમાયાને હુકમ કર્યો કે હે કલ્યાણી દેવી ગોપી-ગોપી

અને ગાયોથી શોભાયમાન વ્રજમાં તું જા.

10/2/17 ભગવાન માહાત્મ્ય / ભકતનુ માહાત્મ્ય ભગવાનને કારણે B2

જયારે વસુદેવજીમાં ભગવદ્-આવેશ થયો ત્યારે એ, કોઈ પણ પાસે ન આવી શકે તેવા તેજસ્વી થયા તો પછી કોઈ એમનું અપમાન તો કયાંથી જ કરી શકે ? લોકોને એની પાસે જતાંપણ મનમાં ડર લાગે એવા થયા.

10/2/19 જ્ઞાન ખલ K

જ્ઞાની હોવા છતાં બીજો જાણશે તો મારા જેવો થઈ જશે એવી બીકથી વિદ્યાને યોગ્ય અધિકારીને ન આપનાર જ્ઞાનખલ કહેવાય છે. અને તેની તે વિદ્યા શોભતી નથી.

10/2/23-24 નિરુદ્ધાવસ્થા E1

તેથી ભગવાનને વૈરાભાવથી યાદ કરતો કંસ એને પ્રકટ થવાની પ્રતીક્ષા કરવા લાગ્યા. બેસતાં, સુતા,ઊભો થતાં, ભોજન કરતાં, ફરતાં, જળ પીતાં, ઈન્દ્રિયોના સ્વામી ભગવાનનું ચિંતન કરતો કરતો, કંસ સમગ્ર જગતને પોતે ભગવન્મય જોવા લાગ્યો.

10/2/26 સત્યસ્વરૂપ ભગવાન B2

આપ સત્યવ્રતવાળા છો, સત્ય જ ઉત્કૃષ્ટ છે તેવા છો ત્રણ કાળમાં કે ત્રણે લોકમાં ત્રણે અવસ્થામાં સત્ય છો, સત્યમાં રહેનાર છો, ઋત અને સત્યનેત્રવાળા એવા સત્યરૂપ આપને અમો શરણે આવ્યા છીયે.

10/2/27 ભગવાનનુ કાર્ય-સ્વરૂપ B2H

આ જગત વૃક્ષાત્મક છે, તેનુ મૂળ ભગવાન છે, સુખ અને દુઃખ એ એનાં ફળ છે (અથવા સ્વર્ગ અને નરક) ત્રણ ગુણ એ મૂળ છે. ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પ્રપંચ વૃક્ષના રસ છે, પાંચ કર્મેન્દ્રિયજન્મ પાંચ પ્રકારની કૃતિ એના પ્રકાર છે, છ જ્ઞાનેન્દ્રિયો તેનો આત્મા છે કેમકે વિજ્ઞાનમય આત્મા કહ્યો છે, સાત ધાતુ છાલ રૂપ છે, અષ્ટધા પ્રકૃતિ એ એની શાખાઓ છે, નવ છિદ્રો એના બીજ છે, દશ પ્રાણ એના પત્ર છે, એની ઉપર જીવ એન અંતર્યામી નામના બે પક્ષી બેસે છે. તેવું પ્રપંચાત્મા આદિવૃક્ષ આપનુ કાર્ય સ્વરૂપ છે.

10/2/28 માયાથી મોહિત K

આ સત્યરૂપ જગતના આપ જ ઉત્પતિ સ્થાન છો, આપ જ ભયનું સ્થાન છો અને પાલન કરનાર પણ આપજ છો, એને વિદ્વાનો જુદી-જુદી રીતે નથી જોતા પણ આપની માયામાં મોહ પામેલા ભેદભાવથી જુએ છે.

10/2/29 અવતાર ધારણ કરવાનું પ્રયોજન B2

ચરાચર લોકોના કુશળમાટે આપ જ્ઞાનસ્વરૂપ છતાં જુદા-જુદા અવતારોને ધારણ કરો છો આપ સત્વથી રૂપોને સ્વીકારો છો તેથી એ સત્પુરુષોનુ હિત કરો છો અને વારંવાર દુષ્ટોનો નાશ કરો છો.

10/2/31 સંપ્રદાય પ્રવર્તક રૂપ નાવ / મોટાઓ આશ્રય H2 D3

હે પરમ પ્રકાશ સ્વરૂપ પ્રભુ, સંસાર સમુદ્ર બહુ ભયંકર છે. તેને સંપ્રદાય પ્રવર્તકો પોતે તરી જાય છે અને સંપ્રોદાયરૂપ નાવને અહીં બીજાના તરણ માટે છોડી જાય છે, કારણકે એમના હૃદયમાં અત્યંત સૌહદ છે. આપ સત્પુરુષની ઉપર અનુગ્રહ વાળા છો તેથી જે જીવો સત્પુરુષ દ્વારા આપને શરણે આવે છે અને આપના શરણનો આશ્રય કરે છે તેમને આપ સંસાર સમુદ્રને સામે પાર પહોંચાડી દો છો.

10/2/32 અન્યાશ્રય K

કેટલાક પોતાના મનમાં મુક્તપણાનું અભિમાન રાખનાર છે પણ આપના સ્વરૂપમાં ભાવ ન હોવાથી એની બુદ્ધિ શુદ્ધ હોતી નથી. એ કષ્ટથી પરમપદ સુધી પહોંચે છે પણ આપના ચરણનો અનાદર કરવાથી ઊંચે ચડયા છતાં અવલંબનના અભાવે નીચે પડે છે.

10/2/33 ભગવદાશ્રીત D3

આપનો આશ્રય કરનાર એવી રીતે પડતા નથી એનું કારણ એ જ કે તેમને આપની સાથે સૌહાર્દ કર્યુ છે, એથી આપ તેમના રક્ષક બનો છો ત્યારે બધેથી નિર્ભય થઈ વિઘ્ન કરનારના મસ્તક ઉપર પગ મુકી આપના સેવકો ફર્યા કરે છે.

10/2/34 અવતાર લીલાનુ પ્રયોજન B2

મનુષ્યના કલ્યાણને સમીપમાં લાવી આપનાર આપ શ્રીઅંગને ધારણ કરો છો, જે શ્રીઅંગનો આશ્રય કરી મનુષ્યો વૈદિક ક્રિયા, યોગ, તપ અને સમાધિ વડે આપની સેવા કરે છે.

10/2/35 અવતાર લીલામાં આપથી ગુણ પ્રકાશે છે B2

અજ્ઞાન રૂપી ભેદને દુર કરનાર વિજ્ઞાન, આપના સ્વરૂપ પ્રાકટય સિવાય ન જ થઈ શકે. બુદ્ધિ વગેરે ગુણના પ્રકાશવડે માત્ર આપનું અનુમાન થઈ શકે છે પણ જેના સંબંધિ ગુણ પ્રકાશે છે અથવા જેના વડે ગુણ પ્રકાશે છે તે આપનું સ્વરૂપ છે એ આપ અહીં પધારીને જીવ ઉપર કૃપા કરો ત્યારે જ બને, માટે પ્રકાશને માટે શુદ્ધ સત્યને આપે ધારણ કરવું જાઈએ.

10/2/36 અવતાર લીલામાં નામ અને રૂપ B2

આપનાં નામ અને રૂપ, ગુણકર્મ-જન્મ ઉપરથી નથી પડયા પણ આપ તો ગુણાદિના સાક્ષી અને મન-વાણીથી જેના માર્ગનુ માત્ર અનુમાન થઈ શકે તેવા છો, તેનામાં ગુણકર્મ કેમ સંભવે તથાપિ વૈદિક તાંત્રિક ક્રિયામાં આપના નામની પ્રતીતિ થાય છે.

10/2/37 નામસ્મરણની તારકતા / રૂપચિંતન D2

चेतस् तत् प्रवणं सेवा (सिमु)

આપનાં મંગલરૂપ નામ સ્વરૂપને બીજો બોલતો હોય ત્યારે સાંભળે, બીજો સંભળાવનાર ન મળે ત્યારે પોતે ઉચ્ચારણ કરે અથવા કોઈ ન હોય ત્યારે સ્મરણ કરે કે મનથી ચિંતન કરે અને લોક વેદ સંબંધિ કાર્ય કરતાં આપના સ્વરૂપમાં ચિત્તને પરોવે તે આ સંસારમાં ફરી આવતો નથી.

10/2/39 ભગવાનના અવતારનુ કારણ વિનોદ-લીલા B2

આપના જન્મ ન હોય તેથી આપ અભવ છો, છતાં આપને અહીં પધારવુ થયુ એનુ કારણ તો અમે આપના વિનોદ(લીલા) સિવાય બીજુ કાંઈ કહી શકાતા નથી કેમકે જન્મ સ્થિતિ અને નિરોધ એ ત્રણ જીવને દેહાધ્યાસથી થાય છે તેમાં પણ આપના આશ્રયની જરૂર છે.

10/3/8 ભગવાનનો જન્મ નહિ પ્રાકટય છે B2

જ્યારે અર્ધરાત્રીનો સમય થયો, અંધકાર કઈક ઓછો થયો ત્યારે સર્વદેવમય દેવકીજી જે વિષ્ણુરૂપિણી છે તેનામાં સર્વના હૃદયમાં વાસ કરતા વ્યાપક વિષ્ણુ જેમ પૂર્વદિશામાં પુર્ણચંદ્ર પ્રકટે તેમ પ્રકટ થયા.

10/3/13 બ્રહ્મ B1

આપ પ્રકૃતિથી પરપુરુષ છો, કેવળ આનંદ સ્વરૂપ છો, સર્વની બુદ્ધિના દૃષ્ટા છો

10/3/14 જગત ઉત્પન્ન કરી તેમાં પ્રવેશતા દેખાય માત્ર છે. B1

જેનો મે સાક્ષાત્કાર કર્યો તે જ આપના આધિદૈવિક સ્વભાવ વડે ત્રિગુણાત્મક જગતને ઉત્પન્ન કરી એમાં પ્રવેશ કરતા નથી છતાં એમાં પ્રવિષ્ટ થતા હો એમ દેખાવ છો, કેમકે બીજાને માટે જગત કરો તો એમાં આપ પ્રવેશ કરો એમ સંભવે પણ આપ જ જગતરૂપે થાય તેમાં આપને પ્રવેશવાની જરૂર ન હોય તેથી પ્રવેશ કરતા હો તેમ દેખાવ છો.

10/3/19 ભગવાનની વિરુદ્ધ ધર્માશ્રયતા B1

આપને વિશે વિકાર નથી, ચેષ્ટા નથી છતાં આપનાથી આ જગતનાં ઉત્પતિ સ્થિતિ અને લય થાય છે પરંતુ આપ ઈશ્વર હોવાથી એમ થાય તો એમાં વિરોધ નથી.

10/3/24 ભગવાનનાસ્વરૂપના વિશેષણો B1

આપનું રૂપ જેને અવ્યક્ત, આદ્ય, બ્રહ્મ, સ્વયં પ્રકાશ, નિર્ગુણ, નિવિકાર, સત્તામાત્ર, નિર્વિશેષ અને ચેષ્ટારહિત એવા નવ પ્રકારથી કહે છે.

10/3/25 ભગવાનનું "શેષ" નામ B1

બ્રહ્માનું બે પરાર્ધ આયુષ્ય છે તે પુરું થતાં લોક નાશ થાય ત્યારે મહાભૂત અહંકારમાં લીન થાય છે અને કાળના વેગથી વ્યક્ત દેખાતા પદાર્થ અવ્યક્ત પ્રધાનમાં પ્રવેશે છે. ત્યારે આપ એક બાકી શેષ રહો છો એથી આપનુ નામ "શેષ" છે.

10/3/27 ભગવાનના ચરણ અભયદાતા છે KE3

મૃત્યુરૂપ સુર્યથી ભય પામેલા મનુષ્ય સર્વ લોકમાં ફરે છે, પણ એના ભયને દૂર કરનાર કોઈ મળતો નથી તે પ્રભુ ઈચ્છાથી જ્યારે આપના ચરણમાં આવે છે ત્યારે નિર્ભય થઈ સ્વસ્થ થાય છે કારણકે મૃત્યુ પણ અહી આવી શકતું નથી દૂર જ રહે છે.

10/3/29-30 સ્નેહ માહાત્મ્યને ભૂલાવે E1

આ પાપરૂપ કંસ આપનો જન્મ થયો છે એવું ન જાણે એમ કરો મારી બુદ્ધિ ધિરજરહિત થઈ છે. અને કંસને કારણે એ આપને શું કરશે એની મને ચિતાં થાય છે (૨૯) આ

અલૌકિક આપનું રૂપ કે જે ચારભુજોમાં શંખ ચક્ર ગદા પદ્માથી શૌભિત છે તેનુ સાધારણ લોક દર્શન ન કરી શકે એવું આપ કરો (૩૦)

10/3/41 ભગવાન્ સમાન કોઈ નથી B2

શીલ ઔદાર્ય અને ગુણોમાં મારા જેવો બીજો કોઈ લોકમાં ન માળતાં હું જ તમારો પુત્ર થયો.

10/3/45 મહાત્મ્યજ્ઞાન પૂર્વક સ્નેહ-ભક્તિથી જ પરમગતિ E1

તમે બન્ને મારામાં પુત્રભાવ અને વારંવાર બ્રહ્મભાવ રાખીને ચિંતન કરશો. જ્યારે તમને મારામાં સ્નેહ થશે ત્યારે એનાથી તમે પરમગતિને પામશો.

10/4/27 અભદદૃષ્ટિ H2

આ ભેદદૃષ્ટિ જતાં તો શોક, હર્ષ, ભય, દ્વેષ, મોહ, અને મદથી અંધ બની જાય છે પછી તો એમને એ વાતનું પણ ભાન જ નથી રહેતું કે બધાના પ્રેરક ભગવાન જ એક ભાવથી બીજા ભાવના, એક વસ્તુથી બીજી વસ્તુનો નાશ કરાવી રહ્યો છે.

10/4/46 ત્રિગુણની બાધકતા K

એ અસુરોનો સ્વભાવ રજોગુણી હતો. તેમાં ય તમોગુણને લીધે ઉચિત-અનુચિતનો વિવેક જતો રહ્યો. એમનું મૃત્યુ નજીકમાં આવી રહ્યુ હતુ તેથી જ તેમણે સંતોનો દ્વેષ કર્યો.

10/4/47 ભગવદીયોનો અનાદર તો ન જ કરો K

મહાન પુરુષો (ભગવદીયો) નો અનાદર જો પુરુષ કરે છે, તેનું એ કુકર્મ એના આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ કલ્યાણનાં સાધનોનો નાશ કરી દે છે.

10/5/9 પ્રભુના માટે શૃંગારાદિ કરવો તે આત્મકલ્યાણ કારક બની રહે છે D1

યશોદાજીને ત્યાં પુત્રનું પ્રાકટય થયું છે તે જાણી ગોપીઓને પણ ખૂબ આનંદ થયો. તેમણે સુંદર સુંદર વસ્ત્રો, આભૂષણો, અંજન આદિથી પોતાના આત્માનો શૃંગાર કર્યો.

10/5/31 બીનજરૂરી, પ્રભુથી વિમુખ ન રહેવું જોઈએ E1

આપણે મળ્યા, તમે રાજાને કર પણ ભરી દીધો છે તેથી હવે તમારે ઝાઝા દિવસ અહીં રહેવું ન જોઈએ કેમકે ગોકુલમાં ઉત્પાતો છે.

10/6/3 ભક્તિ પ્રતિબંધ દૂર કરે છે E1

સ્વધર્મમાં અથવા રક્ષણના કર્મમાં ભક્તિના પતિ ભગવાનની શ્રવણાદિ નવ અથવા છ ભકિત ન થતી હોય ત્યાં રાક્ષસી આવે છે.

10/6/9 માયાની પ્રભા છેતરે છે K

મખમલનાં મ્યાનમાં છુપાયેલી તીક્ષ્ણ ધારવાળી તલવારની જેમ પુતનાનું હૃદય બહુ જ નિર્દય હતું, એટલું જ નહિ પણ તેની ચેષ્ટાઓ કુટિલ હતી. દેખાવમાં પરમસુંદરી હતી તેથી માતાઓ એની પ્રભાથી અંજાઈ ગયાં તેથી તેમણે પુતનાને રોકી નહિ પણ તેને જોતાં જ રહ્યા.

10/7/2 ભગવદ્ ચરિત્ર D2

જે સાંભળતાં ભગવાનનાં ચરિત્ર સંબંધિ ઉદાસીનતા દૂર થાય, તૃષ્ણા મટે, અંતઃકરણ પવિત્ર થાય અને ભગવદ્ભક્તોમાં સખ્ય થાય તે જ ચરિત્ર કહો.

10/7/39 સ્નેહવશ માહાત્મ્ય અસહ્ય થાય છે (ભક્તને) H2

યશોદાજીએ આખા વિશ્વને એકાએક જોયું ત્યારે એ યશોદાજીને કમ્પ થઈ આવ્યો, એ વખતે મૃગના બચ્ચોમાં નેત્રવાળાં યશોદાજીએ આંખો મીંચી દીધી અને વિસ્મય પામ્યા.

10/8/4 ભગવદીયો કૃપા કરવા જ યાત્રા કરે છે H2

મહાપુરુષોનું ફરવું એ ગૃહસ્થાશ્રમીઓના શ્રેયને માટે હોય છે, નહિ તો દીનચિત્તવાળા માણસોનું શ્રેય થવું અશક્ય થાય કેમકે એ પુરુષો ઐશ્વર્યાદિ ધર્મવાળા હોય છે. તેમને જો કૃપા ન કરવી હોય તો માટે બીજા કયાંય પણ જવાની જરૂર રહેતી નથી.

10/8/16 કૃષ્ણની અનંત લીલા અને નામ B2

ગુણ અને કર્મને લઈને તમારા પુત્રનાં અનં નામ છે એ કેવલ હું જ જાણું છું પણ સંસારના સાધારણ લોકો એટલા નામ જાણતા નથી.

10/8/17 ભગવાનનો આશ્રય તારે E1

ગોપો અને ગોકુલને આનંદ આપનાર આ તમારો પુત્ર તમારુ શ્રેય કરશે આ તમારા પુત્ર વડે તમે બધી મુશ્કેલીઓને સહેલાઈથી તરી જશો.

10/8/33 ભગવાનની ભક્ત પ્રતિ કરુણા B2

પુત્રનું હિત કરનારા યશોદાજીએ શ્રીકૃષ્ણનો હાથ પકડી લીધો એ વખતે બીકને લીધે શ્રીકૃષ્ણનાં નેત્રો વિહ્વળ થઈ રહ્યા હતા. તે સમયે યશોદાજી પુત્રને ધમકાવીને કહેવા લાગ્યાં.

10/8/37 પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવ E1

યશોદાજીએ કૃષ્ણનાં મુખમાં આખું વિશ્વ જોયું જેમા સ્થાવર તથા જંગમ...

10/8/51 કૃપાથી સત્સંગ વિના પણ પ્રીતિ E2

બ્રહ્માજીની આજ્ઞા હતી તેથી જ પુત્રરૂપ જનાર્દન ભગવાનમાં એમની દૃઢ ભક્તિ થઈ. ગોપ અને ગોપીને પ્રીતિ હતી છતાં આ સ્ત્રીપુરુષને સત્સંગ વિના જ એ પુત્રરૂપ ભગવાનમાં એવી પ્રીતિ થઈ કે તેવી બીજાને ન થઈ

10/8/52 ભક્તનું વચન સત્ય કર્યુ B2

શ્રીકૃષ્ણ પણ બ્રહ્માજીની વાત સત્ય કરવાને માટે પોતે સમર્થ છે છતાં વ્રજમાં બળ-દેવજીની સાથે રહી પોતાની બાળલીલાથી વ્રજવાસીઓને આનંદ આપવા લાગ્યા.

10/9/9 ભગવાન સ્નેહથી પરાજીત થાય છે B2

માતાના હાથમાં લાકડી લઈ આવતાં જોઈ ઊખળી ઉપરથી ભય પામ્યા હોય તેમ જલ્દી કૂદીને દોડયા. જેને તપથી પ્રેરીત યોગીઓના શુદ્ધ થયેલા મન પણ પહોંચી શક્તા નથી

તે ભગવાનને પકડવા માટે ગોપી પાછળ દોડયાં.

10/9/19 ભગવાન ભક્તને સ્નેહવશ છે B2

ભગવાન શ્રીકૃષ્ણ પરમ સ્વતંત્ર છે. બ્રહ્મા ઈન્દ્ર સહિત આ સંપુર્ણ જગત એમને વશ છે. છતાં આ પ્રમાણે બંધાઈ જઈને સંસારને એ વાત બતાવી દીધી કે હુ મારા પ્રેમી ભક્તોને વશ છુ.

10/10/7 आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् K
अहंकारेथवा लोक तन्मार्ग स्थापनाय हि

મદિરામાં મત બનેલા લક્ષ્મીના મદથી અંધ બનેલા કુબેરના પુત્રોને જોઈને એમની ઉપર અનુગ્રહ કરી શાપ આપતાં નારદજી આ પ્રમાણે કહેવા લાગ્યા.

10/10/11 દેહ ખાતર આત્માંનુ નુકશાન ન કરાય C2

આ દેહ કોની સમ્પત્તિ ? અન્ન આપને પાલન કરનારની છે ગર્ભાધાન કરાવનાર પિતાની કે નવમાસ પેટમાં રાખનાર માતાના કે માતાને જન્મ આપનાર નાનાની કે જે બળવાન પુરુષ એની પાસેથી જબરદસ્તીથી કામ કરાવી લે તેની ? કે પૈસા આપી ખરીદનારની, ચિતાની ધધક્તી આગમાં દેહને બાળી નાખનાર અગ્નિની કે કુતરા શિયાળ જેને ચુંથી-પીંખીને ખાય જવાની રાહ જોઈને બેઠો છે તેમનો છે ?

10/10/18 ભગવાદીયોની દીનવત્સલતા H2

મુકુંદના ચરણની ઈચ્છાવાળા સાધુપુરુષો સમાન ભાવવાળા હોય છે. એ ધનમાં મદવાળાની ઉપેક્ષા કરે છે કેમકે ધનિકો અસત્ અને અસદાશ્રયવાળા હોય છે એનાથી ભક્તને કંઈ સાધવાનું હોતું નથી. જ્યારે એ દરીદ્રોને જઈને મળે છે, ત્યારે એને ઉપદેશાદિથી શાન્ત કરે છે કેમકે એ દીનવત્સલ હોય છે.

10/10/25 ભગવાનની ભક્ત-વત્સલતા B2

દેવર્ષિ મને ઘણા પ્રિય છે તેથી એ મહાત્માએ જે કહ્યું છે તે હું સિદ્ધ કરીશ કેમકે આ નલકુબર અને મણિગ્રીવ પણ ભક્તકુબેરના પુત્રો છે.

10/10/29 વ્યક્ત જગત સત્ય છે L

નલકુબર મણિગ્રીવ બોલ્યા-હે ભગવન્ કૃષ્ણ ! હે મહા યોગીન્ ! આપ આદ્ય છો, પરમ પુરુષ છો વ્યક્ત વિશ્વરૂપ અને અવ્યક્ત બ્રહ્મરૂપ પણ આપનું જ રૂપ છે.

10/10/34 અવતારીનું અતુલ્ય સામર્થ્ય B2

આપને પ્રાકૃત શરીર નથી છતાંય જ્યારે આપ એવાં પરાક્રમ પ્રગટ કરો છો, જે સાધારણ શરીરધારીઓ માટે શક્ય નથી અને જેનાથી ચડીયાતા તો શું જેની બરાબરી પણ કોઈ કરી શકે નહિ ત્યારે તે દ્વારા તે શરીરોમાં આપના અવતારોની જાણ થાય છે.

10/10/38 નિરોધ લક્ષણ શ્લોક- ૧૭ થી ૧૯ E1

અમારી વાણી આપના ગુણાનુવાદમાં ઉપયુક્ત થાય,આપની કથામાં અમારા કાનનો વિનિયોગ થાય, હાથનો તથા પગનો આપની સેવામાં ઉપયોગ થાય, અમારા મનનો

આપના ચરણારવિંદની સ્મૃતિનો, આપને પ્રણામ કરવામાં અમારા મસ્તકનો અને આપના શ્રીઅંગરૂપ ભક્તોના દર્શનમાં અમારા નેત્રોનો ઉપયોગ થાય એવી કૃપાકરો.

10/10/41 ભગવદીયના દર્શન બંધન છોડાવ H2

જેમ સૂર્યોદય થતાં મનુષ્યોનાં નેત્રો આગળ અંધકાર ટકી શકતો નથી તેમજ, જેમની બુદ્ધિ સમદર્શિની છે અને હૃદય મને સમર્પણ કર્યુ છે તેવા ભગવદીયોના દર્શનથી બંધન રહેતુ નથી.

10/11/7 ભગવાનની મનુષ્યવત્ લીલા B2

સર્વશક્તિમાન્ ભગવાન્ ક્યારેક ગોપીઓના ફોસલાવાથી સાધારણ બાળકોની જેમ નાચવા લાગતા, કયારેક ભોલા-ભાલા અબુધ બાળકની જેમ ગાવા લાગતાં, જાણે કે એમના હાથની કઠપુતળીની જેમ સર્વથા એમને આધીન બની ગયા.

10/11/9 ज्ञानाधिका भक्तिमार्गः (सि.मु १८) B2E1

આ પ્રમાણે સર્વશક્તિમાન્ ભગવાન્ પોતાની બાળ- લીલાઓથી વ્રજવાસીઓને આનંદીત કરતા અને સંસારમાં જે લોકો એમના રહસ્યના જાણકાર છે તેમને એમ બતાવે છે કે હું મારા ભક્તોને આધીન છું.

10/11/39 ભક્તોનાં પ્રાણ ભગવાન છે. भगवानेव हि कलं (પુ. પ્ર. મ) E1

શ્રીકૃષ્ણને બગલો ગળી ગયો ત્યારે રામ વગેરે બાળકો પ્રાણ વગરના દેહ જેવા બની ગયા અથવા પ્રાણ વગરની ઈન્દ્રિયો જેમ ચેતન વગરની દેખાય તેવા બેભાન થઈ ગયા.

10/11/11-12 ભગવદ્ સુખાર્થ જ ભક્તનું જીવન B2

ઉપનંદ નામના ગોપ.... રામકૃષ્ણનુ પ્રિયકરનાર હતા. તેમણે પહેલાં કહ્યું કે ગોકુલનું હિત ઈચ્છનાર આપણે અહીંથી બીજે સ્થળે જવું જોઈએ.

10/12/4 भगव धस्मादस्मिन् स्थितो यत् किमपि कथमपि कवाप्यु पार्हतु मिच्छ E1

त्यद्वा तद गोकुलेश स्ववदन कमल चारु हासे करोति (वल्लाभाख्य)

ભ એ બધાં ઘેરથી નીકળ્યા ત્યારે કાચ ગુંજા મણિ, અને સોનાથી ભૂષિત થયા છે છતાં વનમાં ચાલ્યા ત્યારે ફલ કોમલ પત્ર ફૂલનાગુચ્છ, પુષ્પ, મોરપીચ્છ અને ગૈરિક વગેરે ધાતુઓથી પોતાને શણગાર્યા.

10/12/11 ગોપબાળકોનુ સૌભાગ્ય H2

ભગવાન્ શ્રીકૃષ્ણ જ્ઞાની સંતોને માટે સ્વયં બ્રહ્માનંદની મૂર્તિમાન અનુભવ છે, દાસ્યભાવયુક્ત ભક્તોને માટે એમના સેવ્ય દેવ, પરમ ઐશ્વર્યશાળી પરમેશ્વર છે અને માયામોહિત પ્રાકૃત પુરુષોને માટે માત્ર એક મનુષ્ય બાળક છે. એ જ ભગવાનની સાથે તે મહાન પુણ્ય શાળી ગ્વાલબાલ જાત-જાતની રમતો રમી રહ્યા છે.

10/12/12 વ્રજવાસીઓ/ભક્તોનું સૌભાગ્ય H2

ઘણા જન્મો સુધી શ્રમ અને કષ્ટ સહન કરી જેમણે પોતાની ઈન્દ્રિયો અને અંતઃકરણને વશ કરી લીધાં છે તે યોગીઓને માટે પણ ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમલોની રજ

અપ્રાપ્ય છે. એ જ ભગવાન્ જાતે જે વ્રજવાસી ગ્વાલબાલોની આંખોની સામે બિરાજી સદા ખેલે છે એમના સૌભાગ્ય ના મહિમાનુ શું કહેવું ?

10/12/27 અનન્ય આશ્રિતના રક્ષક ભગવાન્ E3

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः (વિ.ધૈ.આ.૧૦)

બંધાને અભયદાન કરનાર શ્રીકૃષ્ણ, જેને પોતાના સિવાય કોઈ રક્ષક નથી તેવા ગોપ અને વત્સોને પોતાના હાથથી દૂર ગયેલ મૃત્યુરૂપ અઘાસુરના કોળિયારૂપ થઈ ગયેલ જાણી અત્યંત દયા લાવી, દૈવની આ વિચિત્ર લીલાથી પ્રભુ વિસ્મય પામ્યા.

10/12/39 ભક્તને ભગવાન્ ઉત્તમગતિ આપે છે. H2

જેની માનસી મૂર્તિ એકવાર હૃદયમાં ધારણ કરી તો એ ધારણ કરનારને ભગવદ્ભક્તના જેવી ગતિ આપે છે તો તે નિત્ય આત્મસુખરૂપ અને માયાને છોડીને સાક્ષાત્ સ્વરૂપ ધારીને પધારે તેને હૃદયમાં ધરનારને પ્રભુ ઉત્તમ ગતિ આપે એમાં તો કહેવું જ શું?

અધ્યાય-૧૩ સ્કંધ-૧૦

10/13/2 ભગવાનમાં જ ચિત્ત નિરુદ્ધ E1

ભકિતમાન સત્પુરુષોનો આ સ્વભાવ હોય છે કે એમનાં હ્રવ્ય, વાણી, કાન, અને મન પણ ભગવત્ પરાયણ હોય છે એ ભગવાનની વાતને નવી જેવી હંમેશાં સાંભળે છે.

10/13/10 સમર્પણભાવ (સિ.ર) E1

પરસ્પર ભોજ્યમાં પોતપોતાની રુચિ બતાવતા જાય છે હસે છે અને હસાવે છે. પહેલો ભાગ ભગવાનનો તેમને આપી ભગવાનની કૃપાથી અક્ષય અન્નવાળા થઈ પ્રભુ સાથે તેઓ ભોજન કરતા હતા.

10/13/12 चेतस् तत् प्रवणं सेवा (सि मु र) E

ગોપબાળકો ભગવાનમાં મન રાખીને ભોજન કરવા લાગ્યા.

10/13/13 ભગવાનનો ભક્તો પ્રતિ સખ્યભાવ B2

એમને ન જોયાં તેથી ગોપબાળકોને ભય ઉત્પન્ન થયો ત્યારે ભયને પણ ભયંકર શ્રીકૃષ્ણે એમને કહ્યું - મિત્રો તમે જમવું ન છોડો, વાછડાને હું હમણાં લઈ આવું છું.

10/13/18 ભક્તોના હિતેચ્છુ ભગવાન્ કે જે કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે. B2

પછી એ વત્સો અને ગોપ બાલોની માતાઓને અને બ્રહ્માજીને રાજી કરવા માટે વિશ્વના કર્તા શ્રીકૃષ્ણ પોતે જ વાછડાં અને ગોપબાળકો બની ગયા કેમકે પ્રભુ કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ એવા ઈશ્વર છે.

10/13/26 પરમાત્મા પ્રિય હોવાના કારણે આત્મા પ્રિય લાગે છે B1

એ વ્રજવાસીઓને પોતાના પુત્રમાં સ્નેહની વેલ એક વર્ષ સુધી વધતી જ ચાલી જેવી પ્રીતિ પહેલા કૃષ્ણમાં હતી તેવી હમણાં પોતાના પુત્રોમાં થઈ અને કૃષ્ણમાં તો પહેલાં જેવી જ રહી.

10/13/43 ભગવાનની લીલા અપરંપાર છે B2

એમ બ્રહ્માજીએ સારી રીતે ધ્યાન કર્યુ તો પણ સાચાં ક્યાં અને પાછળથી બનાવેલા ક્યાં એનો નિર્ણય કરી શક્યા નહિ.

10/14/3 જ્ઞાનથી ભકિતની અધિકતા/ભગવદ્‌કથાની ઉત્તમતા D2 E1

જ્ઞાનને માટે પ્રયત્ન કરવાનું કહો આપ કહો તો એ જ્ઞાન જીવ અને ઈશ્વર સંબંધિ એમ બે પ્રકારનું છે તેમાં જીવ સ્વરૂપનું જ્ઞાન તો કોઈને થતું નથી. ભગવાનને ઉપર ઉપરથી જાણ્યા તેથી એમને જાણ્યા છે એમ ન કહી શકાય. ભકિતથી જ્ઞાન થાય તે પણ એમનામાં પ્રવેશોપયોગી જ્ઞાન માત્ર થાય છે. તેથી જ્ઞાનને માટે શ્રમ કરવો છોડી દઈ દ્વારકા વ. સ્થાન કે જયાં દેશ દોષ લાગતો નથી ત્યાં બેસીને સત્પુરુષોએ કહેલી આપની કથા શરીર વાણી અને મનને તેને અનુકૂલ કરી જે શ્રવણ કરે છે તે પ્રથમ તો પ્રસિદ્ધ થાય છે અને પછી આપ અજિત છો છતાં એ ઘણું કરીને આપને જીતી લે છે.

10/14/4 ભકિતવિહીન જ્ઞાન દુ:ખરૂપ અને ફળહીન છે. E1 C1

આપની ભકિત બધી જાતના કલ્યાણનું મૂળ છે. જે લોકો તેને છોડી માત્ર જ્ઞાનની પ્રાપ્તિ માટે મહેનત કરે છે અને દુ:ખ ભોગવે છે, તેમને તો ફળરૂપે કેવળ કલેશ જ પ્રાપ્ત થાય છે. બીજુ કંઈ ફળ પ્રાપ્ત થતું નથી. જેવી રીતે ચોખા કાઢી લીધા પછી બાકી રહેલા ફોતરા ખાંડનારને મહેનત દુ:ખ સિવાય બીજો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી અર્થાત ચોખા પણ મળતા નથી.

10/14/5 કર્મના સમર્પણથી પરમગતિ C1 E1

પહેલાં પણ ઘણા યોગીઓ આપનામાં સર્વ કર્મોના ફળને સમર્પણ કરવા રૂપ કર્મથી અથવા સેવા-કથાથી પ્રાપ્ત થયેલ ભકિતથી આપના સ્વરૂપને જાણીને અનાયાસ પરમગતિને પામ્યા છે.

10/14/7 કૃષ્ણની પરબ્રહ્મતા / પરમબ્રહ્મ તુ કૃષ્ણો હિ (સિ.મુ.૩) B2

આપ લોકહિતાર્થ અવતાર ધરી સર્વ ગુણોને સ્વીકારો છો ત્યારે આપના ગુણ અનંત હોઈ કોઈ તે ગણી શકતું નથી. બહુ સમર્થ લોકોએ કાળે કરીને પૃથ્વીના પરમાણુ ગણ્યા હશે, આકાશમાં હીમવર્ષાના કણ ગણ્યા હશે, જયોતિષચક્રમાં તારા ગણ્યા હશે પણ આપના ગુણોને કોઈ ગણી શકયો નથી.

10/14/8 વિવેક ધૈર્ય આશ્રય D3

તેથી જે પુરુષ ક્ષણે-ક્ષણે આતુરતાપૂર્વક આપની કૃપાની જ રાહ જોતો રહે છે અને પ્રારબ્ધ પ્રમાણે જે કંઈ સુખ દુ:ખ આવે તે નિર્વિકાર મનથી ભોગવી લે છે તથા જે પ્રેમપૂર્વક હૃદય, ગદ્‌ગદ્‌ વાણી અને પુલકિત શરીરથી પોતાની જાતને આપના ચરણોમાં સમર્પિત કરતો રહે છે તે જેવી રીતે પુત્ર પિતાની સંપત્તિનો માલિક બને છે તેમ મુકિતનો અધિકારી બને છે.

10/14/11 જીવની ક્ષુદ્રતા G

પ્રકૃતિ મહત્‌તત્વ અહંકાર આકાશ વાયુ અગ્નિ જલ ભૂમિ એવા આઠ આવરણયુકત આ

બ્રહ્માંડરૂપ ઘડામાં સાતવેંતના શરીરવાળો હું કયાં અને જાળીયાના તેજમાં પરમાણુ ઉડે છે તેવા અનેક બ્રહ્માંડો જેના રોમકૂપમાં ઉડે છે તેવા આપની મોટાઈ કયાં ?

10/14/12 વિજ્ઞપ્તિ, પ્રભુનું ઔદાર્ય, જીવનું અંશત્વ E1 B2 G

માતાના ગર્ભમાં બાળક હોય તે પગ ઊંચો કરે અને માતાનું દુઃખ થાય તેથી માતા ગર્ભસ્થ બાળક ઉપર કોપ કરતી નથી કે તેનો અપરાધ માનતી નથી, તો જેને ભાવ અને અભાવ શબ્દથી કહેવાય છે તેવું જગત આપના ઉદરમાં શું નથી ? તેથી એ સર્વમાં હું આવ્યો અને મારો અપરાધ પણ એ બાળક જેવો તે આપે વિચારવા યોગ્ય નથી.

10/14/16 પ્રપંચ (જગત) સત્ય છે. L

આ અવતારમાં બહાર દેખાતો પ્રપંચ સર્વ આપના ઉદરમાં બતાવીને એને માયિકપણું છે એમતો આપે માતા યશોદાજીને શ્રીમુખમાં બ્રહ્માંડ બતાવી સિદ્ધ કરી આપ્યું છે. માતાને બતાવ્યો એ પ્રપંચ આપના સ્વરૂપમાં હોવાથી સાચો છે એમ સિદ્ધ થયું છે એટલે ભગવાનના સ્વરૂપની માયિકતા પણ એનાથી દૂર થઈ ગઈ આપ જેના આધાર નથી તે માયિક છે.

10/14/29 अनुग्रह पुष्टिमार्गे नियामकः ईति स्थिति B2

ભજનમાર્ગ અને ભગવત્ શાસ્ત્ર વગર કેવલ ચિંતન ભગવાનના પ્રાદુર્ભાવમાં સમર્થ થતું નથી તેથી કહે છે હે દેવ ! તમારા બેઉ ચરણની કૃપાના લેશ વડે અનુગ્રહ વાળો જ આપના મહિમાને જાણી શકે છે. એ કૃપા સિવાયનો આપના મહિમાને જાણી શકતો નથી.

10/14/31 નિઃસાધન ફલાત્મા B2

અહો આ વ્રજની ગાયો અને રમણીઓ ધન્ય છે કે જેઓનું સ્તનપાન આપ વત્સરૂપે અને ગોપલાલ રૂપે કર્યુ આપને તૃપ્ત કરવાને આજસુધી યજ્ઞો પણ સમર્થ થઈ શક્યો નથી એવા આપને ગાયો અને વ્રજરમણીઓએ દુધ આપી તૃપ્ત કર્યો એ માટે એમને ધન્યવાદ ઘટે છે.

10/14/32 ભગવાનને વ્રજવાસીઓનું વરણ કર્યુ B2

નંદરાયજી, ગોપો અને વ્રજવાસીઓના ભાગ્યને ધન્ય છે. હકીકતમાં તેઓનું અહોભાગ્ય છે કારણ કે પરમાનંદ સ્વરૂપ સનાતન, પૂર્ણબ્રહ્મ પોતે જ એમના મિત્ર થયા.

10/14/36 ભગવાનના ભક્તના દોષો ભગવાન્ દૂર કરે છે B2

જ્યાં સુધી જીવો આપના સેવક થઈ જતા નથી ત્યાં સુધી જ રાગદ્વેષ વગેરે ચોર થઈ વિવેક ધૈર્યને ચોરી જાય છે, ત્યાં સુધી જ ઘર કેદખાનુ થઈ બંધનકારક બને છે. ત્યાં સુધી જ પુત્ર વગેરેમાં મોહ પગમાંની બેડીની ગરજ સારે છે.

10/14/50 આત્મા એથી પ્રિય છે કેમકે પરમાત્મા પ્રિય છે B1

સર્વપ્રાણીને સ્નેહ તો પોતાના આત્મામાં જ હોય છે. આત્માથી જુદા છોકરાં પૈસા વગર માં સ્નેહ દેખાય છે તે આત્માને લઈને દેખાય છે.

10/14/58 ભગવદાશ્રયથી પરમપદની પ્રાપ્તી E3

જેમણે પુણ્યકીર્તિ મુરારીના પદપલ્લવની નૌકાનો દૃઢ આશ્રય લીધો છે, જે મહાન પદ છે, એમને માટે આ ભવસાગર વાછડાની ખરીથી પડતા ખાડા જેવડો છે. એમને પરમપદની પ્રાપ્તિ થઈ જાય છે. સંસારરૂપ વિપદા રહેતી નથી.

10/15/5 આશ્રયભાવ પૂર્વક પુજન તામસતા મટાડે છે D3

આ વૃક્ષોને તામસભાવે વૃક્ષનો જન્મ મળ્યો છે તે પોતાના તામસ ભાવ (અજ્ઞાન) ને દુર કરાવવા સ્વ મસ્તકને નમાવી ફુલ-ફળ વગેરે ભેટ ધરીને દેવોને પુજે તેમ આપના ચરણાવિંદને નમન કરે છે.

10/15/6 ભક્તે ભગવાનની સમીપ રહી આપની સેવા-કથાનો ગુંજારવ કરવો તે જ મુનીપણું છે. વાનપ્રસ્થાશ્રમ છે. E1

આ ભ્રમરો અખિલલોકને પવિત્ર કરનાર આદિપુરુષ આપનો યશ ગાતાં ગાતાં આપના માર્ગને અનુસરે છે. ઘણું કરીને આ ભ્રમરો આપના ભક્તો મુનીઓ છે તે પક્ષીરૂપ સ્વીકારી ગૂઢ રીતે વનમાં પણ પવિત્ર પોતાના આત્મા અને દેવરૂપ આપને છોડતા નથી.

10/15/7 પોતાની પાસે જે કંઈ સામર્થ્ય છે તે દ્વારા ભગવાનની ભક્તિ કરવી E1

આપ ઘરે પધાર્યા તેથી આ મયૂરો આપને નૃત્ય બતાવે છે આ હરિણીઓ ગોપીઓની જેમ સ્નેહવાળી દૃષ્ટિ દ્વારા આપને પ્રિયાઓની યાદ અપાવી સેવા કરે છે, આ કોકિલાઓના ગણ મધુરવાણી બોલી આદર આપે છે, તેથી આ વનમાં રહેનાર છતાં આતિથ્ય સત્કાર કરી સત્પુરુષના ધર્મ બજાવે છે.

10/15/8 ભગવદ્ કાર્યમાં ધન્યતા અનુભવવી જોઈએ E1

આપના ચરણના સ્પર્શથી આ પૃથ્વી, ઘાસ લતાઓ વગેરે ધન્ય છે. વૃક્ષો અને લતાઓ આપના શ્રીહસ્તના સ્પર્શથી કૃતાર્થ છે. નદીઓ, પર્વતો, પક્ષીઓ વગેરે આપના દયાપૂર્વક સવલોકનથી ધન્ય છે. આપની બે ભૂજાઓની અંદર આવવાથી ગોપીઓ પણ ધન્ય છે કે જે ભૂજાઓની સ્પૃહા લક્ષ્મી કરી રહી છે.

10/15/14 ભગવાનનું અતુલ્ય ભક્તવાત્સલ્ય B2

કવચિત્ ક્રીડા કરતાં બહુ થાકી જાય છે ત્યારે ગોપના ખોળામાં માથુ મૂકી તેની સાથળોનું ઓશીકુ બનાવી બળદેવજી પોઢે છે ત્યારે શ્રીકૃષ્ણ તેમના ચરણ વગેરે દબાવે છે એમ કરી તેમનો શ્રમ નિવૃત્ત કરે છે.

10/15/43 વ્રજસિમંતીનીઓની ભક્તિ E1

નેત્રરૂપ ભ્રમર વડે ગોપીઓ મુકુન્દના મુદકમળના મધુનું પાન કરે છે ત્યારે દિવસના ભગવદ્વિરહનો તાપ શાન્ત થઈ જાય છે. ગોપીજનો ભગવાનનો લજ્જા, હાસ અને વિનયવાળા કરાક્ષથી સત્કાર કરે છે તે સ્વીકારી ભગવાન ગોષ્ઠમાં પધાર્યા.

10/16/10 સમર્પિત ભક્ત-ભગવાનના દુ:ખે દુ:ખી E1H2

એમના મિત્ર ગોપોએ ભગવાનને કાલિયના શરીરથી વિંટળાયેલ અને ચેષ્ટા વગરના જોયા

ત્યારે એ પોતાના પ્રિયને દુઃખી જોઈ દુઃખી થયા. જેમણે પોતાના દેહ સુહૃદ,ધન, સ્ત્રી અને કામનાઓ ભગવાનને અર્પણ કરેલ છે તેવા એ મિત્રો દુઃખ, શોક અને ભય વડે મૂર્છિત બની ઢળી પડયા.

10/16/15 પોતાના સામર્થ્યની ચિંતા વગર ભક્તિ કરવી E1

બાળક,વૃદ્ધો અને સ્ત્રીઓ સુદ્ધાં બધા પશુવૃત્તિ વાળા થઈ જવાથી એટલે કે શરીર-વસ્ત્રોનું ભાન ભૂલી ઘરબાર જેમ તેમ છોડી શ્રીકૃષ્ણના દર્શન કરવા માટે ગોકુળમાંથી અતી દૈન્યયુક્ત થઈને નિકળ્યા.

10/16/37 નિરપેક્ષ આશ્રયભાવ E3

એ ચરણરજ કેવી છે કે જે (જીવો) તે ચરણકમલની રજને શરણે આવેલા છે તેઓ પણ સ્વર્ગની કે પૃથ્વીની સાર્વભૌમ સત્તાની, બ્રહ્માજીના પદની કે રસાતલના આધિપત્યની, યોગિની સિદ્ધિઓની કે મોક્ષની પણ ઈચ્છા કરતા નથી તો પછી જેમને તે રજ પ્રાપ્ત થઈ ગઈ હોય તેઓ તો તેની ઈચ્છા ન કરે એમાં કહેવું શું ?

10/16/50 અવતારકાલમાં બ્રહ્મ હોવા છતાં ભગવાનને સાત્વિકો-પ્રિય છે E1

આ ત્રિલોકીમાં શાન્ત અશાંત અને મૂઢ યોનિઓ આપના જ શરીર છે. અત્યારે સત્પુરુષ તથા ધર્મના રક્ષણને માટે આપ પધાર્યા છો તેથી શાન્ત શરીરો આપને પ્રિય છે. બીજા શરીરો દુઃખ દેનારા હોવાથી આપને પ્રિય નથી.

10/17/23 અનન્ય આશ્રય E3

કોઈરીતે સામનો ના થઈ શકે તેવા કાળરૂપ અગ્નિથી આપના ભક્તો અને મિત્રોની રક્ષા કરો, હે પ્રભો ! અમે આપના નિર્ભય ચરણને છોડવા ઈચ્છતા નથી.

10/19/6 સ્નેહની સિદ્ધ દશા E1

તેમની આ દશા જોઈ ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની મેઘના જેવી ગંભિર વાણીથી નામ લઈ લઈને ગાયોને બોલાવવા લાગ્યા. ગાયો પોતાના નામનો અવાજ સાંભળી હર્ષમાં ગાંડી-ગાંડી થઈ ગઈ. તેઓ પણ જવાબમાં હુંકારો દઈ ભાંભરવા લાગી.

10/19/10 અનન્ય આશ્રય E3

હે કૃષ્ણ ! આપના બંધુઓ આવી રીતે દુઃખી ન થવા જોઈએ. હે સર્વધર્મજ્ઞ ! એમ તો આપને જ નાથ માની આપને ભરોસે રહેનાર છીયે, આપના સિવાય બીજા કોઈને રક્ષક માનનાર નથી.

10/20/2 પોતાના અનન્ય ભક્તોની તામસતા ભગવાનજ દૂર કરે છે. B2

વૃદ્ધ ગોપો અને ગોપીઓ એ સાંભળી વિસ્મિત થયાં અને કૃષ્ણ વ્રજમાં પધારી આપણા જેવા દેખાય છે પણ "એ શ્રેષ્ઠ દેવો છે" એમ માનવા લાગ્યા.

10/20/23 કૃષ્ણાશ્રય (૬) नानावाद विनष्टेषु सर्वकर्म व्रतादिषु

पाषंडैक प्रयत्नेषु कृष्ण अेव गतिर्मम **K**

પાખંડી લોકોના ખોટાવાદથી કલિયુગમાં કર્મ જ્ઞાન ભક્તિ વગેરેનું પ્રતિપાદન કરનાર

વેદમાર્ગો ઉખડી જાય છે.

10/20/34 કૃષ્ણભક્તિ સૌને ઉગારે E1

શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ ચારેય આશ્રમવાળાઓના પાપને દૂર કરે છે.

10/20/44 ભગવાનની શોભારૂપ ભક્તો H2

પૃથ્વીમાં યાદવોના સમૂહથી વીંટળાયેલા શ્રીકૃષ્ણ શોભે છે.

10/20/45 ભક્તને ભગવાનથી જ સુખ થાય છે. H2

સમશિતોષ્ણ વનના ફૂલની સુગંધવાળા વાયુનો આશ્લેષ કરીને લોકોએ તાપ છોડયો પણ જેનાં ચિત્ત શ્રીકૃષ્ણે હરિ લીધાં છે તેવી ગોપીઓના તાપ ગયા નહિ.

10/21/3 કૃષ્ણકીર્તન D2

શ્રીકૃષ્ણને મળવાની તીવ્ર લાલસા જગાવનાર તે કૂજન છે અને વેણુગીત સાંભળીને શ્રીકૃષ્ણની પરોક્ષમાં કેટલીક ગોપીઓ પોતાની સખીઓની પાસે વર્ણન કરવા લાગી.

10/21/4 કૃષ્ણકીર્તનમાં કામાવેગ બાધક D2K

એ વર્ણન કરવાનો આરંભ કરી બેઠી પણ કૃષ્ણલીલાનું સ્મરણ થતાં સ્મરનો વેગ થવાથી ચિત્તમાં વિક્ષેપ થયો તેથી એ વર્ણવી શકી નહિ.

10/21/5 ભગવાનનુ (કૃષ્ણ) રસાત્મક સ્વરૂપ B2

ત્યારે ભગવાને પોતાનુ સ્વરૂપ નાદબ્રહ્મ દ્વારા એમના હ્દયમાં પહોંચાડયુ. એ સ્વરૂપ મોરપીચ્છના મુકુટવાળું, નટ અને વરના જેવું, શ્રીઅંગ કાન ઉપર કર્ણિકાના પુષ્પ ધરેલા, સુવર્ણ જેવું પીળું વસ્ત્ર અને શ્રીકંઠમાં વૈજ્યંતિમાળા ધરી છે. વેણુના છિદ્રોને અધરામૃતથી પૂરે છે. ગોપવૃંદો જેની લોકપાવન કીર્તિ ગાતા આવે છે, એવી રીતે પોતાના ચરણથી રમ્ય દેખાતા વૃંખાવનમાં આપ પ્રવેશ કરે છે.

10/21/6 ભગવદ્ કીર્તન ભેગા મળીને કરે, સેવા એકલાં કરે D2 D1

વેણુ સર્વ પ્રાણીઓના મનને હરી લે છે. પ્રાણીમાત્રના મનને હરણ કરનારા ભગવાનની વેણુના રવને સાંભળતાં વ્રજની બધી સ્ત્રીઓ વર્ણન કરવાને માટે ભેગી થઈને એકબીજાને સાંભળવા સંભળાવવાં લાગી.

10/21/7 भगवानेव हि फलं (प्र प्र म) गोकुलाधिथो धृता सर्वात्मना हृदि (चतुश्लोक) हरिमूर्ति सदा ध्येया दर्शनं स्पर्शनं (नि ल) D1

હે સખીઓ, પશુની પાછળ ચાલતા વ્રજેશના પુત્રનું મુખ જેણે સર્વ ઈન્દ્રિયો વડે સેવ્યું છે અથવા અનુરકિતવાળા કટાક્ષો જેમાંથી છૂટે છે તેવા શ્રીમુખને જેણે નેત્ર દ્વારા હ્દયમાં ઉતાર્યુ છે તેણે જ ઈન્દ્રિયોને સફલ કરી છે અથવા નેત્રનું ફલ પ્રાપ્ત કર્યુ છે કેમકે ઈન્દ્રિયવાળાને એ સ્વરૂપની સેવા સિવાય બીજું ફળ નથી. તેમજ નેત્રવાળાને એના દર્શન સિવાય બીજુ ફળ હોય એમ અમો માનતા નથી એ જ મુખ્ય ફળ છે.

10/21/10 પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ E1

દેવકીસુતના ચરણકમળથી જેને શોભા પ્રાપ્ત થઈ છે તેવું વૃંદાવન પૃથ્વીની કીર્તિને વધારે

છે. એ વૃંદાવનમાં ગોવિંદ નૃત્ય કરે છે તેને જોઈને પાછળથી મયુર નાચે છે ત્યારે પર્વતના શિખરથી લઈને ભૂતલ પર્યંતના સર્વ પ્રાણીઓ પોત-પોતાના વ્યાપાર છોડીને નૃત્યને લક્ષીને શાંત થઈને ભક્તિરસને અનુભવે છે.

10/21/11 નિ:સાધનની ભક્તિ E1

આપણા કરતાં આ હરિણીઓ ધન્ય છે કે જેણે નવો શૃંગાર ધારણ કર્યો છે તેવા નંદકુમારને જોવા માટે પોતાના પતિઓને સાથે લઈને જાય છે અને એના વેણુના રણકારને સાંભળીને ભગવાનની પોતાના નેત્રકમળ વડે પૂજા કરે છે અને ભગવત્કૃત સત્કારને સ્વહૃદયમાં સ્થાપન કરે છે.

10/21/14 અસદાલાપ છોડી ભગવદ્કથાનું જ રસપાન D2

ઘણું કરીને આ પક્ષીઓ વૃંદાવનમાં દેખાય છે તે મુનિઓ છે એમને પક્ષીઓનો જન્મ કેમ થયો હશે ? પણ એ જન્મ ધન્ય છે કે જેની ક્ષણ શ્રીકૃષ્ણમાં જ જાય છે અને એમણે ઉચ્ચારેલા વેણુગીતને સુંદર કોમળ પ્રવાલવાળી વૃક્ષની શાખા ઉપર બેસીને બીજી વાણી બોલવી છોડીને આંખો બંધ કરીને પક્ષીઓ (મુનિઓ) સાંભળે છે. તેથી કૃતાર્થ છે.

10/21/15 ચરણકમળની સેવા D1

ચેતનની વાત જવા દો, જડ એવી નદીઓને પણ મુકુંદનું વેણુગીત સાંભળવામાં આવ્યું ત્યારે એને કામ થયો તે ભમરી પડવાથી જણાયો ત્યારે એણે તરંગ રૂપી ભૂજા વડે ભગવત્ ચરણનું આલિંગન કર્યુ તેથી એનો પ્રવાહ અટકી ગયો. એણે કમળ ભેટ કરીને મુરારિના બન્ને ચરણને તરંગથી પકડી લીધા.

10/21/16 પ્રભુને સુખ થાય તેવી સેવા D1

રામ અને ગોપની સાથે વ્રજના પશુને ચારતા અને વેણુને વગાડતા પોતાના મિત્ર ઘનશ્યામને જોઈને શ્યામઘનને પ્રેમનો ઉભરો આવતાં પોતાના શરીરથી પોતાના મિત્રને છત્ર રૂપે છાયા કરી અને નાની નાની બુંદરૂપ ફૂલો વરસાવી એને ગ્રીષ્મના તાપથી મુક્ત કર્યા.

10/21/17 વ્રજની ભિલડીઓની કૃષ્ણલાલસા E1

અમે તો વૃદાંવનની આ ભિલડીઓને જ ધન્ય અને કૃતકૃત્ય માનીયે છીયે, કેમ કે એમનાં હદય પ્રેમપૂર્ણ છે. જ્યારે તેઓ આપણા કૃષ્ણ પ્યારાના દર્શન કરે છે ત્યારે તેમના હૃદયમાં પણ એમને મળવાની તીવ્ર લાલસા જાગે છે. આપણા પ્રિયતમની પ્રેયસી ગોપીઓ પોતાના વક્ષ:સ્થલ ઉપર જે કેસર લગાવે છે તે શ્યામસુંદર ના ચરણોમાં લાગેલું હોય છે અને તેઓ (ભગવાન) જ્યારે વૃંદાવનના ઘાસપાત પર ચાલે છે ત્યારે તેને પણ લાગી જાય છે. આ સૌભાગ્યવતી ભિલડીઓ ઘાસ ઉપરથી લઈને પોતાના સ્તનો અને મુખ ઉપર ચોપડી દે છે અને તેથી તેમને સ્વરૂપાનંદને અનુભવ થાય છે અને હદયની પ્રેમપીડા શાન્ત થાય છે.

10/21/18 ભગવદ્ ભક્તનાં લક્ષણ H2

આ ગિરિરાજ ભગવદ્ભક્તોમાં શ્રેષ્ઠ છે કેમકે એ રામકૃષ્ણના ચરણના સ્પર્શમાત્રથી પ્રમુદિત થાય છે, એટલું જ નહિ, પણ ગાય, પણ ગોપ સહિત રામ અને ભગવાનનો

જલ, ઘાસ, કન્દરા, કંદ અને મૂળથી સત્કાર કરે છે.

10/22/4 માંગવું તો કૃષ્ણ માંગવા H2

"હે કાત્યાયનિ ! મહાન ભાગ્યવાળી મહાયોગિની અધીશ્વરી હે દેવી ! નંદગોપના પુત્ર અમારા પતિ થાય એમ તું કરી દે. તને અમે નમન કરીયે છીયે" એ મંત્રનો જપ કરતી કુમારિકાઓ કાત્યાયની દેવીની પૂજામાં પ્રવૃત્ત થઈ.

10/22/5 કૃષ્ણ પ્રાપ્તિના અંગરૂપ વ્રત હતું C1

એ પ્રમાણે કૃષ્ણમય ચિત્તવાળાં કુમારિકાઓએ એક માસ સુધી વ્રત કર્યું. "નંદનંદન (અમારા) પતિ થાઓ" એ મંત્રથી ભદ્રકાલી (ભગવત્ સંબંધ કરાવે તેવા કાલની) સારી રીતે પૂજા કરી.

10/22/20 ભગવત્ પ્રાપ્તિ માટે ભક્ત કંઈ પણ કરવા તૈયાર રહે છે H2

એમ જયારે અચ્યુત ભગવાને કહ્યું ત્યારે વ્રજરત્નાઓએ વસ્ત્ર વગર કરેલા સ્નાનને વ્રતમાં દોષરૂપ ગણીને એ દોષને દૂર કરવા સારું અને વ્રત પૂર્ણ થવા માટે સમગ્ર કર્મનાં ફળ રૂપ ભગવાન્‌ને નમસ્કાર કર્યા કારણકે વ્રતમાં કાંઈ ભૂલ રહી ગઈ હોય તો એ ભૂલ ભગવાન્‌ને નમસ્કાર કરવાથી દૂર થઈને કર્મસાંગ સફલ થાય છે.

10/22/22 ભક્ત કદી ભગવાનમાં દોષદૃષ્ટિ ન કરે H2

ભગવાને તેમને અત્યન્ત છેતર્યા, એમની લજજા છોડાવી, એમની મશ્કરી કરી, રમકડાંની જેમ એમની દશા કરી, એમનાં વસ્ત્રો પણ લઈ લીધા છતાં ભગવાનના દર્શનથી એ સુખી થયાં. એટલું કર્યા છતાં એમણે એમની અસૂયા ન કરી પણ ભગવાને જે જે કહ્યું તે સ્વહિતાર્થ કહે છે એવો ભાવ થતાં એમની પ્રીતિમાં વધારો જ થયો.

10/22/26 ભક્ત સંસારના કામનો રહેતો નથી H2

જેમ ભૂંજેલા કે બાફેલાં બી અંકુરીત થતા નથી તેમ મારામાં જેની બુદ્ધિનો આવેશ થાય છે તેનો કોઈ કામ સંસારના કામનો રહેતો નથી, તે સંઘાતને ઉત્પન્ન કરતો નથી.

10/22/27 ભગવાનની ભક્ત મનોરથ પૂરકતા સ્વભાવ B2

હે અબળાઓ ! તમે સિદ્ધ થયાં છો, માટે વ્રજમાં જાઓ. હે સતીઓ ! જે ઉદ્દેશથી તમે વ્રત કર્યું છે તેના ફળ તરીકે આ રાત્રીઓમાં તમે મારી સાથે રમણ કરશો.

10/22/34-35 સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારહ્વૈગુણમન્યથા (બા.બો. ૧૯) પરોપકાર દેહાભિમાન છે ત્યાં સુધી લોકવેદ ધર્મો સ્વધર્મ છે. C2

પત્ર, પુષ્પ, ફળ, છાયા, મૂળ, છાલ, લાકડું, ગંધ, ગુંદ, ભસ્મ, અસ્થિ (અંગારા) અને શાખાઓથી બધાના કામને વૃક્ષો પૂર્ણ કરે છે (૩૪) દેહ ધારીને દેહ મળ્યાની સફળતાએ જ છે કે અ પ્રાણથી, અર્થથી, બુદ્ધિથી અને વાણીથી સદા બીજાનું ભલું કરે.

10/23/10-11 માંગવું તો કૃષ્ણ માંગવા K

દેશ, ફળ, દ્રવ્ય, મંત્ર, તંત્ર, ઋત્વિજ, અગ્નિ, દેવતા, યજમાન, યજ્ઞ અને ધર્મ એ બધું જે ક્રિયારૂપ ભગવાનના જ રૂપ છે. તે પરબ્રહ્મ સાક્ષાત્ ભગવાન્ જેનું ઈન્દ્રિયોથી જ્ઞાન

નથી થઈ શકતું તેનામાં મનુષ્ય દૃષ્ટિ કરીને એને માન્યા નહિ, તેથી દુષ્ટ બુદ્ધિવાળા છે. તેઓ પોતાના આત્માને પણ મરણને આધીન માને છે.

10/23/14 ભગવાનને ભક્ત ઉપર વિશ્વાસ છે. B2

તમે જઈ યજ્ઞ પત્નિઓને કહો કે "સંકર્ષણ સહિત હું અહીં સમીપમાં આવ્યો છું અને અન્ન માંગુ છું." એમ કહેશો તો તમને યથેચ્છ અન્ન આપશે. તેઓ મારામાં સ્નેહવાળી છે અને બુદ્ધિથી મારામાં જ રહેનારી છે એટલે હવે તમે વિફલ નહિ થશો તેથી જાઓ.

10/23/20 ભગવત્ પ્રાપ્તિમાં ભક્તોને લૌકિક-વૈદિક બંધનો આડે નથી આવી શકતા H2

પતિઓએ, ભાઈઓએ, સગાંઓએ અને પુત્રોએ તેમને રોકવા છતાં જે ભગવાનની કીર્તિનું ઉત્તમ પુરુષો (નારદજી, શુકદેવજી) ગાન કરે છે અને જેમના ગુણો ઘણા વખતથી શ્રવણ કરેલા તેમના વિશે જ તેઓએ પોતાની આશા તાપકલેશાનંદ રૂપ ભકિત કેન્દ્રિત કરેલી તેથી તેઓ તો ગયા.

10/23/23 E1

જેવા બીજાના મુખથી સાંભળ્યા હતા ત્યારથી એમાં મન ખૂંપી ગયું હતું તેને જોયા. આંખોના છિદ્રથી અંદર હૃદયમાં દાખલ કરી ત્યાં જ આલિંગન કરી હે રાજેન્દ્ર ! જીવ પ્રાજ્ઞને મળીને જેમ અભિમાનને છોડે છે તેમ, ઘણા દિવસથી એમને જોયા વગરનો તાપ હતો તે દ્વિજપત્નીઓએ છોડી દીધો.

10/23/26-27 ભક્તોની પ્રીતિ ભગવાનમાં જ H2

સ્વાર્થ સમજનાર બુદ્ધિમાન પુરુષો કોઈ પણ ફલની આશા વિના અને વ્યવધાનરહિત મારામાં ભક્તિ કરે છે, કેમકે હું સર્વનો આત્મા અને સર્વનો પ્રિય છું. તેથી મારા સિવાય કયાંય પણ એમની પ્રીતિ હોતી નથી. (૨૬) પ્રાણ બુદ્ધિ, મન પોતાનાં શરીર અથવા ધન, આત્મા, સ્ત્રી, પુત્ર, પશુ વગેરે જે કંઈ આત્મસંબંધિ છે તે બધું મારા સંબંધથી પ્રિય લાગે છે. માટે મારા સિવાય બીજો કોણ પ્રિય હોઈ શકે ?

10/23/29 ભક્તને ભગવાન સિવાય કોઈ શરણ નથી H2

યજ્ઞપત્નીઓ બોલી :- હે વિભો ! એવું ક્રૂર વચન આપ ન બોલો અને શાસ્ત્રને સત્ય કરો. "આપના ચરણમાં આવ્યા તે ફરીથી સંસારમાં ન જાય" એ શાસ્ત્રવચન છે તો કૃતાર્થ કરો. અમે તો આપના ચરણની ઉતારી નાખેલી પ્રસાદી તુલસીની માળાને અમારા કેશ ઉપર રાખવાને સમસ્ત સગાંને છોડીને આપની પાસે આવ્યા છીએ.

10/23/32 ભગવાનમાં ચિત્ત લગાવવાથી જ ભગવાન મળે E1

અહીં અંગ-સંગ પ્રીતિ ઉત્પન્ન નહિ કરે, મારે વિશે સ્નેહ પણ ઉત્પન્ન નહિ કરે મનુષ્યોમાં પણ પ્રીતિ ઉત્પન્ન નહિ કરે; તેથી મારામાં મન લગાવવાથી તમે મને જલ્દી પ્રાપ્ત થશો.

10/23/34 ભક્ત ભગવદ્ પ્રાપ્તિ માટે દેહને-પ્રાણને પણ તુચ્છ જાણે છે H2

એમાં એક યજ્ઞપત્નીને એના સ્વામીએ ભગવાન પાસે આવવા ન દીધી તે તો જેવા ભગવાનને સાંભળ્યા હતા તેવાને હૃદયમાં લઈ તેને આલિંગન કરી ભગવદ્ રૂપ બન્યાં.

ત્યારે એનો કર્માનુસાર દેહ હતો તે એની મેળે પડી ગયો.

10/23/38 ભગવાનનો દોષીત પશ્ચાતાપ કરે તો ભગવાન કૃપા કરે D3

સ્ત્રીઓની શ્રીકૃષ્ણમાં અલૌકિક ભક્તિ જોઈને અને પોતાને ભક્તિથી રહિત જાણીને પોતાના આત્માની નિંદા કરતા તેઓ હૃદયમાં સંતપ્ત થયા. - ઋષિઓ

10/23/42-43 ભક્તિની સર્વોત્કૃષ્ટતા E1

આ સ્ત્રીઓને દ્વિજાતીના સંસ્કારો થયા નથી, એમણે વેદાધ્યયન માટે ગુરુગૃહમાં નિવાસ કર્યો નથી, એમણે તપ કર્યું નથી, આત્મા સંબંધિ વિચાર કર્યો નથી. એમનામાં શૌચ નથી તેમ એ અગ્નિહોત્ર વગેરે શુભકર્મને કરનાર નથી (૪૨) તો પણ ઉત્તમ લોકોને સુત્ય એવા યોગેશ્વરના ઈશ્વર શ્રીકૃષ્ણમાં એમને દૃઢ ભક્તિ થઈ અને આપણે ઉપર ગણાવેલા બધા સંસ્કારવાળા છતાં આપણાને એમાં ભક્તિ ન થઈ.

10/24/2 ભગવાન મનુષ્ય નાટય લીલા કરે છે B2

ભગવાન્ તો સર્વ જોનાર અને સર્વાત્મા હોવાથી સર્વ વાતને જાણે છે, છતાં નંદરાયજી વગેરે વૃદ્ધ ગોપોને વિનયપૂર્વક નમન કરીને પૂછવા લાગ્યા.

10/24/5 સિદ્ધતિ કહે તે આત્મીય અને મૌન રહે તે ત્યાજય H2

જેમને પોતાનું અને પરાયું એવી દૃષ્ટિ મટી ગઈ છે અને જેમને મિત્ર, ઉદાસીન અને શત્રુ જેવું કંઈ છે નહિ તેમણે ઉદાસીનનો શત્રુની માફક ત્યાગ કરી દેવો અને મિત્રને પોતાનો આત્મા જ ગણવો એમ શાસ્ત્રમાં કહ્યું છે.

10/24/6 કર્મના સ્વરૂપને જાણીને જ કર્મ કરવું જોઈએ C1

માણસ કર્મ કરે છે તે એક તો એના સ્વરૂપને સમજીને કરે છે, જયારે કેટલાક એના સ્વરૂપને સમજયા વિના પણ કર્મ કરે છે. એમાં જેવી જાણનારને સિદ્ધિ થાય તેવી નહિ જાણનારને સિદ્ધિ મળતી નથી.

10/24/11 કુલ-પારંપારિક ધર્મ તેનું સ્વરૂપ સમજીને કરવો જોઈએ C1

કુલમાં જે પારંપારિક ધર્મ ચાલ્યો આવતો હોય તેને કામથી, લોભથી, ભયથી કે દ્વેષથી જે માણસ છોડી દે છે તે મારા ફલને ભોગવતો નથી પણ એનું અનિષ્ટ થાય છે એ ચોક્કસ છે.

10/25/13 કૃષ્ણની શરણાગતિ E3

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાભાગ ! હે પ્રભો ! આ ગોકુલના રક્ષક આપ જ છો. કોપેલા દેવથી હે ભક્ત વાત્સલ ! આપ અમારું રક્ષણ કરવાને યોગ્ય છો.

10/25/18 ભગવાન શરણાગતની રક્ષા કરે છે E3

આ વ્રજ તો મારે શરણે આવેલ છે, મને રક્ષક માનનાર છે અને મારા કુટુંબ જેવું છે. તેની હું આત્મયોગ વડે રક્ષા કરુ છું કેમકે શરણાગતની રક્ષા કરવી એ મારું વ્રત છે.

10/25/24 ભગવાન સર્વ સમર્થ છે. તેથી ગર્વ ન કરવો B2D3

શ્રીકૃષ્ણના યોગના પ્રભાવને જાણીને ઈન્દ્ર અત્યંત વિસ્મયમાં પડયો. પોતાનો ગર્વ જતો રહ્યો, કરેલ સંકલ્પથી ભ્રષ્ટ થયો અને પોતાના મેઘોને વ્રજનો નાશ કરતા અટકાવ્યા.

10/25/29 ભગવદ્ સુખાર્થ કરાય તે ભક્તિ E1

ભગવાને પર્વતને મૂકયો કે બધા પ્રેમમાં આવી જઈને જેને જેમ ફાવ્યું તેમ બધા ભગવાનને મળ્યા, ભેટયા. ગોપીઓએ પણ દહીં, અક્ષત, અને જલથી સ્નેહપૂર્વક આશીષો આપી પોતાના આનંદ પ્રદર્શિત કર્યો.

10/26/2 ભગવન્ માહાત્મ્ય B2

આ બાળક છે છતાં એનાં કામ અત્યન્ત અદ્ભૂત છે. એણે આપણા જેવા ગામડિયાઓને ઘેર મોટાઓને નિંદવા લાયક જન્મ કેમ લીધો ?

10/26/13 ભક્ત ભગવાનને સ્નેહ કરે તો ભગવાન તેવો જ પ્રતિભાવ આપે E1B2

કોઈ રીતે ન છૂટી શકે તેવો આપણા બધાનો એની ઉપર અનુરાગ છે. હે નંદજી ! તેમ તેનો પણ અમારા ઉપર સહજ જ સ્નેહ છે તે કેમ થઈ શકે ?

10/26/14 અતૂલ્ય માહાત્મ્યવાન્ ભગવાન હોય છે B2

કયાં સાત વર્ષનો બાળક અને કયાં મોટા પર્વતને ઊંચકી રાખવો ? તેથી હે વ્રજનાથ ! તમારા પુત્રના સ્વરૂપમાં અમને શંકા થાય છે.

10/26/18 કૃષ્ણ પરબ્રહ્મ ભગવાન્ છે B2

તમારા પુત્રના નામ અને રૂપ બહુ છે, તે એના ગુણો અને કર્મોને યોગે થયેલા છે એ બધાંને હું જાણું છું, લોકો જાણતા નથી.

10/26/22 કૃષ્ણ જ પરબ્રહ્મ નારાયણ રૂપ છે B2

તેથી હે નંદ ! તમારો કુમાર ગુણો, લક્ષ્મી, કીર્તિ અને પ્રતાપમાં નારાયણ સમાન છે. તેથી એ જે જે કામ કરે છે તેમાં આશ્ચર્ય પામવું નહિ.

10/26/24 કૃષ્ણભક્તિ E1

ગર્ગે ગાયેલું નંદનું વચન સાંભળી વ્રજવાસીઓએ, અમિત તેજવાળા શ્રીકૃષ્ણના પ્રતાપને જોયો અને સાંભળ્યો છે એથી નંદની પૂજા કરી અને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં વિસ્મય પામતા હતા તેથી નિવૃત્ત થઈ આનંદ માનવા લાગ્યા.

10/27/4 ભગવન્ માહાત્મ્ય B2

ઈન્દ્ર :- આપનું ધામ વિશુદ્ધ સત્વ છે, શાન્ત છે, રજોગુણ તમોગુણ રહિત છે. માયાના કાર્યરૂપ, ગુણના પ્રવાહરૂપ સંસાર આપને ન હોઈ શકે, કેમકે આપ માયાથી પર છો અને સંસાર એ તો અજ્ઞાનકૃત હોવાથી સર્વજ્ઞ આપને સંભવે જ નહિ.

10/27/6 કૃષ્ણ જ સર્વના અધિશ્વર સ્નેહી છે B2

તમે જગતના પિતા, ગુરુ, અધિશ્વર અને દંડ આપનાર દુરત્યય કાળ છો. અમારા જેવાને

જગતમાં ઈશ્વરતાનું અભિમાન કરનારને તેમના હિત માટે ઈચ્છા પ્રમાણે અવતાર ધરી દંડ આપો છો, એના માનને છેદો છો અને ક્રીડા કરો છો.

10/27/7 ભગવાનનું માહાત્મ્ય વિચારી ભક્તે ગર્વ ન કરવો D3

મારા જેવા જે પોતાને જગતના ઈશ્વર માનનારા છે તેઓ અજ્ઞાની અને મૂર્ખ છે. તેઓનો ઈશ્વરપણાનો મદ અંતકાલે તમારા ભયાનક સ્વરૂપનું દર્શન કરીને તરત ઉતરી જાય છે અને ગર્વ તજી આર્યમાર્ગમાં પ્રવૃત્ત થઈ તમારી તીવ્ર ભક્તિ કરે છે તેથી તમારી ચેષ્ટા પણ તે દુષ્ટો માટે શિક્ષાની ગરજ સારે છે.

10/27/9 ભગવાનના અવતારનું પ્રયોજન B2

હે અધોક્ષજ ! સ્વયં ભારરૂપ અને મોટા ભારના કારણરૂપ એવા દુષ્ટ સેનાના નાયકોના નાશને માટે અને હે દેવ ! આપના ચરણમા રહેનાર ભક્તના રક્ષણને માટે આ આપનું અત્રે પધારવું થાય છે.

10/27/13 ભગવાનનો દંડ પણ ભક્ત માટે કૃપા રૂપ જ છે B2

હે ઈશ ! તો પણ આપે મારા ઉપર અનુગ્રહ કર્યો, મારો પ્રયત્ન વિફલ કર્યો તેથી મારો ગર્વ ચાલ્યો ગયો તથા ઈશ્વર, આત્મા અને ગુરુ એવા આપને જાણી હું શરણે આવ્યો છું.

10/27/16 ભગવાન્ સંપતિ હરી લે તે પણ આપની કૃપા જ છે B2

ઐશ્વર્ય અને લક્ષ્મીના મદથી આંધળો બનેલો માણસ, હું હાથમાં દંડ રાખીને ઊભો છું. તેને જોતો નથી. તેથી જેના ઉપર અનુગ્રહ કરવાની હું ઈચ્છા કરુ છું તેને હું સંપતિથી ભ્રષ્ટ કરુ છું.

10/27/27 ભગવાનના સાન્નિધ્યથી દોષો દૂર થઈ જાય છે B2

શ્રીકૃષ્ણનો જયારે ઈન્દ્રપદ ઉપર અભિષેક થયો ત્યારે સ્વભાવથી ક્રૂર પ્રાણીઓ હતાં તેમણે પણ પોતાની સ્વાભાવિક શત્રુતા છોડી દીધી. હે કુરુનંદન ! એવો પ્રાણમાત્રના હૃદયમાં ફેરફાર થઈ ગયો.

10/28/5 દેહની સાર્થકતા D2

હે પ્રભો ! મેં આજે જ વિશેષ કરીને દેહ ધર્યો એટલે આપનાં દર્શન થાય તો જ દેહ ધર્યો કહેવાય, નહિ તો કૃમિ કીડા જેમ પ્રવાહ પાત જેવું મનાયછે. હું સમુદ્રનો પતિ છું પણ એમાં જે છે તે રત્ન આદિ જડ હોઈને અર્થરૂપ નથી પણ આપ મારે ત્યાં પધાર્યા એ આપ અર્થરૂપ હોવાથી મને અર્થ પણ આજે જ મળ્યો એમ હું માનું છું કેમકે આપના ચરણને ભજનાર સંસારના પારને પામે છે, એટલે મોક્ષ મેળવે છે.

10/28/12 જીવનું અજ્ઞાન K

આ લોકમાં અવિદ્યા, કામ અને કર્મ વડે ઉચ્ચ-નીચ યોનિમાં ફરતો મનુષ્ય પોતાની ગતિને જાણી શકતો નથી.

10/28/15 બ્રહ્માનંદથી ભજનાનંદની ઉત્કૃષ્ટતા F4 E2

એમ બધાંને તે બ્રહ્મહૃદમાં લઈ જઈને ડૂબાડયા પાછા એમણે એમાંથી એમણો ઉદ્ધાર

કર્યો ત્યારે તેઓએ બ્રહ્મનો લોક જોયો જયાં પહેલાં અક્રૂરને ભગવત્ સ્વરૂપનું દર્શન થયું હતું.

10/28/16 ભગવન્માહાત્મ્ય B2

નંદરાયજી વગેરે એ બ્રહ્મલોક જોઈને પરમાનંદનો અનુભવ કર્યો અને એ લોકમાં શ્રીકૃષ્ણનું વેદો સ્તવન કરી રહ્યા હતા. એ જોઈને તો તેઓ અત્યંત વિસ્મય પામ્યા.

10/29/1 સત્ય સંકલ્પ / ક્રિયાશક્તિવાન B2

મલ્લિકાના પુષ્પો જેમાં ખિલ્યા છે તે (કાત્યાયની વ્રત પ્રસંગે વરદાન આપેલું તે) શરદની રાત્રીઓ જોઈને ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરી રમણ કરવાને મન કર્યું.

10/29/5-6 ભગવન્ નિરોધ (નિ.લ) E1

કેટલાંક ગોપીજનો ગાયો દોહતા હતા તે દોહવાનું પડતુ મૂકીને ઉત્સુક્તાથી પ્રભુ પાસે આવ્યા. કેટલાક દૂધ ચૂલા ઉપર ચડાવેલ તેને ઉતાર્યા વગર ગયા. બીજાં ઘઉની ખીર કરવા દૂધ ચૂલા ઉપર મૂકેલ તેને એમ જ છોડીને ચાલી નિકળ્યા. (૫) કેટલાક પતિ વગેરેને પીરસતા હતા તે પીરસવું છોડીને ગયા, જયારે બીજાં બાળકને સ્પનપાન કરાવતા હતા એ છોડીને ગયા. કેટલાક પતિની સેવા કરતાં હતાં તે પડતી મૂકીને ચાલી નીકળ્યા તો બીજાં ભોજન પડતું મૂકીને ચાલ્યા (૬).

10/29/8 રોકયા રોકાય નહિ તેવો તીવ્ર નિરોધ E1

તે ગોપીજનોને તેમના પતિએ, માતાપિતાએ, પુત્રોએ અને સંબંધિઓએ ભગવાન પાસે જતાં અટકાવ્યા છતાં પણ તેમનું અંતઃકરણ ગોવિન્દ ભગવાને હરી લીધેલું હોવાથી અને તેઓ મોહિત થયેલા હોવાથી પાછા ફર્યા નહિ.

10/29/10 અશુભનષ્ટ - કર્મભોગ F4

ન સહન થાય તેવો પ્રેષ્ઠનો વિરહતાપ થયો તેથી એમને જન્મ જન્માતરનાં અશુભ ભસ્મ થઈ ગયાં. ધ્યાનમાં હૃદયમાં પ્રાપ્ત થયેલ ભગવાનના આશ્લેષના સુખ વડે જન્મ - જન્માંતરનાં કરેલાં શુભ કર્મનો ભોગ થઈ ગયો. (૧૦)

10/29/11 સાયુજયમુક્તિ E1L

આ પ્રકારના ગોપીજનોએ જો કે ભગવાનમાં જારબુદ્ધિ રાખી હતી, છતાં તે જ પરમાત્માનો તેમને સમાગમ થયો. તેથી તેમનાં કર્મનાં બંધનો બધાં નાશ પામ્યાં અને તેમણે ગુણમય દેહનો તત્કાલ ત્યાગ કર્યો. એ ભગવાનમાં જ રહી ગયાં એટલે સાયુજયમુક્તિને પામ્યા.

10/29/14 ભગવત્ પ્રાપ્તિ સ્વરૂપથી જ, જ્ઞાનથી નહિ B2

ભગવાન પોતે નિર્વિકાર છે, એ જ્ઞાનસાધ્ય પણ નથી નિર્ગુણ છે અને ગુણના તે આત્મા પણ છે છતાં મનુષ્યના કલ્યાણને માટે ભગવાન સ્વરૂપ પ્રકટ કરે છે.

10/29/15 સ્વરૂપબળથી મુક્તિ F1

જો કોઈ માણસ હંમેશાં ભગવાનને વિશે કામ, ક્રોધ, ભય, સ્નેહ, એકતા અથવા ભક્તિ

કરે તો એ માણસ ભગવન્મય થઈ જાય છે. એ વાત નિશ્ચિત સમજવી.

10/29/16 ભગવાનથી જ નિઃસાધન ભક્તોની મુક્તિ B2F1

એ વાતમાં તમારે તો શંકા કરવી જ નહિ, કેમકે ભગવાન અજન્મા છે, ષડ્ગુણ સંપન્ન છે, યોગેશ્વરોના ઈશ્વર છે અને સદાનંદ છે, જેના વડે આ ગોકુલ મુક્ત થાય છે.

10/29/18-20 ભગવાન ઉત્તમભક્તોની પરીક્ષા પણ કરે B2

હે મહાભાગા ! તમે ભલે આવ્યા. હું તમારું શું પ્રિય કરું, વ્રજમાં તો સર્વ કુશળ છે ને અહિં આવવાનું કારણ હાય તે મને તમે કહો. (૧૮) આ ભય કરનાર રાત્રિ છે, ઘોર પ્રાણીઓ રાતમાં ફરે છે, માટે તમે વ્રજમાં પાછા જાઓ. હે સુમધ્યમા ! સ્ત્રીઓએ આવા સમયે જંગલમાં રહેવું ન જોઈએ. (૧૯) તમારા માતા-પિતા, પુત્ર-ભાઈ અને પતિ તમને નહિ દેખતાં શોધવા નીકળશે માટે બંધુઓને ભય થાય એવું તમે ન કરો. (૨૦)

10/29/23 ભગવાનમાં પ્રીતિ E1

અથવા મારામાં સ્નેહને લઈને તમારું અંતઃકરણ મારી પાસે આવવાને ઉત્સુક થયું અને તમે મારી પાસે આવ્યા એ યોગ્ય જ કર્યું છે કેમ કે પ્રાણી માત્ર મારામાં પ્રીતિ કરે છે, અથવા મારા સંબંધમાં આવનાર જીવમાત્રને મારામાં પ્રીતિ થાય છે. મારામાં માત્ર પ્રીતિ છે, કૃતિ નથી તેથી તમે ઘેર જાઓ.

10/29/27 ગુણગાનની અધિકતા D2

મારાગુણના શ્રવણથી, મારું ધ્યાન, દર્શન અને કીર્તન કરવાથી મારામાં જેવો ભાવ થાય છે તેવો ભાવ પાસે રહેવાથી થતો નથી. માટે તમે ઘેર પાછા જાઓ.

10/29/31 ભક્તોનો વૈરાગ્ય H2

હે વિભો ! આપે આવું ક્રૂર ભાષણ ન કરવું જોઈએ, કારણકે અત્રે વાસના સહિત સર્વ વિષયોને છોડીને આપના ચરણના મૂળ વૃંદાવનમાં આવ્યા છીયે. હે દુરાગ્રહવાળા ! જેમ આદિપુરુષ મુમુક્ષુઓને ભજે છે તેમ આપ અમને ભજો, પણ અમને છોડો નહિ.

10/29/32 ધર્મથી પણ ઉપર એક ભગવદ્ પ્રેમ છે. સર્વાત્મા હોવાથી સર્વના પ્રિય છો E1B1

આપ ધર્મજ્ઞ છો. આપે પતિ પ્રજા અને સુહદોની સેવા કરવી એ સ્ત્રીઓનો સ્વધર્મ છે એમ કહ્યું છે એ બરાબર છે પણ મનુષ્યમાત્રના અતીપ્રિય તો આપ છો, એટલું જ નહિ પણ સર્વના આત્મા પણ આપ છો, તો પછી આપનો પૂર્વોપદેશ અમે કેવી રીતે સ્વીકારીયે ? માટે એ તો આપ જ અમારા પ્રેષ્ઠ બંધુ અને આત્મા હોવાથી અમારો આપના વિશે જ એ ભાવ છે તેને આપે સ્વીકારવો જોઈએ.

10/29/33 ભગવાનમાં જ પ્રીતિ કરવી જોઈએ B2

સ્વાર્થમાં કુશળ એવા મુમુક્ષ લોકો નિત્યપ્રિય અને આત્મારૂપ આપને વિશે જ પોતાની પ્રીતિને જોડે છે. દુઃખને આપનાર પતિપુત્ર વગેરેની સેવાથી શું ફળ મળી શકે વારૂ ? માટે હે વરદાન દેનારાઓના ઈશ્વર ! અમારી આશાને આપ ન છેદો. હે અરવિન્દનેત્ર !

અમે આપની આશા ઘણા કાળથી રાખી છે તો આપ પ્રસન્ન થાઓ અને અમારી આશાને સફળ કરો.

10/29/34 નિરોધ ચિત્ત E1

આનંદરૂપ આપે અમારું ચિત્ત સહજમાં ચોરી લીધું છે તેથી અમારાં ચિત્ત તથા હાથ પણ ઘરનાં કામમાં ચાલતા નથી. આપના ચરણ પાસેથી અમારા પગ બીજે કયાંય ચાલવાને અસમર્થ છે માટે અમે વ્રજમાં કેમ જઈએ ? અને ત્યાં જઈને કરી પણ શું શકીયે ? તે આપ કહો.

10/29/37 ભગવાનનાં ચરણ દુર્લભથી ય દુર્લભ છે E3

લક્ષ્મી પોતાના પ્રતિ જૂએ એવી ઈચ્છાથી બીજા દેવો તપશ્ચર્યા કરે છે તે લક્ષ્મીને આપે વક્ષસ્થળમાં સ્થાન આપ્યું છે તો પણ તુલસીના સ્થાનરૂપ આપના ચરણમાં તે સપત્ન્યભાવને સ્વીકારીને પણ રહેવાને ખુશી છે, તેમ અમે પણ આપના ચરણની રજ અમને પ્રાપ્ત થઈ છે તેથી અન્યને લાયક નથી રહ્યા.

10/29/38 દાસ્યભાવે સેવા D1

આપની સેવા કરવાની આશાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અમે આપના ચરણમૂલને પ્રાપ્ત થયાં છીયે. આપના સુંદર મંદહાસ્યયુક્ત નેત્રના કટાક્ષથી ઉત્પન્ન થયેલ તીવ્ર કામથી અમારા અંતઃકરણ તપી ગયાં છે માટે આપ અમને દાસ્યનું દાન કરો.

10/29/41 ભક્તોના ભય આને આર્તિને હરનારા B2

જેમ દેવલોકના રક્ષક આદિદેવ ભગવાન્ પ્રકટ થાય છે તેમ આપ વ્રજનાં ભય તથા આર્તિને હરવા માટે પ્રગટ થયા છો. આપની દાસીઓના તપ્ત સ્તન અને મસ્તક ઉપર આપના કરકમળને ધરો અને તાપને આપ દૂર કરો.

10/29/42 (૧) આત્મારામનું ભક્તો સાથેનું આત્મરમણ પોતાના સાથે જ કરાતી લીલા છે. (૨) ભગવાન દીનતાથી રીઝે છે. B2

આ પ્રમાણે ગોપીઓની કાકલૂદીવાળી વાણી સાંભળીને યોગેશ્વરોના ઈશ્વર આત્મારામે પણ હસીને ગોપીઓની ઉપર દયા કરી તેમને આત્મરમણ કરાવ્યું.

10/29/48 ભગવન્ મહાત્મ્ય ભૂલે તો ભગવાનથી વિમુખ થાય. K

કેશવ ભગવાને એમને સૌભાગ્યનો મદ અને અભિમાન થયેલ જાણી એ મદ અને માનને મટાડી એમના ઉપર કૃપા કરવા માટે ત્યાં જ પોતે અંતર્હિત થઈ ગયા.

10/30/2 ભગવદ્ આવેશ - ભગવન્મય ચિત્ત E1

પ્રભુની કાયિક ગતિ, સ્નેહ સંયુત સ્મિત અને વિલાસયુક્ત કટાક્ષ, મનોહર વાર્તાલાપ, વિહાર અને વિલાસ - આ બધાંથી આકર્ષિત થયેલ છે ચિત્ત જેમનું એવાં અને જેમની અંદર ભગવાનની સ્ફૂર્તિ થઈ છે એવાં ગોપીજનો લક્ષ્મીના પતિની જુદી જુદી લીલાઓનું અનુકરણ કરવા લાગ્યા.

10/30/4 વિરહમાં ગુણગાન/ગુણગાને સુખાવાપ્તિ: ગોવિન્દસ્ય પ્રજાયતે (નિ.લ.દ) D2

એ બધાં ઉચ્ચ સ્વરે ભગવદ્‌ગુણ ગાવા લાગ્યા અને ઉન્મત્તની જેમ એક વનથી બીજા વનમાં શોધવા લાગ્યાં અને આકાશની પેઠે પ્રાણીમાત્રમાં અંદર અને બહાર રહેતા ભગવાનને માટે વનસ્પતિઓને ગાંડા માણસની જેમ પૂછવા લાગ્યાં.

10/30/7 તીવ્ર વિરહ E1

હે કલ્યાણિ તુલસી ! હે ગોવિન્દચરણ પ્રિયે ! અલિકુલની સાથે તને ધારણ કરનાર તેથી તને અત્યંત પ્રિય અચ્યુતને તેં જોયા છે ?

10/30/15 ભગવત્રૂપતા H2

એમાં કોઈ પૂતના થઈ ત્યારે શ્રીકૃષ્ણ થયેલ ગોપીઓ એના સ્તનનું પાન કર્યું. એક ગોપી બાળક જેવી થઈને રોવા લાગી. તે વખતે શકટ બનેલી ગોપીએ એને પગ વડે મારી.

10/30/19 ભગવત્રૂપતા H2

કોઈકના ખભા ઉપર પોતાની ભૂજા રાખીને ચાલતી એવી સખી બીજીને કહે છે કે "હું કૃષ્ણ છું" મારી લલિત એવી ગતિને તમે જૂઓ" એમ શ્રીકૃષ્ણમાં મન રાખીને બોલી.

10/30/25 ભગવાનનાં ચરણ ચિન્હો B2

મહાત્મા નંદના પુત્રનાં આ પગલાં સ્પષ્ટ જણાય છે, કેમ કે એ ચરણમાં ધ્વજ કમળ, ચક્ર, અંકુશ અને યવ વગેરેનાં ચિહ્ન સ્પષ્ટ છે.

10/30/29 ભગવાનની ચરણરેણુની ઉત્કૃષ્ટતા B2

હે સખીઓ ! આ ગોવિન્દની ચરણરેણુ ધન્ય છે કે જેને બ્રહ્મા, શિવ અને રમાદેવી પોતાના દોષોની નિવૃત્તિને માટે સ્વમસ્તક ઉપર લગાડે છે.

10/30/38 અહંકાર પ્રભુને પ્રિય નથી K

એમ પ્રિયને કહ્યું ત્યારે ભગવાને પ્રિયાને કહ્યું કે "ખભા ઉપર બેસો" એટલું કહીને ભગવાન ત્યાં દેખાયા નહિ ત્યારે તે વધૂ ત્યાં પશ્ચાતાપ કરવા લાગી.

10/30/39 તીવ્ર વિરહભાવ E1

"હા નાથ ! હા રમણ ! હા પ્રેષ્ઠ ! હે મહાભૂજ ! આપ કયાં છો ? આપની દીનદાસીને હે સખે ! સમીપનાં રાખો, દર્શન આપ, આપો.

10/30/43 સર્વેન્દ્રિયનો ભગવાનમાં વિનિયોગ E1

ભગવાનમાં જ મનવાળા, ભગવત સંબંધિ વાત કરનારાં, ભગવાનની ક્રિયા કરનારા અને ભગવન્મય થઈને એ ભગવાનના ગુણોને ગાવાં લાગ્યાં જેમાં આત્મા ઘર વગેરેની વિસ્મૃતિ થઈ ગઈ.

10/30/44 ગુણગાન D2

એ શ્રીકૃષ્ણની ભાવનામાં તત્પર છે તેથી શ્રીકૃષ્ણના અનુભાવથી યમુનાના કાંઠા ઉપર પહોંચ્યા એમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો નહિ. ભગવાન અહીં પધારે એવી ઈચ્છાથી

એ બધાં મળીને ભગવદ્ ગુણગાન કરવા લાગ્યા. એમાં પણ સદાનંદનું ગુણગાન કર્યું.

10/31/1 ગદ્યમંત્રનો ભાવાર્થ J

આપના જન્મથી વ્રજનો વૈકુંઠથી પણ અધિક ઉત્કર્ષ થયો છે કારણકે લક્ષ્મીજી પણ અહીં જ હંમેશાં આશ્રય લે છે. હે પ્રિય ! આપને માટે જ પ્રાણ ધારણ કરનારાં આપનાં જન આપને દિશાઓમાં શોધે છે.

10/31/2 નિ:શુલ્ક શરણાગત દાસી H2

હે સુરતનાથ ! શરદઋતુના નિર્મળ સરોવરમાં સુંદર રીતે ઉત્પન્ન થયેલા કમળની અંદર રહેલી શોભાને હરનાર આપના નેત્ર વડે આપ અમને પ્રહાર કરો છો તે હે વરદાન આપનારા ! શું વધ ન ગણાય ? અમે આપની અમૂલ્ય દાસીઓ છીયે. આપને શરણે આવ્યો તે વધ કરવા યોગ્ય ન હોઈ શકે, તો આપ દર્શન ન આપો તેથી વધ નથી તો શું છે ! જેનાથી પ્રાણને બાધા થાય તે વધ.

10/31/3 શરણ E1D3

ઘણીવાર સંકટમાં આપે અમારી રક્ષા કરી છે તો આ વખતે પણ કરો. કાલિયનાગના ઝેરવાળું શ્રીયમુનાજીનું જળ પીવાથી થયેલ મૃત્યુથી આપે અમારી રક્ષા કરી, અઘાસુરના ઉદરમાં ગયેલાઓની રક્ષા કરી અથવા વ્યાલ શબ્દથી કાલિય, સુદર્શન વગેરે સર્પો અને તૃણાવર્ત આદિ રાક્ષસોથી અમારી આપે રક્ષા કરે છે. ઈન્દ્રે પવન સહિત વર્ષા વરસાવી તેનાથી આપે રક્ષા કરી છે. તેમજ અગ્નિ, વિજળીથી વરસાવી તેનાથી આપે રક્ષા કરી છે. તેમજ અગ્નિ, વિજળીથી પણ આપે રક્ષા કરી છે તો હે ઋષભ ! અમારી રક્ષા કરો.

10/31/9 આ કથાની ભગવદ્રૂપતા D2

આપનાં કથારૂપી અમૃત સંસારથી તપેલાઓને જીવાડનાર છે, વિદ્વાનપુરુષો એની પ્રસંશા કરે છે, પાપનો નાશ કરનારા છે, શ્રવણને મંગળરૂપ છે, લક્ષ્મીને આપનાર છે, અપરિચ્છિન્ન છે, ધર્મવિશિષ્ટ આપની કથાને જે પૃથ્વીમાં સંભળાવે છે તે ઉદાર બહુ મોટા દાતા છે.

10/31/11 ભક્તિભાવ, સખ્યભાવ E1

હે નાથ ! આપ વ્રજમાંથી પશુને લઈને વનમાં પધારો છો ત્યારે કમળ કરતાં પણ કોમળ આપનું ચરણકમળ કાંકરી, તૃણ અને દર્ભ વગેરેના અંકુરોથી પીડિત થાય છે તેથી અમારા મનને ખેદ થાય છે.

10/31/13 ભગવાનનું ષડ્ધર્મયુક્ત ચરણ B2

આપનું ચરણ પણ છ ગુણવાળું છે. અનન્યભાવે આપને શરણે આવનાર જીવોની અભિલાષાઓ પૂર્ણ કરનારું, બ્રહ્માજીએ પૂજેલુ, પૃથ્વીને અલંકૃત કરનાર, આપત્કાલમાં ધ્યાન કરવા યોગ્ય, અત્યંત સુખરૂપ એવું આપનું ચરણકમળ, હે રમણ ! અમારા સ્તન ઉપર અર્પણ કરો કેમ કે મનની પીડાને હરનાર આપ વિના બીજો કોઈ નથી.

10/31/14 ભગવાનનું અધરામૃત. B2

સુરતને વધારનાર, શોકનો નાશ કરનાર, સ્વરવાળા વેણુથી ચુંબિત એવું, મનુષ્ય માત્રના અન્યરાગને ભૂલાવનાર હે વીર ! આપનું અધરામૃત અમને નિ:સાધનને દાન કરો.

10/31/15 પલકાંતર વિરહ E1

આપ જયારે દિવસે વનમાં પધારો છો ત્યારે આપનાં દર્શન નહિ થવાથી અમને એક ક્ષણ પણ યુગની બરાબર લાગે છે, કેમ કે એ વખતે આપનાં દર્શન થતા નથી અને કુટીલ કુન્તલવાળું શ્રીમુખ અમે જોઈએ છીયે ત્યારે આંખનાં પાપણો કરનાર બ્રહ્માજી અમને જડ લાગે છે.

10/31/19 ભક્તનો કોમળભાવ B2

આપનું સુંદર ચરણકમળ અમારાં કઠણ સ્તન ઉપર ધરતાં અમે ડરીએ છીએ તેથી બીતાં - બીતાં ધીરેથી પધરાવીએ છીએ તે જ ચરણકમળ વડે આપ વનમાં ફરો છો તેથી આપને માટે જીવનાર, ત્યાં કંકર પથ્થરથી આપના ચરણને શું દુ:ખ નહિ થતું હોય ? એવો વિચાર કરતાં અમારું મન ભ્રાન્ત થઈ જાય છે.

10/32/1-2 કિલશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્
તદા સર્વ સદાનંદં હૃદિસ્થ નિર્ગતં બહિ: (નિ.લ. ૭-૮) E1

હે રાજન્ પહેલાં વર્ણન કર્યું તે પ્રમાણે ગાતાં અને અનેક પ્રકારે પ્રલાપ કરતાં ગોપીજનો, શ્રીકૃષ્ણના દર્શનની ઈચ્છાથી ઊંચા સ્વરે રડવા લાગ્યાં. એ રુદન કરતા ગોપીજનોની વચમાંથી જ સ્મિતયુક્ત મુખવાળા પીતાંબરને ધરનાર, વનમાળાને ધારણ કરનાર, સાક્ષાત્ કામદેવના મનને મથનાર શૂરસેનજીના પૌત્ર શ્રીકૃષ્ણ (શૌરી) પ્રકટ થયા (૨)

10/32/9 અલૌકિક અર્થપુરુષાર્થનું ફળ ભગવદ્દર્શન (ચતુશ્લોકી-૨) F2

હે તાત ! તે બધાં ગોપીજનો ભગવદ્ દર્શનરૂપી પરમ ઉત્સવથી સુખી થયા અને જેમ મનુષ્યો પરમાત્માને પામીને તાપથી મુક્ત થાય છે તેમ તે વિરહ તાપથી મુક્ત થયા.

10/32/10 ભક્તોથી જે શોભે તે ભગવાન્ B2

જેનો શોક નિવૃત્ત થયો છે તેવાં ગોપીજનોથી ભગવાન વીંટળાઈ રહ્યા ત્યારે, પુરુષ જેમ પોતાની શક્તિથી શોભે છે તેમ ભગવાન ગોપીજનોના સમુદાયની વચમાં અધિક શોભવા લાગ્યા.

10/32/13 આત્મ સમર્પણ E1

ગોપીજનોએ એ કાંઠે અને ભગવાન એ બન્નેની સાથે પોતે પ્રથમ સુખ પ્રાપ્ત કર્યું છે તેવો જ સમય જોઈને તેમનાં મનનાં દુ:ખ દૂર થયાં, એટલુ જ નહિ પણ શ્રુતિઓએ જેમ ભગવદ્ ગુણગાન કરીને ભગવદાનંદ પ્રાપ્ત કર્યો હતો તેમ ગોપીજનોએ પણ ભગવદાનંદ પ્રાપ્ત કર્યા પછી પોતાના કુંચકુમકુમથી અંકિત પોતાનાં ઉત્તરીય વસ્ત્રો (ઓઢણાં) બધાંઓએ પોતાના આત્માના બંધુ ભગવાનને માટે આસન માટે અર્પણ કર્યા.

10/32/14 પત્રંપુષ્પં ફલં તોયં યો મદ્ ભક્ત પ્રયચ્છતિ .... ભક્તિ B2 E1

યોગેશ્વરના હૃદયમાં જેના આસનની કલ્પના થાય છે તેવા છ ગુણવાળા એ ઈશ્વર

ગોપીજનોના તે વસ્ત્રોરૂપી આસન ઉપર બિરાજયા અને ત્રણલોકની શોભાના એકજ સ્થાનરૂપ, શ્રીઅંગને ધારણ કરતાં ભગવાન ગોપીજનોની સભામાં તેઓએ કરેલી પૂજા સ્વીકારીને શોભવા લાગ્યા.

10/32/20 ભક્તનું ચિત્ત નિરુધ્ધ કરવા ભગવાન લીલા કરે છે. B2

હે સખીઓ ! હું તો મને ભજે તેને પણ મારામાં નિરંતર મન રહે એટલા માટે એનું ભજન કરતો નથી. પ્રથમ ધન વિનાનો હોય પછી તેને ધન પ્રાપ્ત થાય અને એ ધનનો જયારે નાશ થાય ત્યારે એની ચિંતામાં એ બધું ભૂલી જઈને એ ધનમાં જ મન રાખે, બીજું કંઈ જાણતો નથી. તમને હું ન મળ્યો, ત્યારબાદ તમારી સાથે હું રાસ રમ્યો, હવે પાછો જુદો થયો ત્યારે તમારું મન મારા સિવાય બીજું કંઈ યાદ ન કરે એટલા માટે હું તમારાથી પરોક્ષ રહું છું. તેથી તમારું મન મારામાં સ્થિર રહે.

10/32/31 कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितः B2

હે અબળાઓ જેણે મારે માટે લોક વેદ અને સ્વ(આત્માનો) ત્યાગ કર્યો છે તે તમોને મેં છોડયા નથી, પણ તમારું પરોક્ષ ભજન મેં કર્યું છે. તેથી હે અબલાઓ ! હું તમારા જોવામાં ન આવ્યો તેથી તમો મારામાં દોષારોપ ન કરો, કેમ કે તમે પ્રિયાઓ છો.

10/32/22 ભક્તિનું ફલ ભક્તિ F2

તમે નિર્દોષ રીતે મારું ભજન કર્યુ છે એ તમારા ઉપકાર ભજનનો બદલો હું બ્રહ્માજીના આયુષ્યથી પણ ન આપી શકુ. ન તોડી શકાય તેવી ઘરરૂપ સાંકળને તોડીને તમે મારુ ભજન કર્યુ એ તમારા ધર્મ વડે જ તમે પોતે પ્રસન્ન થાઓ. તમે મારી પાસેથી એનો બદલો મેળવવાની આશા ન રાખો.

10/33/17 શુદ્ધાદ્વૈત-બ્રહ્મ સમ અને નિર્દોષ છે, પોતે પોતાની સાથે લીલાકરે છે. B1

ભગવાન્ રમાપતિ છે છતાં વ્રજસુંદરીઓની સાથે, બાળક પોતાના પ્રતિબિંબની સાથે રમે તેમ આલિંગન,કરસ્પર્શ,સ્નેહપૂર્વક જોવું નિર્મર્યાદ વિલાસ, અને હાસ્ય કરીને રમણ કર્યુ.

10/33/20 આત્મારામની આત્મક્રીડા. B1

જેટલાં ગોપીજન હતા તેટલાં પોતાના સ્વરૂપ પ્રકટ કરીને પોતે આત્મારામ હોવા છતાં લીલાથી તેમની સાથે રમણ કર્યુ.

10/33/37 ભગવાનનું રમણ-લીલાગાન ઉદ્ધારક F2

ભક્તોની ઉપર કૃપા કરવા માટે મનુષ્ય દેહ ધારણ કરીને ભગવાને એવી ક્રીડા કરી કે જેનું શ્રવણ કરવાથી માણસ ભગવાનમાં લીન થઈ જાય (૩૭) વ્રજવધુઓ સાથેનું વિષ્ણુનું વિવિધ ક્રીડન અહીં વર્ણવ્યું છે તે શ્રદ્ધાયુક્ત થઈને સાંભળે અથવા વર્ણન કરે તો એ સાંભળનાર અને કહેનારને ભગવાનમાં પરમભક્તિ થાય છે અને એ હદયના રોગરૂપ કામને સદાને માટે હદયમાંથી દૂર કરી તે સત્વરે ધીર બને છે.

10/34/1 અન્યાશ્રય ભક્તિમાં બાધક છે. K

એકવાર નન્દરાયજી વગેરે ગોપોએ શિવરાત્રીના અવસર ઉપર ઘણી જ ઉત્સુકતા,કુતૂહલ

અને આનંદપૂર્વક ગાડાંને જોડયા અને તેમાં બેસીને બધા અમ્બિકા વનમાં ગયા.

10/34/14 अहकारेथवा लोके तन्मार्ग स्थापनायहि शापं द्वापयति कवचित् (પ્ર.પુ.મ.૧૮) J

એ દયાળુ ઋષિઓએ મારા ઉપર કૃપા કરવા જ મને શાપ આપ્યો, કારણ કે ત્રણે ય લોકને ઉપદેશ કરનાર ગુરુએ (સાક્ષાત્ ભગવાને) સ્વયં પોતાના ચરણથી મારો સ્પર્શ કર્યો અને મારાં પાપનો તત્કાળ નાશ થઈ ગયો.

10/35/1 ભગવદ્ વિપ્રયોગ- ગુણગાન E1D2

શ્રીકૃષ્ણ જ્યારે વનમાં પધાર્યા ત્યારે ગોપીજનોના મન તો એમની પાછળ ચાલ્યાં ગયા જેથી તેમણે શ્રીકૃષ્ણની લીલાને ગાઈને દુ:ખ વડે દિવસોનું નિર્ગમન કર્યુ.

10/35/12-13 સખ્યાત્મક સમર્પણભાવ E1

હે વ્રજની દેવીઓ! બળદેવજીની સાથે કીર્તિમયી માલા અને પુષ્પોના ગુચ્છારૂપ કર્ણા-ભરણના વિલાસવાળા અને આનંદ પામેલા ભગવાન્ જ્યારે પર્વતના શિખરો ઉપર વિશ્વને આનંદ પમાડતા વેણુના નાદથી ભરી દે છે, ત્યારે મોટાના અપરાધથી ભયભીત થયેલા ચિત્તવાળો મેઘ પોતાના મિત્ર (ભગવાન્) ઉપર પુષ્પોની વૃષ્ટિ કરતો અને પોતાની છાયાથી છત્ર ધારણ કરતો મંદ-મંદ ગર્જના કરે છે.

10/35/25 ભક્તોના તાપહારક ભગવાન B2

યાદવપતિ મદોન્મત્ત હાથીના જેવો વિહાર કરનાર આ કૃષ્ણચંદ્ર વ્રજની ગાયોને દિવસના અંતવિનાના તાપને દૂર કરતા રાત્રીના પતિની પેઠે હસતે મુખે પાસે પધારે છે

10/37/12 ભગવાનનું પરમતત્વ B1

લાકડામાં અગ્નિ રહે તેમ આપ સર્વના આત્મા છો. ગૂઢ રીતે બધાના હૃદયમાં નિવાસ કરો છો, એના સાક્ષી, મહાપુરુષ અને ઈશ્વર છો.

10/37/24 શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ અવતારી છે B2

નારદજી આત્મમાયા વડે જેણે મહદાદિની કલ્પના કરી છે તેવા અને ક્રીડા માટે મનુષ્ય વિગ્રહને સ્વીકારનાર ઈશ્વરરૂપ આપ યદુ, વૃષ્ણિ અને સાત્વત કુળના શિરોમણિ ગણાતા પ્રસિદ્ધ શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છુ.

10/38/10 ભગવદ્દર્શન એ જન્મની સાર્થકતા F2

અક્રૂર-મનુષ્ય નાટય કરતા વિષ્ણુ પૃથ્વીનો ભાર ઉતારવા માટે બ્રહ્મજી વગેરે ભક્તોની ઈચ્છાથી ભુતળ ઉપર પધાર્યા છે. તેમના લાવણ્યના સ્થાન રૂપ શ્રીમુખનું મને આજે અવશ્ય કર્શન થશે અને આમ ઈન્દ્રિયો સાર્થક થવાથી જન્મ પણ સફળ થશે.

10/38/12 ભગવદ્ ગુણગાન વાક્ ઈન્દ્રિયની સાર્થકતા L

પરંતુ જે વાણીથી આપના ગુણ લીલા અને જન્મની કથાઓ નથી ગાવામાં આવતી તે તો મડદાને જ શોભિત કરનારી છે. હોવા છતાં ન હોવા બરાબર વ્યર્થ છે.

10/38/16 શરણાગતને ભગવાનનું અભયદાન D3

અક્રૂર - હું જયારે એ વિભુના ચરણમાં પડીશ ત્યારે એ કૃપા કરી મારા મસ્તક ઉપર પોતાના શ્રીહસ્તકમળને પધરાશે જે કરકમળ સર્વને અભય આપનાર,કાલરૂપી સર્પના વેગથી ભયભીત થયેલા શરણાગત જીવોને અભય આપનાર છે.

10/38/20 અનન્ય આશ્રય માત્રથી મુક્તિ E3

અક્રૂર - હું એમના કુટુંબનો છું. એમનું અત્યન્ત હિત ચાહું છું, એમના સિવાય બીજો કોઈ મારો આરાધ્ય દેવ નથી. આમ હોવાથી પોતાની લાંબી લાંબી ભૂજાઓથી આપ પકડી મને પોતાના હૃદય સરસો લગાવી લેશે. આહા ! એ વખતે મારો દેહ તો પવિત્ર થઈ જશે જ, તે બીજાઓને પણ પવિત્ર કરી દેનારો થઈ જશે અને એ જ ક્ષણો તેનું આલિંગન પ્રાપ્ત થતાં જ મારાં કર્મબંધન જેને કારણે અનાદિકાળથી હું ભટકી રહ્યો છું, તૂટી જશે.

10/38/22 ભગવાનને સર્વ સમ હોવા છતાં ભક્તો અતીપ્રિય છે. (પુ.પ્ર.મ.-૪) B2

એમને કોઈ વહાલો નથી કે નથી અત્યંત મિત્ર તેમજ કોઈ અપ્રિય, દ્વેષ કરવા યોગ્ય કે ઉપેક્ષણીય પણ નથી, તો પણ જેમ કલ્પવૃક્ષ પોતાની પાસે આવી યાચના કરનારાઓને એમની મોં માગી વસ્તુ આપે છે એવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણ પણ જે એને જે પ્રકારે ભજે છે તેને તે જ રૂપમાં ભજે છે. પ્રભુ પોતાના પ્રેમી ભક્તો ઉપર જ પૂર્ણ પ્રેમ કરે છે.

10/38/26 ભગવદ્ભક્તનું લક્ષણ - વિહ્વળતા H2

એ ચરણ ચિન્હનાં દર્શન કરતાંજ અક્રૂરજીના હૃદયમાં એટલો તો આનંદ થયો કે પોતાની જાતને તે સંભાળી ન શકયા, વિહ્વળ થઈ ગયા, પ્રેમના ઊભરાથી એમનું રોમ રોમ ખીલી ઊઠયુ, નેત્રોમાં આંસુ છલકાયાં અને ટપ ટપ ટપકવા લાગ્યા. તે રથમાંથી કૂદી પડીને રજમાં આળોટવા લાગ્યા અને કહેવા લાગ્યા - "અહો મારા પ્રભુની આ ચરણરજ છે."

10/39/12 ભક્તનો વિવેક-અપ્રાર્થના (વિ.ધૈ.આ-૨) D3

રામ-કૃષ્ણે જેને બહુ માન આપ્યું તેના અક્રૂરજી આરામથી પલંગ પર બેઠા પછી માર્ગમાં તેમણે જે જે અભિલાષાઓ કરી હતી તે તે બધી પૂર્ણ થઈ. (૧) લક્ષ્મીજીના આધારરૂપ ભગવાન પ્રસન્ન થાય તેને અલભ્ય શું હોઈ શકે ? તો પણ જે ભગવાનમાં તત્પર હોય તેવા ભક્ત તો ભગવાન પાસેથી કાંઈપણ લેવાની ઈચ્છા રાખતા નથી.

10/39/17-18 સમર્પિતભક્તને પ્રભુવિરહ E1

ગોપીજનો મનમાં ને મનમાં ભગવાનની સુંદર લલિતગતિ, સ્નેહયુક્ત હાસ્યથી અવલોકન, સર્વ શોકને મટાડનાર વચનો અને ઉદારતાપૂર્ણ લીલાઓનું ચિંતન કરવા લાગ્યા અને એમના વિરહના ભયથી વિહ્વળ થઈ ગયા, એમના હૃદય અને જીવન ભગવાનને જ સમર્પિત થઈ ચૂકયા હતા. એમની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા.

10/40/1 કૃષ્ણ જ આદિકારણ છે B2

અક્રૂર - હે કૃષ્ણ ! આપ સર્વ કારણના કારણ છો આદિ પુરુષ અર્થાત પ્રકૃતિના ભર્તા

છો, અવિનાશી પુરુષોત્તમ નારાયણ છો. જેમના નાભિકમળની કળીમાંથી બ્રહ્માજી પ્રકટયા. જેમણે આ ચરાચર જગતની સૃષ્ટિ કરી તેવા આપને મારા નમસ્કાર હો.

10/40/10 દેવાધિ દેવ કૃષ્ણ (કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં) (અં.પ્ર.૧) B2

હે પ્રભો ! જેમ પર્વતમાંથી નદીઓ નીકળે છે અને વર્ષાના જળથી ભરાઈ ઘૂમતી-ફરતી અંતે સમુદ્રમાં પ્રવેશ કરે છે, તેવી જ રીતે બધી જાતના ઉપાસનામાર્ગ અંતે આપની જ પાસે પહોંચી જાય છે.

10/40/23 ભગવન્બહિર્મુખતાનું ફળ K

હે ભગવાન્ ! આ જીવલોક આપની માયાથી મોહિત થયો છે, "હું" અને "મારું" એવા અસત્ આગ્રહથી ઊંચી-નીચી શ્વાન આદિ યોનિમાં ભટકયા કરે છે.

10/40/28 ભગવદ્ અનુગ્રહથી જ ભક્તિ B2

સર્વથા નિ:સાધન એવો હું દીનતાપૂર્વક આપને શરણે આવ્યો છું. દુષ્ટ પુરુષોને માટે આવી શરણાગતિ પણ મુશ્કેલ છે, તે મને પ્રાપ્ત થઈ છે, તે હે ઈશ ! હું આપનો અનુગ્રહજ માનુ છું. જયારે જીવનો છેલ્લો જન્મ હોય છે ત્યારે હે કમલનાભ ! તેને પુરુષનો દેહ મળે છે, ભગવદીયોની સેવા કરવામાં રુચિ થાય છે અને ભગવત્ શાસ્ત્રમાં પરાયણતા થાય છે.

10/40/30 કૃષ્ણ જ પરમેશ્વર D3

વાસુદેવરૂપ, સર્વજીવોના નિવાસરૂપ, હે ઈન્દ્રિયોના નિયામક ! આપને હું નમન કરુ છું. હે વિભો ! હું આપને શરણે આવ્યો છું તો આપ મારી રક્ષા કરો.

10/41/5 ભક્તિમાર્ગીય સર્વાત્મભાવ E1

હે ભગવન્ જેટલી જેટલી અદ્‌ભૂત વસ્તુઓ છે, પછી તે પૃથ્વીમાં હોય કે જલ અથવા આકાશમાં હોય બધી જ જેમાં છે તે આપને જ હું જોઈ રહ્યો છું પછી મારે કઈ વસ્તુ જોવાની બાકી રહે !

10/41/47 સમ હોવા છતાં પુષ્ટિપ્રભુની ભક્તપ્રિયત્વ (પુ.પ્ર.મ. ૪) B2

જગતના આત્મા અને સુહૃદરૂપ આપને વિષમ ભાવ કોઈ ન હોય. આપ સર્વમાં સમ છો અને છતાં આપને ભજનારને આપ ભજવાવાળા છો (સુદામા માળી)

10/41/48 જીવનું સહજ દાસત્વ D1

હું આપનો દાસ છું. આપ બન્ને મને આજ્ઞા કરો કે હું આપની શી સેવા કરું ? જીવ ઉપર આપનો આ અનુગ્રહ છે કે આપ તેને આપી કોઈ કાર્યમાં નિયુક્ત કરો છો.

10/41/51 ભક્તની અભિલાષા E1 H2

તેણે પણ અખિલાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણમાં અચલ ભક્તિ માગી, એમના ભક્તોની મિત્રતા માંગી અને પ્રાણીમાત્ર ઉપર ઉત્કૃષ્ટ દયા માગી.

10/43/17 ભગવાન એક જ સમયે પ્રત્યેકને ભાવાનુસાર રસાનુભવ કરાવે. B2

જે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ બળદેવજીની સાથે રંગમંડપમાં પધાર્યા તે વખતે ૧ મલ્લોને

વઝ્રા, જેવા કઠોર શરીરવાળા (રૌદ્રરસ) ૨. સાધારણ માણસને નરરત્ન (અદ્ભૂતરસ) ૩. સ્ત્રીઓને સાક્ષાત્ કામદેવ (શૃંગારરસ) ૪. ગોપોને સ્વજન (હાસ્યરસ) ૫. દુષ્ટ રાજાઓને દંડ દેનાર શાસક (વીરરસ) ૬. પોતાના પિતાને બાલક (વાત્સલ્યરસ) ૭. કંસને મૃત્યુ (ભયાનકરસ) અજ્ઞાનીઓને વિરાટ (બીભત્સ રસ) ૯. યોગીજનોને પરમતત્ત્વ (શાન્તરસ) અને (૧૦) ભક્ત શિરોમણિ વૃષ્ણિવંશીઓને પોતાના ઈષ્ટદેવ (પ્રેમ-ભક્તિરસ) જણાયો. બધાંને પોત પોતાના ભાવાનુસાર રસાનુભાવ થયો.

10/43/21 સર્વેન્દ્રિયોથી નિરોધ E1

જાણે કે તેઓ પોતાના નેત્રોથી પાન કરી રહ્યા હોય, જીહ્વાથી ચાટી રહ્યા હોય, નાસિકાથી સુંઘી રહ્યા હોય અને ભૂજાઓથી પકડી આલિંગન કરી રહ્યા હોય.

10/44/15 સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ (ચ.શ્લો.૧) નિરોધ E1

હે સખી ! વ્રજના ગોપીજનો ધન્ય છે, નિરંતર શ્રીકૃષ્ણમાં જ ચિત્ત લાગેલું રહેતું હોવાથી પ્રેમપૂર્ણ હૃદયથી આંસુઓને લીધે ગદ્ગદ્ કંઠથી તેઓ એમની જ લીલાઓનું ગાન કરતી રહે છે. તેઓ દૂધ દોહતાં, વલોણું કરતાં, ધાન્ય ખાંડતા, ઘર લીંપતાં, બાળકોને હિંચોળતા, રોતાં બાળકોને છાણા રાખવા, એમને નવરાવતા ધોવરાવતા, ઘરોમાં ગુણગાનમાં જ મસ્ત રહે છે.

10/44/16 ભક્તની ભગવદ્દર્શનની આતુરતા E1

આ શ્રીકૃષ્ણ જયારે પ્રાતઃકાલ ગાયોને ચરાવવા માટે વ્રજમાંથી વનમાં પધારે છે અને સાયંકાલે તેમને લઈ વ્રજમાં પાછા ફરે છે ત્યારે ઘણા જ મધુર સ્વરથી વેણુ વગાડે છે. તેની ટેર સાંભળી ગોપીજનો ઘરનું બધું કામકાજ છોડી દઈ ઝટપટ રસ્તામાં દોડી આવે છે અને શ્રીકૃષ્ણના મન્દમન્દ હાસ્ય અને દયાપૂર્ણ દૃષ્ટિથી યુક્ત મુખકમલ જોઈ જોઈને નિહાલ થઈ જાય છે. ખરેખર ગોપીજનો જ પરમ, પુણ્યવતી છે. (મથુરાની સ્ત્રીઓ)

10/44/39 અખંડ ભગવદ્ ચિંતનથી મુક્તિ D2 F1

કંસ નિત્ય નિરંતર ભારે ગભરાટમાં શ્રીકૃષ્ણનું જ ચિંતન કરતો રહેતો હતો. તે ખાતાં પિતાં, ઊંઘતાં, ચાલતાં, બોલતાં અને શ્વાસ લેતાં, હર સમય પોતાની સામે હાથમાં સુદર્શન ચક્રધારી શ્રીકૃષ્ણને જ જોતો રહેતો હતો. આ અખંડ ચિંતનના ફળરૂપે - ભલે એ દ્વેષ ભાવથી જ કેમ ન કરાતું હોય - તેને ભગવાનના તે જ રૂપની પ્રાપ્તિ થઈ, સારૂપ્ય મુક્તિ થઈ, જેની પ્રાપ્તિ મોટા - મોટા તપસ્વી યોગીઓને માટે પણ દુર્લભ છે.

10/45/32 ભગવાનનું આદર્શ શિષ્યજીવન B2

ત્યાં જઈ ઈન્દ્રિયોને જીતી, ગુરુએ બતાવેલ રીતી પોતે પાળતા અને બીજાને શીખવતા, દેવના જેવી ગુરુભક્તિ રાખતા, આદરથી એમની સેવા કરવા લાગ્યા.

10/46/4 શરણ - સમર્પણની સિદ્ધદશા E3 E1

વ્હાલા ઉદ્ધવ ! ગોપીજનોનું મન નિત્ય નિરંતર મારામાં જ લાગેલું રહે છે. એમના પ્રાણ, એમનું જીવન, એમનુ સર્વસ્વ હું જ છું. તેઓ તેમના દેહને પણ મારો કરી બેઠાં છે. તેમણે દેહના ધર્મો છોડી દીધાં છે. મારું એ વ્રત છે કે જે લોકો મારા માટે લૌકિક -

વૈદિક ધર્મોને છોડી દે છે તેમને હું મારામાં ધારણ કરુ છું. તેમની સંભાળ હું રાખુ છું.

10/46/6 ભગવાન્ ભક્તોના કલેશ સહી નથી શકતા. B2

એ ગોપીજનોએ અત્યારે મહાન કષ્ટ અને યત્નથી પોતાના પ્રાણોને જેમ - તેમ કરી ટકાવી રાખ્યા છે. મેં તેમને કહેલું કે "હું આવીશ." બસ આજ એમના જીવનનો આધાર છે. ઉદ્ધવ ! વધારે તો શું કહું, હું જ એમનો આત્મા છું. તેઓ નિત્ય નિરંતર મારામાં જ તન્મય રહે છે.

10/46/27 વિપ્રયોગાત્મક આસક્તિ E1

શ્રીકૃષ્ણમાં જેમને પરમ પ્રેમ છે, તેવા નંદરાયજી કૃષ્ણની લીલા યાદ કરીને જયારે પ્રેમમાં વિહ્વળ થઈ ગયા, દર્શન માટે અત્યંત ઉત્કંઠિત થયા ત્યારે કંઈ પણ બોલી ન શકયા એટલે હૃદયમાં અનુભવ કરતા બહારથી બોલતા બંધ થઈ ગયા.

10/46/33 ભગવાનેવ હિ ફલં (પુ.પ્ર.મ.૧૭) B2

તે ભગવાન્ જ, જે બધાના આત્મા અને પરમફલ છે. ભક્તોની અભિલાષઓ પૂર્ણ કરવા માટે મનુષ્યના જેવું શરીર ગ્રહણ કરીને પ્રકટ થયા છે. તેમના પ્રત્યે આપ બન્નેના સુદ્રઢ વાત્સલ્યભાવ છે તો પછી હે મહાત્માઓ ! આપ બન્નેને માટે કયું શુભ કર્મ કરવાનું બાકી રહી જાય છે ?

10/46/37 ભજનીય કૃષ્ણ નિર્ગુણ પરમાત્મા છે. B2

એને કોઈ અપ્રિય નથી કેમ કે એને પોતાને માન નથી. એને કંઈ ઉત્તમ - અધમ નથી, કેમ કે એ સર્વમાં સમદૃષ્ટિ રાખે છે, છતાં એની સમાન પણ જગતમાં કોઈ નથી.

10/46/40 ગુણાતીત ભગવાન્ લીલાર્થે ગુણોને ધારણ કરે છે B2

ભગવાન અજન્મા છે. તેમાં પ્રાકૃત સત્વ રજ વગેરે એક પણ ગુણ નથી. આ પ્રમાણે આ ગુણોથી અતીત હોવા છતાં લીલાને માટે ખેલ-ખેલમાં સત્વ રજ અને તમ એ ત્રણેય ગુણોનો સ્વીકાર કરી લે છે અને તે દ્વારા જગતની રચના પાલન અને સંહાર કરે છે.

10/46/42 ભગવાન્ સર્વાત્મા છે. B2

આ ભગવાન્ આપના જ પુત્ર છે એમ આપે સમજવાનું નથી પણ એ સર્વના આત્મા, પિતા, માતા અને ઈશ્વર છે.

10/46/46 ભગવાનના ગુણગાન સહિતની સેવા અમંગળની નિવૃત્તક છે. E1

અરવિંદ લોચન ભગવાનનું ઊંચ સ્વરે ગાન કરે છે તેથી વ્રજાંગનાનો ધ્વનિ આકાશમાં પહોંચે છે. એમાં દધિમંથનનો શબ્દ મિશ્રીત થાય છે એ બન્ને શબ્દો દિશાઓના અમંગળને નિવૃત્ત કરે છે.

10/47/1 ભગવાનના દાસ ભગવાનની જ લીલા ગાય - કહે H2 D2

મોટી ભૂજાવાળા, નવા કમળ સમાન નેત્રવાળા, પીતાંબર અને કમળની માળા ધારણ કરનાર, શુદ્ધ મણિ જડિત કુંડલયુકત મુખારવિંદવાળા ઉદ્ધવજી કૃષ્ણના સેવક છે એમ જાણી ગોપીજનો એમની નજીક ગયા.

10/47/17 ભગવાનના સ્વરૂપનો વિરહ - વિયોગ થઈ શકે પણ ભગવત્ ગુણગાનનો નહિ. ગુણગાનની વિશેષતા D2

શ્યામશરીર એવા શ્રીકૃષ્ણની મિત્રતાથી બસ થયું અથવા મિત્રતા કરવાનું કોઈ પ્રયોજન નથી છતાં એમની લીલા-કથાઓ તો અમારા માટે છોડવાં મુશ્કેલ છે.

10/47/18 કૃષ્ણકથા રસ જીવન-અમૃત છે. D2

ભગવાન્ શ્રીકૃષ્ણે જે - જે લીલાઓ કરી તે - તે લીલાઓનું વર્ણન વ્યાસજી વગેરેએ કર્યું તે શ્રીકૃષ્ણની લીલાના કથામૃતનું એક કણનો પણ કોઈ એક જ વાર આદરપૂર્વક રસાસ્વાદ કરી લે છે તેના સુખ-દુઃખ રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વ ધર્મો છૂટી જાય છે, તે ત્યાં સુધી કે ઘણા તો પોતાના દુઃખમય ગૃહસ્થાશ્રમને છોડી દઈ અકિંચન થઈ જાય છે. પોતાની પાસે કોઈ સંગ્રહ-પરિગ્રહ રાખતા નથી અને પરમહંસ બની જઈ, પક્ષીઓ જેમ જયાં ત્યાં ચણ ચણે છે તેમ ભિક્ષા માગીને આ લોકમાં આજીવિકા ચલાવે છે. સંસારના કામના રહેતા નથી, છતાં શ્રીકૃષ્ણની લીલા કથા છોડી શકતા નથી. હકીકતમાં તેનો રસ એવો છે કે તેના વિના જીવન ટકી જ ન શકે તેથી તેનો ત્યાગ અમારાથી થઈ શકતો નથી.

10/47/24 વૈદિક સાધનો કૃષ્ણભક્તિના અંગરૂપે જ કરવાના છે C1E1

દાન-વ્રત-તપ, હોમ, જપ, વેદાભ્યાસ અને યોગ વગેરે કરવા એ કેવળ શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય એ માટે જ કરવાનાં છે.

10/47/26 વરણીય શ્રીકૃષ્ણ જ છે, જે એમની કૃપા હોય તો બને B2

તમે પુત્રો, પતિઓ, દેહ, સ્વજન, ઘરબાર વગેરે છોડી કેવળ શ્રીકૃષ્ણને વર્યા એ પણ તમારું અહોભાગ્ય, એમ અમે સમજીયે છીયે કેમ કે પુરુષોત્તમને વરવું એ મનુષ્ય પ્રયત્નથી તો અશકય છે એ તમારા માટે શકય બન્યું.

10/47/27 સર્વાત્મભાવ - ભગવાનમાં જ સર્વભાવની સ્થિરતા E1

તમને કૃષ્ણનો વિરહ થવાની સાથે એમાં સર્વાત્મભાવ થઈ ગયો તેથી તમે મોટા ભાગ્યવાળા છો કેમ કે ઈન્દ્રિયો જેને પહોંચી ન શકે એમાં તમોએ ભાવ સ્થિર કર્યો એ પણ વિરહરૂપી સાધનથી અને એ વિરહનું આપે મને દર્શન કરાવ્યું એ પણ હું આપનો અનુગ્રહ જ સમજુ છું.

10/47/29 ભગવાન્ ભકતને ત્યજતા નથી B2

ભગવાન - હું સર્વનો આત્મા હોવાથી, ભક્તોને વશ હોવાથી, સત્ય વકતા હોવાથી અને સ્ત્રીઓ ઉપર કૃપા કરવી એ મારો સ્વભાવ હોવાથી તમારો કદી પણ કયાંય પણ મારાથી વિયોગ નથી.

10/47/34 પ્રત્યેક સાધનાનું પ્રયોજન ભગવાન્ - નિરોધ E1

જેવી રીતે બધી નદીઓ આડી અવળી ફરી સમુદ્રમાં જ સમાઈ જાય છે તે જ પ્રમાણે વિવેકી પુરુષોના વેદાભ્યાસ, યોગસાધન, સાંખ્ય, સંન્યાસ, તપ, ઈન્દ્રિયનિગ્રહ અને સત્ય આદિ સમસ્ત ધર્મો - મનનો નિરોધ કરવાના સાધન છે.

10/47/36 સંયોગ કરતાં વિપ્રયોગમાં પ્રેમની અધિક તીવ્રતા E1

કારણકે સ્ત્રીઓ તથા બીજા પ્રેમીઓનું ચિત્ત પોતાના પ્રિયતમ દૂર હોય ત્યારે જેટલા નિશ્ચલ ભાવથી લાગેલુ રહે છે તેટલા નિશ્ચલ ભાવથી પાસે રહેનાર પ્રિયતમમાં લાગતું નથી.

10/47/48 માત્ર કૃષ્ણની જ આશા રાખવી જોઈએ B2

વેશ્યા હોવા છતાં પિંગલાએ કેવી મઝાની વાત કરી કે સંસારમાં કોઈની પણ આશા ન રાખવી એ જ મોટામાં મોટુ સુખ છે. આ વાત અમે જાણીયે છીયે. છતાં અમે ભગવાન શ્રીકૃષ્ણના પધારવાની આશા છોડી નથી શકતા.

10/47/51 વ્યસનાવસ્થા E1

અહીંનો એક એક પ્રદેશ, એક એક ધૂલીકણ અને અમારા શ્રીઅંગ આપના પરમ સુંદર ચરણ કમલોથી અંકિત છે. તેમને જયારે અમે જોઈએ અને સાંભળીયે છીયે ત્યારે તે નંદનંદનને અમારા નેત્રોની સામે લાવીને મૂકી દે છે. હે ઉદ્ધવજી ! અમે કોઈ પણ રીતે (મરી જઈને પણ) તેમને ભૂલી શકીયે તેમ નથી.

10/47/53 અનન્ય શરણાગતિ E3

અમારા પ્યારા શ્રીકૃષ્ણ ! આપ જ અમારા જીવનના સ્વામી છો. આપ લક્ષ્મીનાથ હો તેથી શું થયું ? અમારા માટે તો વ્રજનાથ જ છો. શ્યાસુંદર ! આપે અનેક વખત અમારા દુ:ખ દૂર કર્યા છે. હે ગોવિન્દ ! આપે અનેક વખત અમારાં દુ:ખ દૂર કર્યા છે. હે ગોવિન્દ ! આપનું આ આખું ગોકુલ - જેમાં ગ્વાલબાલ, માતા-પિતા, ગાયો અને અમે ગોપીજનો બધાં આવી ગયાં - તે દુ:ખના અપાર સાગરમાં ડૂબી રહ્યું છે. આપ એને બચાવો. ડૂબતાને બચાવનાર આપના વીના બીજો કોઈ નથી. વેદોને પણ આપે જ ડૂબતા બચાવ્યા હતા, તો આપ ગોકુલને પણ બચાવો. એ કામ આપ બીજા દ્વારા કરાવો તો એમાં ઉભયની ગૌણતા થશે.

10/47/56 ભક્તો માટે ભગવદ્કથા જ જીવન D2

નંદરાયજીના વ્રજમાં જેટલા દિવસો ઉદ્ધવજી રહ્યા તેટલા દિવસો દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણની લીલાની ચર્ચા થતી હોવાને કારણે વ્રજવાસીઓને આ લાંબો સમય એક ક્ષણ જેવો લાગ્યો.

10/47/58 શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા. E1

ઉદ્ધવજી - આ પૃથ્વી ઉપર જો કોઈએ દેહને ધારણ કરી જાણ્યો હોય તો એકલા આ ગોપવધૂઓ જ દેહધારી કહી શકાય, કેમ કે તેઓ સર્વાત્મા ગોવિન્દના દૃઢભાવવાળા છે. જે ભાવને સંસારથી ભય પામેલા મુનિઓ અને આપણે બધા ઈચ્છીયે છીયે પણ હજુ પ્રાપ્ત કરી શકયા નથી. અનંત ભગવાનની કથામાં જેને રસ નથી એવા બ્રહ્મ જન્મથી પણ શું ફળ ? કંઈ જ નહિ.

10/47/60 અનન્ય ભગવદ્પ્રેમ ભગવાનની અસીમકૃપા E1 B2

કયાં આ (દહીં-દૂધ વેચવા માટે) વનમાં ફરનારી, આચાર, જ્ઞાન અને જાતીથી હીન (વ્યભિચારી દોષ વાળી) ગામડાંની ગ્વાલણો અને કયાં ભગવાન શ્રીકૃષ્ણમાં આ અનન્ય

પરમપ્રેમ ! ધન્ય છે ! ધન્ય છે ! આથી સિદ્ધ થાય છે કે જેવી રીતે કોઈ અજાણતાં પણ ઔષધરાજ અમૃત પી લે તો પણ તે અમૃતના વસ્તુ સામર્થ્યથી જે તમામ રોગોથી મુકત અને અમર બની જાય છે, તેવી જ રીતે, જો કોઈ ભગવાનનું સ્વરૂપ અને માહાત્મ્ય જાણ્યા વીના પણ તેનું ભજન કરે તો ય પ્રભુ પોતાના સ્વરૂપ બળથી, કૃપાથી તેનું પરમ કલ્યાણ કરી દે છે.

10/47/67 કૃષ્ણ પરાયણતા (નિરોધ લક્ષણ) E1

ઉદ્ધવજી ! અમે તો એટલું જ ઈચ્છિએ છીએ કે અમારા મનની એક-એક વૃત્તિ, એક-એક સંકલ્પ શ્રીકૃષ્ણના ચરણકમલોનો જ આશ્રય કરીને રહે. અમારી વાણી નિત્ય નિરંતર તેમનાં જ નામોનો ઉચ્ચાર કરતી રહે અને શરીર તેમને જ પ્રણામ કરવામાં, એમની જ આજ્ઞાનું પાલન કરવામાં અને તેમની જ સેવામાં લાગેલું રહે.

10/47/68 પરાત્પર ફલ-કૃષ્ણભક્તિ વર્ધન. F2

"હે ઉદ્ધવજી ! અમે સાચું કહીયે છીયે, અમને મોક્ષની ઈચ્છા બિલકુલ નથી. ભગવાનની ઈચ્છાથી અમે અમારાં કર્મો પ્રમાણે કોઈ યોનિમાં જન્મ લઈએ, ત્યાં શુભ આચરણ કરીયે, દાન કરીએ અને તેનું ફળ અમને એ જ મળે કે અમારા પોતાના ઈશ્વર શ્રીકૃષ્ણમાં અમારો પ્રેમ ઉત્તરોત્તર વધતો રહે."

10/48/8 પારસમણિના પાત્રમાં ભટજી માંગે ભીખ. K

હે પરીક્ષિત ! કુબ્જાએ માત્ર અંગરાગ સમર્પિત કર્યો હતો એટલાથી જ તેને એ સર્વશક્તિમાન ભગવાનની પ્રાપ્તિ થઈ, જે કૈવલ્ય મોક્ષના અધીશ્વર છે અને જેની પ્રાપ્તિ અત્યંત કઠીન છે, પરંતુ તે ભાગ્યહીન તેથી આપને પ્રાપ્ત કરીને પણ ગોપીજનો જેવી અવસ્થા મોક્ષ માંગવાને બદલે આ માંગ્યું.

10/48/18 ભગવાનની સર્વરૂપતા B2

આપ પ્રધાનપુરુષ છો. આપ જ જગતનું કારણ છો, એટલું જ નહિ પણ આપ જ જગન્મય છો. આપ સિવાય કારણ કાર્યરૂપ જગતમાં બીજુ કાંઈ નથી. કેવલ એના ઉપાદાન અને નિમિત્તરૂપ આપ જ છો. જેમાં આપ અલ્પ સામર્થ્ય ધરો તો અપકૃષ્ટ અને વિશેષ સામર્થ્ય ધરો તે ઉત્કૃષ્ટ ગણાય. બીજા વસ્તુતઃ એમાં ભેદ નથી.

10/48/19 ભગવાનની સર્ગલીલા B1

આ જગતને ઉત્પન્ન કરીને એમાં પાછળથી પ્રવેશ કરો છો. સર્વ સામર્થ્યયુકત આપ એમાં પ્રવેશ કરો છો તેથી શ્રુતિ પ્રતિપાદિત પદાર્થ અને પ્રત્યક્ષ પદાર્થ એ બન્ને આપ જ છો.

10/48/23 ભગવાનનું અવતાર લેવાનું પ્રયોજન B2

આપે જગતના કલ્યાણને માટે આ સનાતન વેદમાર્ગને પ્રકટ કર્યો છે. જયારે પાખંડમાર્ગે ચાલનારા દુષ્ટલોકો તેને બાધા કરે છે ત્યારે શુદ્ધ સત્વમય શરીર ધારણ કરો છો.

10/48/26 પ્રેમીભક્તો પર જ ભગવાનની કૃપા. H2 B2

હે પ્રભો ! આપ પ્રેમીભક્તોના પરમ પ્રિયતમ, સત્યભક્ત, હિતેચ્છુ અને કુતજ્ઞ છો. ભલા

એવો કયો બુદ્ધિમાન પુરુષ છે જે આપને છોડી કોઈ બીજાને શરણે જાય ! આપ આપનું ભજન કરનાર પ્રેમીભક્તની સમસ્ત અભિલાષાને પૂર્ણ કરી દો છો, તે ત્યાં સુધી કે જેની કયારેય ક્ષતિ અને વૃદ્ધિ થતી નથી, જે એકરસ છે. પોતાના તે સ્વરૂપનું પણ આપદાન કરી દો છો. વિષયભાવવાળો આપનો ભક્ત થઈ શકતો નથી, તેથી એની ઈચ્છા પ્રમાણે આપ નથી કરતા એ યોગ્ય જ છે.

10/49/12 શરણાગતિ D3

આ સંસાર મૃત્યુમય છે અને આપનાં ચરણકમલ મોક્ષ આપવાવાળા છે. હું જોઉ છું કે જે લોકો આ સંસારથી ગભરાયેલા છે, તેમને માટે આપનાં ચરણકમલ (ભકિત) સિવાય બીજું કંઈ શરણ કે સહારો નથી.

10/49/23 અધર્મીની દુર્દશા K

અધર્મ કરીને જેનું પોષણ કરે છે તે મૂર્ખને તો એના પ્રાણ એનું ધન અને પુત્ર વગેરે છોડી દે છે. એનું સર્વસ્વ લઈ લે છે, એમાં એનો ઉપકાર માનતા નથી. એ મરનાર પોતે એ દ્રવ્યનો સદ્‌વ્યય કર્યા વગર જાય છે. તેથી એ અકૃતાર્થ રહે છે.

10/50/30 ભગવાનની ભક્ત પૂર્વાગ્રહતા. B2

અનંતગુણવાળા ભગવાન પોતાની લીલા વડે જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને અંત કરે છે. તેમને શત્રુની સેનાને કાબુમાં લેવી કે એનો નાશ કરવો એ કંઈ મોટી વાત નથી, તો પણ ભગવાન મનુષ્યનાટય બતાવે છે. એમાં પણ પોતાના ભકતોનો પક્ષ કરે છે.

10/51/36-37 ભગવાનના નામ ગુણ-લીલા અનંત છે. B2

પ્રિય મુચુકુન્દ ! મારાં જન્મ, કર્મ અને નામ હજારો છે. હું અનંત છું, તેથી એ મારાથી પણ ગણી ન શકાય. તેને ક્રમ વડે કહેવાનું બની શકે તેમ નથી. જયારે હું પણ ન કહી શકુ તો બીજો તો કયાંથી કહેવાને સમર્થ થાય. (૩૬) કોઈ પુરુષ પોતાના અનેક જન્મોમાં પૃથ્વીનાં નાના-નાના ધૂળ-કણોની ગણતરી કરી નાખે પરંતુ મારા જન્મ, ગુણો, કર્મો અને નામોની કોઈ કયારેય કોઈ પણ પ્રકારે ગણતરી કરી ન શકે. (૩૭)

10/51/53 ભગવાનની ભક્ત પરની કૃપા B2

પોતાના સ્વરૂપમાં એકરસ સ્થિત રહેનારા હે પ્રભુ ! જીવ અનાદિકાલથી જન્મ-મૃત્યુરૂપ સંસારના ચક્કરમાં ભટકી રહ્યો છે. જયારે તેને ભ્રમણ જનિત કલેશ જોઈને આપની દયા તેના ઉપર થાય છે ત્યારે તેનો જન્મ યોગી કે મહાન ભગવદીય કુલમાં થાય છે. તેમ થતાં તેને સંતો - ભગવદીયોની ગતિરૂપ તથા કાલકર્મ સ્વભાવના ઈશ એવા આપનામાં જીવની બુદ્ધિ અત્યંત દૃઢતાથી લાગી જાય છે.

10/51/59 ભક્તોની નિષ્કામતા - અપ્રાર્થનીયતા H2

જો તમને વરદાનનો લોભ કરાવ્યો તે માત્ર તમારી સાવધાનીની પરીક્ષા માટે જ હતો. મારા જે અનન્ય ભક્તો હોય છે તેમની બુદ્ધિ કયારેય કામનાઓમાં આમ-તેમ ભટકતી નથી.

10/51/61 ભકિતમાર્ગીય સંન્યાસ E1

મારામાં મન રાખી યથેચ્છ (ભગવાનની લીલા જોતા) પૃથ્વીમાં ફર્યા કરો. તમને કોઈ

એવો કયો બુદ્ધિમાન પુરુષ છે જે આપને છોડી કોઈ બીજાને શરણે જાય ! આપ આપનું દિવસ નાશ ન થાય તેવી મારામાં નિત્ય ભક્તિ થાઓ.

10/52/37 ભગવાનની સેવા કથાની ફલાત્મિકા D2

ઋકમણીજીએ કહ્યું - હે ત્રિભુવન સુંદર ! આપના ગુણો સાંભળનારના કાન દ્વારા હૃદયમાં પ્રવેશ કરી એક એક અંગનો તાપ દૂર કરે છે. આપનું રૂપ-સૌંદર્ય નેત્રવાળા જીવોના નેત્રો માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થોનું ફળ તેમજ સ્વાર્થ - પરમાર્થ બધું જ છે, તે બન્ને ગુણો મને દઈ આપમાં જ પ્રવેશ કરી રહ્યું છે.

10/52/39 બ્રહ્મસંબંધ મંત્રથી નિવેદન E1

તેથી હે પ્રિયતમા ! મેં આપને પતિરૂપે વરણ કરી લીધા છે. હું આપને આત્મસમર્પણ કરી ચૂકી છું. હે વિભુ ! મારા હૃદયની વાત આપથી છાની નથી. આપ અહીં પધારી મારો આપની પત્નીના રૂપમાં સ્વીકાર કરો. હે કમલનયન ! હું આપ જેવા વીરને સમર્પિત થઈ ચૂકી છું, આપની છું.

10/53/24 જીવો સ્વભાવત: દુષ્ટ (બા-બો ૧૬) જીવ દોષીત પ્રભુ નિર્દોષ નિર્દોષપૂર્ણ ગુણતા (બા-બો ૧૩) K B2

ભગવાન શ્રીકૃષ્ણ-સ્વરૂપ પરમશુદ્ધ છે. આપે મારામાં કંઈને કંઈ દોષ જોયો હશે, ત્યારે તો મારો હાથ પકડવાને માટે, મારો અંગીકાર કરવાને માટે, તૈયાર થઈ અહીં પધારી રહ્યા નથી - ઋકમણીજી.

10/56/12 आज्ञैव कार्या सततं स्वामी द्रोहोऽन्यथा भवेत् (અં.પ્ર-૪) ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું. K

એકવાર પ્રસંગવશ ભગવાન્ શ્રીકૃષ્ણે કહ્યું - સત્રાજીત ! તમે તમારો મણિ રાજા ઉગ્રસેનને આપી દો.” પણ એ એટલો લોભી હતો કે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થશે તેનો કંઈ વિચાર કર્યા વિના તેણે ભગવાનનું કહ્યું માન્યું નહિ.

10/57/15 બ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણ B1

જે પોતાની માયા વડે આ જગતને ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે, જેની ચેષ્ટાને બ્રહ્મા આદિ પણ એની માયામાં મોહિત થઈને જાણી શકતા નથી.

10/58/2 ભગવાન ભક્તોના પ્રાણરૂપ છે. H2

જયારે પાંડવોએ જોયું કે સર્વેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા છે ત્યારે જેમ પ્રાણનો સંચાર થતાં બધી ઈન્દ્રિયો સચેત થઈ જાય છે તેમ જ બધા એકી સાથે ઊભા થઈ ગયા.

10/58/10 સર્વપ્રતિ સમભાવ છતાં ભગવાનને ભક્તો અધિક પ્રિય છે. B2

હું જાણું છું કે, આપ સંપૂર્ણ જગતના પરમ હિતૈષી સુહદ આત્મા છો. આ મારું છે અને આ પરાયું એવી ભ્રાન્તિ આપનામાં નથી, એમ હોવા છતાં હે કૃષ્ણ ! જેઓ આપનું અખંડ સ્મરણ કરે છે તેમના હૃદયમાં આવી આપ બેસી જાઓ છો અને તેમની કલેશ પરંપરાને સદાને માટે મિટાવી દો છો.

10/58/20 શ્રીકૃષ્ણ: શરણં મમ E3

હું સૂર્યદેવની પુત્રી છું, પતિની ઈચ્છાવાળી છું પણ એ પતિ બીજો નહિ પણ વરદાન આપનાર અને વરવાને યોગ્ય વિષ્ણુ મારા પતિ થાય એમ હું ઈચ્છુ છું. એને માટે એ પતિ થાય ત્યાં સુધી કઠોર તપ કરી રહી છું.

10/58/37 ભગવાન પોતાની કૃપાને કારણે ભક્ત પ્રતિ પ્રસન્ન રહે છે B2

નાગ્નજિતી સત્યા મનમાં વિચાર કરવા લાગી "ભગવતી, લક્ષ્મી, બ્રહ્મા, શંકર અને મોટા મોટા લોકપાલ જેમના પદ પંકજનો પરાગ પોતાના સિર ઉપર ધારણ કરે છે અને જે પ્રભુએ પોતે બનાવેલી મર્યાદાનું પાલન કરવા માટે જ વખતો વખત લીલાઅવતાર ગ્રહણ કર્યા કરે છે, તે પ્રભુ મારા કયા ધર્મ વ્રત કે નિયમથી પ્રસન્ન થશે ? આપ તો કેવલ પોતાની કૃપાથી જ પ્રસન્ન થઈ શકે છે.

10/59/6 ભગવાન ભકત માટે શંખનાદ કરે તો તેની પંચ અવિદ્યા દૂર થાય B2

પ્રલય વખતે વિજળીના કડાકા સાથેની વજ્ર પડે અને અવાજ થાય તેના કરતાં પણ વધારે ભયંકર પાંચજન્ય શંખનો નાદ સાંભળી પાંચ માથાવાળો મૂરનામનો દૈત્ય સૂતો હતો તે બેઠો થઈ ગયો.

10/59/29 ભગવાન લીલાર્થે ગુણોને ધારણ કરે છે, લીપ્ત થતા નથી B2

હે પ્રભો ! આ જગતને ઉત્પન્ન કરવાની ઈચ્છા કરો છો ત્યારે આપ ઉત્કટ રજોગુણને અને લીન કરવા ધારો છો ત્યારે ઉત્કટ તમોગુણને ધારણ કરો છો, છતાં એનાથી આપ ઢંકાતા નથી. આ જગતનું પાલન કરવા હે જગત્પતે ! આપ ઉત્કટ સત્યગુણને ગ્રહણ કરો છો. કાળ પ્રકૃતિ અને પુરુષ પણ આપ છો છતાં એ ત્રણેયથી પર છો.

10/59/30 ભગવાન જ સર્વકારણોના કારણ છે B1

હે ભગવાન્ ! હું પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ પાંચ તન્માત્રા, મન, ઈન્દ્રિયો અને તેમના અધિષ્ઠાતા દેવતાઓ, અહંકાર અને મહત્તત્વ, કયાં સુધી કહું આ સંપૂર્ણ ચરાચર જગત આપના અદ્વિતીય સ્વરૂપમાં બ્રહ્મને લીધે જ જુદું પ્રતીત થઈ રહ્યું છે.

10/59/42 શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન છે B2

ત્યાર બાદ ભગવાન્ શ્રીકૃષ્ણે એક જ મુહૂર્તમાં અલગ અલગ ભવનોમાં અલગ અલગ રૂપ ધારણ કરીને એકી સાથે બધી રાજકુમારીઓનું શાસ્ત્રોકત વિધિથી પાણિગ્રહણ કર્યું. સર્વ શકિતમાન ભગવાનને માટે આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી.

10/59/45 ભગવાનની સેવા કરવામાં જ ભકતની કૃતાર્થતા છે. D1

તેમાંથી બધી પત્નીઓ પાસે સેવા કરવાને માટે સેંકડો દાસીઓ હતી છતાં જયારે ભગવાન્ એમના મહેલમાં પધારતા ત્યારે સ્વયં સામે જઈ આદરપૂર્વક પધરાવી જતા, શ્રેષ્ઠ આસન ઉપર બેસાડતા, પછી ભગવાન્ જે આજ્ઞા કરે તે પ્રમાણે કરતાં, ચરણકમલ ધોતા, પાન સિદ્ધ કરી આરોગાવતાં, ચરણ દબાવી શ્રમ દૂર કરતાં, પંખો કરતાં, કેશ સંવારતાં, શયન કરાવતા, સ્નાન કરાવતા અને ત્યાર પછી ભોજન કરાવી પોતાને હાથે જ ભગવાનની સેવા કરતા.

10/60/2 ભગવાનના પ્રાકટયનું પ્રયોજન B2

જે સર્વશકિતમાન પ્રભુ લીલા વડે જ આ જગતની રચના રક્ષા અને પ્રલય કરે છે તે જ અજન્મા પ્રભુ પોતાની બનાવેલી ધર્મ-મર્યાદાઓની રક્ષા કરવા માટે યદુવંશીઓમાં પ્રગટ થયા છે.

10/60/25 દૃઢ પ્રેમી ભકત H2

ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે પોતાની પ્રિય રુકિમણીજી હાસ્યની પ્રૌઢી નથી સમજી શકયાં અને પ્રેમ પાસની દૃઢતાને લીધે તેમની આ દશા થઈ રહી છે. સ્વભાવથી જ પરમ કારુણિક, સ્ત્રીઓના હિત માટે જ પ્રકટ થયેલા શ્રીકૃષ્ણનું હૃદય તેમના પ્રત્યે કરુણાથી ભરાઈ ગયું.

10/60/27 ભગવાનની કરુણા B2

ભગવાને તેમના નેત્રનાં આંસુ તથા શોકના આંસુઓથી ભીંજાયેલા સ્તનોને લૂછી નાખી, પોતાના ઉપર અનન્ય પ્રેમભાવ રાખવાવાળા તે સતી રુકિમણીજીને ભગવાને ભૂજા વડે આલિંગન કર્યું.

10/60/53 ભકિતની ઉત્કૃષ્ટતા E1

હે માનિની ! હું મોક્ષ તથા સંપૂર્ણ સંપત્તિઓનો આશ્રય છું, અધીશ્વર છું. મને પરમાત્માને પ્રાપ્ત કરીને પણ જે લોકો માત્ર વિષયસુખની અને ઐહિક સાધન સંપત્તિની જ અભિલાષા રાખે છે, મારી ભકિત નથી કરતા તે ભારે મંદભાગી છે, કારણકે વિષયસુખ તો નરકમાં અને નરક જેવી સૂકરકુકર યોનિઓમાં પણ પ્રાપ્ત થઈ શકે છે પરંતુ તે લોકોનું મન તો વિષયમાં જ લાગ્યું રહે છે. તેથી તેમને નરકમાં જવું પણ સારું લાગે છે. નરક તો સુલભ છે, કલેશ વગર જે મળી જતું હોય તેને માટે કલેશ ભોગવવે તે મંદભાગ્ય નહિ તો બીજું શું ?

10/63/34 બ્રહ્મ સર્વવ્યાપી - નિર્વિકારી છે B1

હે પ્રભો ! વેદમંત્રોમાં તાત્પર્યરૂપથી છૂપાયેલ પરમ જયોતિસ્વરૂપ પરબ્રહ્મ નિશ્ચય આપ જ છો. આપના સ્વરૂપને ગૂઢ જાણીને પહેલાં તો જિજ્ઞાસુઓ પોતાના હૃદયને શુદ્ધ કરે છે. પછી જેમ ઘડામાં આકાશ છે પણ તે અપ્રકટ છે તેમ શૂન્યવત્ ભાસતા આપના સ્વરૂપને સર્વવ્યાપી અને નિર્વિકારી તરીકે જૂએ છે.

10/63/40 માયામોહિત જીવ સંસારમાં જ ભટકે છે K

વિષયો દુ:ખદાયી છે એમ જાણવા છતાં જે વિવેકીપુરુષોને પણ પુત્ર, સ્ત્રી, ગૃહ વગેરેમાં આસકિત થાય છે તેમની બુદ્ધિ આપની કોઈ અદ્‌ભૂત માયાથી મોહિત થયેલ છે તેથી પુત્ર-સ્ત્રી વગેરેમાં આસકત હોવાથી (ભરતજી) તેઓ ત્યાં જન્મે છે અને મરે છે અને આમ અગાધ સાગરમાં ડૂબકા ખાધા કરે છે.

10/63/41 માયાનો પ્રભાવ K

વિવેક ઈન્દ્રિયાદિ યુકત શરીર આપ મનુષ્યને કૃપા કરીને આપો છો પણ તે ઈન્દ્રિયોને આધીન હોવાથી, આપના ચરણારવિંદમાં આસકિત રાખવી જોઈને છતાં આદર પણ

રાખતો નથી. આવો પોતાની જાતને છેતરનારો પુરુષ શોચનીય છે.

10/63/48 ભગવાનની પ્રત્યેક લીલા કલ્યાણકારક છે B2

તેના ગર્વને દૂર કરવા માટે જ મેં એની ભૂજાઓ કાપી નાખી છે. તેની બહુ મોટી સેના પૃથ્વી ઉપર બોજારૂપ થઈ પડી હતી તેથી જ મેં તેનો સંહાર કરી નાખ્યો.

10/64/20 દીનતાયુકત પ્રાર્થના H2

હું આપ લોકોનો દાસ છું. મારાથી અજાણતાં આ અપરાધ થઈ ગયો છે. મારા ઉપર કૃપા કરો અને મને આ ઘોર કષ્ટમાંથી અને ઘોર નરકમાંથી પડતો ઉગારી લો (નૃગ.)

10/64/26 ભગવદ્ દર્શન રૂપ કૃપા F2

હે વિભો ! વેદે કહેલ જ્ઞાનથી શુદ્ધ હૃદયવાળા યોગી લોકો હૃદયમાં જેમનું માત્ર ધ્યાન જ કરી શકે છે, પ્રત્યક્ષ દર્શન કરી શકતા નથી તે પરમાત્માને મારા નેત્રોથી જોયા. હે ઈન્દ્રિયાતીત પરમાત્મા ! અનેક વ્યસનોમાં જેની બુદ્ધિ અંધ થઈ રહી છે તેવા મને સાક્ષાત્ દર્શન થયાં એનું કારણ તો એટલું જ કે ભગવાન જેનો મોક્ષ કરવા ધારે તેને અહીં આ જન્મમાં જ દર્શન આપે છે. તેથી મોક્ષમાં સાધન ફલોન્મુખ થતાં આપે મને દર્શન આપ્યાં.

10/64/42 શિક્ષાશ્લોકી K

જેમ હું ત્રણે કાળમાં સાવધાન થઈ બ્રાહ્મણોને નમસ્કાર કરુ છું તેમ તમે પણ કર્યા કરો. મારી આ આજ્ઞાનું જે ઉલ્લંઘન કરશે તેને હું ક્ષમા નહિ કરું, દંડ દઈશ.

10/65/15 પ્રેમની ચરમકક્ષા E1

હવે ભગવાન્ શ્રીકૃષ્ણનું હાસ્ય, પ્રેમભરી વાતો, મધુર દૃષ્ટિ, અનૂઠી ચાલ અને પ્રેમાલિંગન વગેરેનું સ્મરણ કરતાં તેઓ મૂર્છિત થઈ ગયાં.

10/68/37 કૃષ્ણની પરબ્રહ્મતા B1

દશ દિશાના પતિઓ પોતાના ઉત્તમ મુકુટો વડે જેમના ચરણની રજને મસ્તક ઉપર ચડાવે છે. જેમના ચરણની રજના સંબંધને લઈ ગંગાજી અખિલલોકને પવિત્ર કરે છે, જેમની એક કલા વડે બ્રહ્માજી, શિવજી અને હું (બળદેવજી) જગતનાં ઉત્પત્તિ સ્થિતિ અને સંહારને એમની આજ્ઞા પ્રમાણે કરીયે છીયે, સાક્ષાત લક્ષ્મીજી જેમની સેવા કરે છે. તેમને રાજ્યાસન શા હિસાબમાં છે ? (બળદેવજી કૌરવ-પાંડવોને કહે છે.)

10/69/13 तत् सिद्ध्यै तनुवित्तजा D1

દેવર્ષિ નારદજીએ જોયું કે ભગવાન્ શ્રીકૃષ્ણ તે મહેલમાં સ્વામિનીજીની સાથે બિરાજમાન્ છે. જોકે તે મહેલમાં સ્વામિનીજી જેવાં જ ગુણ રૂપ તારુણ્ય અને વસ્ત્રાભૂષણયુકત હજારો દાસીઓ હર સમય હાજર રહેતી હતી તો પણ સ્વામિનીજી પોતાના હાથે ભગવાનને સોનાની દાંડીવાળો ચામર ઢોળી રહ્યાં હતાં.

10/69/17 B2

નારદજી - હે ભગવન્ ! આપ સમસ્ત લોકોના એકમાત્ર સ્વામી છો. આપ આપના ભક્તો

ઉપર પ્રેમ કરો છો અને દુષ્ટોને દંડ આપો છો એ આપને માટે કંઈ નવી વાત નથી. હે પરમ યશસ્વી પ્રભો ! આપે જગતની સ્થિતિ અને રક્ષા દ્વારા સમસ્ત જીવોનું કલ્યાણ કરવાને માટે સ્વેચ્છાથી અવતાર ગ્રહણ કર્યો છે. આ વાત અમે માત્ર તર્કથી નહિ પણ અનુભવ અને શ્રુતિને આધારે જાણીયે છીયે.

10/69/38 ભગવદ્ સેવાનું માહાત્મ્ય D1

હે યોગેશ્વરાત્મા ! આપની યોગમાયા બ્રહ્માજી વગેરે મોટા મોટા યોગીઓને માટે પણ અગમ્ય છે. પરંતુ આપના ચરણકમલની સેવાના પ્રતાપથી આજે અમે જાણી.

10/69/39 ભગવાનની લીલાનું શ્રવણ પાવન કરનાર છે D2

ચૌદભુવન આપના સુયશથી પરિપૂર્ણ થઈ રહ્યાં છે હવે મને આજ્ઞા આપો કે હું આપની ત્રિભુવનપાવની લીલા ગાન કરતો કરતો તે લોકોમાં ફરતો રહુ.

10/70/25 કૃષ્ણની શરણાગતિથી અભયદાન D3

હે સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ ! આપ મન અને વાણીથી અગોચર છો. જે આપને શરણે આવે છે તેના સમસ્ત ભય આપ નષ્ટ કરી દો છો. હે પ્રભુ ! અમારી ભેદબુદ્ધિ નષ્ટ થઈ નથી. અમને જન્મ-મૃત્યુ રૂપ સંસારના ચક્રનો ભય છે, તે ભયથી મુક્ત થવા માટે અમે આપને શરણે આવ્યા છીયે.

10/70/26 કાલસ્વરૂપ શ્રીકૃષ્ણ B2

હે ભગવાન ! મોટા ભાગના લોકો એવા નિષિદ્ધ કર્મોમાં ફસાયેલા રહે છે કે આપે બતાવેલા પરમ કલ્યાણકારી કર્મ, આપની ભક્તિ, શ્રવણથી વિમુખ થઈ ગયા છે. પરંતુ આપ બહુ બલવાન્ છો. આપ કાલરૂપે સદા સર્વદા સાવધાન રહી તેમના જીવનની આશા જ મહાન્ વ્યાધિ વગેરે દ્વારા મૂળમાંથી ઉખેડી નાખો છો. અમે આપના આ અતી સાવધાન કાલ સ્વરૂપને નમસ્કાર કરીએ છીએ.

10/70/39 શરણાગતિનું પ્રયોજન D3

શરીર અને તેની સાથે સંબંધ રાખનારી વાસનાઓમાં ફસાઈ જઈ જીવ જન્મ-મૃત્યુના ચક્કરમાં ભટકતો રહે છે અને તે આ શરીરથી હું કેમ છૂટી શકીશ તે જાણણો નથી. તેના જ હિતને માટે આપે નાના પ્રકારના લીલા સ્વરૂપ ધારણ કરી આપના પવિત્ર યશનો દીવો પ્રગટાવો છો. જેની સહાયથી તે અનર્થકારી શરીરથી છૂટી શકે તેથી હું આપને શરણે આવ્યો છું.

10/70/43 આપની સેવાથી અધિક કોઈ ફળ નથી D1

હે પ્રભો ! આપ સ્વયં વિજ્ઞાનાનંદ ધન છો. આપનું શ્રવણ-કીર્તન અને ધ્યાન કરવા માત્રથી ચાંડાલ પણ પવિત્ર થઈ જાય છે તો પછી આપનાં દર્શન અને સ્પર્શ કરે તેની બાબતમાં તો કહેવું જ શું ?

10/71/8 સર્વ દેવો ભગવાનના સામર્થ્યથી શકિતમાન છે. B2

હે પ્રભો ! આપ સર્વ શકિતમાન, રૂપરહિત, કાલસ્વરૂપ છો. વિશ્વની સૃષ્ટિ અને પ્રલય

આપની શકિતથી જ થાય છે. બ્રહ્માજી અને શંકર તો તેમાં નિમિત માત્ર જ છે.

10/71/26 ભગવાનના દર્શનથી ભક્તની દશા H2

ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રીઅંગ પવિત્ર લક્ષ્મીનું નિવાસસ્થાન છે. રાજા યુધિષ્ઠિર પોતાની બન્ને ભૂજાઓથી તેનું આલિંગન કરી સમસ્ત પાપ-તાપથી મુકત થઈ ગયા અને પરમાનંદના સમુદ્રમાં ડૂબી ગયા. તેમના નેત્રોના આંસુ છલકાઈ આવ્યાં, અંગે અંગ પુલકિત થઈ ગયું અને તેમને આ વિશ્વપ્રપંચના ભ્રમનું લેશ માત્ર ભાન રહ્યું નહિ.

10/72/3 દેવપૂજા પણ ભગવાનની વિભૂતિ જાણીને કરવી (ઉપાસના) C1

હે ગોવિન્દ ! સર્વશ્રેષ્ઠ રાજસૂય યજ્ઞ દ્વારા હું આપનું તથા આપની પરમ પાવન વિભૂતિ સ્વરૂપ દેવતાઓનું યજન કરવા ચાહુ છું. હે પ્રભો ! આપ કૃપા કરી મારો આ સંકલ્પ સિદ્ધ કરો.

10/72/4 ભગવાનનું શરણ જ ઐહિક - પારલૌકિક સુખ અને મુક્તિ આપનાર છે. અન્યથા નહિ. D3

હે કમલનાભ પ્રભો ! આપના ચરણકમલની પાદુકાઓ સમસ્ત અમંગલનો નાશ કરનારી છે. જે લોકો નિરંતર તેમની સેવા કરે છે, ધ્યાન અને સ્તુતિ કરે છે, તે લોકો જ ખરી રીતે પવિત્રાત્મા છે. તેઓ જન્મ - મૃત્યુના ચક્કરમાંથી છૂટકારો મેળવી લે છે અને જો તેઓ સાંસારિક વિષયોની ઈચ્છા કરે તો તેમને તેની પણ પ્રાપ્તિ થઈ જાય છે, પરંતુ જેઓ આપના ચરણકમલોનું શરણ ગ્રહણ નથી કરતા તેમને મુક્તિ અને સાંસારિક ભોગો પણ મળતા નથી.

10/72/6 ભગવાન્ વિષમ નિર્દય નથી પણ ભકતની સેવા અને ભાવના અનુસાર ન્યૂનાધિક ફળ પામે છે. D1

હે પ્રભો ! આપ બધાના આત્મા, સમદર્શી અને સ્વયં આત્માનંદનો અનુભવ કરનાર છો. સ્વયં બ્રહ્મ છો. આપમાં. "આ હું છું અને આ બીજો, આ મારું છે અને આ પારકું" આ પ્રકારનો ભેદભાવ નથી છતાં જેમ કલ્પવૃક્ષનો આશ્રય લેનારને તેની ભાવના પ્રમાણે ફળ મળે છે, તેમ જે લોકો આપની સેવા કરે છે તેમને પણ તેમની ભાવના પ્રમાણે જ ફળ મળે છે. તે ફલમાં જે ન્યૂનાધિકતા હોય છે તે સેવાને અનુરૂપ જ હોય છે, તેથી આપને વિષમતા કે નિર્દયતાનો દોષ લાગતો નથી.

10/72/9 સંપતિ જાય તો પણ પ્રભુ ઈષ્ટસાધક જ કરે. B2

હે મધુસુદન ! સ્વામી ! જરાસંધે અમને આપની પ્રાપ્તિ કરાવી આપી તે તેણે અમારા ઉપર મહાન ઉપકાર જ કર્યા છે એટલે અમે જરાસંઘનો દોષ જોતા નથી. હે ભગવાન ! અમે અમારી જાતને રાજા કહેવડાવનારાની રાજયલક્ષ્મી ચાલી ગઈ એ તો આપનો અનુગ્રહ જ માનીયે છીયે. અમારું ઈષ્ટસાધક રાજય દૂર થઈ ગયું. તેની ખોટ આપ જ અમને સાલવા નહિ જ દો કારણકે આપ વિભુ-સમર્થ છો.

10/72/10 ધર્મમૂલક સંપત્તિ ન હોય તો મદ થાય અને નાશ પામે K

રાજા, "હું ઈશ્વર-શકિતશાળી છું, ફાવે તેમ કરીશ એવા" ઐશ્વર્યના મદથી મત્ત થઈ

પોતાનો કલ્યાણ-ધર્મ વગેરે નથી જાણી શકતો કે નથી પ્રાપ્ત કરી શકતો. સમ્પત્તિથી ધર્મ થઈ શકે છે, એ વાત સાચી પણ જો તે સમ્પત્તિ સંપૂર્ણ હોય, ધર્મ મૂલક હોય તો. સમ્પત્તિ ધર્મ મૂલક ન હોય, અધર્મથી તે પ્રાપ્ત કરેલી હોય તો તે થોડા જ સમયમાં નાશ પામે છે. પણ આપની માયાથી મોહિત થઈ ગયેલ રાજા સમ્પત્તિને નિત્ય અને અચલ માને છે.

10/72/15 ભકત જન્મયોનિ નહિ વિચારે પણ ભગવદ્ સ્મરણ ન ભૂલાય તે માંગે H2

અમારે સંસારની કોઈ પણ યોનિમાં ભલે જન્મ લેવો પડે પણ આપ હવે કૃપા કરીને એવો ઉપાય બતાવો કે આપના ચરણકમલોનું સ્મરણ કદીય ન ભૂલાય, અખંડ સ્મરણ થયા કરે.

10/74/3 ભગવાન્ સમર્થ હોવા છતાં ભકતાધીન છે B2

અમે તો અત્યંત દીન છીએ. પરંતુ પોતાની જાતને ભૂપતિ અને નરપતિ માનીએ છીએ. આવી સ્થિતિમાં અમો તો દંડને પાત્ર છીયે. પરંતુ આપ અમારી આજ્ઞા સ્વીકાર કરો છો અને તેનું પાલન કરો છો. સર્વ શકિતમાન પુરુષોત્તમ હોવા છતાં આપ ભકતો ઉપર કૃપા કરવા કમલનયન દૃષ્ટિથી જ તેમને પુષ્ટ કરનાર થયા તે મનુષ્યલીલાનો અભિનય માત્ર છે.

10/74/4 કૃષ્ણ પરબ્રહ્મ છે B2

જેવી રીતે ઉદય અને અસ્તને લીધે સૂર્યના તેજમાં વધારો કે ઘટાડો થતો નથી. તેવી જ રીતે કોઈ પણ પ્રકારના કર્મોથી આપની વૃદ્ધિ કે ક્ષય થતાં નથી. કારણકે આપ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છો.

10/74/20 બધાં જ અનુષ્ઠાન કૃષ્ણ પ્રાપ્તિ માટે છે. યજ્ઞ કૃષ્ણરૂપ છે C1

આ આખું વિશ્વ શ્રીકૃષ્ણનું જ રૂપ છે. સમસ્ત યજ્ઞ પણ શ્રીકૃષ્ણ સ્વરૂપ જ છે. ભગવાન્ શ્રીકૃષ્ણ જ અગ્નિ, આહુતિ અને મંત્રોના રૂપમાં છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ બન્ને પણ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે જ છે.

10/74/21 ભગવાન કૃષ્ણ બ્રહ્મ છે. B2

હે સભાસદો ! કયાં સુધી વર્ણન કરું ? ભગવાન્ શ્રીકૃષ્ણ તે એક (રસ) અને અદ્વિતીય બ્રહ્મ છે. જેમાં સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ નામ માત્રનો પણ નથી. આ આખુંય જગત તેનું જ સ્વરૂપ છે. તે પોતાના સ્વરૂપમાં જ સ્થિત અને જન્મ અસ્તિત્વ વૃદ્ધિ વગેરે છ વિકારોથી રહિત છે. આપ આપના આત્મસ્વરૂપ સંકલ્પથી જ જગતની સૃષ્ટિ, પાલન અને સંહાર કરે છે.

10/74/22 કર્માનુષ્ઠાન પણ ભગવાનની કૃપાથી જ થાય છે. C1 B2

આખું જગત શ્રીકૃષ્ણના અનુગ્રહથી અનેક પ્રકારના કર્મોનું અનુષ્ઠાન કરતું, ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ પુરુષાર્થો પ્રાપ્ત કરે છે.

10/74/40 ભગવાન કે ભકતની નિંદા સાંભળી લેવી ન જોઈએ H2

ભગવાન અથવા તત્પર ભકતની નિંદા સાંભળીને જે ત્યાંથી ચાલ્યો ન જાય તે પોતાના શુભ કર્મોથી ભ્રષ્ટ થઈ જાય છે અને તેની અધોગતિ થાય છે.

10/75/23 સર્વાત્મભાવ E1

મહારાજ યુધિષ્ઠિર ભગવત્ પરાયણ હતા. તેમને બધામાં ભગવાનના જ દર્શન થતા. તેથી તેઓ ભાઈ-બંધુ, કુટુંબી નરપતિ, ઈષ્ટમિત્ર, હિતૈષી અને બધા લોકોની વારંવાર પૂજા કરતા.

10/77/32 ભગવત્ સેવાથી જ ભગવદ્ પ્રાપ્તિ D1

મોટા મોટા ઋષિમુનિઓ ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલોની સેવા કરી આત્મવિદ્યા પુષ્ટ કરે છે અને તે દ્વારા "શરીર એ જ આત્મા છે" એવા અનાદિ અજ્ઞાનનો નાશ કરી દે છે, એટલું જ નહિ પણ અનંત ઐશ્વર્યયુક્ત ભગવાનને જ પ્રાપ્ત કરી લે છે. તે ઉત્તમ સત્પુરુષોની ગતિરૂપ ફલરૂપ શ્રીકૃષ્ણમાં મોહ કેવી રીતે હોઈ શકે ?

10/78/26 પાખંડીને વિદ્યા હિતકર ન થાય. K

છતાં એ અવિનયવાળો, ઈન્દ્રિય નિગ્રહ રહિત પોતાને વૃથાપંડિત માનનાર હોવાથી, નટ જેમ બીજાને દેખાડવા ચેષ્ટા કરે છે તેમ દેખાવ કરનાર અને અંતઃકરણને કાબુમાં નહિ રાખનારને વિદ્યા પ્રાપ્ત થાય તો પણ તે તેને કે બીજાને હિતકર ન થાય.

10/78/27 ધર્મ પાખંડીનો વધ ભગવાન કરે છે K

જે લોકો ધર્મના ચિહ્ન ધારણ કરે છે પરંતુ ધર્મનું પાલન નથી કરતા તેઓ વધારે પાપી છે અને તેઓ મારે માટે વધને યોગ્ય છે. આ જગતમાં આ માટે જ મેં અવતાર લીધો છે.

10/78/33 મોટાઓ લોકશિક્ષા માટે પણ આચરણ કરે છે H2

બળદેવજી - હું લોકશિક્ષણ માટે લોકો ઉપર અનુગ્રહ કરવા માટે આ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત અવશ્ય કરીશ, તેથી તેને માટે પ્રથમ શ્રેણીનું જ પ્રાયશ્ચિત્ત હોય તે આપ કહો.

10/79/30 મોટાઓ લોકસંગ્રહ માટે પણ કર્મ કરે છે. H2

ત્યાંથી બળદેવજી ફરી નૈમિષારણ્ય ક્ષેત્રમાં ગયા ત્યાં ઋષિઓએ બળદેવજી દ્વારા બધી જાતના યજ્ઞો કરાવ્યા. બળદેવજીએ તમામ વેદવિરોધ, યુદ્ધને તિલાંજલી આપી દીધી હતી. હે પરીક્ષિત ! સાચું પૂછો તો જેટલા યજ્ઞ છે તે બધા બળદેવજીના અંગો જ છે. એમને યજ્ઞ કરવાની જરૂર નહોતી પણ છતાં એમણે યજ્ઞો કર્યા તે લોક સંગ્રહને માટે જ.

10/79/31 જ્ઞાન C1

સમર્થ બળદેવજીએ એમને વિશુદ્ધ જ્ઞાન આપ્યું જેનાથી પોતાના આત્મામાં આ વિશ્વને અને વિશ્વમાં પોતાના આત્માને એ ઋષિઓ જોવા લાગ્યા.

10/79/33 બળદેવજીએ લીલાર્થ જ મનુષ્ય શરીર ધારણ કર્યું છે B2

હે પરીક્ષિત ! ભગવાન્ બળદેવજી સ્વયં અનંત છે. એમનું સ્વરૂપ મન અને વાણીથી અગોચર છે. તેમણે લીલાને માટે જ આ મનુષ્ય જેવું શરીર ધારણ કર્યું છે. એવા

બલશાળી બળદેવજીના આવાં ચરિત્રો અગણિત છે.

10/80/3 ઈન્દ્રિયો સહિત દેહની સાર્થકતા તેમનો ભગવાનમાં વિનિયોગ છે. E1

જે વાણી ભગવાનના ગુણોનું ગાન કરે છે તે જ સાચી વાણી છે. તે જ હાથ સાચા હાથ છે જે ભગવાનની સેવા કરે છે. તે જ મન સાચું મન છે જે ચરાચર પ્રાણીઓમાં નિવાસ કરનારા ભગવાનનું સ્મરણ કરે છે અને તે જ કાન કહેવડાવવા યોગ્ય છે, જે કલ્યાણકારી ભગવાનની કથાઓનું શ્રવણ કરે જે ચરાચર જગતને ભગવાનના ચલ-અચલ સ્વરૂપ સમજીને નમસ્કાર કરે તે જ મસ્તક કહેવાય અને જે સર્વત્ર ભગવદરૂપોના દર્શન કરે છે, તે જ નેત્ર વાસ્તવમાં નેત્ર છે. શરીરનાં જે અંગ ભગવાન અને આપના ભકતોનું ચરણોદકનું સેવન કરે છે અથવા ભગવદ્ ચરણરૂપ ગંગાજીમાં સ્નાન-પાન કરે છે તે જ અંગ વાસ્તવિક રીતે અંગ છે. સાચું પૂછો તો તેમનું જ હોવું સફ્લ છે.

10/80/12 જીવનનો અમૂલ્ય લ્હાવો ભગવદ્દર્શન છે. (ભગવદ્કામ) F2

એમ એમની સ્ત્રીએ બહુ વાર પ્રાર્થના કરી ત્યારે વિપ્રને વિચાર આવ્યો કે ઉત્તમપુરુષો જેમનાં ગુણગાન કરે છે તે ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન થઈ જશે એ તો જીવનનો એક અણમોલ લ્હાવો છે.

10/80/18 ભગવાનની ભક્તવત્સલતા B2

તે વખતે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની પ્રાણપ્રિયા (લક્ષ્મણાજી)ના પલંગ ઉપર બિરાજેલા હતા. બ્રાહ્મણ દેવતાને દૂરથી જ જોઈ આપે એકદમ ઊભા થઈ એમની પાસે જઈ અત્યંત આનંદથી તેમને ભૂજપાશમાં બાંધી દીધા.

10/80/30 નિષ્કામ કર્મથી સ્વભાવો વિજયો ભવેત્. C1

જગતમાં એવા લોકો વિરલા જ હોય છે જે નિષ્કામ થઈ ફલની આશા રાખ્યા વગર જ કર્મો કરે છે. તેઓ સ્વભાવ ઉપર વિજય મેળવવા કર્મો કરે છે. તેઓ મારી જેમ લોકશિક્ષાને માટે કર્મો કરી દૈવી પ્રકૃતિને છોડી દે છે.

10/80/32 વર્ણાશ્રમીઓના ગુરુ C2 J

આ સંસારમાં આ શરીરને આપનાર પિતા પ્રથમ ગુરુ છે. ત્યાર બાદ ઉપનયન સંસ્કાર કરી સત્કર્મોની શિક્ષા આપનાર બીજા ગુરુ છે. તે મારી જેમ જ પૂજય છે. ત્યાર પછી જ્ઞાનનો ઉપદેશ કરી પરમાત્માને પ્રાપ્ત કરાવી આપનાર ગુરુ તો મારું જ સ્વરૂપ છે. વર્ણાશ્રમીઓના આ ત્રણ ગુરુ હોય છે.

10/80/33 સદ્ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલનાર શિષ્ય J

હે બ્રાહ્મણ દેવ ! ગુરુના સ્વરૂપમાં હું જ છું. આ જગતમાં વર્ણાશ્રમીઓમાંથી જે લોકો પોતાના ગુરુદેવના ઉપદેશ પ્રમાણે અનાયાસ જ સહજમાં ભવસાગર પાર કરી લે છે તે પોતાના સ્વાર્થ અને પરમાર્થના સાચા જાણકાર છે.

10/80/41 શિષ્યનું ગુરુ પ્રતિ કર્તવ્ય J

ગુરુના ઋણથી મુકત થવા માટે સત્શિષ્યોનું એટલું જ કર્તવ્ય છે કે તેઓ વિશુદ્ધભાવથી

પોતાનું સર્વસ્વ અને શરીર પણ ગુરુદેવની સેવામાં સમર્પણ કરી દે.

10/81/6-7 નિષ્કામ ભકતને પ્રભુ સ્વરૂપાનંદનું દાન કરે છે F2

હે રાજન્ ! ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રાણીમાત્રના હૃદયની બધી વાત જાણે છે. ભગવાને વિચાર્યું કે આ બ્રાહ્મણ તો તેની પત્નીએ મોકલ્યો છે તેથી આવ્યો છે, પહેલેથી જ એ મારો ભકત છે અને તેની ભકિતને તેણે કદી કામનાથી અભડાવા દીધી નથી, તે નિષ્કામ ભકત છે. તેથી તેને તો મારું સ્વરૂપ જ આપવું પડશે. મારો એ સખા છે, તેથી મારું પ્રિય કરવાને માટે મારી પાસે આવ્યો સમ્પત્તિ (તેની પત્નીને) આપીશ.

10/81/14 ભગવદ્ દર્શનથી અધિક લૌકિક સંપત્તિ નથી જ F2

ભગવાને સ્વયં સુદામાજીને કંઈ આપ્યું નહિ. સુદામાજીએ પોતે ભગવાનની પાસે કંઈ યાચના કરી નહિ. ભગવાનનાં દર્શન થયાં તેના અલૌકિક સુખનો અનુભવ કરતા કરતા પોતાના ઘર તરફ રવાના થયા.

10/81/15 ભગવાન્ બ્રાહ્મણને સન્માન અને ભકતને પ્રીતિ આપે છે B2

સુદામાજી મનમાં વિચારવા લાગ્યા "કેટલા આનંદ અને આશ્ચર્યની વાત છે ! બ્રાહ્મણોને પોતાના ઈષ્ટદેવ માનનારા ભગવાન્ શ્રીકૃષ્ણની બ્રાહ્મણભકિત આજે મેં મારી નજરે જોઈ. ધન્ય છે ! જેમના વક્ષસ્થલ ઉપર સદા સર્વદા લક્ષ્મીજી બિરાજે છે, તેમણે નજરે જોવો પણ ન ગમે તેવા અત્યંત દરિદ્ર મને છાતી સરસો ચાંપી આલિંગન કર્યું.

10/81/19 ભગવદ્ ચરણસેવાનું માહાત્મ્ય D1

સ્વર્ગ, મોક્ષ, પૃથ્વી, રસાતલની સંપત્તિ તથા સમસ્ત યોગસિદ્ધિઓની પ્રાપ્તિનું મૂલ આપના ચરણોની સેવા જ છે.

10/81/20 ધન-સંપત્તિની અનર્થતા K

ધનથી અવશ્ય મદ થાય, મદથી ભગવાનને ભૂલી જવાય ભગવાનને ભૂલાય એટલે સર્વનાશ થાય એમ સમજીને જ દયાળુ ભગવાને મને વધારે ધન ન આપ્યું. (સુદામા.)

10/81/35 પ્રેમીભક્તો પ્રતિ પ્રભુનું ઔદાર્ય. B2

મારા પ્યારા સખા શ્રીકૃષ્ણ આપે છે ઘણું પણ તેને માને છે બહુ ઓછું અને આપના પ્રેમી ભકતો આપને તુચ્છ વસ્તુની ભેટ કરે તો તેને તે ઘણી મોટી માની લે છે. જૂઓ તો ખરા, મેં આપેલા મુઠ્ઠીભર પૌઆ આરોગ્યા અને તે પણ જાણે પોતાની પરમ ઈચ્છેલી વસ્તુ મળી ગઈ હોય એમ પરમપ્રેમથી. સ્વયં તો કોટી બ્રહ્માંડના નાયક છે. (સુદામા)

10/81/36 ભકત શું માગે ? H2

મને ભવોભવ ભગવાન્ શ્રીકૃષ્ણનો પ્રેમ, આપનું જ સખ્ય આપની જ મિત્રતા અને આપનું જ દાસ્ય પ્રાપ્ત હો. સદા સર્વદા ગુણોના એકમાત્ર નિવાસસ્થાન મહાનુભાવ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણોમાં પ્રેમ વધતો જાય અને આપના જ પ્રેમી ભકતોનો મને સત્સંગ પ્રાપ્ત થતો રહે. (સુદામા)

10/81/37 પ્રભુ પોતાના ભકતોને સમ્પત્તિરહિત રાખે છે. B2

અજન્મા ભગવાન શ્રીકૃષ્ણ સમ્પત્તિ આદિના દોષ જાણે છે. આપ જૂએ છે કે બહુ ધનવાન પુરુષોનું ધન અને ઐશ્વર્યના મદથી પતન થઈ જાય છે તેથી આપ પોતાના અદૂરદર્શી ભક્તને બુદ્ધિનો વ્યામોહ કરનારી સમ્પત્તિ, રાજય અને ઐશ્વર્ય વગેરે આપતા નથી.

10/81/38 આસકિતરહિત થઈને વિષયભોગ ફળે - ભકિત વધે. E1

હે પરીક્ષિત ! પોતાની બુદ્ધિથી આ પ્રમાણે નિશ્ચય કરી તે બ્રાહ્મણ દેવતાએ, થોડા વખત પછી વિષયો છોડવાની ઈચ્છાથી પોતાની પત્નીમાં આસકિત રાખ્યા વગર વિષયોનું સેવન કર્યું, આવિદ્યાને દૂર કરનાર શ્રીકૃષ્ણમાં તેમની ભક્તિ તો રોજ રોજ વધતી જ રહી.

10/82/6 ભગવાનનો અનાદર-અવજ્ઞા K

ઘરમાં જ સર્વ શ્રેયનાં સાધન હતાં તેથી કુરુક્ષેત્ર જવાની જરૂર ન હતી પણ ભગવાનના સતત સહવાસને લીધે ભગવાનની અવજ્ઞા-અનાદર રૂપી પાપ સંભવે છે, જેનું બીજે કયાંય પ્રાયશ્ચિત્ત નથી.

10/82/11 શ્રીકૃષ્ણભકિત અર્થે જ સદ્‌ધર્મ કરવો. C1

“અમારી શ્રીકૃષ્ણના ચરણોમાં ભક્તિ હો” એવી કામનાથી, સત્પાત્ર બ્રાહ્મણોને તેમણે સુવર્ણનું દાન કર્યું.

10/82/21 કોઈનો ય દોષ ન જોવો C2

વસુદેવજી - હે અમ્બ ! અમારો દોષ ન જો. મનુષ્યો તો દેવ (કાલ)નાં રમકડાં છે. આ સંપૂર્ણ જગત કાલ ભગવાનને વશ છે. તેને વશ રહી કર્મ કરે છે અને તેનું ફળ ભોગવે છે.

10/82/30 ભગવાન્ કૃષ્ણની કથા, વાણી, ચરણામૃત પાવન કરનાર છે D2

વેદોએ ઘણા આદરપૂર્વક ભગવાન્ શ્રીકૃષ્ણની કીર્તિનું ગાન કર્યું છે. શ્રીકૃષ્ણની અતી રસાલ કીર્તિ આદરપૂર્વક શ્રવણ કરવામાં આવે તો તે જગતને અત્યન્ત પવિત્ર કરી દે છે. જેમની કીર્તિ જગતને પવિત્ર કરી દે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણનું શું કહેવું ? વળી આપના ચરણકમલનું જલ ગંગાજી અને આપની વાણી ગીતાજી તેમજ ભાગવતજી પણ જગતને એવી જ રીતે પાવન કરી દે છે.

10/82/31 ભક્તના ઘરમાં ભગવાન્ બિરાજે એથી ઉત્તમ કંઈ નથી H2

જે સંબંધ બીજાઓને માટે નરકમાં નાખનારો છે તે જ સંબંધ આપને માટે વિષ્ણુરૂપ થઈ રહ્યો છે, કારણકે આપના ઘરમાં સર્વ સંદેહોના નિવારક સાક્ષાત્ વિષ્ણુ નિવાસ કરે છે અને વિષ્ણુના તો દર્શન માત્રથી સ્વર્ગ કે મોક્ષ, સુદ્ધાંની સ્પૃહા રહેતી નથી.

10/82/40 ગોપીજનોનો કૃષ્ણપ્રેમ “શુદ્ધા પ્રેમ્ણાતિ દુર્લભા:” E1

ગોપીજનોના પરમ પ્રીતમ જીવન સર્વસ્વ શ્રીકૃષ્ણ જ હતા જયારે શ્રીકૃષ્ણનાં દર્શન કરતાં નેત્રોની પલક લાગે છે ત્યારે તેઓ પલકના બનાવનારા બ્રહ્માજીને જ શાપ દેતાં હતાં.

તે જ પ્રેમની મૂર્તિ ગોપીજનોને આજ ઘણા સમય બાદ ભગવાન્ શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. તેમનાં મનમાં તેમને માટે કેટલી આર્તિ હતી તેનું તો અનુમાન પણ ન કરી શકાય. તેમણે નેત્રોને માર્ગે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણના હૃદયમાં લઈ જઈ ગાઢ આલિંગન કર્યું અને તન્મય થઈ ગયાં.

10/82/45 ભક્તિનું માહાત્મ્ય E1

હે સખીઓ ! ઘણા સૌભાગ્યની વાત છે કે તમને લોકોને મારો તે પ્રેમ પ્રાપ્ત થઈ ચૂકયો છે, જે મારી પ્રીતિ કરાવી દેનારો છે કારણકે મારી ભક્તિ એકલી જ પ્રાણીઓને અમૃતત્વ (મોક્ષ) મેળવી આપવા માટે સમર્થ છે.

10/82/46 કૃષ્ણનું પરબ્રહ્મત્વ B1

હે વહાલાં ગોપીજનો ! જેવી રીતે ઘટ પટ વગેરે જેટલા પણ ભૌતિક પદાર્થો છે તેમના આદિ, અંત અને મધ્યમાં, બહાર અને અંદર તેમનાં મૂળ કારણ પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ તથા આકાશ જ ઓતપ્રોત થઈ રહેલાં છે. તેવી જ રીતે જેટલા પણ પદાર્થો છે તેમની પહેલાં પછી, વચમાં, બહાર અને અંદર કેવલ હું જ રહેલો છું.

10/82/49 ભગવાનનું ચરણકમલ સંસારનાશક B2

ગોપીજનો - હે પદ્મનાભ ! બહારના યોગરૂપ સાધન સંપન્ન પૂરા જ્ઞાની યોગેશ્વરો પોતાના હૃદયમાં આપનાં ચરણકમલોનું ચિંતન જ કરતા રહે છે. જેમાંથી બહાર નિકળ વાનો ઉપાય નથી. તેવા સંસાર રૂપ કૂવાની અંદર જે લોકો પડેલા છે તેમને માટે તેમાંથી બહાર નિકળવા માટે આપનું ચરણકમલ એકમાત્ર અવલંબન છે. હે પ્રભો ! આપ એવી કૃપા કરો કે આપનું એ ચરણકમલ અમે ઘરમાં રહીયે છતાં ઘરમાં આસકિત ન થાય અને અમારા હૃદયમાં તે સદા સર્વદા બિરાજમાન રહે, એક ક્ષણને માટે પણ ભૂલીયે નહિ.

10/83/3 લીલા કથારૂપ રસની અદ્‌ભૂતતા D2

હે ભગવન્ ! મોટા મોટા મહાત્માઓ મનમાં ને મનમાં આપના ચરણારવિંદના મકરંદ રસનું પાન કરતા રહે છે. કયારેક કયારેક તેમના મુખકમલમાંથી લીલા કથાના રૂપમાં તે રસ છલકાઈ જાય છે. હે પ્રભુ ! એ રસ એટલો અદ્‌ભૂત અને દિવ્ય છે કે કોઈ પણ પ્રાણી તે પી લે તો તે જન્મ-મૃત્યુના ચક્કરમાં ધકેલી દેનારી વિસ્મૃતિ અથવા અવિદ્યાનો નાશ કરી દે છે, તે જ રસને જ લોકો પોતાના કાનરૂપી પડિયામાં ભરી ધરાઈ ધરાઈને પીએ છે, તેમના અમંગલની સંભાવના જ કયાંથી હોય ?

10/83/8 ભગવદ્ સેવાની જ અભિલાષા D1

રૂકિમણીજી - મારી તો એટલી જ અભિલાષા છે કે ભગવાનનું તે જ ચરણકમલ જે સાક્ષાત્ લક્ષ્મીજીનું આશ્રયસ્થાન છે તે મને જનમોજનમ પ્રાપ્ત થતું રહે, હું તેની જ સેવામાં લાગી રહું.

10/83/10 દાસ્યધર્મ E1

જાંબવતીજી - ત્યારે એમણે મણિની સાથે મને પણ ભગવાનને ભેટ તરીકે આપી. એમની

એ પ્રકારે હું દાસી થઈ છું. સ્વતંત્ર હોય તે કામના કરે, હું તો દાસી છું, તેથી દાસ્ય સિવાય મારે બીજી કામના ન હોય.

10/83/11 દાસ્યધર્મ E1

કાલિન્દીજી - પછી મને પોતાને ત્યાં લઈ જઈ મારું પાણિગ્રહણ કર્યું. મારે કોઈ કામના નથી કારણકે કુદરતી રીતે જ હું તેમના ઘરની સફાઈ કરનારી સાવરણી જ છું (ગૃહદાસી).

10/83/39 ભગવાનના ઘરના દાસ થવું તે સૌભાગ્ય છે E1

હે રાણીજી ! અમે બધાંએ અમારા પૂર્વજન્મમાં સર્વ આસકિત છોડી ત્યારે તપ કર્યું હશે, ખરેખર તેથી તો આ જન્મમાં અમને આત્મારામ ભગવાન્ શ્રીકૃષ્ણના ઘરની દાસીઓ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

10/83/41-42 ભગવાનના ચરણની રજની જ અભિલાષા D3

અમને આખી પૃથ્વી ઉપરનું રાજય આત્મારામપણું, ભોગ, બ્રહ્માંડ રુપત્વ, બ્રહ્માંડનું આધિપત્ય, મોક્ષ કે હરિનાં પદ (સાયુજય)ની ઈચ્છા નથી પણ અમારે માત્ર એટલું જ જોઈએ છે કે અમને (હરિ સાથે) ભોગ પ્રાપ્ત થતો રહે અને અમારા પ્રીતમ પ્રભુના સુકોમલ ચરણકમલોની શ્રીરજ લક્ષ્મીજીના વક્ષ:સ્થલ ઉપર લાગેલ કેસરની સુગંધથી યુકત હોય તે શ્રીરજ અમારા મસ્તક ઉપર ધારણ કરતી રહીયે.

10/83/43 ભગવદ્ચરણ રજની કામના D3

આવા અલૌકિક પ્રભાવવાળા ભગવાનનાં જે ચરણકમલોનો સ્પર્શ આપ ગાય ચરાવતા હોય તે વખતે ગાય, ગોપીજનો, પુલિન્દીનીજીઓ, તણખલા અને લતાઓ કરવા માગતી હતી તેમની જ કામના અમને પણ છે.

10/84/11 ભવગદ્ભકતોનું માહાત્મ્ય H2

ફકત જળમય તીર્થો જ તીર્થો નથી કે માત્ર માટી અને પથ્થરમય દેવોની પ્રતિમાઓ જ દેવો નથી પરંતુ ભગવદ્ભકતો પણ તીર્થરૂપ અને દેવરૂપ છે. તીર્થો અને દેવોનું સેવન ખૂબ લાંબા સમય સુધી કરવામાં આવે ત્યારે તેઓ પવિત્ર કરે છે જયારે ભગવદ્ભકતો દર્શન માત્રથી કૃતાર્થ કરી દે છે.

10/84/26 ભગવદ્ ચરણાવિંદના દર્શન ફલાત્મક છે F2
સમર્પણપૂર્વિકા ભકિતથી ભગવત્ પ્રાપ્તિ

આજે અમને આપનાં તે ચરણારવિંદનાં દર્શન થયાં છે સમસ્ત પાપરાશિનો નાશ કરે છે, જે ગંગાજી વગેરે તીર્થોનું ઉત્પત્તિસ્થાન છે અને સિદ્ધ પરિપકવ યોગીઓએ જેને પોતાના હૃદયમાં ફલ સમજીને ધારણ કર્યું છે. આપની ઉત્કૃષ્ટ ભકિતપૂર્વક અમે અમારા અંત:કરણ, જીવ અને દેહ આપને સમર્પણ કર્યા છે. આમ અમે આપના પદને પામીશું, આથી આપ અમ ભકતોને આત્મસાત્ કરો, અનુગ્રહ કરી અપનાવી લો.

10/84/31 अदूरे विप्रकर्षेवा यथा चितं न दुष्यति (ભ.વ.૮)
भक्त्य भावेतु स्थानाच्च्य नश्यति (સિ.મુ. ૨૦) D3

સંસારમાં બહુ પાસે રહેવું મનુષ્યોના અનાદરનું કારણ બની રહે છે. ગંગાજીના કાંઠે રહેનારો માણસ શુદ્ધિ માટે બીજું જલ શોધે છે.

10/84/51 મંત્રોના સ્વામી ભગવાન છે B2

વસુદેવજીએ દરેક યજ્ઞમાં જયોતિષ્ટોમ, દર્શ, પૂર્ણમાસ વગેરે પાકૃત યજ્ઞો, સૌરસત્ર વગેરે વૈકૃત યજ્ઞો અને અગ્નિહોત્ર વગેરે બીજા યજ્ઞો દ્વારા દ્રવ્ય, ક્રિયા અને તેમના જ્ઞાનના મંત્રોના સ્વામી વિષ્ણુ ભગવાનની આરાધના કરી.

10/85/1 કૃષ્ણનું પરબ્રહ્મત્વ B2

હે અધોક્ષજ ભગવાન ! જન્મ અસ્તિત્વ વગેરે ભાવ વિકારોથી રહિત પરમાત્મન ! આ ચિત્ર - વિચિત્ર જગતનું નિર્માણ આપે જ કર્યું છે અને તેમાં આપે જ આત્મારૂપથી પ્રવેશ પણ કર્યો છે. આપ પ્રાણ (ક્રિયાશકિત) અને જીવ (જ્ઞાનશકિત)ના રૂપમાં તેનું પાલન પોષણ કરી રહ્યા છો.

10/85/20 પ્રભુનું અવતાર પ્રયોજન અને સ્વરૂપ, જીવની સીમિતતા B2

હે પ્રભો ! આપે પ્રસુતિ ગૃહમાં જ અમને કહ્યું હતું કે "હું જો કે અજન્મા છું તો પણ પ્રત્યેક યુગમાં પોતાના ભકતોના અને ધર્મના રક્ષણ માટે અવતાર ગ્રહણ કરુ છું." હે ભગવન્ ! આપ આકાશની જેમ અનેક શરીર ગ્રહણ કરો છો અને છોડો છો. વાસ્તવમાં આપ અનંત, એક રસ છો. આપની આશ્ચર્યમયી શકિત યોગ માયાનું રહસ્ય તો કોણ જાણી શકે ? બહુ બહુ તો બધા આપની કીર્તિનું ગાન કરી શકે.

10/85/26 ભેદબુદ્ધિ ગયા પછીની ફલાત્મક સ્થિતિ F4

ભગવાન્ શ્રીકૃષ્ણના આ વચનો સાંભળી વસુદેવજીની ભેદબુદ્ધિ જતી રહી અને આનંદ મગ્ન થઈ જઈ વાણીથી મૌન અને મનથી નિ:સંકલ્પ થઈ ગયા.

10/85/38 છલકતી ભકિત E1

દૈત્યરાજ બલિએ ભગવાનનાં ચરણકમલને પોતાના વક્ષ:સ્થળ અને મસ્તક ઉપર વારંવાર રાખવા લાગ્યા. તેનું હૃદય પ્રેમથી વિહ્વળ થઈ ગયું. નેત્રોમાંથી આનંદના આંસુ વહેવા લાગ્યા. રોમ રોમ ખીલી ઊઠયું અને ગદ્ ગદ્ વાણીથી તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

10/85/45 સંસારમાંથી નીકળી સર્વાત્મભાવ સુધી પહોંચવાની સાધના F1 C1

સર્વ પ્રકારની કામનાથી રહિત પુરુષોએ જ શોધવા યોગ્ય હે મારા પ્રભુ ! આપના ચરણારવિંદનું સ્મરણ એ જ સાચો પ્રકાશ છે. એ સ્મરણ જે ઘરમાં થતું નથી તે ઘર ઘર નથી પણ અંધારો કૂવો છે. તેવા અંધારા કૂવા જેવા મારા ઘરનો ત્યાગ કરી તે અંધારા કૂવામાંથી બહાર નીકળી, જેમનાં ચરણો વિશ્વનું શરણ છે તેવા સત્પુરુષોના સંગ રૂપી આજીવિકા પ્રાપ્ત કરી હું એકલો ફર્યા કરું અને અંતે બધાનો મિત્ર બની જાઉ તેવી કૃપા આપ મારા પર કરો.

10/85/46 સેવકસ્ય તુ ધર્મોડયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ (અં-પ્ર-૫) H2

હે પ્રભો ! આપ ઈશ છો, અમે જીવો ઈશીતવ્ય છીએ અર્થાત આપ સ્વામી છો, અમે

સેવક છીયે, આપ આજ્ઞા કરનાર છો, અમે આજ્ઞા ઉઠાવનાર છીયે. આપ અમને આજ્ઞા કરો, નિષ્પાપ કરો, અમારા પાપનો નાશ કરી દો કારણકે જે પુરુષ શ્રદ્ધાપૂર્વક આપની આજ્ઞાનું પાલન કરે છે તે વિધિ નિષેધના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

10/85/55 ભગવદ્ પ્રસાદી અને ભગવદ્સેવાનો પ્રભાવ D1

દેવકીજીનાં સ્તનોનું દૂધ સાક્ષાત્ અમૃત હતું તે બાળકોએ શ્રીકૃષ્ણને પાન કરતાં બચેલું તે જ અમૃતમય દૂધ પીધું. તે દૂધ પીવાથી અને ભગવાન શ્રીકૃષ્ણનાં અંગોનો સ્પર્શ થવાથી તેમને આત્મ સાક્ષાત્કાર થઈ ગયો.

10/86/13-14 अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रावणादिभिः (ભ.વ.૨)
અદૃઢબીજભાવ - અવ્યાવૃત્તની સાધના H2

વિદેહની રાજધાની મિથીલામાં એક ગૃહસ્થ બ્રાહ્મણ હતા તેમનું નામ શ્રુતદેવ હતું. તે ભગવાન્ શ્રીકૃષ્ણના પરમભકત હતા. તે એકમાત્ર ભકિતથી પૂર્ણકામ, પરમશાંત, જ્ઞાની અને વિરકત હતા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં તે કોઈ પણ પ્રકારનો ઉદ્યોગ કરતા નથી. વિના પ્રયાસે જે કંઈ મળી આવતું તેટલાથી જ પોતાનો નિર્વાહ કરી લેતા અને કર્મમાર્ગ પ્રમાણે બ્રાહ્મણે કરવી જોઈતી ક્રિયા કરતા હતા.

10/86/15 प्राप्तं सेवेत निर्ममः / अव्यावृत्ते भजेत् कृष्णं C2

પ્રારબ્ધવશ રોજ તેમને જીવન નિર્વાહ પૂરતી સામગ્રી મળી રહેતી, વધારે નહિ. તેમને એટલાથી સંતોષ પણ હતો અને પોતાના વર્ણાશ્રમ પ્રમાણે ધર્મપાલનમાં તત્પર રહેતા.

10/86/16 ભકતને ત્યાં ભગવાન વગર વિનતીએ પણ પધારે છે H2

તે દેશના રાજા પણ બ્રાહ્મણના જેવા જ ભકિતમાન હતા. તેમનામાં અભિમાનનું તો નામ પણ ન્હોતું. શ્રુતદેવ અને બહુલાશ્વ બન્ને ભગવાન્ શ્રીકૃષ્ણના પ્રિય ભકત હતા.

10/86/27 થી 29 પ્રેમભકિત પૂર્વિકા પૂજા પ્રકાર C1

વિદેહરાજ બહુલાશ્વ બહુ ઉદાર હતા. દુષ્ટ દુરાચારી લોકો જેમનું નામ પણ ન સાંભળી શકે. તે જ ભગવાન શ્રીકૃષ્ણ તથા ઋષિમુનિઓ મારે ઘરે પધાર્યા છે તે જોઈ સુંદર આસન મંગાવ્યા અને ભગવાન્ શ્રીકૃષ્ણ તથા ઋષિમુનિઓને આસન ઉપર પધરાવ્યા. તે વખતે બહુલાશ્વની વિચિત્ર દશા હતી. પ્રેમભકિતના ઉદ્રેકથી તેમનું હૃદય ભરાઈ આવ્યું હતું. આંખોમાં આંસુ ઉભરાઈ રહ્યાં હતાં. તેમણે પોતાના અતી પૂજય અતિથિઓના ચરણોમાં નમસ્કાર કરી ચરણો પખાળ્યા અને પોતાના કુટુંબની સાથે તે ચરણોનું ગંગાજી સમાન લોક પાવન જલ મસ્તક ઉપર ધારણ કર્યું. પછી ભગવાન્ તથા ભગવત્ સ્વરૂપ ઋષિઓને ગંધ, માલા, વસ્ત્ર, અલંકાર, ધૂપ, દીપ, અર્ધ્ય, ગાય, બળદ, વગેરે સમર્પણ કરી તેમની પૂજા કરી.

10/86/32 ભકતનું અતીશય પ્રિયત્વ B2

હે પ્રભો ! આપનું વચન છે કે "મને લક્ષ્મીજી, બ્રહ્માજી કે શિવજી એટલા પ્રિય નથી જેવો મારો ભકત મને પ્રિય છે." એ વચન સત્ય કરવાને જ આપે અમોને દર્શન આપ્યા છે.

10/86/33 ભકતોને પ્રભુ સ્વરૂપદાન કરે છે B2

ભલા એવો કયો પુરુષ હોય કે જે આપની પરમ દયાળુતા અને પ્રેમ પરવશતાને જાણીને પણ આપના ચરણકમલનો પરિત્યાગ કરી શકે ? હે પ્રભો ! જેમણે જગતની સમસ્ત વસ્તુઓનો અને શરીર વગેરેનો મનથી પરિત્યાગ કરી દીધો છે તે પરમ શાન્ત મુનિઓને આપ આપના સ્વરૂપ સુદ્ધાનું દાન કરી દો છો.

10/86/39 ભકતોને ભગવદ્ સ્વરૂપ જાણ્યા H2

શ્રુતદેવ પધારેલા સર્વને ઘાસ, દર્ભના આસન તથા ચટાઈ પર બેસાડીને સ્વાગતથી અભિનંદન કરી પત્ની સહિત તેમણે આનંદથી તેમનાં ચરણ ધોયાં.

10/86/42 દીનતા H2

શ્રુતદેવે મનમાં વિચાર કરવા લાગ્યા કે - હું તો ઘરરૂપી અંધારા કૂવામાં પડયો છું. સર્વ તીર્થરૂપ ચરણરેણુવાળા અને ભગવાનને રહેવાના સ્થાનરૂપ તેવા આ ઋષિમુનિઓનો અને શ્રીકૃષ્ણનો સમાગમ મને કયાંથી થાય ? છતાં એમની કૃપાથી થયો એ મારું મોટું ભાગ્ય !

10/86/47 કર્મ કરતાં ભકિતની શ્રેષ્ઠતા E1

જે શકિત ભગવાનનાં દર્શન માટે છે તેનો વિનિયોગ કર્મમાં કરવાથી ભગવાન એની પાસે છતાં બહુ દૂર રહે છે.

10/86/49 દાસભકિત ભાવ D1

હે દેવ ! અમે આપના દાસ છીએ, અમને આજ્ઞા કરો. આપની કઈ સેવા અમે કરીયે ? મનુષ્યને આપનાં દર્શન થતાં કલેશ રહેતો નથી. જયાં સુધી આપનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જ કલેશનો સંભવ છે. આપના દર્શન કરનાર જીવને સ્વાર્થ તો રહ્યો નથી. એણે સ્વામીકાર્ય કરવાનું રહ્યું તેથી આજ્ઞા માંગવી તે યોગ્ય જ છે.

10/87/55 ભકત બ્રાહ્મણમાં પણ પૂજયભાવ રાખવો K H2

દુર્બુદ્ધિ મનુષ્યો આ મારો અભિપ્રાય અને સિદ્ધાંત જાણ્યા વિના માત્ર મૂર્તિ, તીર્થ, ક્ષેત્ર વગેરેમાં જ પૂજય બુદ્ધિ રાખે છે અને ગુણોમાં દોષ કાઢી મારારૂપ જગદ્ગુરુ બ્રાહ્મણનો, જે તેનો આત્મા જ છે, તિરસ્કાર કરે છે.

10/87/12 શ્રુતિગીતા ભગવાનનું લીલાગાન છે A2

પોતે ઉત્પન્ન કરેલ આ જગતનું સર્વ તરફથી પાન કરીને શકિતઓ સાથે પોઢેલા ઈશ્વરને તેને અંતે શ્રુતિઓ ભગવાનના વીર્યોનું પ્રતિપાદન કરનારા વચનોથી જગાડે છે.

10/87/કા.2 विषयो भगवानेव B2

સર્વ પદાર્થોમાં, ભ્રમથી જણાતા પદાર્થોમાં પણ સત્ય હરિ રહેલા છે તેથી સત્પુરુષો સર્વ પદાર્થોમાં શ્રીકૃષ્ણને જ જાણે છે.

10/87/16 ભગવદ્ ભજનમાં સુખ છે, તપ વગેરે સાધનોમાં કલેશ છે E1 C2

હે ત્રણ લોકના અધિપતિ ! એવો નિશ્ચય કરીને આપના ભકતોએ સર્વલોકના મલનો

નાશ કરનાર કથારૂપી અમૃતના સાગરનું અવગાહન કરીને, તપ (દુ:ખદાયક સાધનો) છોડી દીધાં. હે પૂર્ણપુરુષોતમ પ્રભો ! આપની સ્ફૂર્તિથી દેહ તથા કાલના ગુણોને જેમણે દૂર કરેલા છે તેવા જે નિરંતર સુખનો જેમાં અનુભવ છે તેવા પદને ભજે છે તેમનું તો પછી કહેવું જ શું ?

10/87/કા.3 ભગવાનરૂપી ફલાનુભાવ કરનાર શરણાગત ભકતોને સાધન કલેશમય લાગે છે E3

જેના હૃદયમાં અનંત કથાઓ ભરી છે તેવા ભકતો તપ વગેરે સાધન નથી કરતા તો સાક્ષાત્ આપના ચરણને આશ્રયે રહેલા છે તેવા મહાશયોની તો વાત જ શી કહેવી ? એ લોકો ફળનો અનુભવ કરતા હોવાથી સાધન આદિ કલેશમાં શા માટે ઉતરે ?

10/87/17 ભગવાનની આજ્ઞામાં રહેવું જ સાચું પ્રાણધારણ છે E1

આપની આજ્ઞાનું પાલન કરનારા આપના ભકતો જ સાચા પ્રાણધારી છે. બીજાનું તો જીવન વ્યર્થ છે અને તેમના શરીરમાં શ્વાસનું આવવું જવું તો લુહારની ધમણ જેવું છે.

10/87/કા.4 કૃષ્ણની જ સેવા કરવી D1

ડાહ્યા પુરુષોએ પાંચ પ્રકારે હેતુઓ આપી નિર્ણય કર્યો છે કે શ્રીકૃષ્ણની જ સેવા કરવી કેમ કે આપ શરીરને આપનાર છે, પ્રેરણા કરનાર છે, સુખતે આપનાર છે, આ જગતના પ્રલય પછી બાકી રહેનાર છે અને સત્યરૂપ છે.

10/87/કા.5 કર્મમાર્ગ કે યોગમાર્ગ કરતાં ભગવદ્સેવા ઉત્તમ છે D1

કેટલાક કર્મરૂપ ભગવાનને સેવે છે, જયારે બીજા યોગરૂપ ભગવાન છે એમ જાણી યોગ કરી એમનું હૃદયમાં ચિંતન કરે છે. એના કરતાં પણ અક્ષરરૂપ ભગવાનની સેવા કરનાર લોકોને સંતોએ ઉત્કૃષ્ટ માન્યા છે.

10/87/કા.6 નિર્દોષ સમ પ્રભુ સર્વત્ર બિરાજે છે. B1

ભગવાન્ સર્વદોષ રહિત છે, સર્વત્ર તુલ્ય છે. એ ક્રીડા માટે અનુકરણ કરતા સર્વત્ર પ્રકાશે છે.

10/87/કા.7 પૂર્ણાનંદ હરિની જ સેવા કરવી. D1

જીવમાં આનંદ તિરોહિત છે, જગત આનંદ રહિત છે. તેથી સુખની ઈચ્છાવાળા જીવોએ પૂર્ણ આનંદવાળા હરિની સેવા કરવી.

10/87/21 હરિલીલારસામૃતના ભોકતા ભકત મોક્ષને પણ તુચ્છ જાણે છે H2

હે ભગવન્ ! પરમાત્મા તત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું અત્યંત કઠીન છે. તેનું જ જ્ઞાન પ્રાપ્ત કરાવવાને માટે એવી લીલા કરો છો કે જે અમૃતના મહાસાગરમાંથી પણ મધુર અને માદક હોય છે. આ લીલા અને કથાના અમૃતના મહાસાગરને ડહોળવાનો આશ્રય કરનારા હંસોના સમૂહના સંગ માટે ઘરબાર ત્યજી દીધા છે તેવા કેટલાક હે ઈશ્વર ! અનેક પ્રકારે લલચાવનારા પદાર્થોની તો શું પણ મોક્ષની પણ ઈચ્છા કરતા નથી.

10/87/કા.8 હરિકથા પરમાનંદ સાગર છે D2

ભગવાન હરિ શ્રીકૃષ્ણમાં પરમાનંદનો સાગર છે. આ વિષયમાં સંદેહ નથી. કથા એ

જણાવનારી છે. અર્થાત ભગવાનમાં જો પરમાનંદ ન હોય તો એમની કથામાં પરમાનંદ ન હોત એવો ભાવ છે.

10/87/22 ભગવદ્સેવાને અનુકૂળ દેહ-ઈન્દ્રિયો જ મિત્ર છે D1

હે પ્રભો ! (ઈન્દ્રિય, બલ, વિવેકવાળુ) આ શરીર આપને (આપની સેવાને) અનુકૂલ છે. તે આત્મા, મિત્ર અને પ્રિયની જેમ વર્તે છે. વળી આપ હિત કરનાર પ્રિય અને આત્મા હોવાથી (આ જીવ મારી સેવા કયારે કરશે એવી ઉત્કંઠાયુકત અનુકૂળ છો છતાં અરેરે ! ખેદની વાત છે કે (પૂર્વ જન્મના પાપને લીધે દુ:સંગ થવાથી, ઈન્દ્રિયોની આળપંપાળ કરવાથી તથા અન્યાશ્રય કરવાથી) આત્મહત્યારા આપની ભકિતમાં આસકત હોવાથી, ખબર નહિ તેમને કેટલાં દુષ્ટ શરીરો ધારણ કરવાં પડે છે અને અત્યંત ભયાવહ સંસારમાં ભટકવું પડે છે.

10/87/કા.9 ઈન્દ્રિયોનું અહિત કરીને પણ ભગવદ્ સેવા કરવી D1

ભકિતમાર્ગમાં બાધક દુષ્ટનો સંગ કોઈ દિવસ ન કરવો. દેહ સેવાને લાયક હોય અને શ્રીકૃષ્ણસેવા કરાવવાને અનુકૂળ હોય તો સેવા કરવી પણ ઈન્દ્રિયોનું હિત ન કરવું.

10/87/કા.10 ભગવાન્ પ્રસન્ન થાય તે પ્રકારે સેવા કરવી D1

જેમને હરિ પોતાના માને છે તે બધા ય હરિના ભકતો સરખા છે. તેથી જેમ શ્રીકૃષ્ણ પોતાના માને તેવી રીતે (ભજન) સેવા કરવી.

10/87/કા.11 જ્ઞાનમાર્ગ ચિતશુદ્ધિ કરાવે છે, ભગવત્ પ્રાપ્તિ નહિ. C1

ભ્રાન્તિને લઈને હું ભગવાનને જાણું છું એમ જીવ કહે છે પણ ખરી રીતે તો જ્ઞાનના માર્ગનું મૂળ ભ્રાન્તિ છે. વેદમાં જ્ઞાનકાન્ડ છે, તે માત્ર ચિત્તની શુદ્ધિ કરાવે છે એ ભગવાનનો સાક્ષાત્કાર કરાવતો નથી તેથી ડાહ્યા માણસે શ્રીકૃષ્ણને ભજવા (તેમની સેવા કરવી) એ શ્રુતિનું તાત્પર્ય છે. તેથી જ્ઞાન મેળવવાની ખપ્પટમાં ન પડતાં શ્રીકૃષ્ણનું ભજન કરવું.

10/87/કા.13 નિર્દોષ (હરિ) જ ગુણ-દોષો બન્યા છે B1

જીવો બ્રહ્મરૂપ છે તેથી અને સર્વ જગત તથા મનના દોષો પણ બ્રહ્મ છે તેથી હરિમાં દોષ કેવી રીતે હોય ?

10/87/27 ભગવાનનું ભજન કરનાર શરણાગત અભય થાય છે E1

હે ભગવાન ! જે લોકો એમ સમજે છે કે આપ સમસ્ત પ્રાણીઓ તથા પદાર્થોમાં બિરાજી રહ્યા છો અને સર્વાત્મ ભાવથી આપની સેવા કરે છે તેઓ જ મૃત્યુના સિરની અવગણના કરીને તેનું પગથી આક્રમણ કરે છે. તે (પ્રસિદ્ધ) દેવોને પણ આપ વાણીથી પશુઓની જેમ બાંધો છો. આપના ઉપર પ્રેમ રાખનાર ભકતો ખરેખર (જગતને) પવિત્ર કરે છે પણ આપથી વિમુખ લોકો પવિત્ર કરતા નથી.

10/87/કા.14 પરમશુદ્ધ ભકતોની જ સેવા કરવી, અન્યોની નહિ H2

સર્વ પ્રકારે અને પૂર્ણપણે ભકતો જ શુદ્ધ છે, બીજા શુદ્ધ નથી, માટે પોતાની શુદ્ધિની ઈચ્છા રાખનારે ભકતોની સેવા કરવી, બીજાની નહિ.

10/87/કા.15 નિર્દોષ કૃષ્ણ જ સેવ્ય છે D2

સુવર્ણની પ્રતિમાના જેવા આ (શ્રીકૃષ્ણ) આનંદઘન સાર્વભૌમ રાજા, બધાએ સેવવા યોગ્ય, (બધાને) વશ રાખનારા, હર પ્રકારે દોષ વિનાના છે.

10/87/29 સર્ગ - વિસર્ગ લીલા ભગવાનની વિહાર કરવાની ઈચ્છાથી થાય છે B1

હે નિત્યમુકત પ્રભો ! આપ માયાતીત છો છતાં જયારે આપને પ્રકૃતિ (માયા)ની સાથે વિહાર કરવાની ઈચ્છા થાય છે ત્યારે ચરાચર જીવોની ઉત્પત્તિ થાય છે. આપ પરમ-અક્ષરથી પણ ઊંચે બિરાજો છો. કોઈ આપને ઉત્તમ નથી કે કોઈ અધમ નથી કારણકે આપ આકાશની જેમ આશ્રય રહિત શૂન્યની સમાન છો.

10/87/કા.16 લીલા કરવા તત્પર પ્રભુ પોતાનામાંથી જીવસૃષ્ટિ બનાવે છે B1

સર્વભાવથી રહિત પૂર્ણ (શ્રીકૃષ્ણ) ક્રીડા માટે તૈયાર થયા છે એ નિમિતનો સારી રીતે આશ્રય કરીને જીવોના સમૂહો તણખાની જેમ ભગવાનમાંથી નીકળે છે.

10/87/કા.17 જીવ અણુ છે વ્યાપક નહિ. G

જીવોના સમૂહને વશ રાખનાર હરિ છે તેથી જીવો અણુ મનાયેલા છે. જીવો કોઈ પણ સમયે વ્યાપક નથી. જ્ઞાનીઓ જીવને ચિન્મય માને છે.

10/87/કા.18 ભગવાન્ જ બધાંનું ઉપાદાનકારણ છે અને લય પણ તેમાં જ થાય છે B1

દેવ મનુષ્ય પશુ વગેરે નામ રૂપાત્મક પ્રપંચ શ્રીકૃષ્ણથી ઉત્પન્ન થાય છે અને અંતે શ્રીકૃષ્ણમાં જ લીન થાય છે તેથી એ શ્રીકૃષ્ણમય જ છે, એનાથી જુદા નથી. જે જેમાંથી ઉત્પન્ન થાય તેનો તેમાં જ લય થાય તે તદ્રુપ કહેવાય, ઘડો મૃતિકામાંથી ઉત્પન્ન થઈ મૃતિકામાં લીન થાય છે તે ઘડો મૃન્મય કહેવાય છે તેવું જગતની બાબતમાં સમજી લેવું.

10/87/32 ભગવાન્‌ના પ્રેમાત્મક શરણથી કાલભય નથી રહેતો D3

આ મનુષ્યો આપની માયાના ભ્રમમાં ભટકી રહ્યા છે એમ સારી રીતે જાણીને બુદ્ધિમાન પુરુષો જન્મ-મરણને સદાને માટે ટાળી દેનારા આપમાં ભગવત્પ્રેમ કરવાની સદ્‌બુદ્ધિનો ઉદય થાય ત્યારથી જ પ્રેમ કરતા થઈ જાય છે. તેમને જન્મ-મરણનો ભય કયાંથી રહે ? કારણકે તાપ અને વર્ષા રૂપી ત્રણ નાભિવાળો કાળ જે આપની ભ્રકુટી છે તે, આપનુ શરણ જેમણે ન સ્વીકાર્યું હોય તેમને જ વારંવાર ભય ઉત્પન્ન કરે છે.

10/87/કા.19 કૃષ્ણભજન અભયદાન કરે છે E1

મનુષ્યની દુર્ગતિ થાય છે તે જોઈને જે દૃઢ વ્રત ધરીને શ્રીકૃષ્ણને ભજે છે તેનો શ્રીકૃષ્ણની ભ્રકુટીરૂપ કાળ કોઈ દિવસ નાશ કરી શકતો નથી.

10/87/કા.20 યોગ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા C1

મન કાબુમાં રહી શકે તેવું નથી એમ જાણી ડાહ્યા પુરુષે યોગ માટે પ્રયાસ કરવો નહિ (પણ) ગુરુની સેવામાં તત્પર રહી સદા ભકિત જ કરવી.

10/87/34 સુખ ભગવાનમાં છે, સંસાર સુખ આભાસી છે B2K

હે ભગવાન ! આપ સર્વ રસરૂપ અને શરણાગતોના આત્મા છો. આપ બિરાજમાન હો

પછી માણસોને સ્વજન પુત્ર, દેહ, સ્ત્રી, ધન, ઘર, ભૂમિ વગેરે પ્રાણ વાહકોની શી જરૂર છે ? જે લોકો આ સત્ય સિદ્ધાંતને નથી જાણતા હોતા તેઓ સ્ત્રી-પુરુષના સંબંધથી થતા સુખોમાં રમતા રહે છે. તેમને સંસારમાં ભલા એવી કઈ વસ્તુ છે જે સુખી કરી શકે ? કારણકે સંસારની બધી જ વસ્તુઓ સ્વયં પડી ગયેલા ઘરના જેવી વિશીર્ણ (ચૂરે ચૂરા થઈ ગયેલ) અને તે પણ ઉત્તમ પદાર્થ વિનાની અને અપવિત્ર પદાર્થોના સંબંધ વાળી છે.

10/87/કા.21 પ્રપંચવિસ્મૃતિ થાય તો જ ભગવદાસકિત થાય. E1

પુત્ર આદિને છોડીને શ્રીકૃષ્ણની સેવા કરવી, એની સાથે રહેવાથી સેવા બનતી નથી કેમ કે ચિત્તની પ્રવણતાનું નામ સેવા છે. એ પુત્ર આદિની સાથે રહેવાથી ભગવાનમાં ચિત્ત રહેતું નથી. ભકત સુખની ઈચ્છા કરે તો એને સુખ પણ ભગવાન્ આપે છે. પુત્ર આદિ સ્વજનો ભકતને અતી દુ:ખ આપનાર છે. તેથી સર્વ પરિત્યાગ કરી ભગવાન્‌ને સેવવા એવું શ્રુતિનું તાત્પર્ય છે.

10/87/35 ભકતો તીર્થરૂપ છે અને ભગવાન્ આનંદરૂપ છે B2

હે ભગવાન્ ! મદ રહિત સન્તપુરુષો આ પૃથ્વી ઉપર પરમ પવિત્ર અને બધાને પવિત્ર કરવાવાળા પુણ્યમય સાચાં તીર્થ સ્થાન છે વળી તેઓ આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા છે અને પોતાના ચરણના જલથી પાપ-તાપનો નાશ કરનારા છે. હે પ્રભો ! આપ નિત્ય આનંદ સ્વરૂપ આત્મા જ છો. જે એકવાર પણ આપને પોતાનું મન સમર્પણ કરી દે છે, આપમાં મન લગાવી દે છે, તેઓ તે દેહ-ગેહમાં કદી ફસાતા નથી. જે વિવેક, ધૈર્ય, વૈરાગ્ય, ક્ષમા અને શાન્તિ વગેરે ગુણોનો નાશ કરનારા છે. તેઓ તો બસ આપમાં જ રમતા રહે છે.

10/87/કા.22 અહંતા-મમતાત્મક ગૃહ હરિમાર્ગમાં બાધક છે. K

ગુરુ પાસેથી જેને હરિની સ્મૃતિ થઈ છે તેવો પરિભ્રમણ કરતાં તીર્થોમાં રહેનારા પુરુષ મારા ગુણોનો નાશ કરી દેનાર, દુષ્ટ ઘરનો આશ્રય કરતો નથી.

10/87/કા.23 કૃષ્ણ જ ભજનીય છે. B2

સંતોએ સમગ્ર જગતને "તે સત્ છે" એવી બુદ્ધિથી સર્વથા સેવવું નહિ. આ (જગત)માં સત્ હોવાની માન્યતા ભ્રાન્તિથી થયેલી છે તેથી ડાહ્યાપુરુષે સત્‌રૂપ શ્રીકૃષ્ણની ભકિત કરવી.

10/87/કા.25 સેવ્ય તો પૂર્ણ નિર્દોષ ભગવાન્ જ છે. B2

મુકિતની ઈચ્છા રાખનારે કાલથી આરંભી ઘાસના તણખલા સુધીના (જીવો)ની સેવા ન કરવી કારણકે સેવા કરવા યોગ્ય તો દોષ દૂર કરી દેવાની શકિતવાળા અને ગુણનું દાન કરનાર ભગવાન્ જ છે.

10/87/39 દેહાભિમાનીને અંતર્યામી હોવા છતાં ભગવદ્દર્શન નથી થતા. K

હે ભગવાન્ ! મનુષ્યો યોગી-યતિ બનીને પણ જો હૃદયની વિષય-વાસનાઓને ઉખેડીને

ફેંકી નથી દેતા તો તેમને માટે પણ આપ દેખાવા અશકય છો. કંઠમાં મણિ પહેર્યા હોય અને પહેરનાર તેને ભૂલી જાય તો તે મણિને આમતેમ શોધતો ફરે છે તેમ દેહાભિમાની અસત્પુરુષોના હૃદયમાં આપ બિરાજતા હોવા છતાં તેમને દેખાવા અશકય છે. ઈન્દ્રિયોને લાડ લડાવવામાં જે લોકો લાગેલા રહે છે તેમને જીવનભર અને જીવન બાદ પણ દુ:ખો જ ભોગવવા પડે છે - એક તો હજુ તેમને મૃત્યુથી છૂટકારો નથી મળ્યો અને બીજું આપનું ચરણ પ્રાપ્ત ન થવાને લીધે પરલોકમાં નરક વગેરે દુ:ખ પ્રાપ્ત થવાનો ભય તો ઊભો જ છે.

10/87/કા.26 ભગવાનનું જ ભજન કરવું નહિ કે જીવનું. B2

જીવોમાં ભગવાન્ આત્મારૂપે બિરાજે છે ખરા પણ આપ અત્યન્ત ઢંકાયેલા છે તેથી સર્વથા જીવોનું ભજન ન કરવું તેથી બીજા (અંશ-જીવ અને અંશી-ભગવાન્ બન્ને પ્રકટ હોય છે તેવા અવતારો)માં (ભગવાનનું) જ પૂજન કરવું.

10/87/કા.27 ભગવદ્ સેવાથી જ સર્વોચ્ચ સુખ D1

સુખ અને સેવાના પ્રયોજન વાળો જે હોય તેણે આનંદ સ્વરૂપ હરિની ભક્તિ કરવી. એ સિવાય બીજી રીતે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છતો પુરુષ સર્વથા દુ:ખ પ્રાપ્ત કરે છે.

10/87/કા.28 કૃષ્ણાનંદની સર્વોપરિતા. F2

કૃષ્ણાનંદ ઉત્તમમાં ઉત્તમ આનંદ છે, બીજો કોઈ આનંદ તેવો નથી. વેદો પણ સ્વસામર્થ્યથી તેનું પ્રતિપાદન કરવા સમર્થ નથી.

10/87/42 સેવા કરવા યોગ્ય-પુરુષાર્થરૂપ ભગવાન્ કૃષ્ણ. B2

જીવને શ્રુતિગીતાનો ઉપદેશ આપેલ છે. "ભગવાન્ જ પુરુષાર્થરૂપ છે. એ જ સેવા કરવા યોગ્ય છે." એ શ્રુતિગીતાનો અર્થ છે.

10/88/8-9 અનુગ્રહ - અહંતા-મમતાનો નાશ. B2

હું જેના પર કૃપા કરું છું તેનું ધન ધીરે ધીરે હરિ લઉ છું. જયારે એ મારો ભકત ધનહીન થાય ત્યારે તો એના સ્વજનોથી પણ દુ:ખી દેખાય એટલે સ્વજનો તેનો ત્યાગ કરે છે. એમાં પોતાનો સ્વાર્થ ન દેખાતાં તેને છોડી દે છે. (૮) પછી તે ધન કમાવા માટે પુરુષાર્થ કરે છે ત્યારે તેનો તે પુરુષાર્થ પણ નિષ્ફળ બનાવી દઉ છું. આ પ્રમાણે વારંવાર નિષ્ફળ જવાથી તેનું મન સંસારથી વિરકત થઈ જાય છે. પછી મારા ભકતો સાથે તે મૈત્રી કરે છે અને તે વખતે હું મારી મેળે જ તેના ઉપર અનુગ્રહ કરુ છું.

10/90/17 નિરોધાવસ્થા E1

અરે ઓ સમુદ્ર ! તું નિરંતર ઘૂઘવ્યા જ કરે છે તે તને નિંદ નથી આવતી શું ? લાગે છે કે તને અનિદ્રાનો રોગ લાગુ પડયો છે. પરંતુ ના, ના, અમે સમજી ગયાં. અમારા પ્યારા શ્યામસુંદરે જેવી રીતે અમારા દેહ ઈન્દ્રિયો, પ્રાણ અને અંત:કરણ હરી લીધાં છે તેવી રીતે તારાં ધૈર્ય, ગામ્ભીર્ય વગેરે સ્વાભાવિકગુણો પણ હરી લીધા છે. શું તેથી જ અમારી માફક જ એવી વ્યાધિનો શિકાર તુ પણ થઈ ગયો છે, જેની કોઈ દવા જ નથી.

10/90/46 નિરોધાવસ્થા E1

યદુવંશીઓનું ચિત્ત ભગવાન્ શ્રીકૃષ્ણમાં એવી રીતે લાગી ગયું હતું કે તેમને શયન, ભોજન, ફરવું, વાતચીત, ક્રીડા, સ્નાન, આસન - આ બધી અવસ્થાઓમાં તેઓ યાદવો છે તેનું સ્મરણ સુદ્ધાં તેમને રહેતું નહિ.

10/90/49 અવતારી કૃષ્ણની દિવ્ય લીલાના શ્રવણથી કર્મબંધનથી નિવૃત્તિ D2

એ પ્રમાણે (અક્ષર બ્રહ્મથી પણ) ઉત્તમ પોતાના ભકતોની રક્ષા કરવા માટે શ્રીકૃષ્ણે દિવ્ય લીલા, શરીર ધારણ કર્યું અને તેને અનુરૂપ અનેક અદ્ભૂત ચરિત્રોનો અભિનય કર્યો. યદુવંશ શિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલોની સેવા કરવાની જેની ઈચ્છા હોય તેણે,, કર્મબંધનોને નાશ કરી દેનારી આપની લીલાઓનું શ્રવણ કરવું જોઈએ.

10/90/50 ભગવત્લીલા શ્રવણાદિથી ઉત્તમ ભગવદ્ ધામની પ્રાપ્તિ D2

હે પરીક્ષિત ! મુકુંદ ભગવાનની શ્રીમતિ કથાના શ્રવણ, કીર્તન અને ચિંતનથી ધીમે ધીમે પુષ્ટ થયેલ તે સેવાના પ્રતાપથી મનુષ્ય ભગવાનના વૈકુંઠધામને પ્રાપ્ત કરી લે છે. ભગવાન્ના આ ધામ આગળ કોઈ પણ પ્રકારે રોકી ન શકાય તેવો કાલનો વેગ પણ સમાપ્ત થઈ જાય છે.

11/1/6-7 ભગવદ્કથા ભવતારીણી છે D2

ભગવાનનું તે સ્વરૂપ ત્રિલોકીના સૌંદર્યનું તિરસ્કાર કરનારું હતું. આપે પોતાની સૌંદર્ય માધુરીથી બધાના નેત્રો પોતાની તરફ આકર્ષિત કરી લીધાં હતાં. આપની વાણી-ઉપદેશ પરમ મધુર દિવ્યાતિદિવ્ય હતાં. તે દ્વારા આપે સ્મરણ કરનારાઓના ચિત્તને હરી લીધાં હતાં. આપના ચરણકમલ ત્રિલોક સુંદર હતા જેણે આપના ચરણ ચિહ્નના પણ દર્શન કરી લીધાં તેની બહિર્મુખતા ચાલી ગઈ. આપે અનાયાસે જ પૃથ્વી ઉપર પોતાની કીર્તિનો વિસ્તાર કરી દીધો, જેનું વર્ણન વ્યાસજી જેવા મહાકવિએ સુંદર ભાષામાં કર્યું છે. તે એટલા માટે કે આપના સ્વધામ પધાર્યા પછી લોકો આપની આ કીર્તિનું ગાન શ્રવણ અને સ્મરણ કરી આ અજ્ઞાનરૂપ અંધારમય સંસારસાગરને સહેલાઈથી તરી જાય. ત્યાર બાદ પરમ ઐશ્વર્યશાળી ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ધામમાં પધાર્યા.

11/1/24 કાળરૂપી ભગવાન B2

ભગવાન્ બધું પોતાની ઈચ્છાથી કરે છે, ભગવાનને લૌકિક સંબંધો નથી પણ અલૌકિક સંબંધો (ભકત/ભગવાન) છે. ભગવાન તો કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ છે. પોતે સર્વે વાતને જાણે છે કે મારા કુળને બ્રાહ્મણનો શાપ થયો છે. એને મટાડયા ધારે તો મટાડી શકે છતાં એમણે અનુમોદન આપ્યું પણ એ અત્યારે કાળરૂપ થયા છે તેથી એમને બચાવવાનો વિચાર ન કર્યો.

11/2/1 ભગવદ્ભકતની લાલસા ભગવદ્ સેવામાં હોય છે D2

દેવર્ષિ નારદજીના મનમાં ભગવાન્ શ્રીકૃષ્ણની વારંવાર સેવા કરવાની તીવ્ર લાલસા રહેતી હતી. તેથી તે શ્રીકૃષ્ણની ભુજાઓથી સુરક્ષિત દ્વારકામાં પુનઃ પુનઃ આવતા હતા.

11/2/2 ભકત તો ભગવાનને પોતાની બધી ઈન્દ્રિયોથી માણવા માંગે છે E1

જેની ઈન્દ્રિયો પોતાને વશ છે તેવો કયો માણસ બ્રહ્માજી વગેરે મોટા મોટા દેવતાઓના પણ સેવ્ય ભગવાનના ચરણ કમલોની દિવ્યગંધ, મધુર મકરંદરસ અલૌકિકરૂપ માધુરી સુકુમાર સ્પર્શ અને મંગલમય ધ્વનિનું સેવન કરવાની ચાહના ન કરે ? કારણકે તે બિચારો ચારે તરફથી મૃત્યુથી ઘેરાયેલો છે.

11/2/5-6 ભકતની શ્રેષ્ઠતા H2

દેવોનું ચરિત્ર તો સુખ અને દુ:ખ આપનાર છે જયારે ભકતનું ચરિત્ર તો સુખ જ આપનાર છે. દેવો તો કર્માનુસાર જ ફળ આપી શકે છે, જયારે ભગવદ્ ભકત તો દીનની ઉપર પ્રીતિ રાખનાર હોવાથી એના કર્મની અપેક્ષા રાખ્યા વગર જ એને ભગવદ્રૂપ ફળ જ આપે છે. તેથી દેવોની અપેક્ષાએ ભકત શ્રેષ્ઠ છે.

11/2/12 કોઈપણ પ્રકારે કરાતો ભગવદીયનો સંગ પવિત્ર કરનાર છે D2

ભગવદીયોનો ધર્મ એક એવી ચીજ છે કે જે કાનથી સાંભળવાથી, વાણીથી ઉચ્ચાર કરવાથી ચિત્તમાં સ્મરણ કરવાથી, હૃદયમાં સ્વીકાર કરવાથી કે તેનું પાલન કરનારને અનુમોદન આપવાથી જ મનુષ્ય એ જ ક્ષણે પવિત્ર બની જાય છે. પછી ભલેને તે સમગ્ર જગત કે દેવનો દ્રોહી હોય !

11/2/30 ઉત્તમ પુરુષોનો થોડોક સંગ પણ સન્માર્ગદર્શક છે D2

તેથી હે નિષ્પાપ મુનિઓ ! અમે આપને પૂછીએ છીએ કે પરમ કલ્યાણનું સ્વરૂપ શું અને તે કેમ પ્રાપ્ત થાય ? આ સંસારમાં અડધી ક્ષણ માટે પણ ઉત્તમ પુરુષોનો સંગ મનુષ્યો માટે નિધિરૂપ છે.

11/2/31 પંચપદ્યાનિ - શ્રોતાની લાયકાત ભગવદ્કથાનું ફળ સ્વરૂપાનંદ H1 D2

વળી અમે સાંભળવાની યોગ્યતાવાળા હોઈએ તો આપ અમને ભગવાનના ધર્મો સંભળાવો કે જે ધર્મો સાંભળવાથી પ્રસન્ન થયેલ અજન્મા ભગવાન પોતાના સ્વરૂપનું દાન કરે.

11/2/33 ભગવદ્સેવા અહંતા-મમતાજન્ય ઉદ્વેગ નાશક છે કેમકે ભગવાન સાથે છે D1

કવિજી યોગેશ્વર બોલ્યા - અચ્યુત ભગવાનના ચરણોની નિત્ય નિરંતર ઉપાસના જ આ સંસારનાં પરમ કલ્યાણ છે અને સર્વ ભયને નિવૃત્ત કરનાર છે એવો મારો નિશ્ચિત મત છે. દેહ ઘર વગેરે તુચ્છ અને અસત્ પદાર્થોમાં અહંતા અને મમતા થવાથી જે લોકોની બુદ્ધિમાં ઉદ્વેગ રહે છે તેમનો ભય પણ આ સેવા કરવાથી સદંતર નિવૃત્ત થઈ જાય છે. કારણકે ભકત સેવા કરવાની શરુઆત કરે ત્યારથી જ ભગવાન તેની સાથે રહે છે.

11/2/35 ભકિત જ ભકતનું રક્ષણ કરે છે E1

આ ભાગવત ધર્મોનું આચરણ કરવાથી મનુષ્ય કયારેય ભૂલ કરતો નથી તેમજ આંખો મીચીને દોડે તો પણ ઠોકર ખાતો નથી તેમજ પડી જતો નથી.

11/2/36 સર્વ સમર્પણ (સર્વ ઈન્દ્રિયોથી) E1

જે શરીર, વાણી, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ, અહંકારથી અનેક જન્મો અથવા એક જન્મની

આદતથી સ્વભાવવશ જે જે કરે તે બધું પરમપુરુષ ભગવાન નારાયણ માટે જ છે એવા ભાવથી આપને સમર્પણ કરી દે.

11/2/40 પ્રેમાવેગમાં પ્રકૃતિનું ઉલ્લંઘન કરે છે E1

જે આવું વ્રત લઈ લે છે તેના હૃદયમાં પોતાના પરમ પ્રિયતમ પ્રભુના નામોના કીર્તનથી અનુરાગ - પ્રેમનો અંકૂર ફૂટે છે, તેનું ચિત્ત દ્રવિત થઈ જાય છે. હવે તે સાધારણ લોકોની સ્થિતિથી, માન્યતાઓથી, ધારણાઓથી પર થઈ જાય છે અને દંભથી નહિ પણ સ્વભાવથી જ જાણે કે મતવાલો થઈ જઈ કયારેક ખડખડાટ હસવા લાગે છે, તો કયારેક ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગે છે, કયારેક ઊંચા અવાજે પોકારી પોકારી ભગવાનને બોલાવવા લાગે છે, તો કયારેક મધુર સ્વરથી આપના ગુણોનું ગાન કરવા લાગે છે, વળી નૃત્ય કરવા લાગે છે.

11/2/41 ભકતનો સર્વભાવ E1

હે રાજન્ ! આ આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, ગ્રહ-નક્ષત્ર, પ્રાણી, દિશાઓ, વૃક્ષ-વનસ્પતિ, નદી, સમુદ્ર બધાં ભગવાનનાં શરીર છે. બધાં રૂપોમાં ભગવાન પ્રકટ છે એમ સમજી તે જે કંઈ ઉત્પન્ન થએલ છે તેને અનન્યભાવથી ભગવદ્ ભાવથી પ્રણામ કરે છે.

11/2/42 શરણાગતિ પૂર્વક ભજનથી પ્રેમલક્ષણા ભકિત અને અન્યમાં વૈરાગ્ય થાય છે તથા ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય છે E1

જેવી રીતે ભોજન કરનારને દરેક કોળિયે તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધા નિવૃત્તિ આ ત્રણેય એકી સાથે થતાં જાય છે, તેવી જ રીતે જે મનુષ્ય ભગવાનને શરણે જઈ ભગવાનનું ભજન કરવા લાગે છે તેને ભજનની પ્રત્યેક ક્ષણે ભગવાનની પ્રેમલક્ષણા ભકિત, પોતાના પ્રેમાસ્પદ પ્રભુના સ્વરૂપનો અનુભવ અને પ્રભુ સિવાય બીજી વસ્તુઓમાં વૈરાગ્ય આ ત્રણેય એકી સાથે પ્રાપ્ત થાય છે.

11/2/45 સર્વાત્મભાવ - ઉત્તમ ભકતનું લક્ષણ E1

બીજા યોગેશ્વર - આત્મસ્વરૂપ ભગવાન સમસ્ત પ્રાણીઓમાં બિરાજે છે તથા સાથે સાથે સમસ્ત પ્રાણીની અને સમસ્ત પદાર્થ આત્મસ્વરૂપ ભગવાનમાં જ છે, આ પ્રકારનો જેનો અનુભવ છે, આવી જેની સિદ્ધ દૃષ્ટિ છે તેને ઉત્તમ ભકત જાણવો.

11/2/47 સાધારણ શ્રેણીનો ભકત C1

અને જે ભગવાનની મૂર્તિની પૂજા તો શ્રદ્ધાથી કરે છે પરંતુ ભગવાનના ભકતો તથા બીજા લોકોની વિશેષ સેવા-સુશ્રૂષા કરતો નથી તે સાધારણ શ્રેણીનો ભકત છે.

11/2/48 ઉત્તમપુરુષનું લક્ષણ - સમભાવ H2

જે શ્રોત્ર નેત્ર વગેરે ઈન્દ્રિયો દ્વારા શબ્દ રૂપ વગેરે વિષયોને ગ્રહણ તો કરે છે પરંતુ પોતાની ઈચ્છાથી પ્રતિકૂલ વિષયોનો દ્વેષ કરતો નથી અને અનુકૂલ વિષયો પ્રાપ્ત થવાથી હર્ષિત થતો નથી, તેની એવી દૃષ્ટિ રહેતી આવે છે કે આ બધી ભગવાનની માયા છે, તે પુરુષ ઉત્તમ ભકત છે.

11/2/49 ભગવદ્ સ્મરણમાં તન્મયતાને કારણે દેહાદિ ધર્મો ઉત્તમ ભકતને બાધા નથી કરતા D2

સંસારના ધર્મ, દેહના ધર્મ (જન્મ-મૃત્યુ,) પ્રાણના ધર્મ (ભૂખ-તરસ), ઈન્દ્રિયના ધર્મ (શ્રમ કષ્ટ), મનના ધર્મ (ભય) અને બુદ્ધિનો ધર્મ (તૃષ્ણા) પ્રાપ્ત થતાં જ રહે છે. જે પુરુષ ભગવાનના સ્મરણમાં એટલો તન્મય હોય છે કે આ બધાં ફરી ફરી થતા રહેવા છતાં તેમનાથી મોહિત થતો નથી, તેમનાથી હારી જતો નથી, તે પ્રધાન (પ્રાકૃત) ભકત છે.

11/2/55 ભગવાન જેને વશ છે તે મુખ્ય ભકત H2

વિવશતાથી આપત્તિ વખતે પણ જેના નામના ઉચ્ચાર માત્રથી સંપૂર્ણ પાપના પર્વતનો પણ નાશ કરનાર સ્વયં ભગવાન શ્રીહરિ જેના હૃદયને એકક્ષણ પણ છોડતા નથી કારણકે ભકતે પ્રેમરૂપી દોરડાથી પોતાના હૃદયમાં આપના ચરણકમલોને બાંધી રાખ્યા છે. વાસ્તવમાં આવો પુરુષ જ ભકતોમાં મુખ્ય છે.

11/3/22 ગુરુ J

જિજ્ઞાસુ, ગુરુને જ પોતાના પરમ પ્રિયતમ આત્મા અને ઈષ્ટદેવ માને, તેમની નિષ્કપટ ભાવથી સેવા કરે અને તેમની પાસેથી ભાગવતધર્મ, ભગવાનને પ્રાપ્ત કરાવી દેનાર ભકિતભાવનાં સાધનોની ક્રિયાત્મક શિક્ષા ગ્રહણ કરે. આજ સાધનોથી સર્વાત્મા અને ભકતને પોતાના સ્વરૂપનું દાન દેનારા ભગવાન પ્રસન્ન થાય છે. ભકતને દુ:ખની નિવૃત્તિ તો અનુસાંગિક (ગૌણ) ફળ છે.

11/3/23 સર્વાત્મભાવ અભિમુખતા E1

પહેલાં તો શરીર, સંતાન વગેરેમાંથી આસકિત કાઢી નાખે, પછી ભગવાનના ભકતો ઉપર પ્રેમ કરવાનું શીખે, ત્યાર બાદ પ્રાણીઓ ઉપર યથા યોગ્ય દયા, મૈત્રી અને વિનયની નિષ્કપટ ભાવથી શિક્ષા ગ્રહણ કરે.

11/3/28 સમર્પણ E1

યજ્ઞ, દાન, તપ, જપ, સદાચારનું પાલન અને સ્ત્રી-પુત્ર-ઘર-પ્રાણ તથા જે કંઈ પોતાને પ્રિય લાગતું હોય તે બધું જ ભગવાનના ચરણોમાં નિવેદન કરવું આપને સોંપી દેવાનું શીખે.

11/3/31 પ્રેમલક્ષણા ભકિતના વ્યાપાર સાધન E1

હે રાજન ! પાપના ઢગલાનો નાશ શ્રીકૃષ્ણ એક જ ક્ષણમાં કરી નાખે છે. બધા તેમનું જ સ્મરણ કરે અને એકબીજાને સ્મરણ કરાવે. આ પ્રમાણે સાધન ભકિત કરતાં કરતાં પ્રેમલક્ષણા ભકિતનો ઉદય થઈ જાય છે અને તેમનાં શરીર પ્રેમની અધિકતાને લીધે પુલકિત થઈ જાય છે.

11/3/48 શિષ્યત્વ J

આચાર્ય પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી તેમની સેવા કરી તેમની કૃપા પ્રાપ્ત કરવી. ગુરુના માર્ગદર્શન પ્રમાણે ભકિતશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવું પછી પોતાના મનમાં વસી જાય તેવું

સ્વરૂપ પધરાવીને શ્રીકૃષ્ણની સેવા કરવી.

11/4/1 ભગવાનના અવતારનું પ્રયોજન B2

હે યોગેશ્વરો ! ભગવાન સ્વેચ્છાથી પોતાના ભકતોની ભકિતને વશ થઈને અનેક પ્રકારના અવતાર ગંહણ કરે છે અને અનેક લીલાઓ કરે છે.

11/4/2 ભગવાન્ અનંત ગુણધારી છે B2

હે રાજન્ ! ભગવાન અનંત છે. આપના ગુણો પણ અનંત છે. જે એમ ધારે છે કે હું આપના ગુણોની ગણતરી કરી લઈશ તે બાલબુદ્ધિ કે મૂર્ખ છે. પૃથ્વીની ધૂળનાં રજકણો કદાચ કોઈ કેમેય કરીને મહાકષ્ટથી ગણી શકે પરંતુ સમસ્ત પ્રાણીઓમાં વસતા અનંત ભગવાનના અનંત ગુણોને કોઈ કેમેય કરીને કયારેય પાર પામી શકતો નથી.

11/4/4 સર્વ વસ્તુ - ક્રિયાનું મૂળ પરબ્રહ્મ ભગવાન છે, અવતારી છે B1

એમના જ આ વિરાટ બ્રહ્માંડ શરીરમાં ત્રણેય લોક રહેલા છે. એમની જ ઈન્દ્રિયોથી સમસ્ત દેહ ધારીઓની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો કાર્ય કરે છે. એમના સ્વરૂપથી જ સ્વત: સિદ્ધ જ્ઞાનનો સંચાર થાય છે. એમના શ્વાસોચ્છવાસથી બધાં શરીરોમાં બલ આવે છે તથા ઈન્દ્રિયોનાં ઓજ અને કર્મ કરવાની શકિત પ્રાપ્ત થાય છે. એમના સત્વ આદિ ગુણોથી સંસારની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે. આ વિરાટ શરીરના જે શરીરી છે તે જ આદિ કર્તા નારાયણ છે.

11/4/10 ભકતો H2

આપના ભકતો આપની ભકિતના પ્રભાવથી દેવતાઓની રાજધાની અમરાવતીનું ઉલ્લંઘન કરી આપનાં પરમ પદને પ્રાપ્ત કરે છે. તેથી જયારે તેઓ આપની સેવારૂપી ભકિત કરવા લાગે છે ત્યારે દેવતાઓ જાત-જાતના વિઘ્નો તેમની સેવામાં ઊભા કરે છે.

11/5/9 મદત્યાગ કરવો જોઈએ K

લક્ષ્મી, વિદ્યા, કુલ, દાન, રૂપ, બલ અને કર્મનો એમને ભારે ઘમંડ હોય છે તેથી એ ગર્વમાં અંધ બનીને ભગવદ્ ભકતને જ નહિ પણ ભગવાનને પણ ગણતા નથી. અને એ ખલ હોવાથી ભકત સહિત ભગવાનનું અપમાન કરે છે.

11/5/16 કલિયુગનો ગુણ B3

કલિયુગમાં માત્ર ભગવદ્નામના કીર્તનથી જ બધા સ્વાર્થ અને પરમાર્થ સિદ્ધ થઈ જાય છે. તેથી આ યુગના ગુણને જાણનારા સારગ્રાહી શ્રેષ્ઠ પુરુષો કલિયુગની પ્રસંશા કરે છે.

11/5/42 પ્રેમીભકતના પાપ ભગવાન ધોઈ નાખે છે B2

જે પ્રેમીભકત પોતાના પ્રિયતમ ભગવાનના ચરણકમલોનું અનન્ય ભાવથી બીજી ભાવનાઓ, આસ્થાઓ, વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ છોડી દઈ ભજન કરે છે તેનાથી પાપકર્મ થતા જ નથી પરંતુ જો કયારેક કોઈ પ્રકારે થઈ પણ જાય તો પરમપુરુષ ભગવાન શ્રીહરિ તેના હૃદયમાં બિરાજી તે બધાં પાપ ધોઈ નાખે છે અને તેના હૃદયને શુદ્ધ બનાવે છે.

11/6/7 ભગવાનના સાક્ષાત્ દર્શન દુર્લભ છે B2

હે સ્વામી ! કર્મોના વિકટ બંધનમાંથી મુકત થવાની ઈચ્છાવાળા મુમુક્ષુજન ભકિતભાવથી પોતાના હૃદયમાં જેનું ચિંતન કરતા રહે છે તે જ આપનાં ચરણકમલને અમે બુદ્ધિ ઈન્દ્રિય, પ્રાણ, મન અને વાણીથી સાક્ષાત્ નમસ્કાર કરીયે છીયે તે કેટલા આશ્ચર્યની વાત છે.

11/6/9 કર્મ કરતાં ભકિત વિશેષ શુદ્ધિ કરે છે E1

હે સ્તુતિ કરવા યોગ્ય પરમાત્મન ! જે મનુષ્યોની ચિત્તવૃત્તિ રાગદ્વેષ વગેરેથી ખરડાયેલી છે તે ઉપાસના, વેદાધ્યયન, દાન, તપસ્યા અને યજ્ઞ વગેરે કર્મ કર્યા કરે તો પણ જેવી શુદ્ધિ શ્રવણ દ્વારા સુષ્પષ્ટ શુદ્ધ અંત:કરણવાળા સજ્જન પુરુષોની આપની લીલાકથા કીર્તિના વિષયમાં રોજ રોજ વધતી જતી પરિપૂર્ણ થતી શ્રદ્ધાથી થાય છે તેવી શુદ્ધિ તેમની થતી નથી.

11/6/12 લક્ષ્મીજીથી ય ભકતોની શ્રેષ્ઠતા H2

હે પ્રભો ! આ ભગવતી લક્ષ્મી આપના વક્ષ:સ્થલ ઉપર કરમાઈ ગયેલી વાસી વનમાલાની સાથે પણ સપત્નીની જેમ સ્પર્ધા કરે છે, છતાં આપ તેની પરવા ન કરતાં ભકતોએ એ વાસી માલાથી કરેલી પૂજાનો પણ પ્રેમથી સ્વીકાર કરો છો. આવા ભકતવત્સલ પ્રભુનાં ચરણકમલ સર્વદા અમારી વિષય વાસનાઓને બાળી નાખનાર અગ્નિ સ્વરૂપ હો.

11/6/19 ભગવદ્કથા અને ભગવદ્ ચરણ સ્પર્શીલ ગંગાજી પવિત્ર કરે છે D2

આપે ત્રિલોકીના પાપપુંજનો નાશ કરવા માટે બે પ્રકારની પવિત્ર નદીઓ વહેવડાવી રાખી છે, એક તો આપની અમૃતમયી લીલાથી ભરેલી કથા નદી અને બીજી આપના પાદ-પ્રક્ષાલનના જલથી ભરેલ ગંગાજી. તેથી સત્સંગ સેવી વિવેકીજન કાન દ્વારા આપની કથા નદીમાં અને શરીર દ્વારા ગંગાજીમાં ડૂબકી મારી બન્નેય તીર્થોનું સેવન કરે છે અને પોતાના પાપ-તાપ મિટાવી દે છે.

11/6/24 કલિયુગમાં ભગવદ્કથા જ સંસાર તારક D2

હે પ્રભો ! કલિયુગમાં જે સાધુસ્વભાવ મનુષ્યો આપની આ લીલાઓનું શ્રવણ કીર્તન કરશે તેઓ સહેલાઈથી આ અજ્ઞાનરૂપ અંધકારને તરી જશે.

11/6/44 કથાશ્રાવણ મંગલકારક D2

હે કૃષ્ણ ! આપની એક એક લીલા મનુષ્યો માટે પરમ મંગલમયી છે. તે કાન માટે અમૃત સ્વરૂપ છે. એકવાર પણ તેનો રસાસ્વાદ લેનાર માણસને પછી બીજા કોઈ લૌકિક પદાર્થની સ્પૃહા રહેતી નથી.

11/6/45 ભગવન્મય જીવન H2

હે પ્રભો ! અમે આપના ભકતો તો ઊઠતાં, બેસતાં, સૂતાં-જાગતાં ઘૂમતાં-ફરતાં આપની સાથે જ રહ્યા છીયે. અમે આપની સાથે સ્નાન કર્યું, રમતો રમ્યા, ભોજન કર્યા, અમારી એક એક પ્રવૃત્તિ આપની સાથે જ થઈ છે. આપ અમારા પ્રાણ પ્યારા અને આત્મા જ

છો. એવી સ્થિતિમાં અમે આપના પ્રેમીભકત આપને ક્ષણવાર પણ કેવી રીતે છોડી શકીયે ?

11/6/46 ભગવદ્ પ્રસાદીથી જ જીવન નિર્વાહ E1

આપની સાથે અમે આપની પ્રસાદીમાળા, ચંદન, વસ્ત્ર, અલંકાર અને આભૂષણો ધારણ કર્યા અને આપના ઉચ્છિષ્ટ ભોજનથી અમારા દેહનો નિર્વાહ કર્યો. તેથી અમે આપની માયા ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત કરી લઈશું.

11/6/48-49 કર્મમાર્ગથી નહિ ભગવદ્ લીલા કથામય થવાથી માયા તરી જવાય. E1

હે બ્રહ્મન ! અમે તો અહીં કર્મમાર્ગમાં અથડાયા - કૂટાયા કરીયે છીયે, પરંતુ એટલી વાત તો નક્કી છે કે અમો આપના ભકતોના સંગમાં આપના ગુણો અને લીલાઓની ચર્ચા કરીશું તથા મનુષ્યના જેવી લીલા કરતા આપે જે કંઈ કર્યું છે કે કહ્યું છે તેનું સ્મરણ - કીર્તન કરતા રહીશું, સાથે-સાથ આપની ગતિ-વિલાસ, દૃષ્ટિ-હાસ્ય, હાસ-પરિહાસ અને ઉપદેશની યાદમાં તલ્લીન થઈ જઈશું. બસ આટલાથી જ આપની દુસ્તર માયાને તરી જઈશું.

11/7/6 ભકિતમાર્ગીય સંન્યાસ D3

હવે તમે પોતાના આત્મીયજનો અને બંધુ-બાંધવોમાંથી સ્નેહ છોડીને અનન્ય પ્રેમથી મારામાં મન સ્થિર કરીને સમદૃષ્ટિથી પૃથ્વી ઉપર ફરતા રહો.

11/7/7 પ્રાકૃત સૃષ્ટિ મોહમયી છે L

આ જગતમાં જે કંઈ મનથી વિચારવામાં આવે છે, વાણીથી કહેવામાં આવે છે, નેત્રોથી જોવામાં આવે છે, કાનથી સાંભળવામાં આવે છે, ઈન્દ્રિયોથી અનુભવાય છે તે બધું નાશવન્ત છે, સપનાની જેમ મનનો વિલાસ છે તેથી માયા માત્ર છે, મિથ્યા છે એમ સમજી લો (વૈરાગ્ય કરાવવા કહ્યું છે).

11/7/20 પોતાનો આત્મા જ પોતાનો પ્રથમ ગુરૂ J

સમસ્ત પ્રાણીઓનો, ખાસ કરીને મનુષ્યનો આત્મા પોતાના હિત અને અહિતનો ઉપદેશક ગુરુ છે કારણકે મનુષ્ય પોતાના પ્રત્યક્ષ અનુભવ અને અનુમાન દ્વારા પોતાના હિત અને અહિતનો નિર્ણય કરવામાં સમર્થ છે.

11/7/52 લૌકિક આસકિત ત્યજવી K

હે રાજા ! કયાંય કોઈના ઉપર અત્યન્ત સ્નેહ કે આસકિત ન રાખવી જોઈએ, નહિ તો તેની બુદ્ધિ પોતાની સ્વતંત્રતા ખોઈ બેસશે અને દીન થઈ જશે. તેને કપોતની જેમ અત્યંત ક્લેશ ઉઠાવવો પડશે. એ હું કપોત પાસેથી શિખ્યો.

11/8/2 ઈન્દ્રિય લોલુપતા ત્યાજય K

વગર માંગ્યે, વગર ઈચ્છાએ, સ્વયં અનાયાસ જે કંઈ મળી આવે તે રૂખું-સુકું હોય, મધુર અને સ્વાદિષ્ટ હોય કે થોડું હોય, બુદ્ધિમાન પુરુષે અજગરની જેમ તે જ ખાઈને જીવન નિર્વાહ કરી લેવો અને ઉદાસીન રહેવું.

11/8/35 વિષયો નહિ પ્રભુમાં પ્રિયત્વ E1

મારા હૃદયમાં બિરાજમાન પ્રભુ સમસ્ત પ્રાણીઓના હિતૈષી, સુહૃદ, પ્રિયતમ, સ્વામી અને આત્મા છે. હવે હું મારી જાતને સમર્પી એમને જ ખરીદી લઈશ અને તેમની સાથે લક્ષ્મીજીની જેમ વિહાર કરીશ.

11/8/39 વિષયભોગો ન મળે તે પ્રભુનો ઉપકાર છે E3

હવે હું ભગવાનનો આ ઉપકાર આદરપૂર્વક મસ્તક નમાવી સ્વીકારું છું અને વિષયભોગોની દુષ્ટ આશાઓને છોડી દઈ તે જ જગદીશ્વરનું શરણ સ્વીકારું છું.

11/8/41 સંસારમાં ફસાયેલાનો ઉદ્ધાર માત્ર પ્રભુ જ કરી શકે B2

આ જીવ સંસારરૂપી કૂવામાં પડેલો છે, વિષયોએ તેને અંધ બનાવી દીધો છે, કાલરૂપી અજગર તેને મોમાં દબાવી રાખ્યો છે, આવા જીવની રક્ષા ભગવાન સિવાય બીજો કોણ કરી શકવાને શકિતમાન છે ?

11/8/42 નિર્હેતુક પ્રેમથી જ ભગવાનને ભજવા જોઈએ E1

જો મનુષ્ય સાવધાન રહી કાલરૂપી અજગર આ જગતને ગળી રહ્યો છે એમ જાણી આ સંસારથી વૈરાગ્ય પ્રાપ્ત કરે તો પોતાના આત્માથી જ પોતાનો ઉદ્ધાર જીવ કરી શકે છે. તેથી મારા આત્માના ઉદ્ધાર માટે પણ હું ભગવાનને ભજવાની નથી, કેવળ નિર્હેતુક પ્રેમથી એમને ભજીશ.

11/9/14 સન્યાસીએ વિરકત રહેવું C2

હે રાજન ! સાપની પાસેથી હું એ શીખ્યો કે સંન્યાસીએ સર્પની જેમ એકલા જ ફરવું જોઈએ. તેણે મંડળી કે મઠ રચવાં ન જોઈએ. તે એક જ ઠેકાણે ન રહે, પ્રમાદ ન કરે, ગુફા વગેરેમાં પડયો રહે, બહારના આચારથી ઓળખાય નહિ. કોઈની પાસેથી સહાયતા ન લે અને બહુ જ ઓછું બોલે.

11/9/21 સૃષ્ટિકર્તા પાલક અને નાશક પ્રભુ જ છે B1

જેવી રીતે કરોળીયો પોતાના હૃદયમાંથી મોં મારફત જાળ ફેલાવે છે, તેમાં જ વિહાર કરે છે અને પાછો તેને ગળી જાય છે તેવી જ રીતે પરમેશ્વર પણ આ જગતને પોતાનામાંથી ઉત્પન્ન કરે છે, તેમાં વિહાર કરેછે અને પછી તેને પોતાનામાં લીન કરી લે છે.

11/10/1 દેહાભિમાનીએ વર્ણાશ્રમ ધર્મો સહિત પ્રભુ-શરણાગતિ કરવી D3

હે પ્રિય ઉદ્ધવ ! સાધક હરેક પ્રકારે મારે શરણ રહી મેં ઉપદેશ કરેલા પોતાના ધર્મોનું સાવધાનીથી પાલન કરે. સાથે સાથે એમની સાથે વિરોધ ન આવે તેમ નિષ્કામ ભાવથી પોતાના વર્ણ, આશ્રમ અને કૂળ અનુસાર સદાચારનું પાલન કરે.

11/10/4 કર્મનિષ્ઠ ભગવદ્ ભકતે નિષ્કામ નિત્ય કર્મ જ કરવાં. સકામ કર્મ ન કરવાં. C1

જે પુરુષ મત્પરાયણ છે, વિષયોને પરાયણ નહિ. વિષયો ભગવાનને ભૂલાવનારા છે એમ સમજી જે મારે જ શરણે આવેલો છે તેણે અંતર્મુખ કરનારાં નિષ્કામ અથવા નિત્યકર્મ

જ કરવાં જોઈએ. જે બહિર્મુખ બનાવનારાં છે અને જે સકામ છે તેવાં કર્મોનો ત્યાગ કરી દેવો જોઈએ. જયારે આત્મજ્ઞાનની ઉત્કટ ઈચ્છા જાગી ઉઠે ત્યારે તો કર્મ સંબંધિ વિધિ વિધાનોનો પણ આદર ન કરવો જોઈએ.

11/10/10 આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં માયા કૃત અધ્યાસથી છૂટાય છે C1

ઈશ્વર દ્વારા નિયંત્રિત માયાના ગુણોએ જ સૂક્ષ્મ અને સ્થૂલ શરીરનું નિર્માણ કર્યું છે. જીવને શરીર અને શરીરને જીવ સમજી લેવાથી જ સ્થૂલ શરીરનાં જન્મ-મરણ અને સૂક્ષ્મ શરીરના આવાગમનનો આત્મામાં આરોપ કરવામાં આવે છે. જીવને જનમ-મૃત્યુરૂપ સંસાર આજ ભ્રમ અથવા અધ્યાસને લીધે પ્રાપ્ત થાય છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં તેની જડ કપાઈ જાય છે.

11/10/29 સકામ કર્મથી આખરે દુ:ખાત્મક જન્મ-મરણ જ મળે છે C1

જેટલાં જેટલાં સકામ અને બહિર્મુખ કરવાવાળા કર્મ છે તેમનું ફલ દુ:ખ જ છે. જે જીવ શરીરમાં અહન્તા-મમતા કરી તેમાં જ લાગ્યો રહે છે તેનાં તો જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ જ વારંવાર થતાં રહે છે. આ સ્થિતિમાં મૃત્યુધર્મા જીવને શું સુખ મળી શકે ?

11/11/3 આત્મવિદ્યા અને અવિદ્યા બન્ને ભગવાનની શકિત છે C2

હે ઉદ્ધવ ! શરીરધારીઓને મુકિતનો અનુભવ કરાવનારી આત્મવિદ્યા આ બન્ને ય મારી અનાદિ શકિતઓ છે. મારી માયાથી જ એમની રચના થઈ છે. એમનું કોઈ વાસ્તવિક અસ્તિત્વ નથી.

11/11/7 જીવ નિત્યબદ્ધ અને ઈશ્વર નિત્યમુકત છે G B1

સાથે સાથે બીજી પણ એક વિલક્ષણતા છે કે અભોકતા ઈશ્વર તો પોતાના વાસ્તવિક સ્વરૂપ અને તે સિવાયના જગતને પણ જાણે છે. પરંતુ ભોકતા જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપ કે પોતાના સિવાયના જગતને પણ જાણતો નથી. આ બન્નેમાં જીવ તો અવિદ્યાવાળો હોવાથી નિત્યબદ્ધ છે અને ઈશ્વર વિદ્યાસ્વરૂપ હોવાથી નિત્યમુકત છે.

11/11/10 ગુણોથી થતા કર્મોથી જીવ બંધાય છે C1

આ શરીર પ્રારબ્ધને આધીન છે. તેનાથી શારીરિક અને માનસિક જેટલાં પણ કર્મ થાય છે તે બધાં ગુણોની પ્રેરણાથી જ થાય છે. અજ્ઞાની પુરુષ ખોટી રીતે પોતાને તે ગ્રહણ-ત્યાગ વગેરે કર્મોનો કર્તા માની બેસે છે અને આ જ અભિમાનને લીધે તે બંધાઈ જાય છે.

11/11/14 સંકલ્પરહિત ક્રિયા કર્મ નથી બનતી C1

જેના પ્રાણ, ઈન્દ્રિય, મન અને બુદ્ધિની બધી ચેષ્ટાઓ કે વ્યાપારો સંકલ્પ વિનાજ થાય છે. આ ખાવું છે, આ જોવું છે, આ મેળવવું છે, આ નથી મેળવવું વગેરે સંકલ્પરહિત હોય તે દેહમાં સ્થિત હોય છતાં તેના ગુણોથી મુકત છે.

11/11/17 જીવન્મુકત F4

જીવનમુકત પુરુષ કંઈ ભલું કે બુરુ કામ કરતો નથી અથવા કંઈ ભલુ કે બૂરુ કહેતો

કે વિચારતો નથી. તે વ્યવહારમાં પોતાની વૃત્તિ સમાન સખી આત્માનંદમાં જ મગ્ન રહે છે અને જડની જેમ જાણે કે કોઈ મૂર્ખ હોય તે પ્રમાણે ફરતો રહે છે.

11/11/20 ભગવદ્ સંબંધ વિનાની વાણી વાંઝણી છે. ફલરૂપ નથી D2

હે ઉદ્ધવ ! જે વાણીમાં જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ મારી લોકપાવન લીલાનું વર્ણન ન હોય અને યશોગાન અને એમાં કરેલાં પવિત્ર કરનાર કર્મો વગેરે ન હોય તેવી વાંઝણી વાણીનું ઉચ્ચારણ કે શ્રવણ મારા ધીર ભકતે કરવું જોઈએ નહિ.

11/11/22 ભકિતમાર્ગના અધિકારી નથી તો જ્ઞાનમાર્ગ ઉપર ચાલો કે નિરપેક્ષ કર્મ માર્ગને અનુસરો C1

જો તમે તમારું મન પરબ્રહ્મમાં સ્થિર ન કરી શકો તો ફલની કામના છોડી દઈ નિરપેક્ષ થઈ બધાં (વિહિત - વર્ણાશ્રમ) કર્મો મારે માટે જ કરો.

11/11/24 ચતુ:શ્લોકી/જીવન ભગવદર્થે જ. D3

મારે આશ્રિત રહી, મારે જ માટે ધર્મ, કામ અને અર્થનું સેવન કરવું જોઈએ. આમ જે કરે છે તે, હે પ્રિય ઉદ્ધવ ! મારી પ્રેમમયી નિશ્ચલભકિત પ્રાપ્ત કરે છે.

11/11/25 સત્સંગનો મહિમા D2

ભકિતની પ્રાપ્તિ સત્સંગથી થાય છે. જેને મારી ભક્તિ પ્રાપ્ત થઈ જાય છે તે મારી ઉપાસના કરે છે અને મારા સાન્નિધ્યનો અનુભવ કરે છે. પછી સંતપુરુષોના ઉપદેશ અનુસાર તેમણે બતાવેલ મારા પરમ પદને સહજમાં પ્રાપ્ત થઈ જાય છે.

11/11/32 ભકતને ભકિતમાં કાંઈ સન્માર્ગ આડે આવે તો તેનો પણ ત્યાગ કરે E1

મેં વેદો તથા શાસ્ત્રો દ્વારા ઈન્દ્રિય શુદ્ધિ વગેરે ઉપદેશ કર્યો છે, તેના પાલનથી અંત:કરણ વગેરે શુદ્ધિ થાય છે અને ઉલ્લંઘનથી ચિત્તની મલીનતા તથા નરક વગેરે દુ:ખ પ્રાપ્ત થાય છે, પરંતુ મારો જે ભકત છે તેને પોતાના ધ્યાન વગેરેમાં જો વિક્ષેપ આના કારણે થાય તો તેને છોડી દે છે અને કેવલ મારી જ ભકિતમાં લાગ્યો રહે છે તે પરમ સંત છે.

11/11/33 ભગવાનના માહાત્મ્યજ્ઞાન કરતાં અનન્યભાવ શ્રેષ્ઠ છે E1

હું કેવો મહાન છું, કોણ છું, કેવો છું એ વાતને એ જાણે કે ન જાણે, પરંતુ અનન્યભાવથી જે મારું ભજન કરે છે તે મારી દૃષ્ટિએ મારો પરમ ભકત છે.

11/11/34 ભકત H2

હે પ્રિય ઉદ્ધવ ! મારો ભકત મારી પૂર્તિ અને મારા ભકતજનોના દર્શન, સ્પર્શ, પૂજા, સેવા-સુશ્રૂષા, સ્તુતિ અને પ્રણામ કરે તથા મારા ગુણ અને કર્મોનું કીર્તન કરે.

11/11/35 ભકત સમર્પિત દાસ હોય છે E1

હે ઉદ્ધવ ! મારો ભકત મારી કથા સાંભળવામાં શ્રદ્ધા રાખે અને નિરંતર મારું ધ્યાન કરતો રહે. જે કંઈ મળી આવે તે મને સમર્પિત કરી દે અને દાસ્યભાવથી મને આત્મ નિવેદન કરે.

11/11/41 પ્રભુને અભીષ્ટ વસ્તુ સમર્પિત કરાય. E1

સંસારમાં જે જે વસ્તુ પોતાને પ્રિય અભીષ્ટ લાગે તે તે વસ્તુ મને સમર્પિત કરી દે. એમ કરવાથી વસ્તુ અક્ષયફલ (મોક્ષ) આપનારી તથા મારી અનંત પ્રીતિ સંપાદન કરનારી થાય છે.

11/11/48 સત્‌પુરુષોના સંગથી ભકિત H2

સંસાર સાગરને તરી જવાનો એક માત્ર ઉપાય જો કોઈ હોય તો તે મારી ભકિત જ છે અને મારી ભકિત પ્રાપ્ત કરાવનારું અમોઘ સાધન સત્પુરુષોનો સંગ જ છે, કારણકે સંતપુરુષો મને પોતાનો આશ્રય માને છે અને હું હંમેશાં તેમની પાસે હોઉ છું.

11/12/1 સત્સંગ સમાન કોઈ સાધન નથી જે પ્રભુને વશ કરે. D2

હે પ્રિય ઉદ્ધવ ! જગતમાં આસકિતઓ છે તેમને સત્સંગ નષ્ટ કરી દે છે. તેથી જ સત્સંગ મને જેવી રીતે વશ કરી લે છે તેવું સાધન યોગ કે સાંખ્ય નથી, ધર્મ પાલન કે સ્વાધ્યાય નથી, તપસ્યા, ત્યાગ, ઈષ્ટાપૂર્ત અને મોટી દક્ષિણાઓથી પણ હું એવો પ્રસન્ન થતો નથી. કયાં સુધી કહુ ? વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ અને યમ-નિયમ પણ સત્સંગની જેમ મને વશ કરવા સમર્થ નથી.

11/12/3-4 સત્સંગ દ્વારા ગમે તે હીન યોનિને પણ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. D2

હે નિષ્પાપ ઉદ્ધવજી ! આ એક યુગની નહિ બધા જ યુગની એક જ વાત છે. સત્સંગ દ્વારા જ દૈત્ય અને રાક્ષસ, પશુ અને પક્ષી, ગંધર્વ અને અપ્સરા, નાગ અને સિદ્ધ, ચારણ અને ગુહ્યક તેમજ વિદ્યાધરોને મારી પ્રાપ્તિ થઈ છે. મનુષ્યોમાં વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી અને અંત્યજ વગેરે જ મારું પરમપદ પ્રાપ્ત કર્યું છે.

11/12/5-6 સત્સંગ દ્વારા હીનયોનીવાળાને ભગવદ્ પ્રાપ્તિના ઉદાહરણ D2

વૃત્રાસુર, પ્રહ્‌લાદ, વૃષપર્વા, બલિ, બાણાસુર, મયદાનવ, વિભીષણ, સુગ્રીવ, હનુમાન, જામ્બવાન, ગજેન્દ્ર, જટાયુ, તુલાધાર વૈશ્ય, ધર્મવ્યાધ, કુબ્જા, વ્રજનાં ગોપીજનો, યજ્ઞ-પત્નીઓ અને બીજા લોકો પણ સત્સંગના જ પ્રભાવથી મને પ્રાપ્ત કરી શકયા છે.

11/12/7 વેદાભ્યાસ કે વ્રત વગરના પણ સત્સંગથી ભગવાનને પામ્યા D2

તે લોકોએ વેદોનો અભ્યાસ કર્યો ન્હોતો કે મહાપુરુષોની વિધિપૂર્વક ઉપાસના ન્હોતી કરી. તેમણે કૃચ્છ-ચાન્દ્રાયણ વગેરે વ્રત કે કોઈ બીજી તપસ્યા પણ ન્હોતી કરી બસ માત્ર સત્સંગના પ્રભાવથી જ મને પ્રાપ્ત કરી લીધો હતો.

11/12/8 મૂઢ બુદ્ધિવાળાઓ પણ ભગવત પ્રીતિને કારણે ભગવાનને પામ્યા E1

ગોપીજનો, ગાયો, પક્ષીઓ, પશુઓ, સુદર્શન, કાલીયનાગ વગેરે તો સાધન-સાધ્યની બાબતમાં મૂઢ બુદ્ધિવાળા હતા, આટલુ જ નહિ બીજા પણ અનેક થઈ ગયા છે જેમણે માત્ર પ્રેમપૂર્ણ ભાવ દ્વારા જ વિના પ્રયાસે મારી પ્રાપ્તિ કરી લીધી અને કૃતકૃત્ય થઈ ગયા.

11/12/12 ગોપીજનોનો ફલાત્મક નિરોધ E1

જેવી રીતે મોટા-મોટા ઋષિમુનિઓ સમાધિમાં તથા ગંગા વગેરે મોટી-મોટી નદીઓ

સમુદ્રમાં મળી જઈ નામરૂપ વિહીન થઈ જાય છે તેવી જ રીતે તે ગોપીજનો પરમ પ્રેમ દ્વારા મારામાં એટલી બધી તન્મય થઈ ગઈ હતી કે તેમને આલોક-પરલોક શરીર અને પોતાના સાંસારિક પતિ, પુત્ર વગેરેની પણ સૂધ-બૂધ રહી ન્હોતી.

11/12/14-15 ભગવદ્ શરણ E3

તેથી હે ઉદ્ધવ ! તમે શ્રુતિ સ્મૃતિ, વિધિ નિષેધ, પ્રવૃત્તિ-નિવૃત્તિ અને શ્રવણ કરવા યોગ્ય અને શ્રવણ કરેલા વિષયોનો પણ પરિત્યાગ કરી દઈ, સર્વત્ર મારી જ ભાવના કરતા, સમસ્ત પ્રાણીઓનો આત્મા હું જ છું એમ સમજીને મારું અનન્ય શરણ ગ્રહણ કરી લો, કારણકે મારે શરણ આવી જવાથી તમે સર્વથા નિર્ભય થઈ જશો.

11/13/2 સત્વગુણની વૃદ્ધિ થાય તો ભક્તિ પ્રાપ્ત થાય. E1

જયારે સત્વગુણની વૃદ્ધિ થાય છે ત્યારે જ જીવને મારી ભક્તિરૂપ સ્વધર્મની પ્રાપ્તિ થાય છે. નિરંતર સાત્વિક વસ્તુઓનું સેવન કરવાથી જ સત્વગુણની વૃદ્ધિ થાય છે અને ત્યારે ભકિતરૂપ સ્વધર્મમાં પ્રવૃત્તિ થવા લાગે છે.

11/13/40 ભગવાન ગુણોને ધારણ કરતા જણાતા છતાં ગુણરહિત છે. B2

હું સમસ્ત ગુણોથી રહિત છું અને કોઈનીય અપેક્ષા રાખતો નથી, છતાં સામ્ય, અસંગતા વગેરે બધા ગુણો મારું જ સેવન કરે છે, મારામાં જ પ્રતિષ્ઠિત છે કારણ કે હું બધાનો હિતૈષી, સુહૃદ, પ્રિયતમ અને આત્મા છું. સાચું પૂછો તો તેમને ગુણ કહેવા એ પણ ઠીક નથી કારણકે તેઓ સત્વાદિ ગુણોના પરિણામ નથી અને નિત્ય છે.

11/14/2 ભકિતયોગ સ્વતંત્ર અને નિરપેક્ષ સાધન છે E1

હે સ્વામી ! હમણાં જ આપે તો ભકિતયોગને જ નિરપેક્ષ અને સ્વતંત્ર સાધન બતાવ્યું છે, કારણ કે તેનાથી જ બધામાંની આસકિત છોડી દઈ મન આપમાં જ તન્મય થઈ જાય છે.

11/14/3 ભાગવતજીની વેદ તુલ્યતા A1

હે પ્રિય ઉદ્ધવ ! આ વેદવાણી સમયની ઉથલ પાથલથી પ્રલય સમયે લુપ્ત થઈ ગઈ હતી. ફરીથી જયારે સૃષ્ટિનો સમય આવ્યો ત્યારે મેં મારા સંકલ્પથી જ તેનો બ્રહ્માજીને ઉપદેશ કર્યો જેમાં મારા ભાગવત ધર્મનું જ વર્ણન છે.

11/14/9 सर्व मार्गेषु ... नानावाद विनष्टेषु ... कृष्ण अेव गतिर्मम K

હે પ્રિય ઉદ્ધવ ! બધાંની બુદ્ધિ મારી માયાથી મોહિત થઈ રહી છે તેથી જ તેઓ પોત-પોતાના કર્મ, સંસ્કાર અને પોત-પોતાની રુચિ પ્રમાણે આત્મ કલ્યાણનાં સાધન પણ એક નહિ અનેક બતાવે છે.

11/14/11 કર્મયોગથી મળતું સુખ - ફળ નાશવંત છે C1

કર્મયોગીલોગ યજ્ઞ, તપ, દાન, વ્રત તથા યમ-નિયમ વગેરે પુરુષાર્થ બતાવે છે પરંતુ એ બધા કર્મ છે. એમના ફલરૂપે જ લોકની પ્રાપ્તિ થાય છે તે ઉત્પત્તિ અને નાશવાળા છે. કર્મોનું ફલ સમાપ્ત થઈ જતાં તેમનાથી દુઃખ જ મળે છે અને સાચું પૂછો તો તેમની

અંતીમ ગતિ ઘોર અજ્ઞાન જ છે. તેમાંથી જે સુખ મળે છે, તે તુચ્છ છે, નગણ્ય છે અને તે લોક ભોગ દરમ્યાન પણ અસુયા વગેરે દોષોને લીધે શોકથી પરિપૂર્ણ છે.

11/14/12 નિષ્કામ અને સમર્પિત ભકત શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત કરે છે H2

હે ઉદ્ધવ ! જે બધી જ રીતે નિરપેક્ષ છે, કોઈ પણ કર્મ કે ફળની જેને જરૂર જ જણાતી નથી અને જે પોતાના અંતઃકરણને સર્વ રીતે મને જ સમર્પિત કરી ચૂકયો છે તેને જ પરમાનંદ સ્વરૂપ હું એના આત્માના રૂપમાં સ્ફૂરાયમાન થવા લાગું છું તેથી તે જે સુખનો અનુભવ કરે છે તે સુખ વિષયલોલુપ પ્રાણીઓને સર્વથા મળી શકતું નથી.

11/14/13 ભકતને ભગવદ્ અનુભવથી જ સંતોષ થાય છે F2

જે દરેક પ્રકારના સંગ્રહ પરિગ્રહથી રહિત છે, અકિંચન છે, જે પોતાની ઈન્દ્રિયો ઉપર વિજય મેળવી શાન્ત અને સમદર્શી થઈ ગયો છે, જે મારી પ્રાપ્તિથી જ મારા સાન્નિધ્યનો અનુભવ કરવાથી જ સદા સર્વદા પૂર્ણ સંતોષનો અનુભવ કરે છે તેને માટે સર્વ દિશાઓ આનંદમય હોય છે.

11/14/14 ભગવાનને સમર્પિત ભકત કોઈ પ્રાકૃત અન્યફલની સ્પૃહા નથી કરતો H2

જેણે પોતાની જાતને મને સમર્પિત કરી દીધી છે તે મને છોડીને બ્રહ્માજીનું પદ, દેવરાજ ઈન્દ્રનું સ્થાન, સાર્વભૌમ સમ્રાટનું પદ, સ્વર્ગથી પણ શ્રેષ્ઠ રસાતલનું આધિપત્ય, યોગની મોટી મોટી સિદ્ધિઓ કે મોક્ષ સુદ્ધાંની કામના કરતા નથી.

11/14/15 ભગવાનને પ્રેમીભકતો જ સૌથી વધારે પ્રિય છે B2

હે ઉદ્ધવ ! તમારા જેવા પ્રેમી ભકતો મને જેટલા વ્હાલા છે તેટલા વ્હાલા મારા પુત્ર બ્રહ્મા, પૌત્ર શંકર, સગાભાઈ બળદેવજી, સ્વયં અર્ધાંગિની લક્ષ્મીજી અને મારો પોતાનો આત્મા પણ નથી.

11/14/17 લોક-વેદથી વિરત થયેલ ભકતને ભગવાનમાં જ પરમાનંદનો અનુભવ થાય છે F2

જે બધી જાતના સંગ્રહ-પરિગ્રહથી રહિત છે, જેમનું ચિત્ત મારા જ પ્રેમના રંગમાં રંગાઈ ગયું છે, જે સંસારની વાસનાઓથી શાન્ત-ઉપરત થઈ ચૂકયા છે અને જે પોતાની મહત્તા - ઉદારતાને લીધે સ્વભાવથી જ સમસ્ત પ્રાણીઓ પ્રત્યે દયા અને પ્રેમનો ભાવ રાખે છે, કોઈ પ્રકારની કામના જેમની બુદ્ધિનો સ્પર્શ કરી શકતી નથી તેમને મારા જે પરમાનંદ સ્વરૂપનો અનુભવ થાય છે તે બીજો કોઈ જાણી શકતો નથી, કારણકે તે પરમાનંદ તો કેવલ નિરપેક્ષતાથી જ પ્રાપ્ત થાય છે.

11/14/18 શરણાગત ભકતનું વિષયાકર્ષણથી ભગવાન રક્ષણ કરે છે D3

હે ઉદ્ધવ ! મારો કોઈ પણ ભકત જે માત્ર મારે જ શરણે આવ્યો છે પણ હજુ જિતેન્દ્રિય થઈ શકયો નથી અને જેને સંસારના વિષયો વારંવાર હરકત પહોંચાડયા કરે છે, પોતાની તરફ ખેંચી લીધા કરે છે તે પણ મારી બહુધા ક્ષણે-ક્ષણે વધતી જતી ભકિતના પ્રભાવથી પ્રાયઃ વિષયોથી પરાજિત થતો નથી.

11/14/19 ભકિત પાપને બાળી નાખનારી છે E1

હે ઉદ્ધવ ! જેવી રીતે ધધકતો અગ્નિ કાષ્ઠના મોટા ઢગલાને પણ બાળીને ખાક કરી નાખે છે તેવી જ રીતે મારી ભકિત પણ સમસ્ત પાપ રાશિને સંપૂર્ણ બાળી નાખે છે.

11/14/20 અન્ય કોઈ સાધન ભગવત્ પ્રાપ્તિ કરાવી શકતું નથી સિવાય કે ભગવાનની ભકિત E1

હે ઉદ્ધવ ! દરરોજ વધતી જતી મારી અનન્ય પ્રેમમયી ભકિત મારી પ્રાપ્તિ કરાવી આપવા જેટલી સમર્થ છે તેટલા સમર્થ યોગ-સાધન, જ્ઞાન-વિજ્ઞાન, ધર્માનુષ્ઠાન જપ-પાઠ કે તપ-ત્યાગ પણ નથી.

11/14/21 અનન્યભકિત ગમે તેને પવિત્ર કરી દે છે E1

હું ભકતોનો પ્રિયતમ આત્મા છું. હું અનન્ય શ્રદ્ધા અને અનન્ય ભકિતથી જ વશ થાઉં છું. મને પ્રાપ્ત કરવાનો તે એક જ ઉપાય છે. જે જન્મથી જ ચાંડાલ છે તે લોકોને પણ મારી અનન્ય ભકિત પવિત્ર કરી દે છે, તેમના જાતિ દોષથી મુકત કરી દે છે.

11/14/22 ભકિત વગરનાને અન્ય કોઈ સાધન પવિત્ર નથી કરી શકતું E1

મારી ભકિત વિનાના પુરુષના ચિત્તને સત્ય અને દયાથી યુકત અને તપસ્યા સહિતની વિદ્યા પણ સારી રીતે પ્રવિત્ર કરવા સમર્થ નથી.

11/14/23 ભગવાનના પ્રેમમાં ગળાડૂબ ન હોય તે પવિત્ર નથી થઈ શકતો E1

જયાં સુધી આખા શરીરમાં રોમાંચ થઈ આવતો નથી ચિત્ત પીગળી જઈ ગદ્ ગદ્ થઈ જતું નથી, આનંદના આંસુ આંખોમાંથી ઊભરાતા નથી તથા અંતરંગ અને બહિરંગ ભકિતના પૂરમાં ચિત્ત તરબોળ થઈ જતું નથી ત્યાં સુધી તેના શુદ્ધ થવાની કોઈ શકયતા જ નથી.

11/14/26 ભગવાનની કથા ચિત્તને શુદ્ધ કરી ભગવત્ સ્વરૂપના દર્શન કરાવે છે D2

હે ઉદ્ધવ ! જેવી રીતે અંજન આંજવાથી નેત્રોના દોષ મટી જઈ આંખ સૂક્ષ્મ વસ્તુઓ પણ જોઈ શકે છે તેવી જ રીતે મારી પરમ પાવન લીલા કથાના શ્રવણ-કીર્તનથી જેમ જેમ ચિત્તનો મેલ દૂર થાય છે તેમ તેમ સૂક્ષ્મ વસ્તુ વાસ્તવિક તત્ત્વ મારા સ્વરૂપનું દર્શન થવા લાગે છે.

11/14/29 ભગવાનના ધ્યાનમાં સ્ત્રી વિષયાસકિત ખૂબ બાધક છે K

સંયમી પુરુષે સ્ત્રીઓ અને તેમના સંગીઓનો સંગ છોડીને પવિત્ર એકાંત સ્થાનમાં બેસીને, આળસ ત્યજીને, ખૂબ જ સાવધાનીથી મારું જ સ્મરણ અને ચિંતન એકાગ્રતાપૂર્વક કરવું.

11/16/9 કૃષ્ણનું પરબ્રહ્મત્વ B1

હે ઉદ્ધવજી ! હું સમસ્ત પ્રાણીઓનો આત્મા, હિતૈષી, સુહૃદ અને ઈશ્વર-નિયામક છું. હું જ આ સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોના રૂપમાં છું અને તેમની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ પણ હું જ છું.

11/16/40 ભગવાન જ સર્વ ગુણોનું મૂળ છે **B2**

એમ સમજી લો કે જેમાં પણ તેજ, શ્રી, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, ત્યાગ, સૌંદર્ય, સૌભાગ્ય, પરાક્રમ, તિતિક્ષા અને વિજ્ઞાન આદિ શ્રેષ્ઠ ગુણ હોય એ મારો જ અંશ છે.

11/16/44 ભકત **H2**

મારો પ્રેમીભકત મત્યરાયણ થઈ, મારું એકમાત્ર શરણ ગ્રહણ કરી લઈ ભકિતયુકત બુદ્ધિથી વાણી, મન અને પ્રાણોને સંયમમાં રાખે. એટલું કરી લેવાથી તેને માટે બીજું કંઈ કરવાનું બાકી રહેતું નથી. તે કૃતકૃત્ય મુકત થઈ જાય છે.

11/17/43 अन्यावृत्तो भजेत् कृष्ण **E1**

જે બ્રાહ્મણ ઘરમાં રહી પોતાના મહાન ધર્મનું નિષ્કામ ભાવથી પાલન કરે છે અને ખેતરોમાં તથા બજારોમાં પડી ગયેલા દાણા વીણી સંતોષપૂર્વક પોતાનો જીવન નિર્વાહ કરે છે, સાથે પોતાના શરીર, પ્રાણ, અંતઃકરણ અને આત્મા મને સમર્પિત કરી દે છે અને કયાંય પણ અત્યંત આસકિત કરતો નથી તે સંન્યાસ લીધા વિના જ પરમ શાંતિ સ્વરૂપ પરમપદ પ્રાપ્ત કરી લે છે.

11/17/52 ગૃહસ્થ ભકત **H2**

હે ઉદ્ધવ ! ગૃહસ્થ પુરુષ કુટુમ્બમાં આસકત ન થાય. મોટું કુટુંબ હોવા છતાં મારી ભકિતમાં પ્રમાદ ન કરે. બુદ્ધિમાન પુરુષે સમજી લેવું જોઈએ કે જેવી રીતે આ લોકની બધી વસ્તુઓ નાશવંત છે તેવી જ રીતે સ્વર્ગ વગેરે પરલોકના ભોગ પણ નાશવંત જ છે.

11/17/54 ગૃહસ્થ ભકત **H2**

આ પ્રમાણે વિચાર કરનાર મુકત ગૃહસ્થ, ગૃહમાં અનાસકિત પૂર્વક અતિથિની પેઠે રહે, શરીર વગેરેમાં અહંકાર અને ઘર વગેરેમાં મમતા રાખે નહિ તો એ ઘરમાં બંધાતો નથી.

11/18/20 ભકત સંન્યાસી **C2**

સંન્યાસીએ પૃથ્વી પર એકલા જ ફરવું. તે કયાંય પણ આસકિત કરે નહિ અને બધી ઈન્દ્રિયો તેને વશ હોય. તે પ્રભુપ્રેમમાં જ મસ્ત અને તન્મય રહે. પ્રતિકૂલમાં ય પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ ધૈર્ય રાખે અને સર્વત્ર સમાન રૂપથી સ્થિત પરમાત્માનો અનુભવ કરતો રહે.

11/18/31 સંન્યાસી ભકત **C2**

તેનું ધૈર્ય તો એવું હોય કે તેના મનમાં કોઈ પ્રાણીથી ઉદ્વેગ ન થાય તેમજ તે પોતે કોઈ પણ પ્રાણીને ઉદ્વિગ્ન ન કરે. તેની કોઈ નિંદા કરે તો પ્રસન્નતાથી તે સહન કરી લે. કોઈનું અપમાન ન કરે. હે પ્રિય ઉદ્ધવ ! સંન્યાસી આ શરીરને માટે કોઈની સાથે વેર ન કરે. આવું વેર તો પશુઓ જ કરે છે.

11/18/38 જ્ઞાનાર્થ સંન્યાસ **C2**

હે ઉદ્ધવજી ! જિતેન્દ્રિય પુરુષને જયારે નિશ્ચય થઈ જાય કે સંસારના વિષયોના ભોગનું ફલ નર્યું દુઃખ જ છે, ત્યારે તે વિરકત થઈ જાય અને જો તે મારી પ્રાપ્તિનાં સાધનો જાણતો ન હોય તો ભગવચ્ચિંતનમાં તન્મય રહેનારા બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જાય.

11/18/39 ગુરુ ભકિત J

તે ગુરુની દૃઢ ભકિત કરે. તેના વચનોમાં શ્રદ્ધા રાખે અને તેનાં દોષ ન જૂએ. જયાં સુધી બ્રહ્મનું જ્ઞાન ન થાય ત્યાં સુધી અત્યંત આદરપૂર્વક મને જ ગુરુના રૂપમાં સમજી મારી સેવા કરે.

11/18/40-41 પાખંડી સંન્યાસી K

પરંતુ પાંચ ઈન્દ્રિયો અને મન આ છ ઉપર જેણે વિજય પ્રાપ્ત કર્યો નથી, જેના ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ અને બુદ્ધિરૂપી સારથી બગડી ગયેલા છે અને જેના હૃદયમાં જ્ઞાન કે વૈરાગ્ય નથી. તે જો ત્રિદંડી સંન્યાસીનો વેશ ધારણ કરી લઈ પેટ ભરે છે, તે સંન્યાસ ધર્મનું સત્યાનાશ વાળીને પોતાના પૂજય દેવતાઓને, પોતાની જાતને અને પોતાના હૃદયમાં રહેલા મને પણ ઠગવાની ચેષ્ટા કરે છે. હજુ તે વેશધારી સંન્યાસીની વાસનાઓ ક્ષીણ થઈ નથી તેથી તેનો આ લોક અને પરલોક બન્ને બગડે છે.

11/18/43 ગૃહસ્થના ધર્મ C2

બ્રહ્મચર્ય, તપ, બાહ્યાભ્યાન્તર પવિત્રતા, સંતોષ, સર્વત્ર મૈત્રી, ગૃહસ્થના ધર્મ છે ગૃહસ્થે પણ બ્રહ્મચર્ય પાળવું જોઈએ, ગૃહસ્થ જો ઋતુકાલમાં જ સ્ત્રીગમન કરે તો બ્રહ્મચારી ગણાય છે. મારી ઉપાસના કરવી એ તો પ્રાણીમાત્રનો ધર્મ છે.

11/18/44 ભકિત કઈ રીતે પ્રાપ્ત થાય ? E1

અનન્ય ચિત્ત થઈને જે મને એવી રીતે નિત્ય ભજે છે અને સર્વ પ્રાણીઓમાં મારો ભાવ રાખે છે તેને તુરત જ મારી ભકિત પ્રાપ્ત થાય.

11/18/47 વર્ણાશ્રમીને મોક્ષ કઈ રીતે મળે ? C2

મેં તમને આ સદાચારરૂપ વર્ણાશ્રમીઓના ધર્મ બતાવ્યા છે. તે ધર્મની સાથે જો એ મારી ભકિત કરે તો અનાયાસ જ પરમ કલ્યાણ સ્વરૂપ મોક્ષને એ પ્રાપ્ત થાય છે.

11/19/5 ભકિતભાવથી ભજન E1

તેથી હે પ્રિય ઉદ્ધવ ! તમે જ્ઞાન સહિત પોતાના આત્મ સ્વરૂપને જાણીને પછી જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન થઈ ભકિતભાવથી મારું ભજન કરો.

11/19/9 ભગવદ્ શરણાગતિ D3

હે મારા સ્વામી ! જે પુરુષ આ સંસારના વિકટ માર્ગમાં ત્રણેય તાપોથી થપ્પડો ખાઈ રહ્યો છે અને અંદર-બહાર બળી રહ્યો છે એને માટે આપના અમૃતવર્ષી યુગલ ચરણારવિન્દોની છત્રછાયા સિવાય બીજો કોઈ પણ આશ્રય દેખાતો નથી.

11/19/10 ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય તો ઉદ્ધાર થાય. D3

હે મહાનુભાવ ! આપનો આ નિજી સેવક અંધારીયા ભવકૂપમાં પડેલો છે, કાળરૂપી સર્પે એને દંશ દીધેલો છે છતાં વિષયોના ક્ષુદ્ર સુખ ભોગોની તીવ્ર તૃષ્ણા મટતી તો નથી, વધતી જ જઈ રહી છે. આપ કૃપા કરી તેનો ઉદ્ધાર કરો અને તેમાંથી ઉગારી લેનારી વાણીની સુધા-ધારાથી તેને તરબોળ કરી દો. જેનાથી આપના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય.

11/19/16 પરબ્રહ્મ (ભગવાન) જ નિત્ય છે. B1

જે તત્ત્વવસ્તુ સૃષ્ટિના આરંભમાં અને અંતમાં કારણરૂપ રહેલી હોય છે, તે જ વચમાં પણ રહે છે અને તે જ પ્રતીયમાન કાર્યથી પ્રતીયમાન બીજા કાર્યના અનુગત પણ હોય છે. પછી તે કાર્યોનો પ્રલય અથવા બાધ થતાં તેના સાક્ષી અને અધિષ્ઠાન રૂપથી બાકી રહી જાય છે, તે જ સત્ય પરમાર્થ વસ્તુ છે. એમ સમજવું.

11/19/18 પ્રાકૃત સુખો નાશવંત છે. K

વિવેકી પુરુષ યજ્ઞાદિ કર્મોના ફલરૂપે મળનારાં સ્વર્ગ વગેરે નાશવન્ત હોવાના લીધે બ્રહ્મલોક સુધીનાં સ્વર્ગ વગેરે સુખને પણ આ પ્રત્યક્ષ અનુભવાતા વિષય સુખની જેમ જ અમંગલ, દુઃખદાયી અને નાશવંત સમજે છે.

11/19/20 સેવાકથા E1

મારી ભકિત પ્રાપ્ત કરવા જે ઈચ્છતો હોય તે નિરંતર મારી અમૃતમય કથામાં શ્રદ્ધા રાખે. નિરંતર મારા ગુણ લીલા અને નામોનું સંકીર્તન કરે. મારી સેવા પૂજામાં નિરંતર અત્યન્ત નિષ્ઠા રાખે અને સ્તોત્રો દ્વારા મારી સ્તુતિ કરે.

11/19/21 સેવા-પૂજા C2

મારી સેવા-પૂજામાં પ્રેમ અને આદર રાખે, મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, મારી સેવા-પૂજા કરતાં મારા ભકતોની સેવા-પૂજા વધારે કરે અને બધાં પ્રાણીઓમાં મને જ જૂએ.

11/19/22 સર્વ ઈન્દ્રિયો ભગવદ્ અર્થ જ છે E1

પોતાના સર્વ અંગોની ચેષ્ટા કેવલ મારે માટે જ કરે, વાણીથી મારા જ ગુણોનું ગાન કરે અને પોતાનું મન મને જ અર્પણ કરી દે તથા બધી જ કામનાઓના ત્યાગ કરી દે.

11/19/23 સર્વ કંઈ કૃતિ ભગવદ્ અર્થે કરવી E1

મારા માટે ધન-ભોગ અને આવી મળેલ સુખનો પણ પરિત્યાગ કરી દે અને જે કંઈ યશ, દાન, હવન, જપ, વ્રત અને તપ કરવામાં આવે તે બધું મારે માટે જ કરે.

11/19/24 પ્રેમભકિતની ઉત્કૃષ્ટતા E1

જે મનુષ્યો આ ધર્મોનું પાલન કરે છે અને મને આત્મનિવેદન કરી દે છે તેમના હૃદયમાં મારી પ્રેમમયી ભકિતનો ઉદય થાય છે અને જેને મારી ભકિત પ્રાપ્ત થઈ ગઈ છે તેને બીજી કઈ વસ્તુ મળવાની બાકી રહે છે !

11/19/27 ભકિત-જ્ઞાન-વૈરાગ્ય અને ઐશ્વર્યની વ્યાખ્યા E1

હે ઉદ્ધવ ! જેનાથી મારી ભકિત થાય તે જ ધર્મ છે. જેનાથી બધા પ્રાણીઓમાં પરમાત્માના દર્શન થાય તે જ જ્ઞાન છે. વિષયોથી નિર્લેપ રહેવું, તેમાં આસકત ન થવું તે જ વૈરાગ્ય છે અને અણિમા વગેરે સિદ્ધિઓ જ ઐશ્વર્ય છે.

11/19/38 ઋત, પવિત્રતા, સંન્યાસની વ્યાખ્યા C2

એ જ પ્રમાણે સત્ય અને મધુર વાણીને જ મહાત્માઓ ઋત કહ્યું છે, માત્ર યથાર્થ

ભાષણને નહિ. કેવલ પવિત્રતા કે માત્ર મલત્યાગ જ શૌચ નથી પણ કર્મોમાં આસકત ન થવું તે જ શૌચ છે. ગૃહત્યાગ એ જ સંન્યાસ નથી, સંન્યાસ એટલે આલોક અને પરલોક સંબંધિ બધાં કર્મોના ફલનો તથા સ્ત્રી-પુત્ર વગેરેમાં મમતાનો ત્યાગ.

11/19/41 સૌંદર્ય, સુખ, દુ:ખ અને પંડિતની વ્યાખ્યા C2

આભૂષણો શરીરનું સાચું સૌંદર્ય નથી પણ નિરપેક્ષતા વગેરે ગુણો જ સાચો "શ્રી" શણગાર છે. ભોગ સાચું સુખ નથી પણ દુ:ખ અને સુખ બન્નેની ભાવનાનો સદાને માટે નાશ થઈ જવો એ જ સાચું "સુખ" છે. માર પડવો, અગ્નિથી દાઝી જવું એ જ દુ:ખ નથી પણ વિષયભોગોની કામના જ દુ:ખ છે. બંધ અને મોક્ષના તત્ત્વને જે જાણે તે જ પંડિત, માત્ર વિદ્વાનુ એ પંડિત નથી.

11/20/7 જ્ઞાનયોગ અને કર્મયોગના અધિકારી C1

હે પ્રિય ઉદ્ધવ ! જે લોકો કર્મો તથા તેમના ફળોથી વિરકત થઈ ગયા છે અને તેમનો ત્યાગ કરી ચૂકયા છે તેઓ જ્ઞાનયોગના અધિકારી છે. તેથી ઊલટું જેમનાં ચિત્તકર્મો અને તેમના ફળો પ્રત્યે વૈરાગ્ય થયો નથી, તેમાં દુ:ખ બુદ્ધિ થઈ નથી તે સકામ લોકો કર્મયોગના અધિકારી છે.

11/20/6 અધિકારભેદથી માર્ગભેદ C2

હે ઉદ્ધવજી ! જે મેં જ વેદો અને બીજા શાસ્ત્રોમાં મનુષ્યોનું કલ્યાણ કરવાને માટે અધિકારી ભેદથી ત્રણ પ્રકારના યોગોનો ઉપદેશ કર્યો છે. તે જ્ઞાન કર્મ અને ભકિત છે. મનુષ્યના પરમકલ્યાણ માટે આ સિવાય બીજા કોઈ ઉપાય કયાંય પણ છે જ નહિ.

11/20/8 ભકિતયોગનો અધિકારી E1

જે પુરુષ અત્યંત વિરકત કે અત્યંત આસકત નથી તથા કોઈ પૂર્વ જન્મમાં શુભ કર્મથી સૌભાગ્યવશ મારી લીલાકથા આદિમાં તેની શ્રદ્ધા થઈ ગઈ છે તે ભકિતયોગનો અધિકારી છે. તેને ભકિતયોગ દ્વારા જ સિદ્ધિ મળી શકે છે.

11/20/12 મનુષ્યદેહની ઉત્તમતા G

જેમ નરકની યાતના ભોગવનાર મનુષ્યદેહની ઈચ્છા કરે છે, કારણકે મનુષ્ય શરીરવાળો જ્ઞાન અથવા ભકિત વડે ભકિતને સિદ્ધ કરી શકે છે. સ્વર્ગીય અને નારકીય શરીર જ્ઞાન કે ભકિત મેળવવા સમર્થ થતાં નથી. તેથી મનુષ્યદેહ સર્વથ ઉત્તમ છે

11/20/14 દેહની આવશ્યકતા C2

આમ જાણીને દેહ પડતાં પહેલાં મુકિત મેળવવાનો પ્રયત્ન કરી, દેહમાં રહ્યા છતાં પ્રમાદ ન કરે, આ શરીર નાશવાન છે છતાં તે પુરુષાર્થને સિદ્ધ કરવામાં ઉપયોગી છે એમ જાણે.

11/20/17 મનુષ્ય દેહનો સાચો ઉપયોગ C2

આ મનુષ્ય શરીર સમસ્ત શુભ ફળોની પ્રાપ્તિનું મૂળ છે. રોગ વ. પ્રતિબંધ રહિત અને બધી ઈન્દ્રિયોના સૌષ્ઠવ-કાર્ય-ક્ષમણાવાળો આ અત્યંત દુર્લભ મનુષ્ય દેહ મળ્યો એ જ મારી અનુકૂળતાનો પૂરાવો છે. સંસાર સાગર પાર કરવા માટે તે એક સુદૃઢ નૌકા છે.

ગુરુદેવને માત્ર શરણે જવાથી તે સુકાની બની જાય છે. હોડીને હંકારવા પવન જોઈએ તે તો મેં પ્રાણવાયુના રૂપમાં મનુષ્યોને આપેલો જ છે. આટલી સુવિધા હોવા છતાં પણ જે આ શરીર દ્વારા સંસાર સાગરને પાર કરી જતો નથી તે આત્મહત્યા કરી રહ્યો છે.

11/20/31 ભકિત સ્વતંત્ર છે **E1**

જે યોગી મારી ભકિતથી યુકત હોય અને મારા ચિંતનમાં મગ્ન રહે તેને જ્ઞાન અથવા વૈરાગ્યની પ્રાય: આવશ્યકતા હોતી નથી.

11/20/32 ભકિતની શ્રેષ્ઠતા **E1**

કર્મ, તપસ્યા, જ્ઞાન, વૈરાગ્ય, યોગાભ્યાસ, દાન, ધર્મ અને બીજા કલ્યાણ કરનારા સાધનોથી જે કંઈ સ્વર્ગ, મોક્ષ, મારું પરમધામ અથવા કોઈપણ વસ્તુ પ્રાપ્ત થાય છે તે બધી મારો ભકત મારા ભકિત યોગના પ્રભાવથી જ, જો તે ઈચ્છે તો અનાયાસ પ્રાપ્ત કરી લે છે.

11/20/34 નિરપેક્ષતાથી ભકિત **E1**

હે ઉદ્ધવજી ! સર્વથી શ્રેષ્ઠ અને મહાન નિ:શ્રેયસ તો નિરપેક્ષતાનું બીજું નામ છે. તેથી જે નિષ્કામ અને નિરપેક્ષ હોય છે તેને જ મારી ભકિત પ્રાપ્ત થાય છે.

11/21/15 કર્મશુદ્ધિ **C1**

ગુરુમુખથી સાંભળી, સારી રીતે હૃદયંગમ કરી લેવાથી મંત્રની અને સમર્પિત કરી દેવાથી કર્મની શુદ્ધિ થાય છે. આ પ્રમાણે દેશ, કાલ, પદાર્થ, કર્તા, મંત્ર અને કર્મ આ છ યે શુદ્ધ હોય તો ધર્મ અને અશુદ્ધ હોય તો અધર્મ થાય.

11/21/27 પ્રવાહી જીવોની સ્થિતિ **C2**

વિષય વાસનાઓમાં ફસાયેલા દીનહીન અને લોભી પુરુષો રંગબેરંગી પુષ્પોના જેવા સ્વર્ગ વગેરે લોકોને જ સર્વ શ્રેષ્ઠ સમજી બેસે છે. અગ્નિ દ્વારા સિદ્ધ થતા યજ્ઞ યાગાદિ કર્મોમાં જ મુગ્ધ થઈ જાય છે. બીજે માર્ગે ચડી જવાથી તેમને નિજધામ-આત્મપદનો પત્તો નથી લાગતો.

11/21/43 સર્વ શાસ્ત્રો પરબ્રહ્મ કૃષ્ણનું જ વર્ણન કરે છે **B2**

કર્મકાંડમાં બધી શ્રુતિઓ મારું જ વિધાન કરે છે. ઉપાસનાકાંડના ઉપાસ્ય દેવતાઓના રૂપમાં તેઓ મારું જ વર્ણન કરે છે અને જ્ઞાનકાંડમાં આકાશ વગેરે રૂપથી બીજી વસ્તુઓનો આરોપ મારામાં જ કરી તેમનો નિષેધ કરી દે છે. સંપૂર્ણ શ્રુતિઓનું બસ એ જ તાત્પર્ય છે કે તેઓ મારો આશ્રય લઈ મારામાં ભેદનો આરોપ કરે છે, માયા માત્ર કહીને તેનો અનુવાદ કરે છે અને અંતમાં બધાનો નિષેધ કરી મારામાં જ શાન્ત થઈ જાય છે અને કેવલ અધિષ્ઠાન રૂપે હું જ શેષ રહી જાઉં છું.

11/22/4 તત્ત્વોની સંખ્યા **L**

હે ઉદ્ધવજી ! વેદજ્ઞ બ્રાહ્મણો આ બાબતમાં જે કંઈ કહે છે તે બધું સાચું છે; કારણકે બધાં તત્ત્વો બધામાં અંતર્ભૂત છે. મારી માયાનો સ્વીકાર કરી શું કહેવું અશકય છે ?

11/22/37 કર્માધીન મન **L**

મન કર્મોને આધીન છે. તે (જીવ) દેખેલા કે સાંભળેલા વિષયોનું ચિંતન કરવા લાગે છે અને ક્ષણવારમાં જ તેમની (કર્મોની) સાથે તદાકાર થઈ જાય છે તથા તે જ પૂર્વે ચિંતવેલા વિષયોમાં લીન થઈ જાય છે. ધીરે-ધીરે તેની સ્મૃતિ, પૂર્વાપરનું અનુસંધાન નષ્ટ થઈ જાય છે.

11/22/43 પ્રાકૃત વસ્તુઓ કાલથી વિકાર પામે છે. **L**

જેવી રીતે કાલના પ્રવાહથી દીવાની જયોતિ, નદીઓનો પ્રવાહ અથવા વૃક્ષોના ફલોની ખાસ-ખાસ અવસ્થાઓ બદલાતી રહે છે, તેવી જ રીતે તમામ પ્રાણીઓનું આયુષ્ય, અવસ્થા વગેરે પણ બદલાતા રહે છે.

11/22/47 વિવેક **C1**

આ શરીર જીવથી જુદુ છે અને આ ઊંચી નીચી અવસ્થાઓ બદલાતી રહે છે, તેવી જ રીતે તમામ પ્રાણીઓનું શરીરનું આયુષ્ય, અવસ્થા વગેરે પણ બદલાતા રહે છે.

11/22/49 વિવેક **C1**

જેવી રીતે જવ, ઘઉં વગેરે ખેતરમાં વાવવાથી ઊગી નીકળે છે અને પાકી જતાં લણી લેવામાં આવે છે પરંતુ જે પુરુષ તેમના ઊગવા અને લણવાનું જાણનારો સાક્ષી છે તે, તે બન્નેથી તદ્દન પૃથક છે, તેવી જ રીતે શરીર અને તેની અવસ્થાઓનો જે સાક્ષી છે તે શરીરથી બિલકુલ જુદો છે, આ સમજનાર બન્નેથી બંધાતો નથી.

11/22/50 અવિવેકી **K**

અજ્ઞાની પુરુષ આ પ્રમાણે આત્મા એ પ્રકૃત્તિ અને શરીરથી જુદો છે એમ સમજતો નથી, તે તેમનાથી તાત્ત્વિક દૃષ્ટિથી જ જુદો છે એમ તે અજ્ઞાની અનુભવ કરતો નથી અને વિષય ભોગોમાં સાચું સુખ માનીને તેમાં જ મોહિત થઈ જાય છે, તેથી જ તેને જન્મ - મરણરૂપ સંસારમાં ભટકવું પડે છે.

11/22/51 ત્રિગુણાત્મક કર્મોને કારણે ગતિની ભિન્નતા **C1**

જયારે અવિવેકી જીવ પોતાના કર્મો પ્રમાણે જન્મ-મૃત્યુના ચક્કરમાં ભટકવા લાગે છે, ત્યારે સાત્ત્વિક કર્મોની આસકિતથી ઋષિલોક અને દેવલોકમાં, રાજસિક કર્મોની આસકિતથી મનુષ્ય અને અસુર યોનિઓમાં તથા તામસિક કર્મોની આસકિતથી ભૂત-પ્રેત અને પશુ-પક્ષી વગેરે યોનિઓમાં જાય છે.

11/23/1 કૃષ્ણકથાની ફળરૂપતા **D2**

વાસ્તવમાં શ્રવણ કરવા યોગ્ય કંઈ હોય તો તે ભગવાનની લીલા કથા છે. શ્રીકૃષ્ણ ભગવાન જ પ્રેમ અને મુકિતના દાતા છે.

11/23/23 મનુષ્ય જીવનની સાર્થકતા **C2**

આ મનુષ્ય શરીર મોક્ષ અને સ્વર્ગનું દ્વાર છે, તે મેળવીને પણ એવો કયો બુદ્ધિમાન પુરુષ હોય જે અનર્થોના ધામ એવા ધનના ચક્કરમાં ફસાયેલો રહે ?

11/23/30 ભગવાનમાં થોડો સમય પણ પૂર્ણ ચિત્ત લાગે તો મુકિત થાય છે E1

ત્રણેય લોકના સ્વામી દેવગણો મારા આ સંકલ્પમાં વિઘ્ન નહિ નાખતાં મારા આ સંકલ્પનું અનુમોદન કરે. હજુ નિરાશ થવાની કોઈ જરૂર નથી કારણકે રાજા ખટ્વાંગે તો માત્ર બે ઘડીમાં જ વૈકુંઠની પ્રાપ્તિ કરી હતી.

11/23/43 મન જ સુખ દુ:ખનું કારણ L

મારા સુખ કે દુ:ખનું કારણ આ મનુષ્ય, દેવતા, શરીર, ગ્રહો, કર્મ કે કાલ વગેરે નથી, શ્રુતિઓ અને મહાત્મા લોક મનને જ આનું પરમ કારણ ગણે છે અને મન જ સમગ્ર સંસાર ચક્રને ચલાવે છે.

11/23/45 પરમાત્માને અધ્યાસ નથી B1

દેહનો જેને અધ્યાસ હોય છે તેને તે સુખ દુ:ખ થાય છે, એવો અધ્યાસ પરમાત્માને નથી તેથી તેને સુખ-દુ:ખ થતાં નથી. મન સંકલ્પ વિકલ્પાત્મક છે. ભગવાન તેની સાથે નિયામક તરીકે અંતર્યામી રૂપે સદા દરહે છે અને જીવના તે સનાતન સખા - હિતકર્તા છે. તે અંહ-મમના અભિમાન રહિત છે, કારણકે તે હિરણ્યમય-જ્ઞાનમય છે. તેથી તે તો પોતાના અલુપ્ત જ્ઞાનથી બધું સાક્ષી રૂપે જોયા કરે છે, સુખ - દુ:ખના ભાગ બનતા નથી. મન દ્વારા જ તેની અભિવ્યકિત થાય છે. જયારે તે જીવ મનનો સ્વીકાર કરી તે દ્વારા વિષયોનો ભોકતા બને છે ત્યારે કર્મોમાં આસકિત હોવાથી તે કર્મોથી બંધાઈ જાય છે.

11/23/50 અહંતા - મમતાત્મક બુદ્ધિ K

સાધારણ રીતે મનુષ્યોની બુદ્ધિ બંધ થઈ ગઈ છે. અવિદ્યારૂપી અંધકારથી તેનો વિવેક જતો રહ્યો છે તેથી તો આ મનોકલ્પિત શરીરને "હું" અને સ્ત્રી, પુત્ર, ઘર, ધન વગેરે "મારા" માની બેસે છે. અને પછી "આ હું છું અને આ બીજો છે." એવા ભ્રમના ફંદામાં ફસાઈ જાય છે. આનું પરિણામ એ આવે છે કે તેઓ અનન્ત અજ્ઞાન - અંધકારરૂપ સંસારમાં જ ભટકતા રહે છે.

11/23/61 ભગવાનમાં જ બુદ્ધિ રાખવી જોઈએ E1

હે ભાઈ ઉદ્ધવ ! તમો મારા વિશે સર્વભાવથી બુદ્ધિને પરોવીને મનનો નિગ્રહ કરો. યોગ માત્રનો નિષ્કર્ષ મનને રોકવામાં જ છે.

11/24/27 આત્મા (પરમ્) C2

કાલ જીવમાં લીન થાય છે. જીવ અવિદ્યા પ્રધાન છે ત્યાં સુધી જ કાલનો વેગ છે. જીવ જન્માદિ રહિત પરમાત્મામાં લીન થાય છે. આત્મા સ્વરૂપે જ રહે છે; એને કોઈમાં લીન થવાનું હોતું નથી. એ કોઈનામાંથી થતો નથી, અજન્મા છે. એ જગતના ઉત્પત્તિ અને પ્રલય વડે જાણી શકાય છે. એનું કોઈ કારણ નથી. એનું કારણ માનતા અનવસ્થા દોષ પ્રાપ્ત થાય તેથી એ સત્ય વસ્તુ એક અદ્વય નિત્ય છે.

11/25/12 ત્રિગુણ K

સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોનું કારણ જીવનું ચિત્ત છે. એમની સાથે મારે કંઈ

સંબંધ નથી અથવા હું બંધાતો નથી. આ જ ગુણો દ્વારા જીવ શરીર અથવા ધન વગેરેમાં આસકત થઈ જઈ બંધનમાં પડી જાય છે.

11/25/16 સત્ત્વગુણ **C2**

જયારે ચિત્ત પ્રસન્ન હોય, ઈન્દ્રિયો શાન્ત હોય, દેહ રોગાદિ ભયરહિત હોય અને મનમાં આસકિત ન હોય ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ સમજવી. સત્ત્વગુણ મારી પ્રાપ્તિનું સાધન છે.

11/25/20 આત્મા ગુણાતીત છે **C2**

સત્ત્વગુણથી જાગ્રત અવસ્થા, રજોગુણથી સ્વપ્નાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા થાય છે. ચોથું તત્ત્વ આત્મતત્ત્વ આ ત્રણેય અવસ્થાઓમાં સરખી રીતે વ્યાપ્ત છે તે જ શુદ્ધ અને એકરસ આત્મા છે.

11/25/23 ત્રણ ગુણો કૃતિના સંદર્ભમાં **C1**

જ્યારે પોતાના ધર્મનું આચરણ મને સમર્પિત કરે અથવા નિષ્કામ ભાવથી કરવામાં આવે છે ત્યારે તે સાત્વિક હોય છે. જે કર્મ કરવામાં કોઈ ફલની કામના હોય છે તે રાજસિક હોય છે અને જે કર્મમાં કોઈનુ વેર લેવાનો કે દંભનો ભાવ હોય છે તામસિક હોય છે.

11/25/26 ત્રિગુણ અને નિર્ગુણતા **C1**

ફલાસક્તિ રહિત કર્મ કરનાર સાત્વિક, ફલની ઈચ્છામાં આંધળો કર્મ કરનાર રાજસ અને કર્તવ્ય-અકર્તવ્ય વિચારથી શૂન્ય થઈ કર્મ કરનારને નિર્ગુણ સમજવો.

11/25/32 ગુણ જીવને સંસારમાં બાંધે છે **K**

જીવને જેટલી યોનિઓ અથવા ગતિઓ પ્રાપ્ત થાય છે તે બધી તેમના ગુણો અને કર્મો પ્રમાણે જ પ્રાપ્ત થાય છે. બધા જ ગુણોનો સંબંધ ચિત્ત સાથે છે. જે જીવ તેમના ઉપર વિજય મેળવી લે છે તે ભકિતયોગ દ્વારા મારામાં જ નિષ્ઠાવાળો થઈ જાય છે અને છેવટે મારા વાસ્તવિક સ્વરૂપને, જેને મોક્ષ પણ કહે છે તેને પ્રાપ્ત કરે છે.

11/25/36 ગુણોના બંધનથી છૂટવાનો ઉપાય પરમાત્મામાં ધ્યાન **C1**

નિરંતર મારું ધ્યાન કરવાથી ગુણના કાર્યરૂપ સંસારથી મુકત થયેલ જીવ લિંગ શરીરરૂપી ઉપાધિને છોડી દે છે, કારણકે એ ચિત્તમાંથી ઉત્પન્ન થતી ગુણોની વૃત્તિઓને છોડી બ્રહ્મના આનંદથી સ્વયં પૂર્ણ રહે છે. જે બહારના વિષયભોગ અને અંતઃકરણમાં એના સ્મરણને છોડીને પૂર્ણ થયો છે તે જીવતાં જ મુકત થાય એટલે જીવનમુકત થાય છે.

11/26/19 માયા **K**

વળી આ દેહમાં મમતા પણ માયાએ કરાવેલી છે. માતા-પિતાથી દેહ થાય છે તેથી એની ઉપર સત્તા માતાપિતાની ગણાય ? સ્ત્રી આ દેહનો ઉપભોગ કરે છે તેથી શું એ સ્ત્રીનો ગણાય ? માલિક દેહને પોષણ આપે છે તેથી અન્ન આપનારનો દેહ ગણાય ? આ દેહ અગ્નિમાં જાય છે તેથી એ એનો ગણાય ? અથવા બાળવામાં ન આવે તો ગીધ, કૂતરાં વગેરે એનો ઉપયોગ કરે તેથી એ શું કૂતરાં, ગીધડાંનો ગણાય ? દેહ આત્મા કે મિત્રોને માટે ગણીયે તો એમનો ગણાય ? એનો નિશ્ચય કરી શકાતો નથી.

11/26/26 સત્પુરુષોનો સંસાર-તારક D2

તેથી પુરુરવાની માફક બુદ્ધિમાન પુરુષે કુસંગ છોડી દઈ સત્પુરુષોનો સંગ કરવો જોઈએ, સંત પુરુષો પોતાના સદુપદેશથી સંસારના મોહનો અને મનની આસકિતનો નાશ કરે છે.

11/26/27 સંતપુરુષનાં લક્ષણ H2

સંત પુરુષોના લક્ષણો એ છે કે તેઓ મારી પ્રાપ્તિને જ પુરુષાર્થ સમજીને મારામાં જ તેમનું મન લગાડીને મારા સિવાય બીજી કોઈ વસ્તુની તેમને અપેક્ષા જ હોતી નથી. તેમના ચિત્તમાં શાન્તિનો અગાધ સમુદ્ર લહેરાતો હોય છે. તેથી રાગદ્વેષને તો તેમના જીવનમાં સ્થાન જ નથી હોતું. તેઓ સદા સર્વદા સર્વત્ર સર્વમાં સર્વરૂપે બિરાજમાન ભગવાનનાં જ દર્શન કરે છે. તેમનામાં અહંકારનો લેશ પણ હોતો નથી તો પછી મમતાની તો વાત જ કયાં રહી ? તેઓ ઠંડી-ગરમી, સુખ-દુઃખ વગેરે દ્વંદોમાં એકરસ રહે છે. તેઓએ સર્વ વિષયોનો ત્યાગ કરેલો હોય છે.

11/26/30 બ્રહ્મરૂપ કૃષ્ણનું સ્વરૂપ/ભકિત B1

હે ઉદ્ધવજી ! હું અનંત, અચિંત્ય, કલ્યાણમય ગુણ-ગુણોનો આશ્રય છું. કેવળ આનંદ, કેવળ અનુભવ અને વિશુદ્ધ આત્મા એ જ મારું સ્વરૂપ છે. હું સાક્ષાત્ પરબ્રહ્મ છું. જેને મારી ભકિત પ્રાપ્ત થઈ ગઈ તે સાધકને માટે કંઈ પણ મેળવવું બાકી રહેતું નથી.

11/26/32 ભકતો D2

પાણીમાં ડૂબતા લોકોને માટે જેમ મજબૂત હોડી બચાવનાર છે તેમ આ ઘોર સંસાર સાગરમાં ડૂબતા લોકો માટે બ્રહ્મને જાણનાર અને શાન્ત સન્તપુરુષો એવા ભગવાનના ભકતો જ એકમાત્ર આશ્રય છે.

11/27/18 ભગવાન પ્રીતિથી ધરેલ કંઈ પણ સ્વીકારે છે (વલ્લભાષ્ટક ૪) E1

જે કોઈ અભકત મારામાં પ્રીતિ વગર મને ઢગલાબંધ સામગ્રી નિવેદન કરે તો પણ તેનાથી મને સંતોષ થતો નથી. ભકિત શ્રદ્ધાપૂર્વક સમર્પિત માત્ર જલથી જ જયારે હું પ્રસન્ન થઈ જાઉ છું ત્યારે પુષ્પ, ધૂપ, દીપ અને નૈવધ આદિ વસ્તુઓના સમર્પણથી તો કહેવું જ શું !

11/27/47 ભગવત્ પ્રસાદી ગ્રહણ E1

આ પ્રમાણે સ્તુતિ કરી મને સમર્પણ કરેલી માલા આદરપૂર્વક પોતાના મસ્તક પર રાખે અને તેને મારો આપેલ પ્રસાદ સમજે.

11/27/53 ભકિતયોગ E1

ફળની આકાંક્ષા છોડી મને એવી રીતે ભજે છે તે ભકિતયોગને પ્રાપ્ત કરે છે અને ભકિતયોગ વડે મને એ પ્રાપ્ત કરી શકે છે.

11/28/6 ભગવાન કૃષ્ણ પરબ્રહ્મ છે B1

હે ઉદ્ધવજી ! જે કંઈ પ્રત્યક્ષ યા પરોક્ષ વસ્તુ છે તે પ્રભુ જ છે. પ્રભુ એટલે "પ્રકર્ષેણ ભવતિ" તે સર્વ શકિતમાન હોવાથી સર્વરૂપ થાય છે. જે કંઈ વિશ્વસૃષ્ટિ દેખાય છે તેનું

તે નિમિત્ત કારણ તો છે જ તેનું ઉપાદાન કારણ પણ તે જ છે, એટલે કે તે જ વિશ્વ બને છે અને તે જ બનાવે પણ છે, તે જ રક્ષક છે અને રક્ષિત પણ તે જ છે. સર્વાત્મા ભગવાન જ આનો સંહાર કરે છે અને જેનો સંહાર થાય છે તે પણ તે જ છે.

11/28/10 સંસાર અસાર છે તે વેદસિદ્ધ છે K

પ્રત્યક્ષ, અનુમાનશાસ્ત્ર અને આત્માના અનુભવ વડે આ દૃશ્યમાન પદાર્થ, આદિ અને અંતવાળો છે માટે અનિત્ય છે તેથી અસત્ છે. દેખવામાં આવતા દેહ વગેરે આદિ અંતવાળા પ્રત્યક્ષ છે. બ્રહ્મ સિવાયની કોઈ સત્તાને વેદ માનતો નથી. તેમ આત્માના અનુભવથી પણ એ જ સિદ્ધ થાય છે માટે સંસારમાં આસકિત રહિત થઈને ફરવું.

11/28/19 આત્મ-અનાત્મ વચ્ચે ભેદનું જ્ઞાન C1

આત્મા અને અનાત્માના સ્વરૂપને પૃથક્ પૃથક્ સારી રીતે સમજી લેવું એ જ જ્ઞાન છે, કારણકે વિવેક થતાં જ દ્વૈતનું અસ્તિત્વ મટી જાય છે. તેનું સાધન તપસ્યા છે. તે દ્વારા હૃદયને શુદ્ધ કરી વેદાદિ શાસ્ત્રોનું શ્રવણ કરવું. તે ઉપરાંત શ્રવણાનુકૂળ યુકિતઓ, મહાપુરુષોનો ઉપદેશ અને એ બન્નેથી અવિરુદ્ધ સ્વાનુભવ પણ પ્રમાણ છે. બધાનો સાર એ નીકળે છે કે આ સંસારના આદિમાં જે હતા તથા અંતમાં જે રહેશે, જે તેનું મૂળ કારણ અને પ્રકાશક છે તે જ અદ્વિતીય, ઉપાધિશૂન્ય, પરમાત્મા વચમાં પણ છે. તે સિવાય કંઈ નથી.

11/28/28 ભકિતયોગથી જ રજોગુણ દૂર થાય E1

હે પ્રિય ઉદ્ધવજી ! આમ હોવા છતાં જયાં સુધી મારા ભકિતયોગ દ્વારા મનનો રજોગુણ રૂપ મેલ એકદમ દૂર ન થઈ જાય ત્યાં સુધી આ માયા નિર્મિત પ્રકૃતિના કાર્ય, શબ્દાદિ વિષયો અને તેમના કાર્યોનો ભંગ સર્વથા છોડી દેવો જોઈએ.

11/29/6 ભગવદ્કૃપા અને ઉપકાર B2

હે ઈશ ! આપ સમસ્ત પ્રાણીઓના અંત:કરણમાં અંતર્યામી રૂપથી અને બહાર ગુરુરૂપથી બિરાજી તેમના પાપ-તાપ મટાડી દો છો અને આપના સ્વરૂપને તેની સામે પ્રકટ કરી દો છો. મોટા મોટા બ્રહ્મજ્ઞાનીઓ બ્રહ્માજીના જેટલું લાંબુ આયુષ્ય મેળવીને પણ આપના ઉપકારનો બદલો ચૂકવી શકતા નથી. તેથી જ તો તેઓ આપના ઉપકારોનું સ્મરણ કરી કરી પળે-પળે અધિકાધિક આનંદનો અનુભવ કરતા રહે છે.

11/29/9 સમર્પિત ભકત E1

હે ઉદ્ધવજી ! મારો ભકત પોતાના બધાં કામ મારે માટે જ કરે છે અને તે કર્મો કરતાં કરતાં અવ્યગ્ર રહીને મારા સ્મરણનો અભ્યાસ વધારે વધારે તો થોડા જ દિવસોમાં તેનાં મન અને ચિત્ત મને સમર્પિત થઈ જશે, તેના મન અને આત્મા મારા જ ધર્મોમાં રમી રહેશે.

11/29/19 બધાંમાં ભગવદ્ભાવના એ જ ભગવત્ પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન E1

મારી પ્રાપ્તિમાં જેટલાં સાધનો છે તે બધામાં સમસ્ત પ્રાણીઓ અને પદાર્થોમાં મન, વાણી અને શરીરની બધી જ વૃત્તિઓથી મારી જ ભાવના કરવામાં આવે તેનેજ હું

સર્વથી શ્રેષ્ઠ સાધન સમજું છું.

11/29/21 સર્વ સમર્પણ E1

હે ઉદ્ધવજી ! ભાગવત ધર્મોમાં કોઈ પણ પ્રકારની ઉણપ રહી જાય એ તો ઠીક, પરંતુ જો આ ધર્મનો સાધક ભય, શોક વગેરે ઉપસ્થિત થતાં પ્રસંગે થતી ભાવના અને રોવું, કકળવું, નાસી જવું જેવાં નિરર્થક કર્મો પણ નિષ્કામભાવથી મને સમર્પિત કરી દે તો તે પણ મારી પ્રસન્નતાને લીધે ધર્મ બની જાય છે.

11/29/31 કોને ઉપદેશ કરવો ? (પંચપદ્યાનિ) H1

જે મનુષ્યમાં આ દોષો ન હોય, જે બ્રાહ્મણ - ભકત હોય, પ્રેમી હોય સાધુ સ્વભાવ હોય અને જેનું ચરિત્ર પવિત્ર હોય તેને જ આ પ્રસંગ સંભળાવવો જોઈએ. જો શુદ્ર અને સ્ત્રી પણ મારામાં પ્રેમભકિતવાળો હોય તો તેમને પણ આનો ઉપદેશ કરવો જોઈએ.

11/29/33 ભકતને તો ભગવાન જ ફળ છે (પુ.પ્ર.મ.૧૭)/ચતુ:શ્લોકી E2

ચતુ:શ્લોકી હે પ્રિય ઉદ્ધવજી ! મનુષ્યોને જ્ઞાન કર્મયોગ વાણિજય અને રાજદંડ વગેરેથી ક્રમશ: મોક્ષ, ધર્મ, કામ અને અર્થરૂપ ફલ પ્રાપ્ત થાય છે, પરંતુ તમારા જેવા અનન્ય ભકતોને માટે તો ચારે ય પ્રકારનું ફલ માત્ર હું જ છું.

11/29/34 આત્મ સમર્પણથી મોક્ષ પ્રાપ્તિ F1

જે વખતે મનુષ્ય સમસ્ત કર્મોનો પરિત્યાગ કરી મને આત્મસમર્પણ કરી દે છે તે વખતે તે મારો વિશેષ માનનીય થઈ જાય છે અને હું તેનું જીવપણું છોડાવી દઈ અમૃત સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરાવી આપુ છું અને તે મારામાં મળી જઈ મદ્રુપ થઈ જાય છે.

11/29/44 ભગવાનમાં નિરૂદ્ધ F1

મેં તમને જે ઉપદેશ કર્યો છે તેનો એકાન્તમાં વિચારપૂર્વક અનુભવ કરતા રહેજો. તમારી વાણી અને ચિત્ત મારામાં જ લગાડેલા રાખજો અને મેં બતાવેલ ભાગવતધર્મમાં પ્રેમથી તત્પર રહેજો, અંતમાં તમે ત્રિગુણ અને તેમની સાથે સંબંધ રાખનારી ગતિઓને પાર કરી જઈ તેમનાથી પર મારા પરમાર્થ સ્વરૂપમાં મળી જશો.

11/31/11 ભગવલ્લીલા B2

હે રાજા ! યાદવો વગેરેની ઉત્પત્તિ, ઉપસંહાર અને બીજી ચેષ્ટાઓ માયાનુકરણ સમજો. નટ નાટકમાં કોઈ સ્વાંગ લે છે ત્યારે તેનું અસલ રૂપ કેવું છે તેની પ્રેક્ષકોને ખબર પડતી નથી, તો પછી આ તો શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મથી ય પર પૂર્ણ પુરુષોતમ છે. જે સ્વયં આ જગતની ઉત્પત્તિ કરે છે, એમાં પ્રવેશ કરી વિહાર કરે છે અને પ્રલય વખતે સમગ્ર જગતને પોતાની અંદર સમાવી લઈ શાન્ત થઈ તત્કાલીન પરિકર સાથે પોતાના અનંત મહિમામય સ્વરૂપમાં સ્થિતિ કરે છે, તે જ અત્યારે પણ બિરાજી રહ્યા છે. તે જ પરપુરુષને જયારે પૃથ્વી ઉપર લીલા કરવી હોય ત્યારે નિત્ય લીલાના પરિકરને પણ પૃથ્વી ઉપર મોકલે છે અને તેમની ઉત્પત્તિ અને નાશ સામાન્ય મનુષ્યોની જેમ જ થાય તેવી પ્રતીતિ મનુષ્યોને પોતાની માયાથી કરાવે છે.

11/31/13 ભગવલ્લીલા B2

જો કે ભગવાન શ્રીકૃષ્ણ સંપૂર્ણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનું નિરપેક્ષ કારણ છે તો પણ પોતે યાદવોનાં અને પોતાના શરીરને બચાવી લેવાની ઈચ્છા ન કરી. આથી આપે એમ બતાવ્યું કે આ મનુષ્ય શરીરનું શું પ્રયોજન ? ભગવાનમાં જ નિષ્ઠાવાળા પુરુષો ભગવદ્ ઈચ્છા પ્રમાણે જ વર્તે છે. તેઓ સમજી ગયા કે ભગવાન હવે દેહત્યાગનો અભિનય કરી આસુરી જીવોને મોહ પમાડશે. તેથી તેમણે પણ તેવી રીતે યાદવાસ્થલીનું નાટક કરી પૃથ્વીનો ત્યાગ કર્યો. આમ એમની ઉત્તમ ગતિ બતાવી. સામર્થ્ય હોવા છતાં પ્રભુએ તેમની રક્ષા ન કરી.

12/2/19 ભગવદ્ આશ્રય B2

ભગવાન જ અષ્ટ સિદ્ધિઓ તથા સમસ્ત સદ્ગુણોના એક માત્ર આશ્રય છે. સમસ્ત ચરાચર જગતના જ રક્ષક અને સ્વામી છે.

12/2/29 ભગવાનની હાજરીમાં કલિ-દુષ્ટતા નજીક આવતી નથી B2

સ્વયં સર્વવ્યાપક સર્વ શક્તિમાને ભગવાન્ જ શુદ્ધ સત્વમય વિગ્રહની સાથે શ્રી કૃષ્ણના રૂપમાં પ્રકટ થયા હતા. આપ જે વખતે પોતાની લીલા સંવરણ કરી સ્વંય પરમધામ પધારી ગયા તે જ વખતે કલિયુગે સંસારમાં પ્રવેશ કર્યો. તેથી જ લોકો પાપ કર્મોમાં રુચિવાળા થયા.

12/3/2 સંસાર સુખ ક્ષણિક છે K

જેના પિતા પિતામહ વ.આ પૃથ્વી છોડી ચાલ્યા ગયાં એ વાત તે રાજાઓ જાણે છે, છતાં જલના પરપોટા જેવા આ દેહથી મને ભોગવવા ઈચ્છે છે. તેઓનો કામ વૃથા છે કેમકે જેમાં એમણે વિશ્વાસ કર્યો છે તે જ તેમનો દેહ ક્યારે જશે એનો નિશ્ચય નથી તો એ ભોગ લાયક કેમ થાય ?

12/3/15 ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે (નિ.લ) D2E1

ભગવાન શ્રીકૃષ્ણના ગુણાનુવાદ સમસ્ત અમંગલોનો નાશ કરી દેનારો છે. મોટા મોટા મહાત્માઓ તેનું જ ગાન કરતા રહે છે. ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં અનન્ય પ્રેમમથી ભક્તિની લાલસા જેને હોય તેણે નિત્ય નિરંતર ભગવાનનાં દિવ્ય ગુણાનુવાદનું જ શ્રવણ કરતા રહેવું જોઈએ.

12/3/33 ભક્તિના અભાવમાં કલિનો પ્રભાવ / વર્ણાશ્રમ ધર્મની લુપ્તતા C2 K

બ્રહ્મચારી લોકો બ્રહ્મચર્યવ્રત રહિત અને અપવિત્ર રહેવા લાગે છે. ગૃહસ્થ બીજાને ભિક્ષા આપવાને બદલે પોતે જ ભિખ માગવા લાગે છે, વાનપ્રસ્થિ ગામોમાં વસવા લાગે છે અને સંન્યાસી ધનના અત્યાંત લોભી થઈ જાય છે.

12/3/45 ब्रह्मसंबंध करणात् सर्वेषां देहजीवयोः सर्वदाष निवृतिः B2

હે પરિક્ષીત ! કલિયુગમાં અનેક દોષ છે. બધીજ વસ્તુઓ દુષિત થઈ જાય છે સ્થાનોમાં દોષોની પ્રધાનતા થઈ જાય છે. બધા દોષોનો મૂલ શ્રોત તો અંત:કરણ છે પણ પુરુષોત્તમ ભગવાન હદયમાં બિરાજમાન થઈ જાય છે ત્યારે આપના સાન્નિધ્યમાત્રથી

જ સમસ્ત દોષોનો નાશ થઈ જાય છે.

12/3/46 માયાવાદાખ્યતુલાગ્નિ D2

એ ભગવાનના રૂપ, ગુણ, લીલા, ધામ અને નામનું કાનથી શ્રવણ, મુખથી કીર્તન, હદયમાં ધ્યાન, તનથી સેવા અને મનથી આદર કરનારના હૃદયમાં આપ પધારી હજારો જન્મોના ઢગલાબંધ પાપોના સમૂહને પણ ક્ષણ માત્રમાં ભસ્મ કરી દે છે

12/3/47 ભક્તના સર્વદોષ ભગવાન હદયમાં પધારવાથી દૂર થાય છે B1

જેવી રીતે સુવર્ણમાં પ્રવેશ કરી અગ્નિ તેના ધાતુ સંબંધિ મલીનતા વ. દોષોનો નાશ કરે છે તેવી રીતે સાધકોના હદયમાં બિરાજી ભગવાન તેના અશુભ સંસ્કારોને સદાને માટે ભસ્મ કરી દે છે

12/3/48 હદયની સંપૂર્ણ શુદ્ધિનો ઉપાય ભગવાનની ભક્તિ સમાન કોઈ જ નથી E1

ભગવાન પુરુષોત્તમ હદયમાં બિરાજમાન થવાથી અંત:કરણની જેવી વાસ્તવિક શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ વિદ્યા,તપસ્યા, પ્રાણાયામ, સમસ્ત પ્રાણીઓ પ્રત્યે મિત્રભાવ તીર્થસ્નાન, વ્રત, દાન કે જપ વ. કોઈ સાધનથી થતી નથી

12/3/49 ચિત્ત ભગવાનમાં પ્રવણ થાય તો તાદાત્મ્ય થાય E1

चेतस् तत् प्रवण......तत् सिद्धैय तनुवितजा

હે પરિક્ષીત ! હવે તમારા મૃત્યુનો સમય નજીક આવી રહ્યો છે. તેથી સાવધાન થઈ, એકાગ્ર ચિત્તથી અને હદયની સમસ્ત વૃત્તિઓથી ભગવાન શ્રીકૃષ્ણને તમારા હદય સિંહાસન ઉપર પધરાવી લો. બ્રહ્માજીને અને મહાદેવજીને પણ મુક્તિ કેશવ આપે તો જ મળે છે એવું આપનું માહાત્મ્ય છે તો તમને પણ તેમ કરવાથી પરમગતિ પ્રાપ્ત થશે.

12/4/40 ભગવદ્કથા સંસારસાગરને તરવાની નૌકા છે D2

જે લોકો અત્યંત દુસ્તર સંસાર સાગરને તરી જવા માગે છે અથવા જે લોકો અનેક પ્રકારના દુ:ખ દાવાનળમાં બળી રહ્યા છે તેમને માટે પુરુષોત્તમ ભગવાનની લીલા કથા રૂપ રસના સેવન સિવાય બીજું કોઈ સાધન, બીજી કોઈ નૌકા નથી. તેઓ માત્ર લીલા રસાયનનુ સેવન કરીને જ પોતાનો મનોરથ સિદ્ધ કરી શકે છે.

12/5/9 વિશુદ્ધ બુદ્ધિથી પરમાત્માનું ચિંતન E1

હે રાજા ! તમે તમારી વિશુદ્ધ અને વિવેકયુક્ત બુદ્ધિને પરમાત્માના ચિંતનથી ભરી દો અને સ્વયં તમારા હૃદયમાં બિરાજેલ પરમાત્માનો સાક્ષાત્કાર કરો.

12/6/29 ભગવાનની માયા ભગવાનથી જ નિવૃત્ત થાય B2

હે ઋષિઓ ! આ જ ભગવાન વિષ્ણુની મહામાયા છે.તે કલ્પનાતીત છે. તેથી જ ભગવાનના અંશરૂપ જીવો ક્રોધ વ. ગુણવૃત્તિ દ્વારા શરીરોમાં મોહિત થઈ જાય છે. એક બીજા ને દુ:ખ આપે છે, અને પોતે પણ ભોગવે છે. ભગવાન જ તેને નિવૃત્ત કરી શકે છે, જીવો પોતાના પ્રયત્નોથી નહિ જ.

12/6/32 ભગવાનનું જ ધ્યાન **B2 F1**

ભગવાન સિવાય બીજામાં જેમને પ્રેમ નથી, તેથી જ વેદો જેના સ્વરૂપને નેતિ નેતિ ભગવાનનુ સ્વરૂપ આવું નથી એમ કહી વર્ણન કરે છે, તે ભગવાન સિવાય તમામ વસ્તુઓ અને આસક્તિઓને છોડી દેવા ઈચ્છનારા ભગવદ્ ભક્તો, આગળ જેનું નિરૂપણ કરવામાં આવ્યુ છે. તે પરમ ઉત્કૃષ્ટ, વૈષ્ણવોને પ્રાપ્ત થતું વિષ્ણુના પદસ્વરૂપનું વર્ણન કરે છે તથા તે મુમુક્ષુઓ દેહ ઈન્દ્રિયો અને અંત:કરણને વશ કરી, દેહ ગેહ વગેરેમાં અહંતા મમતા તથા રાગદ્વેષ વગેરેનો ત્યાગકરી, હૃદયમાં ધ્યાન દ્વારા પરમ પદનું આલિંગન કરે છે.

12/6/34 ત્રિદુ:ખ સહનં ધૈર્યં (વિ.ધૈ.આ.૬) **D3**

જેને પરમ પદની પ્રાપ્તિની ઈચ્છા હોય તે બીજાઓની કટુવાણી સહન કરી લે અને તેના બદલામાં કોઈનું અપમાન ન કરે. આ ક્ષણભંગુર શરીરમાં અહંતા-મમતા કરી કોઈ પણ પ્રાણી સાથે ક્યારે ય વેર ન કરે.

12/6/41 ઓમકાર બીજ **A2**

ૐ કાર પોતાના આશ્રય પરમાત્મા પરબ્રહ્મનો સાક્ષાત્ વાચક છે અને ૐકાર જ સંપૂર્ણ મંત્ર ઉપનિષદ્ અને વેદોનુ સનાતન બીજ છે.

12/8/32 ચિત્તની એકાગ્રતાથી ભગવદ્ દર્શન **C1B2**

માર્કણ્ડેય મુનિ તપસ્યા, સ્વાધ્યાય, ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા ભગવાનમાં ચિત્તને એકાગ્ર કરતા હતા. હવે તેમના ઉપર કૃપાપ્રસાદની વર્ષા કરવા ભક્તોના નયનમનોહારી નરોત્તમ નર અને નારાયણ ભગવાન પ્રકટ થયા.

12/8/40 સ્વતંત્ર ઈશ્વર ભક્તાધીન છે **B2**

હે ભગવન્ ! હું અલ્પજ્ઞ જીવ આપના અનંત મહિમાનું કેવી રીતે વર્ણન કરું ? આપની પ્રેરણાથી જ સમસ્ત પ્રાણીઓ બ્રહ્મા, શંકર તથા મારા શરીરમાં પણ પ્રાણશક્તિનો સંચાર થાય છે અને પછી તેને જ કારણે વાણી મન તથા ઈન્દ્રિયોમાં પણ બોલવા, વિચારવા, કાર્ય કરવા કે જાણવાની શક્તિ આવે છે. આ પ્રમાણે બધાના પ્રેરક અને પરમ સ્વતંત્ર હોવા છતાં આપ આપની ભક્તિ કરનારા ભક્તોના પ્રેમ બંધનથી બંધાયેલા છો.

12/8/42 ભગવાનના ચરણકમલ કલેશનાશક છે **B2E1**

આપ ચરાચરનું પાલન અને નિયમન કરનાર છો. જેઓ આપના ચરણકમલનું શરણ લે છે તેમને કર્મ ગુણ અને કાલ જનિત કલેશ સ્પર્શ પણ કરી શકતો નથી. વેદના મર્મજ્ઞ ઋષિમુનિ આપની પ્રાપ્તિને માટે નિરંતર આપની સ્તુતિ, વંદન, પૂજન અને ધ્યાન કરતા રહે છે.

12/9/2 ભક્તિથી કૃતાર્થતા **E1**

ચિત્તની એકાગ્રતા, તપસ્યા, સ્વાધ્યાય, સંયમ અને મારી અવિચ્છિન્ન અનન્ય ભક્તિથી તમે કૃતાર્થ થઈ ગયા છો.

12/11/24 અગમ્ય ભગવાન્ ભક્તિથી ગમ્ય H2

હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! એ જ પોતાની ત્રિગુણાત્મક શક્તિ માયાથી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપ ધારણ કરી જગતને ઉત્પન્ન કરે છે, તેનુ પોષણ કરે છે અને તનો સંહાર કરે છે. વેદોની પ્રવૃતિ કરનાર પણ તે જ છે સર્ગ વ. લીલા કરવા માટે ગુણોનો સ્વિકાર કરે છે છતાં આપ પરવશ થતા નથી કેમકે આપ સ્વપ્રકાશ છે, નિજાનંદથી જ પરિપૂર્ણ છે. આ બધા કર્મો અને નામોથી આપનું જ્ઞાન કદાપિ ઢંકાઈ જતું નથી. સર્વના આત્મા હોવાથી ભેદરહિત હોવા છતાં શાસ્ત્રમાં આપ ભિન્ન હોય તેવું નિરૂપણ કરવામાં આવ્યું છે અવશ્ય છતાં ભગવદ્ પરાયણ ભક્તો આ જ સર્વાત્મા ભગવાનને અંત:કરણમાં પ્રત્યક્ષ કરી લે છે, બીજા નહિ.

12/12/47 ભગવદ્કથાથી હૃદયમાં બિરાજેલા ભગવાન દુ:ખ દૂર કરે છે D2

જેવી રીતે સૂર્ય અંધકારનો નાશ કરી દે છે, જેવી રીતે વાવાઝોડું વાદળોને વિખેરી નાખે છે, તેવી જ રીતે જો દેશ,કાલ અને વસ્તુથી અપરિચ્છિન્ન ભગવાન શ્રી કૃષ્ણનાં નામ, લીલા, ગુણ વ.નું સંકીર્તન કરવામાં આવે અથવા તેમના પ્રભાવ મહિમાં વ.નું શ્રવણ કરવામાં આવે તો આપ સ્વયં હૃદયમાં પધારી બિરાજે છે અને શ્રવણ તથા કીર્તન કરનાર પુરુષનાં તમામ દુ:ખ દૂર કરી દે છે.

12/12/48 ભગવદ્ ગુણગાન વગરની વાણીના વ્યર્થતા D2L

જે વાણીથી ઘટપટવાસી અવિનાશી ભગવાનનાં નામ, લીલા, ગુણ વ.નો ઉચ્ચાર થતો નથી તે વાણી ભાવપૂર્ણ હોવા છતાં પણ નિરર્થક છે, સારહિન છે, સુંદર હોવા છતાં પણ અસુંદર છે અને ઉત્તમોત્તમ વિષયોનું પ્રતિપાદન કરનારી હોવા છતાં પણ અસત્કથા છે. જે વાણી અને વચન ભગવાનનાં ગુણોથી પરિપૂર્ણ રહે છે તે જ પરમ પાવન છે તે જ મંગલમય છે અને તે જ પરમ સત્ય છે.

12/12/51 ભક્તોના મુખથી નિકળતી ભગવદ્વાણી જ ઉત્તમ છે H1

જેમાં સુદર રચના પણ નથી અને જે વ્યાકરણ વ.ની દૃષ્ટિએ દૂષિતશબ્દોવાળી છે, પરંતુ જેના પ્રત્યેક શ્લોકમાં ભગવાનના સુયશ સૂચક નામ જડેલાં છે તે વાણી લોકોનાં તમામ પાપોનો નાશ કરી દે છે કારણકે સત્પુરુષો એવી જ વાણીનું શ્રવણ ગાન અને કીર્તન કર્યા કરે છે.

12/12/54 ભગવાનના ચરણોની સ્મૃતિથી ભગવદ્ભક્તિ E1

ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલોની અવિચલ સ્મૃતિ તમામ પાપ, તાપ અને અમંગલોને નષ્ટ કરી દે છે અને પરમ શાન્તિનો વિસ્તાર કરે છે. તેનાથી જ અંત:કરણ શુદ્ધ થઈ જાય છે, ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે તેમજ પરમ વૈરાગ્ય સહિત ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત થાય છે.

12/13/12 શ્રીમદ્ ભાગવતનો પ્રતિપાદ્ય વિષય A1

આપ લોક જાણો જ છો કે સમસ્ત ઉપનિષદ્ નો સાર બ્રહ્મ છે અને આત્માના એક રૂપત્વ અદ્વિતીય સદ્વસ્તુ તે જ શ્રીમદ્ ભાગવતનો પ્રતિપાદ્ય વિષય છે.તેના નિર્માણનું

પ્રયાજન એક માત્ર કૈવલ્ય મોક્ષ છે.

12/13/15 શ્રીમદ્ ભાગવતની દુર્લભતા A1

આ શ્રીમદ્ ભાગવત સમસ્ત ઉપનિષદોનો સાર છે. જે આ રસસુધાનું પાન કરી મસ્ત બની ચૂક્યો છે, તેને બીજા કોઈ શાસ્ત્ર પુરાણમાં રુચિ થતી નથી.

12/13/18 શ્રીમદ્ ભાગવતની વિશિષ્ટતા A1

આ શ્રીમદ્ ભાગવત પુરાણ પ્રાકૃતદોષ રહિત એટલે પરમપવિત્ર અને શુદ્ધિ કરનારુ છે. ભગવાનના પ્રિય ભક્તોને અતીપ્રિય છે. આ પુરાણમાં જીવનમુક્ત પરમહંસોના સર્વશ્રેષ્ઠ, અદ્વિતીય અને માયાના લેશથી રહિત જ્ઞાનનું ગાન કરવામાં આવ્યું છે. આ ગ્રંથની સૌથી મોટી વિશેષતા એ છે કે આનું નૈષ્કર્મ્ય અર્થાત કર્મોની આત્યંતિક નિવૃત્તિ પણ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિયુક્ત છે. જે શ્રીમદ્ ભાગવતનુ શ્રવણ પઠન અને મનન કરે છે તેને ભગવાનની ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાય છે અને તે સંસારથી મુક્ત થઈ જાય છે.

12/13/19 શ્રીમદ્ ભાગવત તત્વજ્ઞાન પ્રકાશક A1

શ્રીમદ્ ભાગવત તત્વજ્ઞાનનો એક શ્રેષ્ઠ પ્રકાશક છે. બીજું કોઈ પણ પુરાણ તેની તુલના કરી શકે એમ નથી.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

2/7 વિવેકધૈર્યભકત્યાદિ રહિતસ્ય..... કૃષ્ણમેવ ગતિર્મમ (કૃષ્ણાશ્રય-૯) J

કાર્પણ્યદોષથી બગડેલા સ્વભાવવાળો, ધર્મમાં મૂઢ ચિત્તવાળો આપને પૂછું છુ કે જે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો, હું આપનો શિષ્ય છું. આપને શરણ આવેલાને-મને ઉપદેશ કરો.

2/20 આત્માનું નિત્ય સ્વરૂપ G

આ કોઈ સમયે જન્મતો નથી તેમ મરતો નથી, થઈને પુન: થવાનો નથી. અજ, નિત્ય, શાશ્વત અને પુરાતન આ આત્મા હણાતા શરીરમાં હણાતો નથી.

2/38 સાંખ્ય-યોગનો એકાર્થ C1

સુખ અને દુ:ખ, લાભ અને હાની અને જય-પરાજયને સમાન જાણી પછી યુદ્ધ કર. એમ કરવાથી પાપ લાગશે નહિ.

2/40 ભગવદ્ આજ્ઞાથી કરેલ કર્મનો નથી નાશ કે નથી વિઘ્ન કેમકે ભગવાન જ રક્ષણહાર છે. B2

અહીં આરંભેલાનો નાશ નથી, વિઘ્ન હોતું નથી. સ્વલ્પ પણ આ ધર્મ મોટા ભયમાંથી રક્ષણ કરે છે.

2/41 બુદ્ધિનો વિષય માત્ર ભગવાન છે B2

ભગવાન માટે તથા ભગવાનની આજ્ઞા તેવી નિશ્ચયાત્મક બુદ્ધિ/હે કુરુનંદન ! અહીં નિશ્ચયરૂપ એક બુદ્ધિ છે. નિશ્ચયરહિતોની બુદ્ધિઓ ઘણી શાખાઓવાળી અને અનંત હોય છે.

2/46 ભકત તો ભકિતમાં ઉપયોગી હોય એટલું જ વેદમાંથી ગ્રહણ કરે છે H2

સર્વત: પરિપૂર્ણ જલવાળા સરોવરમાં જેટલો અર્થ હોય છે તેટલો જ વિદ્વાન બ્રાહ્મણને સર્વ વેદોમાં હોય છે.

2/57 ભકત લોકવેદમાં સ્નેહ રહિત છે. પરંતુ બુદ્ધિ કૃષ્ણમાં જ સ્થિત છે. H2

જે સર્વત્ર સ્નેહરહિત છે. તે શુભ અથવા અશુભ પ્રાપ્ત કરી આનંદ પામતો નથી અથવા દ્વેષ કરતો નથી, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે.

2/58 ઈન્દ્રિયોને વિષયમાંથી ખેંચી લઈ ભગવાનમાં પ્રતિષ્ઠિત કરવાની છે (નિરોધલક્ષણ) E1

કર્મ સર્વ બાજુએથી અવયવોને ખેંચી લે છે, તેમ જયારે આ ઈન્દ્રિયોના અર્થોમાંથી ઈન્દ્રિયોને ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

2/60 તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય (નિ.લ.૧૯) C1

હે કૌન્તેય ! ક્ષોભ કરનારી ઈન્દ્રિયો, યત્ન કરતા વિદ્વાન પુરુષના મનને પણ બલાત્કારે હરી જાય છે. તેથી ઈન્દ્રિયોને બલાત્કારે પણ વિષયોથી દૂર કરવી જોઈએ.

2/62-63 બુદ્ધિના વિનાશનું કારણ વિષયધ્યાન છે K

વિષયોનું ધ્યાન કરતાં પુરુષનો તેઓમાં સંગ થાય છે, સંગમાંથી કામ ઉત્પન્ન થાય છે,

કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, (૬૨) ક્રોધમાંથી સંમોહ થાય છે, સંમોહમાંથી સ્મૃતિવિભ્રમ થાય છે, સ્મૃતિનો ભ્રંશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, બુદ્ધિનો નાશ થવાથી વિનાશ કરે છે.

2/69 ઈન્દ્રિય સંયમી સ્થિર બુદ્ધિવાળા મુનિ C1

જે સર્વ પ્રાણીઓની નિશા છે તેમાં સંયમી જાગે છે. જેમાં પ્રાણી પણ જાગે છે તે દેખતા મુનિની નિશા છે.

3/5 સત્વાદિ ગુણોને સર્વ કોઈ આધીન છે C1

કોઈપણ કોઈ સમયે ક્ષણ પણ કર્મ કર્યા વિના રહેતો નથી. કારણ કે પ્રકૃતિના ગુણો સર્વને પરવશ કરી કર્મ કરાવે છે.

3/6 દંભી K

જે મૂઢ અંત:કરણવાળો કર્મેન્દ્રિયોનો સંયમ કરી મનથી ઈન્દ્રિયોના અર્થોનું સ્મરણ કરતો રહે છે તે મિથ્યાચારી કહેવાય છે.

3/7 આસકિત રહિત થઈને ભગવદર્થે કર્મ કરવું C1

પણ હે અર્જુન ! જે ઈન્દ્રિયોને મનથી નિયમમાં રાખી, આસકિત વિના કર્મેન્દ્રિયોથી કર્મયોગ આરંભે છે તે ઉત્તમ છે.

3/13 ભગવત્ પ્રસાદી અન્નથી દેહનું પોષણ કરવું. E1

યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલાનો ભોગ કરતાં સર્વ પાપોથી મુકત થાય છે. જે પાપીઓ પોતાને માટે જ અન્ન રાંધે છે. તેઓ પાપનો જ ભોગ કરે છે.

3/17 ભગવાનથી સંપૂર્ણ જોડાયેલને દોષ બાધા નથી કરતા E1

પરંતુ જે મનુષ્ય આત્મતૃપ્ત અને આત્મરતિ જ છે અને આત્મામાં જ સંતુષ્ટ રહે છે તેને કાંઈ કરવાનું રહેતું નથી.

3/19 ભકતે કાપટયવત્ કર્મ કરવાં H2

તેથી અસકત રહીને નિરંતર કાર્ય કર્મ કર, કારણકે અસકત રહીને કર્મ કરનાર પુરુષ પરને પ્રાપ્ત કરે છે.

3/21 આવશ્યક ન હોવા છતાં ભગવદીયોએ લોકાર્થે પણ આચરણ કરવું H2

શ્રેષ્ઠપુરુષ જેવું જેવું આચરણ કરે છે તે તે અન્ય લોકો કરે છે. તે જે પ્રમાણે કરે છે તેને લોકો અનુસરે છે.

3/25 ભગવદીયોએ આસકિત રહિત થઈને લોક સંગ્રહાર્થે કર્મ કરવાં H2

હે ભારત ! અવિદ્વાનો જેમ કર્મમાં આસકત થઈ કર્મ કરે છે તેમ લોકસંગ્રહ કરવાની ઈચ્છાથી વિદ્વાને આસકિત રાખ્યા વગર કરવું.

3/35 પોતાના અધિકારનુસાર સ્વધર્મનું જ અંગ સહિત આચરણ કરવું C1

સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વધર્મમાં નિધન પણ

શ્રેય કરે છે, પરધર્મ ભયકારક છે.

3/37 કામ-ક્રોધ ભકિતમાં બાધક છે K

રજોગુણથી ઉત્પન્ન થયેલો, બહુ ખોરાકવાળો, મહાપાપી એ કામ છે એ ક્રોધ છે તેને અહીં વૈરી જાણ.

4/5 ભગવાન સર્વજ્ઞ છે અને જીવ અજ્ઞ છે તેથી મોહ થાય છે. B1

હે અર્જુન ! મારા અને તારા બહુ જન્મો થઈ ગયા છે. હે પરંતપ ! હું તે સર્વ જાણું છું, તું નથી જાણતો.

4/6 કર્મને લીધે નહિ પણ સ્વતંત્ર સામર્થ્યથી ભગવાન અવતાર લે છે B2

હું અજ, અવ્યયાત્મા અને પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી અવતરું છું.

4/7 ભગવાન કર્મને કારણે નહિ પણ પ્રયોજનથી અવતાર લે છે B2

હે ભારત ! જયારે જયારે ધર્મની ગ્લાની થાય છે અને અધર્મની બુદ્ધિ થાય છે ત્યારે હું પોતે અવતરું છું.

4/8 ભગવાન કૃપાળુતા પ્રકટ કરી અવતાર ધરે છે B2

સાધુઓનું રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા અને ધર્મનું સ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરું છું.

4/9 ભગવદ્‌સ્વરૂપજ્ઞાન થાય ત્યારે મુકિત થાય છે C2F1

હે અર્જુન ! એવી રીતે મારા જન્મ અને કર્મને જે તત્ત્વથી દિવ્ય જાણે છે તે દેહને ત્યજી પુનઃ જન્મતો નથી, તે મને પ્રાપ્ત કરે છે.

4/11 અધિકાર અનુસાર ફળ F

જેઓ મને જેવી રીતે ભજે છે તેઓને હું તેવી જ રીતે ભજું છું. હે પાર્થ ! સર્વ તરફથી મનુષ્યો મારા માર્ગને અનુસરે છે.

4/13 ભગવાન સર્જક B2

ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે ચાર વર્ણ મેં સરજેલા છે. અકર્તા અને અવ્યય મને તેઓનો કર્તા પણ જાણ. આના કારણે ભગવાનમાં વિષમતાનો દોષ નથી આવતો.

4/19 નિષ્કામ કર્મ કરનારને કર્મો બાંધતા નથી C1

જેના સર્વ સમારંભો કામ અને સંકલ્પથી રહિત છે તેને જ્ઞાનીઓ જ્ઞાનાગ્નિથી દગ્ધ થએલાં કર્મવાળો પંડિત કહે છે.

4/20 કર્મનાં ફળને ન ઈચ્છનાર કર્મથી બંધાતો નથી C1

કર્મના ફળ અને અસંગને ત્યજી નિત્યતૃપ્ત અને નિરાશ્રય રહી કર્મમાં પ્રવૃત્ત રહેવા છતાં તે કાંઈ પણ કરતો જ નથી.

4/28 પોતાના અધિકાર અનુસાર યજ્ઞ કરે છે C1

બીજા વ્રત પાળનારા યતિઓ, દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ અને જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે.

4/33 કર્મ કરતાં જ્ઞાનની શ્રેષ્ઠતા C1

હે પરંતપ ! દ્રવ્યમય યજ્ઞથી જ્ઞાનયજ્ઞ વધારે સારો છે. હે પાર્થ સર્વ કર્મ જ્ઞાનમાં સંપૂર્ણ સમાપ્ત થાય છે.

4/36 ભગવાનનું માહાત્મ્ય જાણે તે ભવસાગર તરી જાય છે C2

વળી જો સર્વ પાપીઓથી વધારે પાપી હોઈશ તો પણ જ્ઞાન નૌકાથી જ સર્વ પાપને સહેલાઈથી તરી જઈશ.

4/37 જ્ઞાનથી બંધનકારક કર્મ નષ્ટ થાય છે C1

હે અર્જુન ! જેમ પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મસાત્ કરે છે તેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મસાત્ કરે છે.

4/39 યોગ્ય જ્ઞાનીને પરા શાંતિ મળે છે L F

શ્રદ્ધાવાન, જ્ઞાનપરાયણ અને ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર, જ્ઞાન પ્રાપ્ત કરી થોડા સમયમાં પરાશાંતિ પામે છે.

4/40 અનધિકારીને જ્ઞાન થતું નથી C1

અજ્ઞ, શ્રદ્ધારહિત અને સંશયવાળો વિનાશ પામે છે. સંશયવાળાને આલોક પરલોક અથવા સુખની પ્રાપ્તિ થતી નથી.

4/42 અજ્ઞાનનું મૂળ સંશય છે C1

તેથી હે ભારત ! ઉઠ અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, હૃદયમાં રહેલા તારા આ સંશયને જ્ઞાનરૂપી અસિથી છેદીને યોગ કર.

5/6 સંન્યાસ માટે યોગની મુખ્યતા C1

હે મહાબાહો ! યોગ વિના સંન્યાસ પ્રાપ્ત કરવો બહુ કઠીન છે, પરંતુ યોગયુકત મુનિ અલ્પ સમયમાં બ્રહ્મ પ્રાપ્ત કરે છે.

5/8 યોગીનું સ્વરૂપ/અકર્તુત્વ-ભાવ C1

જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સુંઘતાં, ખાતાં, જતાં, ઊંઘતાં, શ્વાસ લેતાં, લાવતાં, આપતાં, લેતાં, આંખ ઊઘાડતાં કે મીંચતાં પણ ઈન્દ્રિયો ઈન્દ્રિયોના અર્થોમાં પ્રવર્તે છે એમ ધારણા રાખીને, હું કંઈ જ કરતો નથી એમ તત્ત્વ જાણનાર યોગી માને છે.

5/13 મનથી ત્યાગ C1

ઈન્દ્રિયોને વશ રાખનાર દેહી સર્વ કર્મનો મનથી ત્યાગ કરી નવદ્વારવાળા પુરમાં કાંઈ નહિ કરતાં અને નહિ કરાવતાં સુખમાં રહે છે.

5/19 સામ્યભાવ **C2**

જેઓનું મન સામ્યમાં રહેલું છે તેઓએ અહીં જ સર્ગ જીતેલા છે, કારણકે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. તેથી તેઓ બ્રહ્મમાં રહેલા છે.

5/29 ભગવાન જ સાધનાને સ્વીકારનાર છે **B2**

મને યજ્ઞ અને તપનો ભોકતા સર્વ લોકનો મહેશ્વર અને પ્રાણી માત્રનો સુહૃદ જાણીને તે શાંતિ પામે છે.

6/14 ભગવદ્ પરાયણતા **C1**

યોગીએ શાન્ત આત્માવાળા, ભયરહિત, બ્રહ્મચારી વ્રતમાં રહેનાર થઈ, મનનો સંયમ કરી, મારામાં ચિત્ત રાખી, સાવધાન થઈ મને પરાયણ થઈ રહેવું.

6/24-25 પ્રપંચ વિસ્મૃતિ **C2**

સંકલ્પથી ઉત્પન્ન થતી સર્વ કામનાઓને તદ્દન તજી, સર્વ તરફથી ઈન્દ્રિયોના સમૂહને મનથી જ નિયમમાં રાખી, ધૃતિવાળી બુદ્ધિથી ધીરે ધીરે ઉપરમવું. મનને આત્મામાં સ્થિર કરી કોઈનું પણ ચિંતન ન કરવું.

6/30 સર્વભાવ **C2**

જે મને સર્વત્ર જૂએ છે અને મારામાં સર્વ જૂએ છે તેને હું અદૃશ્ય થતો નથી અને તે મને અદૃશ્ય થતો નથી.

6/35 મનનો નિગ્રહ વૈરાગ્યથી **C2**

હે મહાબાહુવાળાં ! નક્કી મન દુર્નિગ્રહ અને ચંચલ છે, પણ હે કૌંતેય અભ્યાસ અને વૈરાગ્યથી તેનો નિગ્રહ થાય છે.

6/36 ભગવદ્ પ્રાપ્તિ માટે મનનો નિગ્રહ જરૂરી છે **C2**

જેને મન વશ નથી તેનાથી ભગવાન દુષ્પ્રાપ છે એવો મારો મત છે, પરંતુ જેને મન વશ છે તેવા યત્ન કરનારને ઉપાયથી (ભગવાન) પ્રાપ્ત થઈ શકે છે.

6/40 ભકતનો વિનાશ (દુર્ગતિ) નથી **H2**

હે પાર્થ ! આ લોકમાં અથવા પરલોકમાં તેનો (ભકતનો) વિનાશ થતો જ નથી કારણકે હે પ્રિય ! કોઈ પણ કલ્યાણ કરનારની દુર્ગતિ થતી નથી.

6/41-43 યોગી ક્રમશઃ પરામુકિતને પામે છે **F1**

પુણ્ય કરનારનાં લોક પ્રાપ્ત કરી, ત્યાં ઘણા વર્ષો રહી, યોગભ્રષ્ટ થયે શુચિ શ્રીમંતોને ઘરે અવતરે છે. અથવા બુદ્ધિશાળી યોગીઓના કુળમાં જ અવતરે છે કારણકે લોકમાં આવો જન્મ થાય તે દુર્લભ છે. હે કુરુનંદન ! ત્યાં તે પૂર્વદેહનો બુદ્ધિ સંયોગ પ્રાપ્ત કરે છે અને પછી પુનઃ સંસિદ્ધિ માટે યત્ન કરે છે.

6/46-47 ચિત્તને ભગવાનમાં લગાવે તે ઉત્તમયોગી **C1**

હે અર્જુન ! યોગી તપસ્વીઓથી અધિક છે, જ્ઞાનીઓથી પણ અધિક મનાયેલો છે,

કર્મવાળાથી પણ અધિક છે, તેથી યોગી થા. સર્વ યોગીઓમાં પણ મારામાં અંતરાત્મા યોજી શ્રદ્ધાળુ થઈ જે મને ભજે તેને હું ઉત્તમ યોગી ગણું છું.

7/7 સર્વકંઈ બ્રહ્મ જ છે **B1**

હે ધનંજય ! મારાથી પર બીજુ કાંઈ પણ નથી. સૂત્રમાં મણિઓના સમૂહ પેઠે આ સર્વ મારામાં પરોવાએલું છે.

7/9 સર્વકંઈ બ્રહ્મ જ છે **B1**

પૃથ્વીમાં ગંધ, અગ્નિમાં તેજ, સર્વભૂતોમાં જીવન અને તપસ્વીઓમાં તપ હું છું.

7/12 ભગવાન ગુણોથી લેપાતા નથી **B2**

વળી જે સાત્વિક ભાવો છે, જે રાજસ અને તામસ ભાવો છે તે મારામાંથી જ છે એમ જાણ. પરંતુ હું તેઓમાં નથી, તેઓ મારામાં છે.

7/14 માયા દુસ્તર છે (૨) ભગવદાશ્રય **KD3**

આ મારી ગુણમયી દૈવી માયા દુસ્તર છે. જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયા તરે છે.

7/16-17 (૧) અનન્યભકત (૨) ભગવાનને ભજનારાના પ્રકાર **H2 C2**

હે અર્જુન ! હે ભરતર્ષભ ! સત્કર્મવાળા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે. (૧) આર્ત (૨) જીજ્ઞાસુ (૩) અર્થાર્થી (૪) જ્ઞાની. તેઓમાં જ્ઞાની નિત્યયુકત અને એકમાં જ ભકિતવાળો હોવાથી ઉત્તમ છે, કારણકે જ્ઞાનીને હું ઘણો જ પ્રિય છું અને તે મને પ્રિય છે.

7/19 જ્ઞાનનું ફલ ભગવદ્ શરણાગતિ **C1 D3**

ઘણા જન્મોના અંતે "સર્વ વાસુદેવ છે" એવા જ્ઞાનવાળો મને શરણ આવે છે, એવો મહાત્મા બહુ જ દુર્લભ છે.

7/21-23 (૧) ભગવાન શ્રદ્ધાનું પોષણ કરે છે (૨) ભગવાનમાં શ્રદ્ધા રાખવી સર્વોત્તમ છે **B2**

જે જે ભકત જે જે મૂર્તિનું શ્રદ્ધાથી પૂજન કરવા ઈચ્છે છે તેની તેની તે જ શ્રદ્ધાને હું અચલ કરું છું. તે શ્રદ્ધાથી યુકત તે ભકત તેનું (દેવતાનું) આરાધન કરે છે અને તેની પાસેથી મેં જ નિર્માણ કરેલા તે કામોને પ્રાપ્ત કરે છે પરંતુ તે અલ્પબુદ્ધિવાળાઓનું તે ફલ વિનાશી હોય છે. દેવોના પૂજકો દેવોને પામે છે અને મારા ભકતો મને પામે છે.

7/25 અજ્ઞાની/ભગવાનનું સ્વરૂપ **B2**

યોગમાયાથી ઢંકાએલો હું સર્વને દેખાતો નથી. આ મૂઢ લોક મને અજ અને અવ્યય જાણતા નથી.

8/3 સૃષ્ટિનું સ્વરૂપ **B1**

પરમ અક્ષરબ્રહ્મ છે, સ્વભાવ આધ્યાત્મ છે, ભૂત ભાવનો ઉદ્‌ભવ કરનાર વિસર્ગ કર્મ કહેવાય છે.

8/5-6 પ્રભુસ્મરણ D2

અંતકાલે મારું જ સ્મરણ કરતાં જે શરીર ત્યજે છે તે મારા ભાવને પામે છે એમાં સંશય નથી. અથવા અંતે જે જે ભાવનું સ્મરણ કરતાં શરીર ત્યજે છે તે સદા તે ભાવની ભાવનાવાળો હોવાથી તેને જ પામે છે.

8/14 ભગવત્ પ્રાપ્તિનો ઉપાય D2

હે પાર્થ ! જે અનન્ય ચિત્તવાળો રહી નિત્ય મારું સતત સ્મરણ કરે છે, તે નિત્યયુકત યોગીને હું સુલભ છું.

8/16 બ્રહ્મલોક સુધી પ્રાકૃત લોક છે L

હે અર્જુન ! બ્રહ્મલોક પર્યંત સર્વ લોકોની પુનરાવૃત્તિ થાય છે, પરંતુ હે કૌન્તેય ! મને પ્રાપ્ત કર્યા પછી પુનર્જન્મ થતો નથી.

8/20-21 ભગવાન અને ભગવદ્ધામ અવિનાશી છે B1

પણ તે વ્યકતથી પર અન્ય સનાતન અવ્યકત ભાવ છે જે સર્વ ભૂતોનો નાશ થવા છતાં નાશ પામતો નથી. અવ્યકતને અક્ષર કહે છે તેને પરમગતિ કહે છે. તેને પ્રાપ્ત કરી પાછા ફરતા નથી. તે મારું પરમધામ છે.

9/4 અક્ષરબ્રહ્મ B1

અવ્યકત સ્વરૂપથી આ સર્વ જગતમાં હું વ્યાપેલો છું. સર્વભૂતો મારામાં રહેલાં છે, પણ હું તેઓમાં રહેલો નથી.

9/7 અક્ષરબ્રહ્મ B1

હે કૌન્તેય ! કલ્પ ના અંતે સર્વભૂતો મારી પ્રકૃતિમાં લય પામે છે, કલ્પના આરંભમાં હું પુનઃ તેઓને સરજુ છું.

9/11-12 આસૂરી જીવો G

વ્યર્થ આશાવાળા, વ્યર્થ કર્મવાળા, વ્યર્થ જ્ઞાનવાળા, રાક્ષસી તથા આસુરી મોહીની પ્રકૃતિને પ્રાપ્ત થયેલા, ભ્રાંત મનવાળા મૂઢો મારો પરભાવ નહિ જાણવાથી માનુષ શરીર ધારણ કરેલાની મારી, ભૂતોના મહેશ્વરની અવજ્ઞા કરે છે.

9/14 ભકતો H2

નિરંતર મારું કીર્તન કરતાં તથા યત્ન કરતાં અને મને નમન કરતાં દૃઢ વ્રતવાળો નિત્યુયુકત થઈ ભકિતથી મને સેવે છે.

9/16 યજ્ઞમાં પદાર્થો સહિત યજ્ઞ ભગવાન જ છે B2

હું ક્રતુ છું, હું સ્વધા છું, હું ઔષધ છું, હું મંત્ર છું, હું જ ઘી છું, હું અગ્નિ છું અને હું જ હોમવાનો પદાર્થ છું.

9/17 સર્વ કંઈ પ્રભુ છે B2

હું આ જગતનો પિતા, માતા, ધાતા તથા પિતામહ છું, હું વેદ્ય, પાવન કરનાર, ઓંકાર,

ઋક્, સામ અને યજુ પણ છું.

9/21 સ્વર્ગલોક તુચ્છ ફલ છે **F**

તેઓ તે વિશાળ સ્વર્ગલોકનો ભોગ કરી, પુણ્ય ક્ષીણ થતાં મર્ત્યલોકમાં આવે છે. આવી રીતે ત્રયીધર્મને વળગનાર, કામોની ઈચ્છાવાળાઓને જન્મ-મરણ પ્રાપ્ત થયા કરે છે.

9/22 ભગવાનના ભકતનું યોગ-ક્ષેત્ર ભગવાન કરે છે **B2**

જે અનન્ય લોકો મારું ચિંતન કરતાં મારું સર્વ પ્રકારે ભજન કરે છે તે નિત્ય અભિયુકતના યોગ અને ક્ષેમ હું જાળવું છું.

9/23-24 દેવાધિદેવ ભગવાન્ કૃષ્ણ છે **B2**

વળી હે કૌંતેય ! જે અન્ય દેવતાઓના ભકતો શ્રદ્ધાપૂર્વક તેઓનું યજન કરે છે તેઓ પણ અવિધિપૂર્વક મારું જ યજન કરે છે, કારણકે સર્વ યજ્ઞોનો ભોકતા અને પ્રભુ હું જ છું. પરંતુ તેઓ મને તત્વથી જાણતા નથી તેથી તેઓનો પાત થાય છે.

9/25 ભગવાન સિવાયનું યજન તુચ્છફલ આપે છે **F3**

દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું વ્રત કરનાર પિતૃઓને પામે છે, ભૂતોનું યજન કરનાર ભૂતોને પામે છે અને મારું યજન કરનારા મને પામે છે.

9/26 ભકિતનો મહિમા **E1**

જે મને ભકિતથી પત્ર, પુષ્પ, ફળ અને જળ અર્પે છે, તે પ્રયતાત્માવાળાનું ભકિતથી અર્પેલું હું આરોગું છું.

9/27 સમર્પણ **E1**

હે કૌન્તેય ! તું જે કરે છે, જે ભોગ કરે છે, જે હોમે છે, જે દાન કરે છે અને જે તપ કરે છે તે મને અર્પણ કર.

9/29 ભકતો પર વિશિષ્ટકૃપા **B2**

હું સર્વ ભૂતોમાં સમ છું, મારો કોઈ દ્વેષ્ય નથી, કોઈ પ્રિય નથી. પરંતુ જેઓ મને ભકિતથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.

9/30-31 ભગવાનમાં અનન્યતા **E1**

જો અત્યંત દુષ્ટ આચારવાળો પણ મને અનન્યતાથી ભજે તો તેને સારો જ માનવો, કારણકે તે સારા નિશ્ચયવાળો છે. તે તરત જ ધર્માત્મા થાય છે અને સદાની શાંતિ પામે છે. હે કૌન્તેય ! મારા ભકતોનો નાશ થતો નથી એવી મારી પ્રતિજ્ઞા જાણ.

9/32-33 સર્વકોઈ ભગવદ્ આશ્રયના અધિકારી (ર) ભગવદાશ્રયની શ્રેષ્ઠતા **D3**

હે પાર્થ ! જે કોઈ પાપીઓ, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો હોય તે પણ મારો આશ્રય કરીને પરમ ગતિ પામે છે. તો પછી પુણ્ય બ્રાહ્મણો તથા રાજર્ષિ ભકતોનું તો કહેવું જ શું ?

9/34 ભગવત્ પ્રાપ્તિનો ઉપાય **E1**

મારામાં મનવાળો થા, મારો ભકત થા, મારું યજન કરનાર થા. મને નમન કર. મને

પરાયણ રહી આત્માને એવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ.

10/2 અવતાર પ્રયોજન ભકિત-પ્રચાર છે તે નથી જાણતા **E1**
દેવોના ગણ અને મહર્ષિઓ મારા પ્રભવ (પ્રાગટયનું કારણ) જાણતા નથી. દેવોનું તથા મહર્ષિઓનું હું સર્વ પ્રકારે આદિ કારણ છું.

10/8 પરબ્રહ્મને જ ભજવું **B2**
હું સર્વનો પ્રભવ છું, મારાથી સર્વ પ્રવર્તે છે એમ જાણી ભાવવાળા બુદ્ધિમાનો મને ભજે છે.

10/9-10 ભગવાનના ભકતો જ તેમની સમીપ પહોંચે છે **H2**
મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, મારો પરસ્પર બોધ કરતા તથા નિત્ય મારી કથા કરતા સંતોષ પામે છે અને રમે છે. તેવા નિરંતર યુકત અને પ્રીતિપૂર્વક ભજનારાઓને હું તે બુદ્ધિયોગ આપુ છું. જેથી તેઓ મારી સમીપમાં આવે છે.

10/11 અનુગ્રહ **B2**
તેઓ ઉપર જ કૃપા કરવા, તેઓના આત્મભાવમાં રહીને પ્રકાશમાન જ્ઞાનરૂપી દીપકથી હું તેઓના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અંધકારને દૂર કરું છું.

10/15 આપ પુરુષોત્તમ હોવાથી પોતાના સ્વરૂપને જાણો છો **B2**
હે પુરુષોત્તમ ! હે ભૂતભાવન ! હે ભૂતોના ઈશ ! દેવોના દેવ ! જગત્પતિ ! આપ પોતે જ પોતાથી પોતાને જાણો છો.

10/41 ભગવાનનું જ ઐશ્વર્ય વિભૂતિ વગેરેમાં પ્રસરીત છે **B2**
જે જે વિભૂતિવાળું શોભાવાળું અથવા ઉત્કર્ષવાળું સત્વ છે તે તેં મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલું તું જાણ.

11/19 ભગવાનનું વિરાટ સ્વરૂપ **B2**
આદિ, મધ્ય તથા અંતરહિત, અનંત વીર્યવાળા, અનંત બાહુવાળા, ચંદ્ર-સૂર્યરૂપી નેત્રવાળા, પ્રદીપ્ત અગ્નિ જેમના મુખમાં છે તેવા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવતા હું આપને જોઉં છું.

11/24 બ્રહ્મને ભજવા દુષ્કર છે **B1**
હે વિષ્ણો ! આકાશનો સ્પર્શ કરતા, પ્રકાશમાન, અનેક રંગવાળા, પ્રસારેલા મુખોવાળા, પ્રદીપ્ત અને વિશાલ નેત્રોવાળા આપને જોઈને જેનો અંતરાત્મા બહુ વ્યથિત થયેલો છે એવો હું ધૈર્ય અથવા શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.

11/28 સર્વનો લય ભગવાનમાં થાય છે **F1**
જેમ નદીઓના જલના પ્રવાહો સમુદ્રની તરફ જ વહે છે તેમ આ નરલોકના વીરપુરુષો આપનાં સર્વ બાજુએ જ્વલતાં મુખોમાં પ્રવેશ કરે છે.

11/41-42 દીનતા **H2**
હે અચ્યુત ! આપનો આ મહિમા નહિ જાણવાથી મેં આપને સખા જાણી પ્રમાદને લીધે,

અથવા પ્રણયથી, વગર વિચારે "હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા !" એમ જે કહેલું છે તથા વિહાર, શય્યા, આસન અને ભોજનમાં, એકાંતમાં અથવા સખાઓની સમક્ષ વિનોદ માટે જે આપનો અનાદર કરેલ છે તેની અપ્રમેય આપની પાસે હું ક્ષમા યાચું છું.

11/43 ભગવાનની સર્વોપરીતા B2

હે અપ્રતિમ પ્રભાવવાળા ! આપ આ સ્થિર અને જંગમ લોકના પિતા છો અને મોટા પૂજ્ય ગુરૂ છો, ત્રણ લોકમાં પણ આપની સમાન અન્ય નથી. તો અધિક તો હોય જ કયાંથી ?

11/53-54 અનુગ્રહ ભકિત B2 E1

જેવાં મારાં તને દર્શન થયાં તેવાં દર્શન વેદોથી, તપથી, દાનથી તથા યજ્ઞથી થવાં શકય નથી. પરંતુ હે અર્જુન ! હે પરંતપ ! અનન્ય ભકિતથી એવા પ્રકારનો હું જ્ઞાન થવાને, દર્શન થવાને તથા તત્વથી પ્રવેશ થવાને શકય છું.

11/55 ઉત્તમભકત જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે H2

હે પાંડવ ! મારા માટે કર્મ કરનાર, મને પરાયણ, સંગરહિત, સર્વ પ્રાણીઓ પ્રતિ નિર્વૈર જે મારો ભકત હોય તે મને પ્રાપ્ત કરે છે.

12/1 ભગવાન અને અક્ષરબ્રહ્મમાં પર કોણ ? B2

એવી રીતે નિરંતર યુકત થઈ જે ભકતો આપની સર્વ પ્રકારે સેવા કરે છે અને જેઓ અવ્યકત અક્ષરની ઉપાસના કરે છે તેઓમાં યોગવિત્તમ કોણ ?

12/2 શ્રેષ્ઠ ભકત H2

જેઓ મારામાં મન રાખી, નિત્યયુકત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી, મને સેવે છે તેઓને હું યુકતતમ માનું છું.

12/3-4 ઉત્તમભકતનાં લક્ષણ H2

જેઓ ઈન્દ્રિયોના સમૂહને નિયમમાં રાખી, સર્વત્ર સમાન બુદ્ધિવાળા થઈ, સર્વભૂતોના હિતમાં પ્રીતિવાળા થઈ, અનિર્દેષ્ય, અવ્યકત સર્વવ્યાપક, અચિન્ત્ય, કૂટસ્થ, અચલ અને નિત્ય અક્ષરથી ઉપાસના કરે છે તેઓ મને જ પ્રાપ્ત કરે છે.

12/5 અવ્યકતમાં ગતિ કલેશજનક છે B1

અવ્યકતમાં આસકત ચિત્તવાળા તેઓને કલેશ થાય છે, કારણકે દેહીઓને અવ્યકત ગતિ દુ:ખથી જ પ્રાપ્ત થાય છે.

12/6-7 ભગવદ્ ભજનથી ઉદ્ધાર E1

પરંતુ હે પાર્થ ! જેઓ સર્વ કર્મો મને અર્પણ કરી મને પરાયણ રહી, અનન્ય યોગથી મારું જ ધ્યાન ધરતાં, મને ભજે છે તેવા મારામાં પરોવેલા ચિત્તવાળાઓનો હું અલ્પ સમયમાં જ મૃત્યુયુકત સંસારમાંથી ઉદ્ધાર કરનાર થાઉ છું.

12/8 ભગવન્મયતા E1

મારામાં જ મન રાખ, મારામાં બુદ્ધિનો પ્રવેશ કરાવ. હવે પછી તુ મારામાં જ રહીશ

એમાં સંશય નથી.

12/10 કર્મ ભગવદર્થે કરવું C1

અભ્યાસમાં પણ અસમર્થ હો તો મારા માટે કર્મ કરનાર થા. મારા માટે કર્મ કરતાં પણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે.

12/13-15 કેવો ભકત ભગવાનને પ્રિય છે ? H2

સર્વ પ્રાણીઓમાં અદ્વેષી, મિત્ર, કરુણાવાળો, મમતારહિત, નિરહંકારી સુખ અને દુ:ખમાં સમાન, ક્ષમાવાળો, નિત્ય સંતુષ્ટ, યોગ આચરનાર, ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર, દૃઢ નિશ્ચયવાળો, જેણે મન અને બુદ્ધિ મારામાં પરોવેલાં છે તેવો મારો ભકત હોય તે મને પ્રિય છે. જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી અને જેને લોકથી ઉદ્વેગ થતો નથી તથા જે હર્ષ, ક્રોધ, ભય અને ખેદથી મુકત છે તે મને પ્રિય છે.

12/16-17 ભગવાનને પ્રિય ભકતનાં લક્ષણ H2

અપેક્ષારહિત, પવિત્ર, ચતુર, ઉદાસીન, વ્યથારહિત, સર્વ આરંભમાં જેણે પરિત્યાગ કરેલો છે તેવો મારો ભકત મને પ્રિય છે. જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી, જેણે શુભ અને અશુભનો પરિત્યાગ કરેલો છે, તેવો જે ભકિતવાન છે તે મને પ્રિય છે.

12/18-19 ભગવાનને પ્રિય ભકતનાં લક્ષણ H2

શત્રુ અને મિત્ર પ્રતિ તેમજ માન અને અપમાનમાં, તાઢ અને તાપમા સુખ અને દુ:ખમાં જે સમાન છે, જે સંગથી રહિત છે, જેને નિંદા અને સ્તુતિ સમાન છે, જેણે વાણીને નિયમમાં રાખેલી છે, જે જે કંઈ પ્રાપ્ત થાય તેથી સંતોષ પામે છે, જે સ્થાન રહિત છે, જે સ્થિર મતિવાળો છે તેવો ભકિતવાળો મને પ્રિય છે.

13/2 ભગવાન ક્ષેત્રજ્ઞ છે B2

વળી હે ભારત ! સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ મને જાણ, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે તે મને સંમત છે.

13/13 પરબ્રહ્મ સર્વ સ્થળે છે B1

તે સર્વત: પાણિ અને પાદવાળું છે, સર્વત: અક્ષિ, શિર અને મુખોવાળું છે, સર્વત: શ્રુતિવાળું છે અને લોકમાં સર્વને ઢાંકી રહે છે.

13/18 ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય એ યોગ્યતા H2

આ રીતે ક્ષેત્ર, જ્ઞાન અને જ્ઞેય ટૂંકમાં કહ્યાં. મારો ભકત આ જાણીને મારા ભાવ માટે યોગ્ય થાય છે.

13/22 દેહમાં રહેલા અંતર્યામિ/પરમાત્માનાં કાર્ય-સ્વરૂપ B1

આ દેહમાં ઉપદૃષ્ટા, અનુમંતા, ભર્તા, ભોકતા, મહેશ્વર તથા પરમાત્મા એમ પણ કહેવાતો બીજો પુરુષ છે.

13/31 પરમાત્મા **B1**

આ પરમાત્મા અનાદિ હોવાથી તથા નિર્ગુણ હોવાથી અવ્યય છે. હે કૌન્તેય ! તે શરીરમાં રહેલો હોવા છતાં (કાંઈ) કરતો નથી અને લેપાતો નથી.

14/17 ત્રણગુણ **L**

સત્વથી જ્ઞાન થાય છે તેમજ રજોગુણથી લોભ જ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન થાય છે.

14/20 દુ:ખમુકિતનો ઉપાય / ત્રિગુણનું અતીક્રમણ **C2 K**

દેહની જેમાંથી ઉત્પત્તિ થાય છે તેવા આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરી જન્મ, મૃત્યુ, જરા તથા દુ:ખથી મુકત થઈ દેહી અમૃતનો ભોગ કરે છે.

14/26 ભકિતયોગથી ગુણોનું અતિક્રમણ **E1**

અને જે મને અવ્યભિચારી ભકિતયોગથી સેવે છે તે આ ગુણોનું અતિક્રમણ કરી બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે.

15/1 જગતનું મૂળ પરબ્રહ્મ છે **B1**

આ જગતને ઊંચા મૂળવાળો, નીચી શાખાવાળો, વેદના મંત્રો જેના પાંદડાં છે એવો અવ્યય અશ્વત્થ કહે છે. જે તેને જાણે છે તે વેદ જાણનાર છે.

15/6 ભગવાનનું ધામ **B1**

તેને (અક્ષરધામ) સૂર્ય, ચંદ્ર અથવા અગ્નિ પ્રકાશતા નથી. જેને પ્રાપ્ત કરી જીવ પાછા આવતા નથી તે મારું ઉત્તમધામ છે.

15/7 જીવ ભગવદંશ છેં **G**

જીવલોકમાં જીવ થએલો મારો જ સનાતન અંશ પ્રકૃતિમાં રહેલી મન સહિત છ ઈન્દ્રિયોને ખેંચે છે.

15/12 ભગવાનનું જ સામર્થ્ય સર્વત્ર છે **B2**

જે સૂર્યનું તેજ અખિલ જગતને પ્રકાશે છે, જે ચંદ્રમા તથા જે અગ્નિમાં તેજ છું તે મારું છે, એમ જાણ.

15/15 પરબ્રહ્મ - પરમેશ્વર **B1**

મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો છે, મારાથી સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ થાય છે, સર્વ વેદોથી વેદ્ય હું જ છું તથા વેદાંતનો કર્તા તેમજ વેદો જાણનાર હું જ છું.

15/16 અક્ષર **B1**

લોકમાં ક્ષર અને અક્ષર જ આ બે પુરુષો છે. સર્વ પ્રાણીઓ ક્ષર છે. કૂટસ્થ અક્ષર કહેવાય છે.

15/17 પરમાત્મા **B1**

"પરમાત્મા" એમ કહેવાતો ઉત્તમ પુરુષ તો અન્ય છે. તે અવ્યય ઈશ્વર ત્રણ લોકમાં

પ્રવેશ કરી (તેમને) ધારણ કરે છે.

15/18 પુરુષોત્તમ **B2**

હું ક્ષરથી અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું તેથી લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ એમ પ્રસિદ્ધ છું.

15/19 ભગવાનના સ્વરૂપને જાણે તે સર્વજ્ઞ **H2**

હું ભારત ! જે મોહરહિત પુરુષ મને એવી રીતે પુરુષોત્તમ જાણે છે તે સર્વજ્ઞ, મારું સર્વભાવથી ભજન કરે છે.

16/6-8 આસુરી સૃષ્ટિનાં લક્ષણો **G**

આ લોકમાં દૈવ અને આસુર એ બે જ ભૂતોની સૃષ્ટિ છે. હે પાર્થ ! દૈવી સૃષ્ટિ વિસ્તારથી કહી. હવે મારી પાસેથી આસુર સૃષ્ટિનું શ્રવણ કર. આસુરીજનો પ્રવૃત્તિ તથા નિવૃત્તિને જાણતા નથી. તેઓમાં શૌચ, આચાર તથા સત્ય હોતા નથી. તેઓ જગતને અસત્ય, અપ્રતિષ્ઠિત, અનીશ્વર, સ્ત્રી-પુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલું અને કામ જેનો હેતુ છે તેવું કહે છે અને બીજુ શું કારણ હોઈ શકે ? એમ પૂછે છે.

16/14-16 આસુરી સૃષ્ટિનો મદ અને ગતિ **K**

એ શત્રુને મેં માર્યો અને બીજાઓને પણ હું હણીશ, હું ઈશ્વર છું, હું સિદ્ધ, બલવાન અને સુખી છું. એમ અજ્ઞાનથી મોહ પામેલા, અનેક સંકલ્પોથી ભ્રાંત થયેલા અપવિત્ર નરકમાં પડે છે.

16/17-18 અસુર **K**

પોતાથી જ સંભવિત, સ્તબ્ધ, ધનના માન તથા મદવાળા, અહંકારી, બલ, હર્ષ, કામ અને ક્રોધનો આશ્રય કરેલા, પોતાના અને બીજાના દેહોમાં રહેલાનો - મારો દ્વેષ કરનાર અને અસૂયા કરનાર, તેઓ દંભને લીધે નામમાત્રના યજ્ઞથી અવિધિપૂર્વક યજન કરે છે.

16/19-20 અધમ-દુષ્ટોની ગતિ **K**

દ્વેષી, ક્રૂર, મનુષ્યોમાં અધમ તથા દુષ્ટ તેઓને હું સંસારમાં વારંવાર આસુરી યોનિમાં જ નાખું છું. હે કૌન્તેય ! જન્મે જન્મ આસુરી યોનિને પ્રાપ્ત થયેલા મૂઢો મને પ્રાપ્ત કર્યા વિના જ પછી અધમગતિને પામે છે.

16/21 ત્યાજ્ય **K**

કામ, ક્રોધ અને લોભ, આ આત્માનો નાશ કરનાર ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે. તેથી આ ત્રણને તજવા.

16/22 શ્રેય સાધવા દુષ્ટવૃત્તિ ત્યજવી **K**

હે કૌન્તેય ! આ ત્રણ તમોદ્વારથી (કામ, ક્રોધ, લોભ) મુકત પુરુષ પોતાનું શ્રેય આચરે છે અને પછી પરમગતિને પામે છે.

17/3 સર્વ શ્રદ્ધામય છે **C2**

હે ભારત ! સત્ત્વને અનુરૂપ સર્વની શ્રદ્ધા હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી

શ્રદ્ધા તેવો જ તે છે.

17/28 શ્રદ્ધાથી કરેલ કર્મ ફળે છે **C1**

હે પાર્થ ! અશ્રદ્ધાથી હોમેલું, દાન કરેલું, તપ કરેલું તથા કાર્ય કરેલું અસત્ કહેવાય છે. તે પરલોકમાં તથા આલોકમાં ફળતું નથી.

18/6 ફલત્યાગ પૂર્વક કર્મ કરવા **C1**

પરંતુ હે પાર્થ ! આ કર્મો પણ સંગ અને ફલનો ત્યાગ કરી કરવાં એવો મારો નિશ્ચિત ઉત્તમ મત છે.

18/11 કર્મ ફળ ત્યાગ **C1**

દેહધારીથી સંપૂર્ણ રીતે કાર્મોનો ત્યાગ શકય નથી, પરંતુ જેણે કર્મનાં ફળનો ત્યાગ કરેલો છે તે "ત્યાગી" કહેવાય છે.

18/42 બ્રાહ્મણનાં લક્ષણથી થતાં કર્મ **C1**

શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા તથા સરલતા, જ્ઞાન વિજ્ઞાન અને આસ્તિકય એ સ્વભાવથી થએલાં બ્રાહ્મણનાં કર્મ છે.

18/43 ક્ષત્રિયનાં લક્ષણથી થતાં કર્મ **C1**

શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય તથા યુદ્ધમાં પાછા ન હઠવું તે, દાન અને ઐશ્વર્ય એ ક્ષત્રિયનાં સ્વભાવથી થયેલાં કર્મ છે.

18/44 વૈશ્ય અને શુદ્રનાં લક્ષણથી થતાં કર્મ **C1**

ખેતી, ગોરક્ષ અને વેપાર એ સ્વભાવથી થએલાં વૈશ્યનાં કર્મ છે અને પરિચર્યારૂપ શૂદ્રનું પણ સ્વભાવથી થએલ કર્મ છે.

18/45 વર્ણાશ્રમ પ્રમાણે કર્મ કરવાં **C1**

પોત-પોતાના કર્મમાં આનંદ માનનાર પુરુષ સંસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

18/47 સ્વધર્મની ઉત્તમતા **C2**

સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવથી નિયત કર્મ કરતાં માણસ પાપ પામતો નથી.

18/48 સહજ કર્મનો ત્યાગ ન કરવો **C1**

હે કૌન્તેય ! દોષવાળાં પણ સહજ કર્મનો ત્યાગ ન કરવો, કારણ કે ધૂમથી અગ્નિની પેઠે આરંભો દોષથી વીંટાયેલા છે.

18/49 સંન્યાસ-સિદ્ધિનો ઉપાય (વર્ણાશ્રમ) **C2**

સર્વત્ર આસકિતરહિત બુદ્ધિવાળો, મનને જીતનાર તથા સ્પૃહા રહિત મનુષ્ય સંન્યાસની પરમ નૈષ્કર્મ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

18/54 પરાભકિત કયારે પ્રાપ્ત થાય ? **E1**

બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી.

તે સર્વભૂતો પ્રતિ સમ હોઈ મારી પરાભકિત પ્રાપ્ત કરે છે.

18/55 ભકિતથી ભગવાનનું સ્વરૂપ જાણવું E1

પછી હું તત્ત્વથી જેટલો અને જે છું તેમ મને ભકિતથી જાણે છે. મને તત્ત્વથી જાણી પછી મારામાં પ્રવેશ કરે છે.

18/56 ભગવદ્ આશ્રયથી ભગવદ્કૃપા થાય E3

મારો આશ્રય રાખી સદા સર્વ કર્મ કરનાર પણ મારા પ્રસાદથી શાશ્વત અવ્યય પદ પ્રાપ્ત કરે છે.

18/62 શરણાગતિ D3

હે ભારત ! સર્વભાવથી તેને જ શરણે જા. તેના પ્રસાદથી પરાશાંતિ અને શાશ્વત સ્થાન તું પ્રાપ્ત કરીશ.

18/65 ભકત H2

મારામાં મન રાખનાર થા, મારો ભકત થા, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે તેથી તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તું મને જ પામીશ.

18/66 અનન્ય શરણાગતિ E3

સર્વધર્મનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ, શોક કર નહિ.

18/67 અનધિકારીને ભગવદ્ બોધ ન કરવો H1

આ તારે કોઈ દિવસ તપ નહિ કરનારને, ભકિત રહિતને, શ્રવણ કરવાની ઈચ્છા ન હોય તેને તથા જે મારી અસૂયા કરતો હોય તેને કહેવું નહિ.

18/73 ભગવાનની કૃપાથી મોહ દૂર થાય (૧) ભગવાનની આજ્ઞા પ્રમાણે જ કરવું. (અં.પ્ર.) B2

હે અચ્યુત ! આપના પ્રસાદથી મારો મોહ નાશ પામ્યો, મને સ્મૃતિ થઈ અને હું સંદેહરહિત થયો. આપના વચન પ્રમાણે ચાલીશ.

18/78 જયાં ભગવાન છે ત્યાં વિજય છે B2

જયાં યોગેશ્વર કૃષ્ણ છે અને જયાં ધનુર્ધર પાર્થ છે ત્યાં શ્રી વિજય, ભૂતિ અને અચલ નીતિ છે, એવી મારી મતિ છે.

ઉપનિષદ્

ઈશાવાસ્યોયનિષદ્

સમર્પણ E3

મંત્ર :- ईशावास्यमिदं सर्व यत्किञ्च जगत्यां जगत्
तेन त्यक्तेन भुंञ्जीथा मा गृध कस्य स्विद् धनम् ।।१।।

અર્થ :- અખિલ બ્રહ્માંડમાં જે કંઈ પણ જડ ચેતનરૂપ જગત છે તે સમસ્ત ઈશ્વરથી વ્યાપ્ત છે. એ ઈશ્વરને સાથે રાખીને ત્યાગપૂર્વક એને ભોગવતા રહો, આસકત ન થાવ કેમ કે ધન-ભોગ્ય પદાર્થ કોનો છે ? મતલબ કે કોઈનો નથી ાા૧ાા

પરબ્રહ્મ B1

મંત્ર :- **अनेजदेकंमनसोजवीयो नैनद्देवा अप्नवन पूर्वमिर्षत् ।**
तद्धावतोऽन्यानत्येति तिष्ठतस्मिन्नपो मातरिश्वा दधाति ।।४।।

અર્થ :- જે પરમેશ્વર અચલ, એક અને મનથી પણ વધારે તીવ્ર ગતિયુકત છે, બધાના આદિ, જ્ઞાન સ્વરૂપ કે બધાંને જાણનાર એ પરમેશ્વરને ઈન્દ્રાદિ દેવતા પણ નથી પ્રાપ્ત કરી શકતા કે નથી જાણી શકતા, તે પરબ્રહ્મ પુરુષોત્તમ બીજા દોડવાવાળાને સ્થિત રહીને જ પકડી લે છે. એમના કારણે જ એમની સત્તા-શકિતથી વાયુ વગેરે દેવતા જલવર્ષા, જીવની પ્રાણધારણ વગેરે ક્રિયા કર્મ સંપાદન કરવા સમર્થ થાય છે.

વિરુદ્ધધર્માશ્રયત્વ B1

મંત્ર :- **तदेजति तन्नैजति तद्दूरे तद्वन्तिके ।**
तदन्तरस्य सर्वस्य तदुसर्वस्यास्य ब्राह्यतः ाा ५ ाा

અર્થ :- તે ચાલે છે, તે નથી ચાલતા તે અતીદૂર છે, સમીપ છે, તે સમસ્ત જગતની અંદર પરિપૂર્ણ છે, તે આ સમસ્ત જગતની બહાર પણ છે. ાા૫ાા

સર્વાત્મભાવ C2

મંત્ર :- **यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति ।**
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ।।६।।

અર્થ :- પરંતુ જે મનુષ્ય સંપૂર્ણ પ્રાણીઓને પરમાત્મામાં જ નિરંતર જૂવે છે અને સંપૂર્ણ પ્રાણીઓમાં પરમાત્માને જુવે છે તે પછી તે કયારે ય કોઈનાથી ધૃણા નથી કરતો ાા૬ાા

પરબ્રહ્મ B1

મંત્ર :- **स पर्यगाच्छुक्रम कायम व्रणमस्नाविरम् शुद्धमपाप विद्धम् ।**
कविर्मनीषी परिभूः स्वयंभूर्याथा तथ्यतोऽयार्थान् व्यदच्छाश्व तीभ्यः समाभ्यः ।।८।।

અર્થ :- તે મહાપુરુષ પરમ તેજોમય સૂક્ષ્મ શરીરથી રહિત, છિદ્ર રહિત કે ક્ષત (કમી) રહિત, શિરાઓથી રહિત, સ્થૂલ પંચભૌતિક શરીરથી રહિત, અપ્રાકૃત દિવ્ય સચ્ચિદાનંદરૂપ શુભા-શુભ કર્મ-સંપર્કશૂન્ય પરમેશ્વરને પ્રાપ્ત થઈ જાય છે, જે સર્વદૃષ્ય, સર્વજ્ઞ અને જ્ઞાનસ્વરૂપ, સર્વોપરી વિદ્યમાન અને સર્વ નિયંતા, સ્વેચ્છાથી પ્રકટ થવાવાળા અને અનાદિકાળથી બધા પ્રાણીઓની કર્માનુસાર યથાયોગ્ય સંપૂર્ણ પદાર્થોની રચના કરતા

આવ્યા છે.

મુકિતનો ઉપાય F

મંત્ર :- **विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह ।**
अविद्यया मृत्यं तीर्त्वा विद्ययामृतमश्नुते ॥११॥

અર્થ :- જે મનુષ્ય તે બન્નેને અર્થાત જ્ઞાનના તત્વને અને કર્મના તત્વને પણ સાથે સાથે સારી રીતે જાણી લે છે. કર્મોના અનુષ્ઠાનથી મૃત્યુને પાર કરીને, જ્ઞાન અનુષ્ઠાનથી અમૃતને ભોગવે છે. અર્થાત અવિનાશી આનંદમય પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રત્યક્ષ પ્રાપ્ત થઈ જાય છે.

અન્યાશ્રય/દંભી K

મંત્ર :- **अन्धंतमः प्रविशन्ति येऽसम्भूतिमुपासते**
ततोभूय इव ते तमो य उ सम्भूत्यां रताः ॥१२॥

અર્થ :- જે મનુષ્ય વિનાશશીલ દેવ પિતર વગેરેની ઉપાસના કરે છે તે ઘોર અંધકારમાં પ્રવેશ કરે છે અને જે અવિનાશી પરમેશ્વરમાં રત છે. અર્થાત એમની ઉપાસનાના મિથ્યાભિમાનમાં મત્ત છે. તે એમનાથી પણ માનો કે વધારે અંધકારમાં પ્રવેશે છે.

ભકિતથી ભગવદ્ પ્રાપ્તિ E1

મંત્ર :- **हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्**
तत्व पुषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥१५॥

અર્થ :- હે બધાંનું ભરણપોષણ કરવાવાળા પરમેશ્વર, સત્યસ્વરૂપ આપ સર્વેશ્વરનું શ્રીમુખ જયોતિર્મય સૂર્યમંડલરૂપ પાત્રથી ઢંકાયેલું છે, આપની ભકિતરૂપ સત્યધર્મનું અનુષ્ઠાન કરવાવાળા મને આપના દર્શન માટે તે આવરણને આપી હટાવી દો. ।।૧૫।।

અંધતમ: નરક/આત્મહત્યારો K

મંત્ર :- **असूर्या नाम ते लोका अन्धेन तमसावृताः ।**
र्ता-स्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः ॥३॥

અર્થ :- અસુરોની જે પ્રસિદ્ધ વિવિધ પ્રકારની યોનિઓ અને નરકરૂપ લોક છે તે બધા અજ્ઞાન તથા દુ:ખકલેશરૂપ મહાન અંધકાર આચ્છાદિત છે. જે કોઈ પણ આત્માની હત્યા કરવાવાળો મનુષ્ય છે તે મરીને તે ભયંકર લોકોને વારંવાર પ્રાપ્ત થાય છે.

કેનોપનિષદ્

પરમાત્મા સર્વનું કારણ છે... પરમાત્માને જાણવાથી મુકિત થાય B1

મંત્ર :- **श्रोतस्य श्रोत्रं मनसोमनः यद्वाचाहवाचं सउ प्राणस्य प्राणः ।**
चक्षुषश्वक्षुरतिमुच्य धीराः प्रेत्यास्मा लोकादमृता भवन्ति ॥२॥ ખંડ-૧

અર્થ :- જે મનનું મન અર્થાત કારણ છે, પ્રાણના પ્રાણ છે, વાક્ ઈન્દ્રિયનાવાક્ છે, શ્રોત્રેન્દ્રિયના શ્રોત્ર છે અને ચક્ષુ ઈન્દ્રિયનું ચક્ષુ (કારણ) છે તે આ (બધાના પ્રેરક પરમાત્મા છે.) જ્ઞાનીજન (એને જાણીને) જીવન્મુકત થઈને આ લોકથી ગયા પછી (મૃત્ય બાદ) અમર (જન્મ-મરણથી રહિત) થઈ જાય છે ।।૨।।

પરબ્રહ્મ

B1

મંત્ર :- न तत्र चक्षुर्गच्छन्ति न वाग्गच्छन्ति नो मनो न विद्मो न विजानीमो
यथैतदनुशिष्यादन्यदेव तद्धितादथो अविदितादधि ।
इति शुश्रुम पूर्वेषां ये नस्तव्ययाचचक्षिरे ।।३।। ખંડ-૧

અર્થ :- ત્યાં ન તો ચક્ષુ ઈન્દ્રિય (વગેરે બધી જ્ઞાનેન્દ્રિયો) પહોંચી શકે છે. ન વાક્ઈન્દ્રિય (વગેરે બધી કર્મેન્દ્રિયો) પહોંચી શકે છે, ન મન (અંતઃકરણ) પણ તેથી જે રીતે આને બતાવી શકાય કે તે આવો છે. આ વાતને ન તો અમે સ્વયં પોતાની બુદ્ધિથી જાણીયે છીયે અને ન બીજાથી સાંભળીને જાણીયે છીયે કેમ કે તે જાણીતા પદાર્થોથી ભિન્ન જ છે. અને ન જાણેલા પદાર્થોથી પર છે. આ આપણા પૂવાચાર્યોના મુખથી સાંભળ્યું છે. જેમણે તે બ્રહ્મનું તત્વ સારી રીતે વ્યાખ્યા કરીને સમજાવ્યું હતું. ।।૩।।

સર્વની શકિતનું મૂળ બ્રહ્મ છે

B1

મંત્ર :- यदवाचानभ्युदितं येन वागभ्युदते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।४।। ખંડ-૧

અર્થ :- જેને વાણીના દ્વારા નથી બતાવેલ પણ જેનાથી વાણી બોલી શકાય છે. અર્થાત જેની શકિતથી વકતા બોલવામાં સમર્થ થાય છે, એને જ તૂ બ્રહ્મ જાણ. વાણીના દ્વારા બતાવવામાં આવેલા જે તત્વની લોકો ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી.

દૈન્ય

H2

મંત્ર :- यस्यामतं तस्य मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानतं विज्ञातम विजानताम् ।।३।। ખંડ-૨

અર્થ :- જેમનું એમ માનવું છે કે બ્રહ્મ જાણવાનો નથી આવતુ એને તો એ જાણેલા છે, જેનું એ માનવું છે કે બ્રહ્મ મારું જાણેલ છે તે નથી જાણતો કેમ કે જાણવાનું અભિમાન રાખવાવાળા માટે તે બ્રહ્મતત્ત્વ વગર જાણેલું છે અને જેનામાં જાણકારીનું અભિમાન નથી એને તે બ્રહ્મતત્વ જાણેલું છે અર્થાત્ એને માટે બ્રહ્મ અપરોક્ષ છે. ।।૩।।

અભિમાન

K

મંત્ર :- तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति वायुर्वा
अहमस्मीत्येब्रवीन्मातरिश्वा वा अहमस्मीति ।।८।। ખંડ-3

અર્થ :- એની પાસે વાયુ દેવતા દોડતા ગયા. તેને પણ તે દિવ્ય યક્ષે પૂછયું કે તમે કોણ છો ? ત્યારે વાયુએ કહ્યું કે પ્રસિદ્ધ વાયુદેવ છું અને એ કે હું જ માતરીશ્વાના નામથી પ્રસિદ્ધ છું.

પ્રભુના માહાત્મ્યને જાણવું અને મનથી માણવું

E1

મંત્ર :- तस्माद् वा इन्द्रोऽतितरा भिवान्यान् देवान् स
ह्येनन्नेदिष्ठ पस्पर्श सह्येनत् प्रथमो विदाग्रकार ब्रह्मेति ।।३।। ખંડ-૪

અર્થ :- એટલા માટે ઈન્દ્ર બીજા દેવતાઓની અપેક્ષા એ અતીશય શ્રેષ્ઠ છે કેમ કે એણે અત્યંત પ્રિય અને સમીપસ્થ પરમેશ્વરનો (ઉમાદેવીથી સાંભળીને સૌથી પહેલાં) મનના દ્વારા સ્પર્શ કર્યો અને એને બીજા દેવતાઓથી પહેલા સારી રીતે જાણ્યું છે કે આ સાક્ષાત્

પરબ્રહ્મ પુરુષોત્તમ છે. ||૩||

બ્રહ્મને જાણવાનો ઉપાય B1

મંત્ર :- तस्यै तपोदमः कर्मेति प्रतिष्ठा वेदाः
सर्वाद्यांनि सत्यमायतनम् ||८|| ખંડ-૪

અર્થ :- તે રહસ્યમયી બ્રહ્મવિદ્યાને તપસ્યા, મન-ઈન્દ્રિયોનું નિયંત્રણ, નિષ્કામ કર્મ એ ત્રણે આધાર છે. વેદ તે વિદ્યાના સંપૂર્ણ અંગ છે. અર્થાત્ વેદમાં એના અંગ પ્રત્યંગોનું સવિસ્તાર વર્ણન છે. સત્ય સ્વરૂપ પરમેશ્વર એનું અધિષ્ઠાન પ્રાપ્ત.

કઠોપનિષદ્

કલ્યાણમાર્ગની (દૈવી) શ્રેષ્ઠતા C2

મંત્ર :- श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनवित धीरः ।
श्रेयो हि धीरोऽमि प्रेयसो वृणीते प्रेयो मन्यो योगक्षेमाद् वृणीते ||२|| અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- શ્રેય અને પ્રેય એ બન્નેય મનુષ્યની સામે આવે છે. બુદ્ધિમાન મનુષ્ય બન્નેના સ્વરૂપ ઉપર સારી રીતે વિચાર કરીને એને અલગ અલગ સમજી લે છે અને તે શ્રેષ્ઠ -બુદ્ધિ-મનુષ્ય પરમ કલ્યાણના સાધનને જ ભોગ સામગ્રી કરતાં શ્રેષ્ઠ સમજીને ગ્રહણ કરે છે, પરંતુ મંદબુદ્ધિવાળો મનુષ્ય લૌકિક યોગક્ષેમની ઈચ્છાથી ભોગોના સાધનરૂપ પ્રેયને અપનાવે છે. ||૨||

મૂર્ખાઓ જ ભોગને ઈચ્છે છે K

મંત્ર :- अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पणिडम्मन्यमानाः
दन्द्रम्यमाणा परिचयन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धाः ||५|| અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :-અવિદ્યાની વચ્ચે રહીને પણ પોતાની જાતને બુદ્ધિમાન અને વિદ્વાન માણવાવાળા ભોગની ઈચ્છા કરનારા તે મૂર્ખાઓ વિવિધ યોનિઓમાં ચારે કોર ભટકતા રહે છે, કંઈક તેવી જ રીતે ઠોકરો ખાતા ભટકતા રહે છે જેમ આંધળા મનુષ્યના દ્વારા ચલાવવામાં આવતો બીજો આંધળો ! (પોતાના લક્ષ્ય સુધી ન પહોંચતાં અહીં તહીં ભટકતા અને કષ્ટ ભોગવતા રહે છે. ||૫||

પરમાત્મા પ્રાપ્તિની દુર્લભતા B1

મંત્ર :- श्रवणायापि बहुभिर्योन लभ्यः श्रुण्वंतोऽपि बहवो यं न विद्युः ।
आश्रपर्यो वक्ता कुशलोस्य लब्धाऽऽश्चपार्यो ज्ञाता कुशलानुशिष्टः ||७|| અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- જે આત્મતત્ત્વ ઘણાને તો સાંભળવા માટે પણ નથી મળતું. જેને ઘણા લોકો સાંભળીને પણ નથી સમજી શકતા. આવા ગૂઢ આત્મતત્ત્વનું વર્ણન કરવાવાળા મહાપુરુષ આશ્ચર્યમય છે. (બહુ દુર્લભ છે) તેને પ્રાપ્ત કરનારા પણ ભારે કુશળ (સફળ જીવન) કોઈ એક જ હોય છે. અને જેને તત્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ છે. તેવા જ્ઞાની મહાપુરુષ દ્વારા શિક્ષા પ્રાપ્ત કરેલ આત્મતત્ત્વનો જ્ઞાતા પણ આશ્ચર્યમય છે, બહુ દુર્લભ છે. ||૭||

પરમાત્માનું સ્વરૂપ/પરમાત્માની પ્રાપ્તિ તે જ શ્રેષ્ઠ ધ્યેય B1

મંત્ર :- तंदुर्दशं गूढमनुप्रविष्टं गुहाहितं गह्यारेष्ठं पुराणम् ।

आध्यात्मयोगाद्दीगमेन देवं मत्वाधीरो हर्षशोकौ जहाति ॥१२॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- જે યોગમાયાના પડદામાં છૂપાઈને રહેલો, સર્વ વ્યાપી, બધાના હૃદયરૂપ ગુફામાં રહેલો, તેથી જ સંસારરૂપ ગહનવનમાં રહેવાવાળો સનાતન છે. એવી એને કઠીનતાથી નિહારી શકાય તે પરમાત્મદેવને શુદ્ધબુદ્ધિયુકત સાધક આધ્યાત્મયોગની પ્રાપ્તિ દ્વારા સમજીને હર્ષ અને શોકનો ત્યાગ કરે છે. ।।૧૨।।

પરમાત્માનું સ્વરૂપ B1

મંત્ર :- अन्यत्र धर्मादन्यात्राधर्मादब्यत्रा स्मात्कृता कृतात ।
अन्यत्र भूताच्च भव्याच्च यत त्पश्यति तद्वद ॥१४॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- જે એ પરમાત્માના ધર્મોથી અતીત, અધર્મથી પણ અતીત તથા આ કાર્ય અને કારણરૂપ સંપૂર્ણ જગતથી પણ ભિન્ન અને ભૂત-વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળોથી તથા એના સંબંધિત પદાર્થોથી પણ જુદો જણાય છે તેને બતાવો ।।૧૪।।

જીવાત્માનું સ્વરૂપ G

મંત્ર :- न जायते म्रियते वा विपश्चिपन्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥१८॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- નિત્યજ્ઞાન સ્વરૂપ આત્મા ન તો જન્મે છે અને ન મરે છે. આ ન તો સ્વયં કોઈનાથી થયો છે કે ન આનાથી કોઈ પણ થયું છે. અર્થાત આ ન તો કોઈનું કાર્ય છે કે ન આનાથી કોઈ પણ થયું છે. અર્થાત આ ન તો કોઈનું કાર્ય છે અને ન કારણ જ છે. આ અજન્મા નિત્ય, સદા એકરસ રહેવાવાળો અને પુરાતન છે. અર્થાત ક્ષય અને વૃદ્ધિરહિત છે. શરીરનો નાશ કરવામાં આવે તો પણ આનો નાશ નથી થઈ શકતો. ।।૧૫।।

પરમાત્માનું સ્વરૂપ B1

મંત્ર :- अणोरणीयान् महतोमहियानात्मास्य जन्तोर्निहतो गुहायाम्
तमक्रतु पश्यति वितशोको धातुप्रसादान्महिमानमात्मनः ॥२०॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- આ જીવાત્માની હૃદયરૂપ ગુફામાં રહેવાવાળા પરમાત્મા સૂક્ષ્મથી ય અતી સૂક્ષ્મ અને મહાનથી ય અતી મહાન છે. પરમાત્માના આ મહિમાને કામનારહિત અને ચિંતારહિત કોઈ વીરલો સાધક સર્વાધાર પરમેશ્વરની કૃપાથી જ જોઈ શકે છે. ।।૨૦।।

ભગવાનનું ઐશ્વર્ય B2

મંત્ર :- आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः ।
कस्तं मदामदं देवं मदन्यो ज्ञातुमर्हति ॥२१॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- તે પરમેશ્વર બેઠેલા છે, દૂર પહોંચી જાય છે. સૂતેલા છે પણ બધી બાજુ ચાલતા રહે છે, તેવા ઐશ્વર્યથી મત્ત ન થવાવાળા દેવને મારાથી ભિન્ન બીજો કોણ જાણવામાં સમર્થ છે ? ।।૨૧।।

પરબ્રહ્મ પરમેશ્વર B1

મંત્ર :- अशरीरं शरीरेष्यनवस्थेष्ववस्थितम् ।

महान्तं विभुमात्मानं मत्वाधीरो न शोचति ॥२२॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- જે સ્થિર ન રહેનાર (વિનાશશીલ) શરીરમાં શરીરરહિત અને અવિચલભાવથી સ્થિત છે. તે મહાન સર્વવ્યાપી પરમાત્માને જાણીને બુદ્ધિમાન મહાપુરુષ કયારેય કોઈ પણ કારણથી શોક નથી કરતો. ॥૨૨॥

જીવનું વરણ ભગવાન દ્વારા G

મંત્ર :- **नायमात्मा प्रवचनेन लभ्यो न मेघयान बहुना श्रुतेन**

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूंस्वाम ॥१३॥ અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- આ પરબ્રહ્મ પરમાત્મા ન તો પ્રવચનથી, ન બુદ્ધિથી, એને ન બહુ જ સાંભળ વાથી પ્રાપ્ત થઈ શકે છે પરંતુ જેનો તે સ્વીકાર કરી લે છે એના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે કેમ કે આ પરમાત્મા તેના માટે પોતાનું યથાર્થ સ્વરૂપ પ્રકટ કરી દે છે. ॥૧૩॥

બલવતી માયા K

મંત્ર :- **महतः परमव्यक्तमव्यक्तात्पुरुष परः**

पुरुषान्नपरं किंचित्सा काष्ठा सा परागतिः ॥११॥ અધ્યાય-૧ વલ્લી-૩

અર્થ :- તે જીવાત્માથી બલવતી છે, ભગવાનની માયા. અવ્યકત માયાથી પણ શ્રેષ્ઠ છે પરમપુરુષ (સ્વયં પરમેશ્વર). પરમપુરુષ ભગવાનથી શ્રેષ્ઠ અને બળવાન કંઈ પણ નથી. તે જ બધાની ઉપર અને પરમગતિ છે. ॥૧૧॥

માયારૂપ આવરણ - બાધક K

મંત્ર :- **एष सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते**

दृश्यते त्वग्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥१२॥ અધ્યાય-૧ વલ્લી-૩

અર્થ :- આ બધાના આત્મારૂપ પરમપુરુષ સમસ્ત પ્રાણીઓમાં રહેતા હોવા છતાં, માયાના પડદામાં છૂપાયેલા રહેવાના કારણે બધાંને પ્રત્યક્ષ નથી થતા, માત્ર સૂક્ષ્મ તત્ત્વોને સમજનારા પુરુષો દ્વારા જ અતીસૂક્ષ્મ બુદ્ધિથી દેખી શકાય છે.

ભગવાનમાં નિરોધ E1

મંત્ર :- **यच्छेद्वाङ मनसि पाज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ।**

सानमात्मनि महति नियच्छेतद्यच्छेच्छान्त आत्मनि ॥१३॥ અ.-૧ વ.-3

અર્થ :- બુદ્ધિમાન સાધકે વાણી વગેરે સમસ્ત ઈન્દ્રિયોને મનમાં નિરુદ્ધ કરવી જોઈએ અને તે મનને જ્ઞાનસ્વરૂપ બુદ્ધિમાં વિલીન કરે, જ્ઞાનસ્વરૂપ બુદ્ધિને મહાન આત્મામાં વિલીન કરે અને એને શાન્ત સ્વરૂપ પરમપુરુષ પરમાત્માં વિલીન કરે ॥૧૩॥

પરબ્રહ્મ/મુકિતનો ઉપાય F

મંત્ર :- **अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसं नित्यमगन्धवच्च यत् ।**

अनायनंतं महतः परंध्रुवं निचाच्च तन्मृत्युमुखामुखात्प्रमुच्यते ॥१५॥ અધ્યાય-૧ વલ્લી-3

અર્થ :- જે શબ્દરહિત સ્પર્શરહિત, રૂપરહિત અને ગંધરહિત છે. તથા જે અવિનાશી નિત્ય, અનાદિ, અનંત તથા તેને (જાણનાર મૃત્યુના મુખથી સદા છૂટી જાય છે.

પરમાત્માનું સ્વરૂપ/સર્વાત્મ બુદ્ધિ B1C2

મંત્ર :- य इमं मद्-वदंवेद आत्मानं जीवन्मन्तिकात् ।
इशानं भूतभव्यस्य न ततो विजुगुप्सते । एतदैतत् ।।૫।। અધ્યાય-૨ વલ્લી-૧

અર્થ :- જે મનુષ્ય કર્મફલદાતા, બધાંને જીવન પ્રદાન કરવાવાળા તથા ભૂત વર્તમાન ભવિષ્યનું શાસન કરવાવાળા, એ પરમાત્માને પોતાની સમીપ જાણે છે, ત્યાર પછી તે કોઈની નિંદા કરતો નથી. આજ તે પરમાત્મા છે, જેના વિષયમાં તેં પૂછયું હતું ।।૫।।

ભેદબુદ્ધિ મુકિતમાં બાધક K

મંત્ર :- यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।।१०।। અધ્યાય-૨ વલ્લી-૧

અર્થ :- જે પરબ્રહ્મ અહીં છે તે ત્યાં પરલોકમાં પણ છે. જે ત્યાં છે તે જ આલોકમાં પણ છે. તે મનુષ્ય મૃત્યુને (વારંવાર જન્મ-મરણને) પ્રાપ્ત થાય છે, જે આ જગતમાં એ પરમાત્માને અનેકની જેમ જૂએ છે. ।।૧૦।।

પરમાત્માનું સ્વરૂપ/પરમાત્માને જાણનારનાં લક્ષણ B1 H2

મંત્ર :- अंगुष्ठमात्र पुरुषो मध्य आत्मनि तिष्ठति ।
इशानो भूतभव्यस्य न ततो विजुगुप्सते ।। एतद्वैतत ।।१२।। અધ્યાય-૨ વલ્લી-૧

અર્થ :- અંગુષ્ઠમાત્ર માપવાળો પરમપુરુષ પરમાત્મા શરીરના મધ્ય ભાગ હૃદયાકાશમાં સ્થિત છે. જો કે ભૂત - વર્તમાન - ભવિષ્યનું શાસન કરનારો છે. તેને જાણી લીધા પછી તે કોઈની નિંદા કરતો નથી. તે જ છે તે પરમાત્મા જેની બાબતમાં તે પૂચ્છા કરી હતી. ।।૧૨।।

સાયુજયરૂપ ફળ F1

મંત્ર :- यथोदकं शुद्धे शुद्धमासिकतं तादृगेव भवति ।
एवं मुने विजानत आत्मा भवति गौतम ।।१૫।। અધ્યાય-૨ વલ્લી-૧

અર્થ :- જેમ નિર્મલજળમાં મેઘો દ્વારા બધી બાજુથી વરસાવેલ નિર્મળજળ તેવું જ થઈ જાય છે, તેવી રીતે હે ગૌતમવંશી નચિકેતા એકમાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમ જ સર્વ કંઈ છે. એ રીતે જાણનારો મુનીનો (સંસારથી ઉપરત થયેલ મહાપુરુષનો) આત્મા બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે. ।।૧૫।।

પરમાત્મા જ સર્વ સત્યરૂપ છે B2

મંત્ર :- हंसः शुचिषद्व सुरन्तरिक्षसद्धोता वेदिषदातिथिर्दुरोणसत्
नृषद रसदतसद्व योमसदब्जा गोजा ऋतजा अद्रिजा ऋतं बृहत् ।।१।। અધ્યાય-૨ વલ્લી-૨

અર્થ :- જે વિશુદ્ધ પરમધામમાં રહેવાવાળા સ્વયં પ્રકાશ પુરુષોત્તમ છે, અંતરિક્ષમાં નિવાસ કરવાવાળા વસુ છે, ઘરોમાં ઉપસ્થિત થવાવાળા અતિથિ છે અને યજ્ઞની વેદી ઉપર સ્થાપિત અગ્નિ સ્વરૂપ તથા તેમાં આહૂતિ નાખનાર હોતા છે તથા સમસ્ત મનુષ્યોમાં રહેનારા છે તથા જલમાં વિવિધ રૂપોથી પ્રકટ થનારા, પૃથ્વીમાં વિવિરૂપોથી પ્રકટ થનારા, ષડસત્કર્મોમાં પ્રકટ થનારા અને પર્વતોમાં વિવિધરૂપથી પ્રકટ થનારા છે, તે સૌથી મોટું સત્ય છે.

બ્રહ્મની સર્વરૂપતા B1

મંત્ર :- अग्निर्यथैवको भुवनं प्रविष्टांरूपंरूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपंरूपं प्रतिरूपो बहिश्व ॥९॥ અધ્યાય-૨ વલ્લી-૨

અર્થ :- જે રીતે સમસ્ત બ્રહ્માંડમાં પ્રવિષ્ટ એક જ અગ્નિ વિવિધરૂપોમાં એના સમાન રૂપવાળા જ થઈ રહ્યા છે તેવી જ રીતે સમસ્ત પ્રાણીઓના અંતરાત્મા પરબ્રહ્મ એક હોવા છતાં પણ વિવિધરૂપોમાં એના જ જેવા રૂપવાળા થઈ રહ્યા છે અને એના બહાર પણ. ॥૯॥

પરમાત્માનું સ્વરૂપ/તેની પ્રાપ્તિથી થતી સ્થિતિ B2F

મંત્ર :- नित्यो नित्यानां चेतनश्चेतना नामे को बहुनांयो विदधाति कामान्
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् ॥१३॥ અધ્યાય-૨ વલ્લી-૨

અર્થ :- જે નિત્યોના નિત્ય છે, ચેતનોના ચેતન છે અને એક હોવા છતાં પણ અનેક જીવોની કામનાઓને પૂર્ણ કરે છે તે આપણી અંદર રહેવાવાળા પુરુષોત્તમને જે જ્ઞાની નિરંતર દેખતા રહે છે, તેમને જ સદા અટલ રહેવાવાળી શાન્તિ પ્રાપ્ત થાય છે, બીજાને નહિ ॥૧૩॥

સર્વની શકિતનું મૂળ પરમાત્મા છે B1

મંત્ર :- न तत्र सूर्योभाति न चन्द्र तारकं नेमा वियुतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥१५॥ અધ્યાય-૨ વલ્લી-૨

અર્થ :- ત્યાં ન તો સૂર્ય પ્રકાશિત થાય છે, ન ચંદ્રમા અને તારાગણો પણ પ્રકાશિત થાય છે અને આ વિજળીઓ પણ પ્રકાશિત થતી નથી, પછી આ લૌકિક અગ્નિ કેવી રીતે પ્રકાશિત થઈ શકે ! કેમ કે એમના (બ્રહ્મના) પ્રકાશિત થવાથી જ એમના જ પ્રકાશથી ઉપર બતાવેલા સૂર્યાદિ બધા પ્રકાશિત થાય છે. એના જ પ્રકાશથી આ સંપૂર્ણ જગત પ્રકાશિત થાય છે. ॥૧૫॥

જગતનું મૂળ કારણ પરબ્રહ્મ ભગવાન B1

મંત્ર :- उर्ध्वमूलोऽवाकशाख एषोऽश्वत्थः सनातनः
तदेव शुक्रं तद्‌ब्रह्म तदेवामृत मुच्यते ।
तस्मि ल्लोकाः श्रिताः सर्वेतदुनात्येति कश्चना । ऐतद्वै तत् ॥१॥ અધ્યાય-૨ વલ્લી-૩

અર્થ :- ઉપરની બાજુ મૂળવાળા નીચેની બાજુ શાખાવાળા આ પ્રત્યક્ષ જગત સનાતન પીપળનું વૃક્ષ છે. એના મૂળભૂત તે પરમેશ્વર જ વિશુદ્ધ તત્ત્વ છે, તે જ બ્રહ્મ છે અને તે અમૃત કહેવાય છે. બધા લોક તેના જ આશ્રિત છે. કોઈ પણ એનુ ઉલ્લંઘન નથી કરી શકતું. એ જ છે પરમાત્મા જેના વિશે તે પૂછયું હતું. ॥૧॥

સર્વાધિપતિ પરમેશ્વર B2

મંત્ર :- भयादस्यग्निस्तपति भयातपति सूर्य ।
भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पंश्चचमः ॥३॥ અધ્યાય-૨ વલ્લી-૩

અર્થ :- એમના જ ભયથી અગ્નિ તપે છે, એમના જ ભયથી સૂર્ય તપે છે. એમના ભયથી ઈન્દ્ર, વાયુ અને પાંચમા મૃત્યુ દેવતા પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત થઈ રહ્યા છે. ॥૩॥

અમૃત સ્વરૂપ પરબ્રહ્મ

F

મંત્ર :- अव्यक्तातु परः पुरुषो व्यापकोऽ लिङग एवच ।
यं ज्ञात्वा मुच्यते जन्तुरमृतत्वं च गच्छति ।।૮।। અધ્યાય-૨ વલ્લી-૩

અર્થ :- પરંતુ અવ્યકતથી પણ તે વ્યાપક અને સર્વથા આકાર રહિત પરમપુરુષ શ્રેષ્ઙ છે, જેને જાણીને જીવાત્મા મુકત થઈ જાય છે. અને અમૃતસ્વરૂપ આનંદમય બ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે. ।।૮।।

પરમાત્મ પ્રાપ્તિનું સાધન

C1

મંત્ર :- न संदशे तिष्ठति रूपमस्य न चक्षुसा पश्यति कश्यनैनम् ।
हृदा मनीषा मनसाभिकलृप्तो य एतद्विदुरमृतास्ते भवन्ति ।।९।। અધ્યાય-૨ વલ્લી-૩

અર્થ :- આ પરબ્રહ્મ પરમેશ્વરનું વાસ્તવિક સ્વરૂપ આપણી સામે પ્રત્યક્ષ વિષયના રૂપમાં નથી રહેતું. એને કોઈ પણ ચર્મચક્ષુઓ દ્વારા નથી જોઈ શકતું. મનથી વારંવાર ચિંતન કરીને ધ્યાનમાં લાવેલું (તે પરમાત્મા) નિર્મલ અને નિશ્ચય હૃદયથી અને વિશુદ્ધ બુદ્ધિથી જોવામાં આવે છે. જે એને જાણે છે તે અમૃત (આનંદ) સ્વરૂપ બની જાય છે. ।।૯।।

પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર (જ્ઞાન)

C1

મંત્ર :- अस्तीत्येवोपलब्धव्यस्तंत्व भावेन चोभयोः ।
अस्तीत्येवोप लब्धस्य तत्वभावः प्रसीदति ।।१३।। અધ્યાય-૨ વલ્લી-૩

અર્થ :- તેથી તે પરમાત્માને પહેલાં તો "તે અવશ્ય છે" એ પ્રકારે નિશ્ચયપૂર્વક ગ્રહણ કરવા જોઈએ, અર્થાત પહેલાં એના અસ્તિત્વનો દૃઢ નિશ્ચય કરવો જોઈએ. તે પછી તત્ત્વભાવથી પણ તેને પ્રાપ્ત કરવું જોઈએ. આ બન્ને પ્રકારોમાંથી "તે અવશ્ય છે" એ રીતે નિશ્ચયપૂર્વક પરમાત્માની સત્તાનો સ્વીકાર કરનાર સાધકને માટે પરમાત્માનું તાત્ત્વિક સ્વરૂપ પોતાની મેળે શુદ્ધ હૃદયમાં પ્રત્યક્ષ થઈ જાય છે. ।।૧૩।।

ॐ શબ્દ પરબ્રહ્મનું પ્રતિપાદક નામ છે

B1

મંત્ર :- सर्वे वेदा यत्पदमामनन्ति तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्थं चरन्ति तते पदं संग्रहेण ब्रविभ्योमित्येतत् ।।૧૫।। અધ્યાય-૧ વલ્લી-૨

અર્થ :- સંપૂર્ણવેદ જે પદનું વારંવાર પ્રતિપાદન કરે છે અને સંપૂર્ણ તપ જે પદનું લક્ષ્ય કરાવે છે, અર્થાત તે જેના સાધન છે. જેને ચાહનારા સાધકગણ બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદ તને સંક્ષેપથી હું બતાવું છું. (તે છે) "ઓમ" એવો આ (એક અક્ષર) (૧૫).

ઈન્દ્રિયોએ અંદર જોવું જોઈએ

C1

મંત્ર :- परांचि खानि व्यतृणत्सवयंभूस्तस्मात्पशङग पश्यति नान्तरात्मन् ।
कश्चिद्वीरः प्रत्यगात्मानभैक्षदावृत्त चक्षुरमृतत्व मिच्छन् ।।१।। અધ્યાય-૨ વલ્લી-૧

અર્થ :- સ્વયં પ્રકટ થનાર પરમેશ્વરે સમસ્ત ઈન્દ્રિયોને બહારની બાજુ જવાવાળી જ બનાવી છે. એટલા માટે (મનુષ્ય ઈન્દ્રિયો દ્વારા ઘણું કરીને બહારની વસ્તુઓને જ જૂએ છે, અંતરાત્માને નહિ. કોઈ ભાગ્યશાળી બુદ્ધિમાન મનુષ્ય જ અમરપદને પામવાની ઈચ્છા કરીને ચક્ષુ વગેરે ઈન્દ્રિયોને બાહ્ય વિષયો તરફથી પાછા ફેરવીને અંતરાત્માને જૂએ છે. ।।૧।।

નિષ્કામભાવ C2

મંત્ર :- यदा सर्वे प्रभुच्यन्ते कामा येऽस्य इदि श्रिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ।।१४।। અધ્યાય-૨ વલ્લી-3

અર્થ :- આ (સાધક)ના હૃદયમાં સ્થિત જે કામનાઓ (છે) (તે) બધી ય જયારે સમૂલ નષ્ટ થઈ જાય છે ત્યારે મરણધર્મા મનુષ્ય અમર થઈ જાય છે (અને) તે અહીં બ્રહ્મનો સારી રીતે અનુભવ કરી લે છે. ૫૧૪૫

પ્રશ્નોપનિષદ્

સૌનો આશ્રય ભગવાન્ D3B2

મંત્ર :- स यथा सोम्य वयांसि वासो वृक्षं संप्रतिष्ठन्ते एवं ह वै
तत्सर्व पर आत्मनि संप्रतिष्ठते ।।७।। પ્રશ્ન-૪

અર્થ :- (પાંચમી વાત જે તેં પૂછી હતી) તે (આ પ્રકારે સમજવી જોઈએ) હે પ્રિય ! જે રીતે ઘણા બધા પક્ષી (સાંજે) પોતાના નિવાસરૂપ વૃક્ષ ઉપર (આવીને) આરામથી રોકાય છે. (વસવાટ લે છે), ઠીક એમ જ તે (આગળ બતાવવામાં આવનાર પૃથ્વી વગેરે તત્વોથી લઈને પ્રાણ સુધી) બધાં જ પરમાત્મામાં સુખપૂર્વક આશ્રય પામે છે. ૫૭૫

જીવાત્માનો આશ્રય પરમાત્મા D3 B1

મંત્ર :- एष ही दृष्टा स्प्रष्टा श्रोता ध्राता रसयिता मन्ता बोध्या
कर्ता विज्ञानात्मा पुरुषः स परेऽक्षर आत्मनि संप्रतिष्ठिते ।।९।। પ્રશ્ન-૪

અર્થ :- આ જે દેખનાર, સ્પર્શ કરનાર, સાંભળનાર, સુંઘનાર, સ્વાદ લેનાર, મનન કરનાર, જાણનાર તથા કર્મ કરનાર વિજ્ઞાન સ્વરૂપ પુરુષ (જીવાત્મા) છે તે પણ અવિનાશી પરમાત્મામાં સારી રીતે સ્થિત છે.

સર્વની ગતિ પરમાત્મા B1

મંત્ર :- स यधेमा नद्यः स्पन्दमानाः समुद्रायणाः समुद्रं प्राप्यास्तं गच्छन्ति भिधेते तासां नामरूपे समुद्र इत्येवं प्रोच्यते । एवमेवास्य परिदृष्टुरिमाः षोडशकलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति भिद्येते चासां नामरूपे पुरुष इत्येवं प्रोच्यते स एषोऽकलोऽमृत भवति तत्वदेष श्लोकः ।।૫।। પ્રશ્ન-६

અર્થ :- તે (પ્રલયનું દૃષ્ટાંત) આ પ્રકારે છે. જે રીતે આ નદીઓ સમુદ્ર તરફ લક્ષ્ય કરીને જતી વહે છે. સમુદ્રને પામીને તેમાં જ વિલીન થઈ જાય છે, તેમના નામરૂપ નષ્ટ થઈ જાય છે. પછી સમુદ્ર એવા એક નામથી જ બોલાય છે. એ જ રીતે બધી બાજુથી પૂર્ણતયા જોનારા આ પરમેશ્વરની ઉપર બતાવેલી સોળ કળાઓ જેના પરમ આધાર અને પરમગતિ પુરુષ છે. (પ્રલયકાળમાં) પરમપુરુષ પરમાત્માને પામીને તેમાં વિલીન થઈ જાય છે તથા આ બધાંના નામરૂપ નષ્ટ થઈ જાય છે પછી "પુરુષ" આ એક નામથી જ કહેવામાં આવે છે તે જ આ કલારહિત (અને) અમર પરમાત્મા છે. એના વિષયમાં આ (આગળનો) શ્લોક છે.

જાણવાલાયક પરમાત્મા B1

મંત્ર :- अरा इव रथनाभौ कला चस्मिन्प्रतिष्ठिता ।

तं वेद्यं पुरुषं वद यथा मा वो मृत्युः परिव्यथा इति ॥६॥ प्रश्न-६

અર્થ :- રથચક્રની નાભિના આધાર પર જે રીતે આરા સ્થિત હોય છે (તે જ રીતે) જેમાં (ઉપર બતાવેલી બધી) કલાઓ સર્વથા સ્થિત છે. તે જાણવા લાયક (બધાંના આધારભૂત) પરમપુરુષ પરમેશ્વરને જાણવા જોઈએ, જેનાથી (હે શિષ્યગણ) તમને લોકોને મૃત્યુ દુ:ખ ન આપી શકે ।।૩।।

ॐ અક્ષર પરમેશ્વરનું જ ધ્યાન કરવાનું સ્વરૂપ છે B1 C1

મંત્ર :- यः पुनरेतं त्रिमाप्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषभिध्यायित
स तेजसि सूर्ये संपन्नः त्र यथा पादोदरत्वचा विनिर्मुच्यत एवं ह वै स
पाप्मना विनिर्मुक्तः स सामभिरुन्नीयते ब्रह्मलोकं स एनस्माज्जीवधनात्
परात्परं पुरिशयं पुरुषमीक्षते तदेतौ श्लोकौ भवतः ॥५॥ प्रश्न-५

અર્થ :- પરંતુ જે ત્રણમાત્રાવાળો "ઓમ"રૂપ અક્ષર દ્વારા જ આ પરમપુરુષનું નિરંતર ધ્યાન કરે છે, તે તેજોમય સૂર્યલોકમાં જાય છે. (તથા) જે રીતે સર્પ કાંચળીથી અલગ થઈ જાય છે, ઠીક તે જ રીતે તે પાપોથી સર્વથા મુકત થઈ જાય છે. (તે પછી) તે સામવેદની શ્રુતિઓ દ્વારા ઉપર બ્રહ્મલોકમાં લઈ જવાય છે. તે આ જીવસમુદાયરૂપ પરતત્વથી અત્યંત શ્રેષ્ઠ અંતર્યામી, પરમપુરુષ પુરુષોત્તમને સાક્ષાત્ કરી લે છે. આ વિષયમાં આગળના બે શ્લોક છે. ।।૫।।

મુણ્ડકોપનિષદ્

ઉપાદાનકારણ પરમાત્મા છે B1

મંત્ર :- यथोर्णनाभिः सृजते गृहयते च यथा पृथिव्यामोषधयः सम्भवन्ति
यथा सतः पुरुषात्केशलोमानि तथा क्षरात्सम्भवतीह विश्वम् ॥७॥ મુણ્ડક-૧ ખંડ-૧

અર્થ :- જે રીતે કરોળીયો જાળું બનાવે છે અને ગળી જાય છે તથા જે રીતે પૃથ્વીમાં વિવિધ પ્રકારની ઔષધિઓ ઉત્પન્ન થાય છે (અને) જે રીતે જીવીત મનુષ્યના વાળ અને રુવાડાં (ઉત્પન્ન) થાય છે, તે રીતે અવિનાશી પરબ્રહ્મથી અહીં આ સૃષ્ટિનાં સર્વ કંઈ ઉત્પન્ન થાય છે.

સકામકર્મથી અવિચલ મુકિત નથી મળતી (કર્મ) C1

મંત્ર :- प्लवाह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म
एतच्छ्रेयो येऽमिनन्दन्ति मूढा जसमृत्युं ते पुनरेवापि यन्ति ॥७॥ મુણ્ડક-૧ ખંડ-૨

અર્થ :- નિશ્ચય જ આ યજ્ઞરૂપ અઢાર નૌકાઓ અદૃઢ (અસ્થિર) છે, જેમાં નીચે શ્રેણીના ઉપાસનારહિત સકામકર્મ બતાવવામાં આવેલ છે. જે મૂર્ખ આ જ કલ્યાણનો માર્ગ છે (એમ માનીને) આની પ્રસંશા કરે છે તે વારંવાર નિ:સંદેહ વૃદ્ધાવસ્થા અને મૃત્યુને પ્રાપ્ત થતા રહે છે.

સકામકર્મોની તુચ્છતા C1

મંત્ર :- इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढाः

नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरं वा विशन्ति ॥१०॥ મુણ્ડક-૧ ખંડ-૨

અર્થ :- ઈષ્ટ અને પૂર્ત (સકામ) કર્મોને જ શ્રેષ્ઠ માનનારા અત્યંત મૂર્ખ લોગ તેનાથી ભિન્ન વાસ્તવિક શ્રેયને નથી જાણતા. તે પુણ્યકર્મોના ફલસ્વરૂપ સ્વર્ગના ઉચ્ચતમ સ્થાનમાં (જઈને શ્રેષ્ઠ કર્મોના ફલસ્વરૂપ) ત્યાંના ભોગોનો અનુભવ કરીને આ મનુષ્ય લોકમાં અથવા તેનાથી પણ અત્યંત હીન યોનિઓમાં પ્રવેશ કરે છે.

જીવોની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થાય છે B1

મંત્ર :- **तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्वि स्फूलिङगः सहस्त्रशः प्रभवन्ते सरूपाः ।**
तथाक्षराद्विविधा सोम्य भावा प्रजायन्ते तत्र चैवापियन्ति ॥१॥ મુણ્ડક-૨ ખંડ-૧

અર્થ :- હે પ્રિય ! તે સત્ય આ છે. જે રીતે પ્રજ્વલિત અગ્નિમાંથી તેના જ જેવા રૂપવાળી હજારો ચિનગારીઓ વિવિધ પ્રકારથી પ્રગટ થાય છે તે રીતે અવિનાશી બ્રહ્મથી વિવિધ પ્રકારના ભાવ ઉત્પન્ન થાય છે અને તેમાં વિલીન થઈ જાય છે. ।।૧।।

અવિદ્યા દૂર કરવાનો ઉપાય - અંતર્યામીને જાણો C2

મંત્ર :- **पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम् । एतद्यो वेद**
निहितं गुहायां सोऽविद्याग्रन्थि विकिरतीह सोम्य ॥१०॥ મુણ્ડક-૨ ખંડ-૧

અર્થ :- તપ, કર્મ અને પરમ અમૃતરૂપ બ્રહ્મ આ સર્વ કંઈ પરમપુરુષ પુરુષોત્તમ જ છે. હે પ્રિય ! આ હૃદયરૂપ ગુફામાં સ્થિત અંતર્યામી પરમપુરુષને જે જાણે છે તે અહીં (આ મનુષ્ય શરીરમાં) જ અવિદ્યાજનિત ગાંઠને ખોલી નાખે છે. ।।૧૦।।

અવિનાશી બ્રહ્મનું સ્વરૂપ B1

મંત્ર :- **यदर्चिमद्यदणुभ्योऽणु च यस्मिंल्लोका निहिता लोकिनः च**
तदेतदक्षरं ब्रह्म स प्राणस्तदु वाङगमनः ।
तदेतत्सत्यं तदमृतं तद्वैद्धव्यं सोम्य विद्धि ॥२॥ મુણ્ડક-૨ ખંડ-૨

અર્થ :- જે દિપ્તીમાન છે અને જે સૂક્ષ્મોથી પણ સૂક્ષ્મ છે, જેમાં સમસ્ત લોક અને તે લોકોમાં રહેનારા પ્રાણી સ્થિત છે તે જ આ અવિનાશી બ્રહ્મ છે, તે જ પ્રાણ છે, તે જ વાણી અને મન છે, તે જ આ સત્ય છે. તે અમૃત છે. હે પ્યારે ! તે વિંધવા લાયક લક્ષ્યને તૂ વેધ ।।૨।।

પરબ્રહ્મનું સ્વરૂપ - સર્વમયતા B1

મંત્ર :- **यः सर्वज्ञः सर्व विद्यस्यैष महिमा भुवि ।**
दिव्ये ब्रह्मपुरे ह्मेषे व्योम्न्यात्मा प्रतिष्ठितः ॥
मनोमयः प्राणशरीरनेता प्रतिष्ठितोऽन्ने हृदयं सन्निधाय ।
तद्विज्ञानेन परिपश्यन्ति धीरा आनंदूरपममृतम् यद् विभाति ॥७॥ મુણ્ડક-૨ ખંડ-૨

અર્થ :- જે સર્વદા જાણવાવાળો (અને) બધી બાજુએથી બધાને જાણવાવાળો છે. જેની જગતમાં મહિમા છે. આ પ્રસિદ્ધ બધાનો આત્મા પરમેશ્વર દિવ્ય આકાશરૂપ બ્રહ્મલોકમાં સ્વરૂપથી સ્થિત છે. બધાનો પ્રાણ અને શરીરના નેતા (આ પરમાત્મા મનમાં વ્યાપ્ત હોવાના કારણે) મનોમય છે. આ જ હૃદય કમળનો આશ્રય લઈને અન્નમય સ્થૂલ શરીરમાં પ્રતિષ્ઠિત છે. જે આનંદ સ્વરૂપ અવિનાશી પરબ્રહ્મ સર્વત્ર પ્રકાશિત છે. બુદ્ધિમાન

મનુષ્ય વિજ્ઞાન દ્વારા તેને સારી રીતે પ્રત્યક્ષ કરી લે છે ાા૭ાા

જીવ પરમાત્માનો સંબંધ G B1

મંત્ર :- द्वा सुवर्णा सयुजा सरवाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोश्न्यः विप्पलं स्वाद्धत्यनश्ननन्नयो अभिवाकशीति ।।१।। મુણ્ડક-૩ ખંડ-૧

અર્થ :- એક સાથે રહેનારા (તથા) પરસ્પર સખાભાવ રાખવાવાળા બે પક્ષી (જીવાત્મા અને પરમાત્મા) એક જ વૃક્ષ (શરીર)નો આશ્રય લઈને રહે છે. તે બન્નેમાંથી એક તો તે વૃક્ષના કર્મરૂપ ફળોનો સ્વાદ લઈ લઈને ઉપભોગ કરે છે (પરંતુ) બીજો ન ખાતો, માત્ર જોતો રહે છે. ાા૧ાા

જીવનું અસામર્થ્ય, પરમાત્માનું સામર્થ્ય G B1

મંત્ર :- समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ।।२।। મુણ્ડક-૩ ખંડ-૧

અર્થ :- પૂર્વોકત શરીરરૂપી સમાન વૃક્ષ પર (રહેનાર) જીવાત્મા શરીરની ઊંડી આસકિતમાં) ડૂબેલો છે. અસમર્થતારૂપ દીનતાનો અનુભવ કરતો મોહિત થઈને શોક કરતો રહે છે. જયારે કયારેક (ભગવાનની અહૈતુકી દયાથી) ભકતો દ્વારા (નિત્ય) સેવીત (તથા) પોતાનાથી ભિન્ન પરમેશ્વરને (અને) તેની મહિમાને તે પ્રત્યક્ષ કરી લે છે ત્યારે સર્વથા શોકરહિત થઈ જાય છે. ાા૨ાા

પરમાત્માનું સ્વરૂપ/પરમાત્માનું ધ્યાન B1 C1

મંત્ર :- न चक्षुषा गृह्यते नापि वाचा नानैदेवै स्तपसा कर्मणा वा ।
ज्ञानप्रसादेन विशुद्धसत्वस्तस्तु तंपश्यते निष्कलं ध्यायमानः ।।८।। મુણ્ડક-૩ ખંડ-૧

અર્થ :- (તે પરમાત્મા) ન તો નેત્રોથી, ન વાણીથી (અને) ન બીજી ઈન્દ્રિયોથી ય ગ્રહણ કરવામાં આવે છે (તથા) તપથી અથવા કર્મોથી પણ (તે) (ગ્રહણ કરી શકાતા નથી) તે અવયવ રહિત (પરમાત્મા)ને તો ધ્યાન કરનાર જ જ્ઞાનની નિર્મળતાથી જોઈ શકેછે. ાા૮ાા

વરણ G

મંત્ર :- नायमात्मा प्रवचनेन लभ्यो न मेघया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृजुतेतनुस्वाम् ।।३।। મુણ્ડક-૩ ખંડ-૨

અર્થ :- આ પરબ્રહ્મ પરમાત્મા ન તો પ્રવચનથી, ન બુદ્ધિથી (અને) ન બહુજ સાંભળવાથી પણ પ્રાપ્ત થઈ શકે છે. આ તે જેનો સ્વીકાર કરી લે છે તેના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે (કેમકે) આ પરમાત્મા તેના માટે પોતાના યર્થાર્થ સ્વરૂપને પ્રકટ કરી દે છે. ાા૩ાા

અપરાવિદ્યા અને પરાવિદ્યા (જ્ઞાન) A2 C1

મંત્ર :- तत्रापरा ऋग्वेदो यजुर्वेद सामवेदोऽथर्ववेदः शिक्षा, कल्पो
व्याकरणं निरुकतं छन्दो ज्योतिषमिति अथपरायया तदक्षरमधिगम्यते ।।५।। મુણ્ડક-૧ ખંડ-૧

અર્થ :- એ બન્નેમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ (તથા) અથર્વવેદ, શિક્ષા, કલ્પ,

વ્યાકરણ, નિરુકત, છંદ, જયોતિષ એ (બધાં તો) અપરાવિદ્યા (ની અંતર્ગત છે) તથા જેનાથી તે અવિનાશી પરબ્રહ્મ, તત્વથી જાણી શકાય છે તે પરાવિદ્યા (છે) ।।૫।।

સર્વના ઉપાદાનકારણ પરમાત્મા B1

મંત્ર :- यं सर्वज्ञ सर्व विद्यस्य ज्ञानमयं तपः ।
समासदेतद् ब्रह्म नाम रूपमन्नं च जायते । ।।९।। મુણ્ડક-૧ ખંડ-૧

અર્થ :- જે સર્વજ્ઞ (તથા) બધાંને જાણવાવાળો (છે) જેનું જ્ઞામય તપ (છે) તે પરમેશ્વરથી આ વિરાટરૂપ જગત્ તથા નામ રુપ અને ભોજન ઉત્પન્ન થાય છે. ।।૯।।

મુકિતનો ઉપાય (જીવાત્માની) C1

મંત્ર :- मिद्यते हृदयग्रन्थि रिछयन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते यास्य कर्माणि तस्मिन्दृष्टे परापरे ।।८।। મુણ્ડક-૨ ખંડ-૨

અર્થ :- કાર્યકારણરૂપ તે પરાત્પર પુરુષોત્તમને તત્ત્વથી જાણી લેવાથી આ (જીવાત્માના) હૃદયની ગાંઠ ખૂલી જાય છે. સંપૂર્ણ સંશય કપાઈ જાય છે અને સમસ્ત શુભાશુભ કર્મ નષ્ટ થઈ જાય છે. ।।૮।।

સર્વાત્મભાવ મુણ્ડક-૩ ખંડ-૧ E1

મંત્ર :- यदापथ्य पश्यते रुकमवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।
तदा विद्धान पुण्यपापे विधूप निरंजनः परमं साम्यमुपैति ।।३।।

અર્થ :- જયારે આ દૃષ્ટા (જીવાત્મા) બધાના શાસક બ્રહ્માના પણ આદિ કારણ, સંપૂર્ણ જગતના રચયિતા, દિવ્ય પ્રકાશરૂપ પરમપુરુષને પ્રત્યક્ષ કરી લે છે તે સમયે પુણ્ય પાપ બન્નેને સારી રીતે હરાવીને નિર્મલ થયેલ તે જ્ઞાની મહાત્મા સર્વોત્તમ સમતાને પ્રાપ્ત કરી લે છે. ।।૩।।

જીવનમુકિતનો પ્રકાર મુણ્ડક-૩ ખંડ-૨

મંત્ર :- स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति नास्पाब्रह्मवित् कुले भवति ।
तरति शोकं तरति पाप्मानं गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति ।।९।।

અર્થ :- નિશ્ચય જ જે કોઈ પણ તે પરબ્રહ્મ પરમાત્માને જાણી લે છે તે મહાત્મા બ્રહ્મ જ થઈ જાય છે. એના કુળમાં બ્રહ્મને ન જાણનારો નથી હોતો. (તે) શોકથી પાર થઈ જાય છે, પાપ સમુદાયને તરી જાય છે, હૃદયની ગાંઠોથી સર્વથા છૂટીને અમર થઈ જાય છે. ।।૯।।

માણ્ડુકય ઉપનિષદ્

આનંદ સ્વરૂપ બ્રહ્મ B1

મંત્ર :- यत्र सुप्तो न कश्चन कामं कामयते न कश्चन स्वप्नं पश्यति
तत्सुषुप्तम् । सुषुप्तस्थान एकीभूत प्रज्ञानधन एवानन्द मयो
ह्यानंदभुक्चेतोमुखः प्राज्ञस्तृतीय पादः ।।५।।

અર્થ :- જે અવસ્થામાં સૂતેલો (મનુષ્ય) કોઈ પણ ભોગની કામના નથી કરતો, કોઈ

પણ સ્વરૂપ નથી જોતો તે સુષુપ્તિ અવસ્થા છે. એવી સુષુપ્તિ અર્થાત જગતની પ્રલય અવસ્થા અથવા કારણ અવસ્થા જ જેનું શરીર છે, જે એકરૂપ થઈ રહ્યો છે, જે એકમાત્ર ધનીભૂત વિજ્ઞાનસ્વરૂપ છે, જે એકમાત્ર આનંદમય અર્થાત આનંદસ્વરૂપ જ છે, પ્રકાશ જ જેનું મુખ છે, જે એકમાત્ર આનંદનો જ ભોકતા છે, (તે) પ્રાજ્ઞ, બ્રહ્મનો ત્રીજો પાદ છે.

સૃષ્ટિનું કારણ - સ્થિતિ અને લયનું સ્થાન પરબ્રહ્મ B1

મંત્ર :- एष सर्वेश्वरः एष सर्वज्ञ एषोऽन्तयाम्येष योनिः सर्वस्य
प्रभवाप्ययौ हि भूतानाम ॥६॥

અર્થ :- આ બધાનો ઈશ્વર છે, આ સર્વજ્ઞ છે, આ બધાનો અંતર્યામી છે, આ સંપૂર્ણ જગતનું કારણ છે કેમ કે સમસ્ત પ્રાણીઓની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયનું સ્થાન આ જ છે.

પરમાત્માનું અક્ષર સ્વરૂપ જ ઓમ્ છે B1

મંત્ર :- ओमित्येतदक्षरमिदं सर्वं तस्योपव्याख्यानं भूतं भवद् भविष्यदिति
सर्वमोङ्कार एव । यच्चान्यत् त्रिकालातीतं तदाप्योङ्कार एव ॥१॥

અર્થ :- ૐ આ પ્રકારનો આ અક્ષર (અવિનાશી પરમાત્મા) છે. આ સંપૂર્ણ જગત તેનું જ ઉપાખ્યાન અર્થાત તેની જ ખાસ મહિમાને લક્ષ્ય કરનાર છે. ભૂત (થઈ ગયું), વર્તમાન અને ભવિષ્યત્ (જે થનાર છે.) આ બધું ય જગત્ ઓંકાર જ છે તથા જે ઉપર કહેલ તે ત્રણે કાલથી અતીત બીજુ (કોઈ તત્વ છે) તે પણ ઓંકાર જ છે. ॥૧॥

એતરેય ઉપનિષદ્

પરબ્રહ્મે પોતાની ઈચ્છાથી સૃષ્ટિ રચી B1

મંત્ર :- ॐ आत्मा वा इदमेक एवाग्र आसीत् । नान्यत्किचन मिषत्
स इक्षत लोकान्नु सृजा इति ॥१॥ અ-૧ ખં-૧

અર્થ :- ૐ આ જગત (પ્રકટ થવા) પહેલાં એકમાત્ર પરમાત્મા જ હતું. (તેના સિવાય) બીજું કોઈ પણ ચેષ્ટા કરવાવાળું ન હતું. તે (પરમપુરુષ) પરમાત્મા) એ (હું) નિશ્ચય જ લોકોની રચના કરું એ પ્રકારે વિચાર કર્યો.

ઈન્દ્રિયો જીવનનથી પણ પ્રાણ જીવન છે L

મંત્ર :- तन्प्राणेनाजिधृक्षत्तन्नाशक्नोत्प्राणेन ग्रहीतुं स यद्धैनत्प्राणेन
आग्रहैष्यदभिप्राण्य हैवान्नमत्रप्स्यत् ॥४॥ અ-૧ ખં-3

અર્થ :- ત્યારે તે પુરુષે તે અન્નને ઘ્રાણેન્દ્રિય દ્વારા પકડવા ઈચ્છયું (પરંતુ તે) એને ઘ્રાણેન્દ્રિય દ્વારા પણ ન પકડી શકયા. જો તે તે અન્નને ઘ્રાણેન્દ્રિય દ્વારા જ પકડી શકત (તો આજે પણ મનુષ્ય) અવશ્ય અન્નને સુંઘીને જ તૃપ્ત થઈ જાત. ॥૪॥

ભગવાનને પરોક્ષતા પ્રિય છે. B2

મંત્ર :- तस्मादिदन्द्रो नामेदन्द्रो ह वै नाम तमिदन्द्रं संतमिन्द्र इत्याचक्षते
परोक्षेण । परोक्षप्रिया इव हि देवाः परोक्षप्रिया इव हि देवाः । અ-૧ ખં-3

અર્થ :- એટલા માટે તે "ઈદન્દ્ર" નામવાળો છે. વાસ્તવમાં તે ઈદન્દ્ર નામવાળો જ છે. (પરંતુ) ઈદન્દ્ર હોવા છતાં પણ તે પરમાત્માને પરોક્ષભાવથી (ગુપ્ત નામથી) ઈન્દ્ર એમ કહેવાય છે. જેમ કે દેવતાલોગ માનો પરોક્ષભાવથી તૈતરીય ઉપનિષદ્ કહેવાયેલ વાતોને જ પસંદ કરનારા હોય છે.

તૈતરીય ઉપનિષદ્

બ્રહ્મનું સ્વરૂપ - જીવનદાતા B2

મંત્ર :- प्राणंदेवा अनु प्राणन्ति । मनुष्याः पशवश्च ये । प्राणो हि भूतानामार्य
तस्मात्सर्वायुषमुच्यते । सर्वमेय न आयुर्यन्ति ये प्राणं ब्रह्मोपासते
प्राणो हि भूतानामायुः । तस्मात्सर्वायुषमुच्यत इति ।
तस्यैष एव शरीर आत्मा यः पूर्वस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૩

અર્થ :- જે જે દેવતા, મનુષ્ય અને પશુ વગેરે પ્રાણી છે (તે) પ્રાણનું અનુસરણ કરીને જ ચેષ્ટા કરે છે અર્થાત જીવતા રહે છે કેમ કે પ્રાણ જ પ્રાણીઓની આયુ છે. એટલા માટે (આ) બધાની આયૂ કહેવાય છે. એમ સમજીને જે કોઈ પ્રાણની બ્રહ્મરૂપે ઉપાસના કરે છે તે નિ:સંદેહ સમસ્ત આયૂને પ્રાપ્ત કરી લે છે. તેના આ જ શરીરમાં રહેનારો અંતરાત્મા છે, જે પહેલાવાળાના અર્થાત અન્ન-રસમય શરીરનો અંતરાત્મા છે.

પરમાત્મા જ વેદસ્વરૂપ B1

મંત્ર :- तस्माद्वा एतस्मात्प्राणमयादन्योऽन्तर आत्मा मनोमयः ।
तेनैष पूणः । सवाएष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं
तस्य यजुरेव शिरः । ऋग्दक्षिण पक्षः । सामोत्तर पक्षः ।
आदेश आत्मा । अधर्वाङगी रसः पुच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૩

અર્થ :- એ ચોક્કસ છે કે તે આ પ્રાણમય પુરુષથી ભિન્ન તેની અંદર રહેવાવાળો મનોમય આત્મા (પુરુષ) તે મનોમય આત્માથી આ પ્રાણમય શરીર વ્યાપ્ત છે. તે આ મનોમય આત્મા નિશ્ચય જ પુરુષના આકારનો જ છે. તેની પુરુષ સમાન આકૃતિમાં રહેલ (વ્યાપ્ત) હોવાથી જ આ મનોમય આત્મા પુરુષના આકારનો છે. તે (મનોમય પુરુષ)નું યજુર્વેદ જ (માનો) મસ્તક છે. ઋગ્વેદ જમણી પાંખ છે, સામવેદ ડાબી પાંખ છે, આદેશ (વિધિ વાકય) શરીરનો મધ્યભાગ છે, અથર્વા અને અંગીરા ઋષિ દ્વારા દેખવામાં આવેલા મંત્ર જ પૂંછ (અને) આધાર છે. તેની મહિમાના વિષયમાં પણ આ આગળ કહેવામાં આવનારા શ્લોક છે.

પરબ્રહ્મનું અગ્રાહ્યત્વ સ્વરૂપ (ઈન્દ્રિયાતીત) B1

મંત્ર :- यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् ।
न बिभेति कदाचनेति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૪

અર્થ :- જયાંથી મનસહિત વાણી વગેરે ઈન્દ્રિયો તેને ન પામતાં પાછી ફરે છે તે બ્રહ્મના આનંદને જાણવાવાળો પુરુષ કયારેય ભય નથી પામતો. આ રીતે આ શ્લોક છે. તે

મનોમય પુરુષના પણ આ જ પરમાત્મા શરીર અંતર્વર્તી આત્મા છે જે પહેલાં બતાવવામાં આવેલ અન્ન રસમય શરીર કે પ્રાણમય શરીરનો આત્મા છે.

વિજ્ઞાનમય આત્મા તે જ પરમાત્મા સર્વની અંદર છે B1

મંત્ર :- तस्माद्वा एतस्मान्मनोमदन्योऽन्तर आत्मा विज्ञानमयस्तेनैषः पूर्णः ।
सवा एष पुरुषविध एव । तस्य पुरुषविधतामन्वयं पुरुष विधः तस्य श्रद्धैव शिरः ।
ऋतं दक्षिणः पक्षः । सत्यमुत्तरः पक्षः । योग आत्मा ।
मह पुच्छे प्रतिष्ठा । तदप्येष श्लोको भवति । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૪

અર્થ :- નિશ્ચય જ તે પહેલાં બતાવવામાં આવેલ આ મનોમય પુરુષથી બીજો તેની અંદર રહેવાવાળો આત્મા વિજ્ઞાનમય છે. તે વિજ્ઞાનમય આત્માથી આ મનોમય શરીર વ્યાપ્ત છે. તે આ વિજ્ઞાનમય આત્મા નક્કી જ નિઃસંદેહ પુરુષના આકારનો જ છે. તેની પુરુષાકૃતિમાં અનુગત હોવાથી જ આ વિજ્ઞાનમય આત્માનું શ્રદ્ધા જ (માનો) મસ્તક છે, સદ્ વિચારનો નિશ્ચય જમણી પાંખ છે. સત્ય ભાષણનો નિશ્ચય જ ડાબી પાંખ છે, (ધ્યાન દ્વારા પરમાત્મામાં એકાગ્રતારૂપ) યોગ જ શરીરનો મધ્ય ભાગ છે. મહઃ નામથી પ્રસિદ્ધ પરમાત્મા જ પૂચ્છ અને આધાર છે. એ વિષયમાં પણ હવે આગળ કહેવામાં આવનાર શ્લોક છે.

આત્માનો આત્મા પરમાત્મા છે B1

મંત્ર :- विज्ञानं यज्ञं तनुते । कर्माणि तनुतोऽषि व । विज्ञान देवाः सर्वे ब्रह्म ज्येष्ठमुपासते ।
विज्ञानं ब्रह्म चेद्वेद । तस्माच्येन्न प्रमाद्यति शरीरे पाप्मनो हित्वा ।
सर्वान्कामान्समश्नुत इति । तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૫

અર્થ :- વિજ્ઞાન જ પજ્ઞોનો વિસ્તાર કરે છે અને કર્મોનો પણ વિસ્તાર કરે છે. બધા ઈન્દ્રિયરૂપ દેવતા સર્વશ્રેષ્ઠ બ્રહ્મના રૂપમાં વિજ્ઞાનની જ સેવા કરે છે. જો (કોઈ) વિજ્ઞાનને બ્રહ્મરૂપથી જાણે છે (અને) જો તેનાથી પ્રમાદ નથી કરતો, નિરંતર તે જ રીતે ચિંતન કરતો રહેછે. (તો) (શરીરાભિમાન જનિત) પાપ સમુદાયને શરીરમાં જ છોડીને સમસ્ત ભોગોનો અનુભવ કરેછે. આ રીતે આ શ્લોક છે, તે વિજ્ઞાનમયનો આ પરમાત્મા જ શરીર આંતર્વર્તી આત્મા છે. જે પહેલાવાળાનો છે.

આનંદમય પરમાત્મા B1

મંત્ર :- तस्माद्वा एतस्मांद्विज्ञानमयादन्योऽनार आत्माऽऽनन्दमयः ।
तेनैष पूर्णः । स वा एष पुरुषविध एव । तस्य पुरुष विधतामन्वय पुरुषविध ।
तस्य प्रियमेव शिरः । मोदो दक्षिण पक्षः । प्रमोदो उत्तरः पक्षः ।
आनन्द आत्मा । ब्रह्म पूच्छं प्रतिष्ठा । तदप्येष श्लोको भवति ।

અર્થ :- નક્કી જ તે પહેલાં કહેલ આ વિજ્ઞાનમય જીવાત્માથી ભિન્ન એની જ અંદર રહેવાવાળો આત્મા આનંદમય પરમાત્મા છે. તેનાથી આ વિજ્ઞાનમય પૂર્ણતઃ વ્યાપ્ત છે. તે આ આનંદમય પરમાત્મા પણ પુરુષના સમાન આકારવાળો જ છે. તે વિજ્ઞાનમયની પુરુષાકારતામાં અનુગત હોવાથી જ આ (આનંદમય પરમાત્મા) પુરુષાકાર કહેવાય છે. તે આનંદમયનો પ્રિય જ (માનો) મસ્તક છે. મોદ જમણી પાંખ છે, પ્રમોદ ડાબી પાંખ

છે, આનંદ જ શરીરનો મધ્ય ભાગ છે, બ્રહ્મ પૂચ્છ (અને) આધાર છે. તેની મહિમાના વિષયમાં પણ આ શ્લોક છે.

બ્રહ્મ બાબતે શ્રદ્ધા - અશ્રદ્ધા C1 K

મંત્ર :- असन्नेव स भवति । असद्‌ब्रह्मेति वेद चेत् ।
अस्ति ब्रह्मेति चेद्‌वेद । सन्तमेनं ततो विदुरिती । બ્રહ્માનંદવલ્લિ અનુવાક-૬

અર્થ :- જો કોઈ બ્રહ્મ નથી એ પ્રકારે સમજે છે તો તે અસત જ થઈ જાય છે. જો બ્રહ્મ છે એ પ્રકારે જાણે છે તો (જ્ઞાનીજન) એને સંતપુરુષ સમજે છે. આ રીતનો આ શ્લોક છે.

અંતર્યામી B1

મંત્ર :- तस्यैष एव शरीर शारीर आत्मा यः पूर्वस्य । બ્રહ્માનંદવલ્લિ અનુવાક-૬

અર્થ :- એનો પણ આ શરીરાન્તર્વર્તિ આત્મા છે જે પહેલાવાળા (વિજ્ઞાનમય)નો છે.

મંત્ર :- अथातोऽनुप्रश्नाः उताविद्धानमुं लोकं प्रेत्य कश्चन गच्छति ३ ।
आहो विद्धानमुं लोकं प्रेत्य कश्चित्समस्नुता ३। બ્રહ્માનંદવલ્લિ અનુવાક-૬

અર્થ :- તે પછી અહીંથી અનુપ્રશ્ન આરંભ થાય છે - શું બ્રહ્મને ન જાણવાવાળો કોઈ પુરુષ મર્યા પછી પરલોકમાં જાય છે કે કોઈ પણ જ્ઞાની મર્યા પછી તે લોકને પ્રાપ્ત કરે છે શું ?

જગત્‌કર્તા પરમાત્મા છે અને જગત્ સત્ય છે. B1 L

મંત્ર :- सोऽकामयत । बहुस्यां प्रजायेति । स तपोऽतप्यत ।
स तपसप्त्वा इदं सर्वमसृजत यदिदं किंच तत्सृष्टवा तदेवानुप्राविशत् ।
तदनुप्रविश्य सच्च त्पच्चाभवेत् । निरुक्तंचानिरुक्तंच । निलयनं चानिलयनं च ।
विज्ञानं वाविज्ञानं च । सत्यं चानृत च सत्यमभवत् । यदियं किंच ।
तत्सत्यमित्याचक्षते । तदप्येष श्लोको भवति । બ્રહ્માનંદવલ્લિ અનુવાક-૬

અર્થ :- એ પરમેશ્વરે વિચાર કર્યો કે હું પ્રકટ થાઉ (અને અનેક નામ-રૂપ ધારણ કરીને બહુ થઈ જાઉ. (તે પછી) તેણે તપ કર્યું અર્થાત પોતાના સંકલ્પનો વિસ્તાર કર્યો. તેણે આ પ્રકારે સંકલ્પનો વિસ્તાર કરીને જે કંઈ પણ આ જોવા સમજવામાં આવે છે આ સમસ્ત જગતની રચના કરી. તે જગતની રચના કર્યા પછી (તે પોતે) તેમાં સાથે સાથે પ્રવિષ્ટ થઈ ગયા. તેની સાથે સાથે પ્રવિષ્ટ થયા પછી (તે પોતે જ) મૂર્ત અને અમૂર્ત પણ થઈ ગયા. બતાવવામાં આવવાવાળો અને ન આવવાવાળો, આશ્રય દેવાવાળો અને આશ્રય ન દેવાવાળો તથા ચેતનામુકત અને જડ પદાર્થ તથા સત્ય અને જૂઠ (આ બધાંના રૂપ) પણ તે સત્યસ્વરૂપ પરમાત્મા જ થઈ ગયા, જે કંઈ પણ આ દેખાઈ રહ્યું છે અને અનુભવમાં આવે છે તે સત્ય જ છે, આ રીતે જ્ઞાનીજન કહે છે. આ વિષયમાં પણ આ શ્લોક છે.

આનંદની ગણના/પરબ્રહ્મનું સર્વોપરિત્વ B1

મંત્ર :- भीषास्माद्वातः पवते । भीषेदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्चय ।
मृत्युर्धावति पद्यम इति । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮

અર્થ :- આના ભયથી પવન ચાલે છે. (આના જ) ભયથી સૂર્ય ઉદય થાય છે. આના જ ભયથી અગ્નિ અને ઈન્દ્ર અને પાંચમા મૃત્યુ (આ બધા) પોત-પોતાના કાર્ય કરવામાં પ્રવૃત્ત થઈ રહ્યા છે.

આનંદની ગણના

B1

मंत्र :- सैषऽऽनन्दस्य मीमांसा भवति । युवा स्यात्साधु युवाध्यायक आशिष्ठो दृढिष्ठो बलिष्ठस्तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् स एको मानुष आनन्दः । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮

અર્થ :- તે આ આનંદ સંબંધિ વિચાર આરંભ થાય છે. કોઈ યુવક હોય (તે પણ જેવો તેવો નહિ) શ્રેષ્ઠ આચરણોવાળો યુવક હોય (તથા) વેદોનું અધ્યયન કરી ચૂકયો હોય, શાસનમાં અત્યંત કુશળ હોય, તેના સંપૂર્ણ અંગ અને ઈન્દ્રિયો સર્વથા દૃઢ હોય (તથા) તે બધી રીતે બળવાન હોય (વળી) તેને આ ધનથી ભરપૂર પૂરેપૂરી ધરતી પ્રાપ્ત થઈ જાય (તો) તે મનુષ્યલોકનો એક આનંદ છે.

**मंत्र :- ते ये शतं मानुषा आनन्दाः । स एको मनुष्यगन्धर्वाणामानन्दः
श्रोत्रियस्य याकाम हतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮**

અર્થ :- તે જે મનુષ્યલોક સંબંધિ એકસો આનંદ છે તે માનવ-ગંધર્વોનો એક આનંદ થાય છે. જેનું અંત:કરણ ભોગોની કામનાઓથી દૂષિત નથી થયું એવા વેદવેત્તા પુરુષનો પણ (તે સ્વાભાવિક આનંદ છે.)

**मंत्र :- ते ये शतं मनुष्यगन्धर्वाणामानन्दाः । स एको देवगन्धर्वाणाम् आनन्दः ।
क्षोत्रियस्य चाकामहतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮**

અર્થ :- તે જે મનુષ્ય ગંધર્વોના એકસો આનંદ છે તે દેવજાતીય ગન્ધર્વોનો એક આનંદ છે. તથા (તે જ) કામનાઓથી અદૂષિત ચિત્તવાળા વેદજ્ઞને પણ સ્વભાવત: પ્રાપ્ત થાય છે.

**मंत्र :- ते ये देवगन्धर्वाणामानन्दाः । स एकः पितृणां चिरलोककामानन्दः ।
श्रोत्रियस्य चाकामहतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮**

અર્થ :- તે પૂર્વોકત જે દેવજાતીય ગંધર્વોના એકસો આનંદ છે તે ચિરસ્થાયી પિતૃલોકને પ્રાપ્ત થયેલ પિતરોનો એક આનંદ છે. અને (તે) ભોગોના પ્રતિ નિષ્કામ વેદજ્ઞ પુરુષોને સ્વત: પ્રાપ્ત થાય છે.

**मंत्र :- ते ये शतं पितृणां चिरलोक लोकानामानन्दाः । स एक आजानजानां देवानामानन्दः ।
क्षोत्रियस्य चा काम हतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮**

અર્થ :- તે જે ચિરસ્થાયી પિતૃલોકને પ્રાપ્ત થયેલ પિતરોનાં એકસો આનંદ છે તે આજાનજ નામના દેવતાઓનો એક આનંદ છે અને (તે આનંદ) તે લોક સુધીના ભોગોમાં કામના રહિત વેદજ્ઞને સ્વભાવત: પ્રાપ્ત થાય છે.

मंत्र :- ते ये शतमाजानजानां देवानामानन्दाः । स एकः कर्म देवाना देवानामानन्दाःये कर्मणा देवानपियन्ति । क्षोत्रियस्य चाकामहतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮

અર્થ :- તે (પૂર્વોકત) જે આજાનજ નામના દેવોના એકસો આનંદ છે તે એ કર્મદેવ નામના દેવતાઓનો એક આનંદ છે. જે વેદોકત કર્મોથી દેવભાવને પ્રાપ્ત થયા છે અને

તે તે લોક સુધીના ભોગોમાં કામના રહિત વેદજ્ઞને તો સ્વતઃ પ્રાપ્ત છે.

મંત્ર :- **ते ये शतनं कामदेवाना देवानामानंदाः । स एको देवानामानन्द क्षोत्रियस्य चाकामहतस्य ।**
અર્થ :- તે (પૂર્વોકત) જે કર્મદેવ નામના દેવતાઓના એકસો આનંદ છે તે દેવતાઓનો એક આનંદ છે અને (તે) તે લોક સુધીના ભોગોમાં કામનારહિત વેદજ્ઞને તો સ્વભાવતઃ પ્રાપ્ત થાય છે.

મંત્ર :- **ते ये शतं देवानामानन्दाः । स एक इन्द्रस्यानंदः । क्षोत्रियस्य चाकामहतस्य ।**
બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮
અર્થ :- તે જે દેવતાઓના એકસો આનંદ છે તે ઈન્દ્રનો એક આનંદ છે અને (તે) ઈન્દ્ર સુધીના ભોગોમાં કામનારહિત વેદજ્ઞને સ્વતઃ પ્રાપ્ત છે.

મંત્ર :- **ते ये शतमिन्द्रस्यानन्दाः । स एक बृहस्पतेरानन्दः । क्षोत्रियस्य चाकामहतस्य ।**
બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮
અર્થ :- તે જે ઈન્દ્રના એકસો આનંદ છે તે બૃહસ્પતિનો એક આનંદ છે અને (તે) બૃહસ્પતિ સુધીના ભોગોમાં નિસ્પૃહ વેદજ્ઞને સ્વતઃ પ્રાપ્ત છે.

મંત્ર :- **ते ये शतं बृहस्पतेरानन्दाः । स एक प्रजापतेरानन्दः क्षोत्रियस्य चाकामहतस्य ।**
બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮
અર્થ :- તે જે બૃહસ્પતિના એકસો આનંદ છે તે પ્રજાપતિનો એક આનંદ છે અને (તે) પ્રજાપતિ સુધીના ભોગોમાં કામનારહિત વેદવેતા પુરુષને સ્વતઃ પ્રાપ્ત છે.

મંત્ર :- **ते ये शतं प्रजापतेनन्दाः । स ऐ ब्रह्मण आनन्दः ।**
क्षोत्रियस्य चाकामहतस्य । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૮
અર્થ :- તે જે પ્રજાપતિના એકસો આનંદ છે તે બ્રહ્માનો એક આનંદ છે. અને (તે) બ્રહ્મલોક સુધીના ભોગોમાં કામનારહિત વેદજ્ઞને સ્વભાવતઃ પ્રાપ્ત છે.

મંત્ર :- **स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः । स य एवंविदस्मान लोकात्प्रेत्य । एतमन्नमयमात्मान मुपसंक्रमति । एतं प्राणमयात्मानमुपसंक्रामति । एतं मनोमयमात्मानमुपसंक्रामति । एतं विज्ञानमयात्मनमुसंक्रामति । एत मानंदमयमात्मानमुपसंक्रामति । तदप्येष श्लोको भवति ।**
અર્થ :- તે (પરમાત્મા) જે આ મનુષ્યમાં અને જે તે સૂર્યમાં પણ છે. તે (બધાંના અંતર્યામી, એક જ છે,જે આ પ્રકારે જાણે છે. તે આ લોકથી વિદાય થઈને આ અન્નમય આત્માને પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રાણમય આત્માને પ્રાપ્ત થાય છે. આ આનંદમય આત્માને પ્રાપ્ત થાય છે. તેના વિષયમાં પણ આ (આગળ કહેતાં) શ્લોક છે.

પરબ્રહ્મનો આનંદ B1

મંત્ર :- **यतोवाचो निवर्तन्ते अप्राप्य मनसा सह**
आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चनेति । બ્રહ્માનંદવલ્લી અનુવાક-૯
અર્થ :- મન સહિત વાણી વગેરે સમસ્ત ઈન્દ્રિયો તેને ન પામીને જયાંથી પાછી ફરે છે તે બ્રહ્મના આનંદને જાણવાવાળો (મહાપુરુષ) કોઈનાથી પણ ભય નથી પામતો. આ

પ્રકારે આ શ્લોક છે.

આનંદ જ બ્રહ્મ છે B1

મંત્ર :- **आनन्दो ब्रह्मेति व्यजानात् । आनन्दाद्धेय स्वल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसंविशन्ति इति । सैषा भार्गवी वारूणी विद्या परमे प्रतिष्ठिता । स य एवं वेद प्रतितिष्ठति । अन्नवानन्नादो भवति । महान् भवति प्रजया पशुभिः ब्रह्मवर्चसेन । महान कीर्त्या ।** ભૃગુવલ્લી અનુવાક-૬

અર્થ :- આનંદ જ બ્રહ્મ છે આ રીતે ચોક્કસ જાણો કેમ કે ખરેખર આનંદથી જ આ સમસ્ત પ્રાણી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થઈને આનંદથી જ જીવે છે. (તથા) આ લોકથી પ્રયાણ કરતાં (આખરે) તે આ ભૃગુની જાણેલી અને વરુણ દ્વારા ઉપદેશ કરેલી વિદ્યા વિશુદ્ધ આકાશ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મામાં પ્રતિષ્ઠિત છે. અર્થાત પૂર્ણતઃ સ્થિત છે. જે કોઈ (બીજો સાધક) પણ આ રીતે (આનંદસ્વરૂપ બ્રહ્મને) જાણે છે તે (એ વિશુદ્ધ આકાશ સ્વરૂપ પરમાનંદમાં) સ્થિત થઈ જાય છે. (એટલું જ નહિ આ લોકમાં ભોગોના દેખવામાં પણ તે) બહુ અન્નવાળો અને અન્નની સારી રીતે પચાવવાની શકિતવાળો થઈ જાય છે. (તથા) સંતાનથી, પશુઓથી (તથા) બ્રહ્મતેજથી સંપન્ન થઈને મહાન થઈ જાય છે. ઉત્તમ કીર્તિ દ્વારા પણ મહાન (થઈ જાય છે.)

શ્વેતાશ્વતરોપનિષદ્

પરબ્રહ્મની શોધ/બ્રહ્મ જિજ્ઞાસા C1

મંત્ર :- **हरि ॐ ब्रह्मवादिनो वदन्ति किं कारणं ब्रह्म कुतः स्म जाता जीवाम केन क्व च सम्प्रतिष्ठाः । अधिष्ठिताः केन सुखेतरेषु वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम् ।।१।।** અધ્યાય-૧

અર્થ :- બ્રહ્મ વિષયક ચર્ચા કરવાવાળા કેટલાક જિજ્ઞાસુ આપસમા કહે છે - હે વેજ્ઞ મહર્ષિઓ ! આ જગતનું મુખ્ય કારણ કોણ છે ? (આપણે લોગો) કોનાથી ઉત્પન્ન થયા છીયે ? કોનાથી જીવી રહ્યા છીએ ? અને કોનામાં આપણી સારી રીતે સ્થિતિ છે) (તથા) કોને આધીન રહીને (આપણે લોગો) સુખ અને દુઃખોમાં ચોક્કસ વ્યવસ્થાનુસાર વર્તી રહ્યા છીએ ।।૧।।

મુકિતનો ઉપાય/પરબ્રહ્મ B1

મંત્ર :- **उद्‌गीतमेतत्परम् तु ब्रह्म तस्मिस्त्रयं सुप्रतिष्ठाक्षरं च ।**
अत्रान्तरं ब्रह्मविदो विदित्वालीना ब्रह्मणि तत्परा योनिमुक्ताः ।।७।। અધ્યાય-૧

અર્થ :- આ વેદવર્ણિત પરબ્રહ્મ જ સર્વશ્રેષ્ઠ આશ્રય અને અવિનાશી છે. તેમાં ત્રણે લોક સ્થિત છે. વેદના તત્ત્વને જાણવાવાળા મહાપુરુષ અહીં (હૃદયમાં) અંતર્યામી રૂપથી સ્થિત તે બ્રહ્મને જાણીને તેમને જ પરાયણ થઈને તે પરબ્રહ્મમાં લીન થઈને સદાને માટે જન્મમૃત્યુથી મુકત થઈ ગયા. ।।૭।।

જીવનું બંધન અને મુકિત/આશ્રયરૂપ પરબ્રહ્મ KF B1

મંત્ર :- **संयुक्तमेतत्क्षरक्षरं च व्यक्ताव्यक्तं भरते विश्वमीशः ।**
अनीशश्चात्मा बध्यते भोक्तृभावाज्ज्ञात्वा देवं मुच्यते सर्व पाशैः ।।८।। અધ્યાય-૧

અર્થ :- વિનાશશીલ જડવર્ગ અને અવિનાશી જીવાત્મા (આ બન્નેનુ) સંયુકતરૂપ વ્યકત અને અવ્યકત રૂપ આ વિશ્વના પરમેશ્વર જ ધારણ અને પોષણ કરે છે તથા જીવાત્મા આ જગતના વિષયોના ભોકતા બની રહેવાને કારણે પ્રકૃતિને અધીન થઈને તેમાં બંધાઈ જાય છે (અને) તે પરમદેવ પરમેશ્વરને જાણીને બધા પ્રકારના બંધનોથી મુકત થઈ જાય છે. ||૮||

જીવ જગત અને જગદીશ (શાસ્ત્રાર્થ પ્રકરણ) L B1

મંત્ર :- ज्ञाज्ञौ द्वावजावीशनीशावजा ह्येका भोक्तृभोग्यार्थ युक्ता ।

अनन्तश्चात्मा विश्वरूपो ह्यकर्ता त्रयंयदा विन्दते ब्रह्ममेतत् ।।९।। અધ્યાય-૧

અર્થ :- સર્વજ્ઞ અને અજ્ઞાની, સર્વસમર્થ અને અસમર્થ એ બન્ને અજન્મા આત્મા છે (તથા) ભોગવવાવાળા જીવાત્માને માટે યોગ્ય ભોગ્ય સામગ્રીથી યુકત તથા અનાદિ પ્રકૃતિ એક ત્રીજી શકિત છે. (આ ત્રણેમાં જે ઈશ્વર તત્ત્વ છે, તે બાકીના બેથી વિલક્ષણ છે) કેમ કે તે પરમાત્મા અનંત, સંપૂર્ણ રૂપોવાળા અને કર્તાપણાના અભિમાનથી રહિત છે. જયારે મનુષ્ય (આ રીતે) ઈશ્વર, જીવ અને પ્રકૃતિ આ ત્રણેને બ્રહ્મરૂપમાં પ્રાપ્ત કરી લે છે. (ત્યારે તે બધા પ્રકારના બંધનોથી મુકત થઈ જાય છે. ||૯||

પૂર્ણકામ થવાની પ્રક્રિયા C2

મંત્ર :- सात्वादेवं सर्वणाशापहानिः क्षीणैः कलेशैर्जन्ममृत्युप्रहणिः

तस्याभिध्यानात्तृतीयं देहभेदे विश्वैश्वर्यं केवल आप्तकामः ।।११।। અધ્યાય-૧

અર્થ :- તે પરમદેવનું નિરંતર ધ્યાન કરવાથી, તે પ્રકાશમય પરમાત્માને જાણી લેવાથી સમસ્ત બંધનોનો નાશ થઈ જાય છે. (કેમ કે) કલેશોનો નાશ થઈ જવાના કારણે જન્મ મૃત્યુનો સર્વથા અભાવ થઈ જાય છે (તેથી તે) શરીરનો નાશ થતાં ત્રીજા લોક (સ્વર્ગ) સુધીના સમસ્ત ઐશ્વર્યનો ત્યાગ કરીને સર્વથા વિશુદ્ધ પૂર્ણકામ થઈ જાય છે.

જાણવા લાયક તત્ત્વ બ્રહ્મ C1B1

મંત્ર :- एतज्सेयं नित्यमेवात्मसंस्थं नातः परं वेदितव्यं हि निंचित ।

भोक्ता भोग्यं प्रेरितारंच मत्वा सर्व प्रोक्तं त्रिविधं ब्रह्ममेतत् ।।१२।। અધ્યાય-૧

અર્થ :- પોતાની જ અંદર રહેલ આ બ્રહ્મને જ સર્વદા જાણવો જોઈએ કેમ કે તેનાથી વિશેષ જાણવા યોગ્ય તત્ત્વ બીજું કાંઈ પણ નથી. ભોકતા તેનાથી વિશેષ જાણવા યોગ્ય તત્ત્વ બીજું કાંઈ પણ નથી. ભોકતા (જીવાત્મા), ભોગ્ય (જડવર્ગ) અને તેમના પ્રેરક પરમેશ્વર (આ ત્રણેને) જાણીને (મનુષ્ય) સર્વ કંઈ (જાણી લે છે) (આ રીતે) આ ત્રણ ભેદોમાં બતાવેલ જ બ્રહ્મ છે.

ૐકારના ધ્યાનથી પરમાત્મપ્રાપ્તિ C1

મંત્ર :- वन्हेर्यथा योनिगतस्य मूर्तिने दृश्यते नैव च लिङगनाशः ।

सभूय एवेन्धनयोनिगृह्यस्तद्वोभयं वै प्राणवेन देहे ।।१३।। અધ્યાય-૧

અર્થ :- જેમ યોનિ અર્થાત આશ્રયભૂત કાષ્ઠમાં સ્થિત અગ્નિનું રૂપ નથી દેખાતું અને તેના ચિહ્નનો (સત્તાનો) નાશ પણ નથી હોતો (કેમ કે) તે ચેષ્ટા કરવાથી અવશ્ય જ

ઈંધનરૂપ પોતાની યોનિમાં ગ્રહણ કરી શકાય છે. તેજ રીતે તે બન્ને (જીવાત્મા અને પરમાત્મા) શરીરમાં જ ૐકારના દ્વારા (સાધન કરવાથી) (ગ્રહણ કરી શકાય છે.) અધ્યાય-૧ ।।૧૩।।

न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः महानुभावा प्रायेण शास्त्रं शुद्धत्व हेतवे ॥१९॥ B1

મંત્ર :- पृथ्व्यप्तेजोऽनिलरवे समुत्थिते पंचात्मके येणगुणे प्रवृत्ते । અધ્યાય-૨ શ્લોક-૧૨

અર્થ :- પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતોના સમ્યક્ પ્રકારથી ઉત્થાન થવા પર (તથા) તેનાથી સંબંધે રાખનારા પાંચ પ્રકારના યોગસંબંધિ ગુણોની સિદ્ધ થઈ જવા પછી યોગાગ્નિમય શરીરને પ્રાપ્ત કરી લેનાર સાધકને ન રોગ થાય છે ન વૃદ્ધત્વ આવે છે અને ન તેનું મૃત્યુ થાય છે. ।।૧૨।।

મુકિતનો ઉપાય/પરબ્રહ્મનું સામર્થ્ય F B1

મંત્ર :- य एको जालवानीशत इशनीभिः सर्वांलोकानीशत इशनीभिः
च एवैक अभ्दवे सम्भवे चय एतद्विदुरमृतास्ते भवन्ति ॥१॥ અધ્યાય-3

અર્થ :- જે એક જગતરૂપ જાલના અધિપતિ પોતાની સ્વરૂપ ભૂત શાસનશકિતઓ દ્વારા શાસન કરે છે, તે વિવિધ શાસન-શકિતના દ્વારા સંપૂર્ણ લોકો પર શાસન કરે છે (તથા) જે એકલો જ સૃષ્ટિ અને એના વિસ્તારમાં (સર્વથા સમર્થ છે). આ બ્રહ્મને જે મહાપુરુષ જાણી લે છે તે અમર થઈ જાય છે.

પૂર્ણપુરુષોત્તમનું શ્રેષ્ઠત્વ B1

મંત્ર :- यस्मात्परं नापरमास्ति किश्चिद्यस्मान्नाणीयो न जायोऽस्ति कश्चित्
वृक्षइव स्तब्धोदिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ॥९॥ અધ્યાય-3

અર્થ :- જેનાથી શ્રેષ્ઠ બીજુ કંઈ પણ નથી. જેનાથી વધારે કોઈ પણ ન તો અધિક સૂક્ષ્મ અને ન મહાન પણ છે. (જે) એકલો જ વૃક્ષની જેમ નિશ્ચલભાવથી પ્રકાશમય આકાશમાં સ્થિત છે તે પરમપુરુષ પુરુષોત્તમથી આ સંપૂર્ણ જગત પરિપૂર્ણ છે ।।૯।।

વિરુદ્ધધર્માશ્રય પરબ્રહ્મ-પરમેશ્વર B1

મંત્ર :- सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रापात् ।
स भूमिं विश्वतो वृत्वात्यतिष्ठ द्दर्शाङ गुलम् ॥१४॥ અધ્યાય-3

અર્થ :- તે પરમ પુરુષ પરમેશ્વરને હજારો માથા, હજારો આંખ અને હજારો ચરણ છે. સર્વ અવયવોથી રહિત હોવા છતાં પણ તેમના મસ્તક આંખો અને પગ અનન્ત અને અસંખ્ય છે. તે સર્વશકિતમાન્ પરમેશ્વર સમસ્ત જગતને બધી બાજુથી ઘેરીને સર્વત્ર વ્યાપ્ત થઈને જ નાભિથી દશ આંગળ ઉપર હૃદયાકાશમાં સ્થિત છે. તે સર્વવ્યાપી અને મહાન હોવા છતાં પણ હૃદયરૂપ એકદેશમાં રહેલ છે. તે અનેક વિરૂદ્ધ ધર્મોના આશ્રય છે. ।।૧૪।।

પરબ્રહ્મ જ જગદ્રૂપ બન્યા છે તેથી જગત સત્ય છે B1

મંત્ર :- पुरुष एवेदं सर्व यद्भूतं यच्च भव्यं ।
उतामृतत्वस्पेशानो यदबन्नेनातिरोहति ॥१५॥ અધ્યાય-3

અર્થ :- જે આ પહેલાં થઈ ચૂકયો છે, જે ભવિષ્યમાં થનારો છે અને જે ખોરાકથી આ સમયમાં વધી રહ્યો છે. આ સમસ્ત જગત પરમપુરુષ પરમાત્મા જ છે. અને (તે જ) અમૃતરૂપ મોક્ષનો સ્વામી છે.

સર્વના આશ્રય B1

મંત્ર :- **सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रिय विवर्जितम् ॥**
सर्वस्य प्रभुमीशानं सर्वस्व शरणं बृहत् ॥१७॥ અધ્યાય-3

અર્થ :- (જે પરમપુરુષ પરમાત્મા) સમસ્ત ઈન્દ્રિયોથી રહિત હોવા છતાં પણ ઈન્દ્રિયોના વિષયોને જાણે છે (તથા) બધાંના સ્વામી, બધાંના શાસક અને બધાંથી મોટા આશ્રય છે. (તેમની શરણમાં જવું જોઈએ) ॥૧૭॥

સૃષ્ટિ ભગવાનની લીલા છે B2

મંત્ર :- **नवद्वारे पुरे देही हंसो लेलायते बहिः ।**
वशी सर्वस्य लोकस्य स्थावरस्य चरष्य च ॥१८॥ અધ્યાય-3

અર્થ :- સંપૂર્ણ સ્થાવર અને જંગમ - જગતને વશમાં રાખનાર તે પ્રકાશમય પરમેશ્વર નવદ્વારવાળા શરીરરૂપી નગરમાં અંતર્યામીરૂપથી હૃદયમાં સ્થિત દેહી છે (તથા તે જ) બાહ્ય જગતમાં પણ લીલા કરી રહ્યા છે. ॥૧૮॥

પરબ્રહ્મ વિરુદ્ધધર્માશ્રયી છે B1

મંત્ર :- **अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स गुणोत्यकर्णः ।**
स वेति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्रयं पुरुषं महान्तम् ॥१९॥ અધ્યાય-3

અર્થ :- તે પરમાત્મા હાથ-પગ રહિત હોવા છતાં પણ સમસ્ત વસ્તુઓને ગ્રહણ કરનારા (તથા) વેગપૂર્વક સર્વત્ર જનારા છે. આંખો વગર જ તે સર્વકાંઈ જૂએ છે, કાનો વગર જ સર્વકંઈ સાંભળે છે, જાણવામાં આવનારી જે કંઈ પણ વસ્તુને તે જાણે છે અને તેને જાણનારો (કોઈ) નથી. (જ્ઞાનીપુરુષ) તેને મહાન આદિપુરુષ કહે છે.

પરમાત્માનું સ્વરૂપ સ્થાન B1

મંત્ર :- **अणोरणीयान्महतो महीयानात्मा गुहायां निहितोऽस्य जन्तोः**
तमक्रतुं पश्यति वीतशोको धातुः प्रासादान्महिमानमीशम् ॥२०॥ અધ્યાય-3

અર્થ :- સૂક્ષ્મથી પણ અતી સૂક્ષ્મ (તથા) મોટાથી પણ મોટા પરમાત્મા આજીવની હૃદયરૂપ ગુફામાં છૂપાઈને રહ્યા છે. બધાંની રચના કરનારા પરમેશ્વરની કૃપાથી (જે મનુષ્ય) તે સંકલ્પરહિત પરમેશ્વરને (અને) તેની મહિમાને દેખી લે છે. (તે) બધા પ્રકારના દુ:ખોથી રહિત (થઈ જાય છે) ॥૨૦॥

જીવાત્મા અને પરમાત્મામાં ભેદ G B1

મંત્ર :- **द्वा सुवर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।**
तदोरन्यः पिप्पलं स्वाद्वत्यनश्रन्नन्यो अभियाकशीति ॥६॥ અધ્યાય-૪

અર્થ :- સદા સાથે રહેવાવાળા (તથા) પરસ્પર સખ્યભાવ રાખવાવાળા બે પક્ષી (જીવાત્મા અને પરમાત્મા) એક જ વૃક્ષ (શરીર)નો આશ્રય લઈને રહે છે. તે બન્નેમાંથી

એક (જીવાત્મા) તો તે વૃક્ષના ફળો (કર્મ ફળો)નો સ્વાદ લઈને ખાય છે (પરંતુ) બીજા (ઈશ્વર) તેનો ઉપભોગ ન કરતાં માત્ર દેખતો રહે છે. (૬)

જીવાત્મા અને પરમાત્મામાં ભેદ G B1

મંત્ર :- **समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।**
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वितशोकः ॥७॥ અધ્યાય-૪

અર્થ :- પૂર્વોકત શરીરરૂપ એક જ વૃક્ષ પર રહેનાર જીવાત્મા ગાઢ આસકિતમાં ડૂબેલો છે. (તેથી) અસમર્થ હોવાના કારણે (દીનતાપૂર્વક) મોહિત થઈને શોક કરતો રહે છે. જયારે (આ ભગવાનની અહૈતુકી દયાથી) ભકતો દ્વારા નિત્ય સેવીત પોતાનાથી ભિન્ન પરમેશ્વરને (અને) તેની આશ્ચર્યમયી મહિમાને પ્રત્યક્ષ જોઈ લે છે ત્યારે સર્વથા શોકરહિત (થઈ જાય છે). ॥૭॥

પરમેશ્વર માયાપતિ છે B1

મંત્ર :- **मायां तु प्रकृति विद्यान्मायिनं तु महेश्वरम् ।**
तस्यावयवभूतैस्तु व्याप्तं सर्वमिदम् जगत् ॥१०॥ અધ્યાય-૪

અર્થ :- માયા તો પ્રકૃતિને સમજવી જોઈએ અને માયાપતિ મહેશ્વરને સમજવા જોઈએ. તેમના જ અંગભૂત કારણ કાર્ય સમુદાયથી આ સંપૂર્ણ જગત વ્યાપ્ત થઈ રહ્યું છે. ॥૧૦॥

સર્વના કારણરૂપ પરમેશ્વર B1

મંત્ર :- **यो योनिं योनिमधितिष्ठत्येको यस्मिनिदं सचविचैति सर्वम् ।**
तमीशानं वरदं देवमीऽयं निचाप्येमां शान्तिमत्यन्तमेति ॥११॥

અર્થ :- જે એકલો જ પ્રત્યેક યોનિનો અધિષ્ઠતા થઈ રહ્યો છે, જેમાં આ સમસ્ત જગત પ્રલયકાળમાં વિલીન થઈ જાય છે અને સૃષ્ટિકાળમાં વિવિધ રૂપોમાં પ્રકટ પણ થઈ જાય છે. તે સર્વ નિયંતા વરદાયક સ્તુતિ કરવા યોગ્ય પરમદેવ પરમેશ્વરના તત્વને જાણીને (મનુષ્ય) નિરંતર બની રહેનારી આ (મુકિતરૂપ) પરમશાંતિને પ્રાપ્ત થઈ જાય છે. ॥૧૧॥

જીવનું પરિમાણ G

મંત્ર :- **बालाग्रशतभाग्यस्य शतधा कल्णितस्य च ।**
भागोजीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते ॥९॥ અધ્યાય-૫

અર્થ :- વાળના છેડાની ટોચના સોમા ભાગના પાછા સો ભાગોમાં કલ્પના કરવામાં આવે, જે એક ભાગ હોય છે તે (તેના બરાબર) જીવનું સ્વરૂપ સમજવું જોઈએ અને તે અસીમ ભાવવાળો થવામાં સમર્થ છે. ॥૯॥

જીવાત્માના બંધનનું કારણ અહંતા/મમતા K

મંત્ર :- **स्थलानि सूक्ष्माणि बहुनि चैव रूपाणि देही स्वगुणैवृणोति ।**
क्रियागुणैरात्म गुणैश्च तषां संयोग हेतुरपरोऽपि दृष्टः ॥१२॥ અધ્યાય-૫

અર્થ :- જીવાત્મા પોતાના કર્મોના (સંસ્કારરૂપ) ગુણોથી તથા શરીરના ગુણોથી (યુકત હોવાના કારણે) અહંતા-મમતા વગેરે પોતાના ગુણોથી વશીભૂત થઈને સ્થૂલ અને સૂક્ષ્મ ઘણા બધા રૂપો (આકૃતિઓ-શરીરો)નો સ્વીકાર કરે છે તેના સંયોગના કારણે બીજા

પણ જોવામાં આવ્યા છે. ॥૧૨॥

મંત્ર :- **अनाद्यनन्तं कलिलस्य मध्ये विश्वस्य स्रष्टारमनेकरूपम ।**
विश्वस्यैकं परिवेष्टितारं ज्ञात्वादेवं मुच्यते सर्वपाशैः ॥१३॥ અધ્યાય-૫
અર્થ :- (કલિલ) દુર્ગમ સંસારની અંદર વ્યાપ્ત, આદિ-અંતથી રહિત સમસ્ત જગતની રચના કરવાવાળા, અનેકરૂપધારી (તથા) સમસ્ત જગતને બધી બાજુથી ઘેરેલા, એક (અદ્વિતીય) પરમદેવ પરમેશ્વરને જાણીને (મનુષ્ય) સમસ્ત બંધનોથી સર્વથામુકત થઈ જાય છે. ॥૧૩॥

જગતનું કારણ ભગવાનની લીલા છે. B2

મંત્ર :- **स्वभावमेके क्वयो वदन्ति कालं तथान्ये परिमुग्धमानाः ।**
देवस्यैष महिमा तु लोके यनेदं भ्राम्यते ब्रह्मचक्रम् ॥१॥ અધ્યાય-૬
અર્થ :- કેટલાય બુદ્ધિમાન લોગ સ્વભાવને જગતનું કારણ બતાવે છે. તે જ રીતે કોઈ બીજા લોગો કાલને જગતનું કારણ બતાવે છે. (વાસ્તવમાં) આ લોગ મોહગ્રસ્ત છે. (તેથી વાસ્તવિક કારણને નથી જાણતા). વાસ્તવમાં તો પરમદેવ પરમેશ્વરની સમસ્ત જગતમાં ફેલાયેલ મહિમા છે જેના દ્વારા આ બ્રહ્મચક્ર ફેરવ્યા કરે છે. ॥૧॥

જગતની રચનાનો પ્રકાર G

મંત્ર :- **तत्वर्भत्कृत्वा विनिवर्त्य भूयस्तत्त्वस्य तत्त्वेन समेत्य योगम् ।**
एकेनद्वाभ्यां त्रिभिरष्टभिर्वा कालेन वेवात्मगुणैश्च सुक्ष्मैः ॥३॥ અધ્યાય-૬
અર્થ :- પરમાત્માએ જ તે (જડતત્ત્વોની રચનારૂપ) કર્મને કરીને, એનું નિરીક્ષણ કરીને પછી ચેતન તત્ત્વનો જડતત્ત્વથી જોડાણ કરાવીને અથવા એમ સમજો કે એક(અવિદ્યા)થી બે (પુણ્ય પાપરૂપ કર્મો)થી ત્રણ ગુણોથી અને આઠ પ્રકૃતિઓની સાથે તથા કાલની સાથે અને આત્મા સંબંધિ સૂક્ષ્મગુણોની સાથે (પણ) (આ જીવનો સંબંધ કરાવીને) (આ જગતની રચના કરી છે.)

સમર્પણથી જ મુકિત E1 F

મંત્ર :- **आरभ्य कर्माणि गुणान्वितानि भावांश्च सर्वान्विनियोजयेद्यः ।**
तेषामभावे कृत वर्षानाशः कर्मक्षये याति स तत्त्वतोऽन्यः ॥४॥ અધ્યાય-૬
અર્થ :- જો સાધક સત્ત્વાદિ ગુણોથી વ્યાપ્ત કર્મોનો આરંભ કરીને (તેમને) તથા સમસ્ત ભાવોને પરમાત્મામાં લગાવી દે છે, તેમનું સમર્પણ કરી દે છે (તેના આ સમર્પણથી) તે કર્મોનો અભાવ થઈ જવાથી (તે સાધકના) પૂર્વસંચિત કર્મ સમુદાયોનો પણ સર્વથા નાશ થઈ જાય છે. (આ રીતે) કર્મોનો નાશ થઈ જવાથી તે સાધક પરમાત્માને પ્રાપ્ત થઈ જાય છે. (કેમ કે તે જીવાત્મા) વાસ્તવમાં સમસ્ત જડ સમુદાયથી ભિન્ન (ચેતન) છે.

પરમેશ્વરનું સ્વરૂપ B1

મંત્ર :- **न तस्य कश्चित्पतिरस्ति लोके नचेशिता नैव च तस्य लिंगम् ।**
सकारणं करणाधिपाधिपो न चास्य कश्चिकाज्जनिता न चाधिपः ॥९॥ અધ્યાય-૬
અર્થ :- જગતમાં કોઈ પણ તે પરમાત્માનો સ્વામી નથી, તેનો શાસક પણ નથી અને

તેનું ચિહ્ન વિશેષ પણ નથી. તે બધાંનું કારણ (તથા) સમસ્ત કારણોના અધિષ્ઠાતાઓના પણ અધિપતિ છે. કોઈ પણ ન તો એનો જનક છે અને ન સ્વામી પણ છે.

સર્વનું સામર્થ્ય પરમેશ્વરના કારણે છે B1

મંત્ર :- न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।।१४।। અધ્યાય-૬

અર્થ :- ત્યાં ન તો સૂર્ય પ્રકાશ ફેલાવી શકે છે, ન ચંદ્રમા અને તારાગણના સમુદાય પણ (અને) ન આ વિજળીઓ પણ ત્યાં પ્રકાશિત થઈ શકે છે. (પછી) આ લૌકિક અગ્નિ તો કેવી રીતે પ્રકાશિત થઈ શકે છે ! (કેમ કે) તેના પ્રકાશિત થવાથી જ (તેના જ પ્રકાશથી) બતાવેલા સૂર્ય વગેરે બધાં તેની પાછળ પ્રકાશિત થાય છે. તેના પ્રકાશથી આ સંપૂર્ણ જગત પ્રકાશિત થાય છે. ।।૪।।

પરમેશ્વરની શરણાગતિ B1 D3

મંત્ર :- यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्व प्रहिणोति तस्मैं ।
तं ह देवमात्मबुद्धि प्रकाशं मुमक्षुर्वै शरणंमहं प्रपद्ये ।।१८।। અધ્યાય-૬

અર્થ :- જે પરમેશ્વર નિશ્ચય જ સૌથી પહેલાં બ્રહ્માને ઉત્પન્ન કરે છે. તે પરમાત્મા જ્ઞાન વિષયક બુદ્ધિને પ્રકટ કરનારા પ્રસિદ્ધ દેવ પરમેશ્વરને હું મોક્ષની ઈચ્છાવાળો સાધક શરણરૂપમાં ગ્રહણ કરુ છું. ।।૧૮।।

પરમાત્માનું સ્વરૂપ/જીવનમુકિતનો પ્રકાર B1 F2

મંત્ર :- न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा हृदिस्थं मनसा नएनमेवं विदुरमृतास्ते भवन्ति ।।२०।। અધ્યાય-૪

અર્થ :- આ પરબ્રહ્મ પરમાત્માનું સ્વરૂપ દૃષ્ટિની સામે રોકાતું નથી. આ પરમાત્માને કોઈ પણ આંખોથી દેખી નથી શકતું. જે સાધકગણ આ હૃદયમાં સ્થિત અંતર્યામી પરમેશ્વરને ભકિતયુકત હૃદયથી (તથા) નિર્મળ મન દ્વારા આ રીતે જાણી લે છે તે અમૃતસ્વરૂપ (અમર) થઈ જાય છે.

પરમાત્માનું સ્વરૂપ/અપર જીવાત્માનું સ્વરૂપ B1 G

મંત્ર :- अङ्गुष्ठमात्रो रवितुल्यरूप सङ्कल्पाहंकारसमन्वितो यः ।
बुद्धेर्गुणेनात्मगुणेन चैव आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः ।।८।। અધ્યાય-૫

અર્થ :- જે અંગુષ્ઠ માત્ર પરિમાણવાળો, સૂર્યના સમાન પ્રકાશ સ્વરૂપ (તથા) સંકલ્પ અને અહંકારથી યુકત છે, બુદ્ધિના ગુણોના કારણે અને પોતાના ગુણોને કારણે જ આરાની ધારના (છેડાના) જેવા સૂક્ષ્મ આકારવાળો છે. એવો અપર (અર્થાત પરમાત્માથી ભિન્ન જીવાત્મા) પણ નિ:સંદેહ (આવો) જોવામાં આવેલ છે. ।।૮।।

પરમેશ્વરનો મહિમા B1

મંત્ર :- न तस्य कार्यं कारणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते
परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ।।८।। અધ્યાય-૬

અર્થ :- એમને (શરીરરૂપ) કાર્ય અને અંત:કરણ તથા ઈન્દ્રિયરૂપ કરણ નથી હોતા,

એમનાથી મોટા અને તેમની સમાન પણ (બીજો) નથી દેખાતો તથા આ પરમેશ્વરની જ્ઞાન બળ અને ક્રિયારૂપ સ્વાભાવિક દિવ્ય શકિત વિવિધ પ્રકારની સાંભળવામાં આવે છે ।।૮।।

દિવ્યશકિતયુકત પરમેશ્વર B1

મંત્ર :- **यस्तन्तुनाभ इव तन्तुभिः प्रधानजैः स्वभावतो देव एकः स्वमावृणात्**
स नो दधात् ब्रह्माप्ययम् ।।१०।। અધ્યાય-૬

અર્થ :- તંતુઓ દ્વારા કરોળીયાની જેમ જે એક દેવ (પરમાત્મા) એ પોતાના સ્વરૂપભૂત મુખ્ય શકિતથી ઉત્પન્ન અનંત કાર્યો દ્વારા સ્વભાવથી જ પોતાનો આચ્છાદિત કરી રાખ્યા છે તે પરમેશ્વર આપણને પોતાના પરબ્રહ્મ રૂપમાં આશ્રય આપે. ।।૧૦।।

પરબ્રહ્મ પરમાત્માને જાણવાથી મુકિત F1

મંત્ર :- **एको हंसो भुवनस्यास्य मध्ये स एवाग्निः सलिले संनिर्विष्टः ।**
तमेव विदित्वाति मृत्युमेति नान्य पन्था विद्यतेऽयनाय ।।१५।। અધ્યાય-૬

અર્થ :- આ બ્રહ્માંડની મધ્યમાં એક પ્રકાશ સ્વરૂપ પરમાત્મા (પરિપૂર્ણ છે) તેજ જલમાં સ્થિત અગ્નિ છે તેને જાણીને જ (મનુષ્ય) મૃત્યુરૂપ સંસાર સમુદ્રથી સર્વથા પાર થઈ જાય છે. દિવ્ય પરમધામની પ્રાપ્તિ માટે બીજો માર્ગ છે નહિ. ।।૧૫।।

પ્રમાણ વચનોનું વિભાગીકરણ

શ્રીમદ્ ભાગવતમાં પ્રમાણ સંબંધિ વચનો

પ્રમાણ	ભાગવત	A1
ભાગવત ભયહારક	માહાત્મ્ય પદ્મપુરાણ	1/11-12
હરિકથાની ઉત્તમતા	માહાત્મ્ય પદ્મપુરાણ	1/14
ભાગવતની વેદથી ય ઉત્તમતા	માહાત્મ્ય પદ્મપુરાણ	2/67-71
ભાગવતનું સદા કથા શ્રવણ	માહાત્મ્ય પદ્મપુરાણ	3/25-29, 37, 45
ભાગવત ભગવદાત્મક	માહાત્મ્ય પદ્મપુરાણ	3/71
ભાગવતકથા કોની પાસે કરાવવી	માહાત્મ્ય પદ્મપુરાણ	6/20-21
વેદનું ગલિત અમૃતરસ ફળ	માહાત્મ્ય પદ્મપુરાણ	6/80
ભાગવત અને ભગવાનમાં સામ્યતા	માહાત્મ્ય સ્કન્દ પુરાણ	4/3
શ્રીભાગવતનું ફળ	માહાત્મ્ય સ્કન્દ પુરાણ	4/48
શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ	શ્રીમદ્ ભાગવત પુરાણ	1-1-2
ભાગવતની રસાત્મકતા		1-1-3
કૃષ્ણભકિત કરાવનાર ભાગવત સંહિતા		1/7/6-7
ભાગવતની વેદતુલ્યતા		2-8-28
ભાગવતમાં ભગવાનની દશવિધ લીલા		2-10-1
ભાગવત		3-4-13
ભકિતશાસ્ત્રને અનુસરવું		8-6-9
ભાગવતનો પ્રતિપાદ્ય વિષય		12-13-12
ભાગવતમાં દુર્લભતા		12-13-15
ભાગવતની વિશિષ્ટતા		12-13-18
ભાગવત તત્વજ્ઞાન પ્રકાશક		12-13-19
ભાગવતજીની વેદતુલ્યતા		11-14-3

વેદ ગીતા પુરાણાદિ A2

તત્ત્વ જિજ્ઞાસા	1-1-2
વેદનો સાર-ભગવાનમાં પ્રીતિ	2-2-3
પુરાણ - સ્ત્રી શૂદ્રો પ્રતિ ઉપકારક	3-12-3
શાસ્ત્રો જ પ્રમાણ	4-1-57
વેદમાર્ગની ઉત્તમતા	4-2-32
વેદ ભગવાનની જ લીલા ગાય છે	4-30-22
ઓમકાર બીજ	12-6-41
શ્રુતિગીતા ભગવાનનું જ લીલાગાન છે	10-87-12

ઉપનિષદ્ A2

	મુંડક	ખંડ	શ્લોક
અપરાવિદ્યા અને પરાવિદ્યા	1	1	5

પ્રમેય ભાગવતમાં પરબ્રહ્મ - પરમાત્મા અક્ષરબ્રહ્મ	B1
પરબ્રહ્મનું સ્વરૂપ	1-1-1
બ્રહ્મ-પરમાત્મા ભગવાન એક જ તત્ત્વ	1-2-11
ભગવાનની બહુરૂપતા	1-13-43
પોતે જ એકમાંથી અનેક થયા	2-5-21
તે એક અનેક થયા	2-5-35
પૂજય-પૂજન સામગ્રીમાં અભેદ	2-6-27
સર્વ કંઈ ભગવાન જ બન્યા છે	2-6-32
પરબ્રહ્મનું સ્વરૂપ	2/7/47-48
બ્રહ્મ - સર્વકાલિક	2-9-32
બ્રહ્મ - અન્વય વ્યતિરેક	2-9-35
બ્રહ્મ અને જગત	2-9-36
નિરોધ - બ્રહ્મની મુકિત લીલા	2-10-6
આશ્રય - બ્રહ્મલીલા અનુસંધાનમાં	2-10-7
આદિપુરુષ સર્વત્ર અને સર્વમાં છે	3-7-21
ભગવન્માહાત્મ્ય	3-11-41
બ્રહ્મ જગતનું ઉપાદાન - નિમિત્ત કારણ છે	3-21-19
અનંત ભગવાનનું સ્વરૂપ	3-22-20
ભગવાન જ સર્વ કંઈ બન્યા છે	3/30/21-22
બ્રહ્મનું સ્વરૂપ	3-33-3
વ્યકિતને નહિ પરમાત્માને નમસ્કાર	4-3-22
શુદ્ધ અંતઃકરણમાં વાસુદેવ બિરાજે છે	4-3-23
પરબ્રહ્મનું સ્વરૂપ લક્ષણ	4-4-11
સર્વનું ઉપાદાનકારણ	4-9-7
અકર્તા ભગવાન જગત કર્તા	4-11-18
ભગવાન પોતાની માયાથી સૃષ્ટિ કરે છે છતાં કર્તાપણાનો અભાવ	4/11/25-26
આત્મા પ્રિય છે માટે દેહ પ્રિય છે	4-22-32
સાકાર - નિરાકાર બ્રહ્મ	4-24-62
અદ્વૈત લીલાર્થ દ્વૈત થાય છે	4-30-23
નિર્ગુણ પરમાત્મા	4-31-17
પરબ્રહ્મ - પરમાત્મા - ભગવાન	5-7-14
પરમાત્મા - ભગવાન	5-11-13
અંતર્યામી	6--4-13
પરબ્રહ્મનું સ્વરૂપ	6-4-23
પરબ્રહ્મનું સ્વરૂપ	6-4-29
તત્ત્વો બ્રહ્મને આધીન	6-12-11

પ્રમેય ભાગવતમાં પરબ્રહ્મ - પરમાત્મા અક્ષરબ્રહ્મ	**B1**
સર્વ ભગવાનને આધીન	6-12-12
પરબ્રહ્મ ઈશ્વર પણ છે	6-16-10 : 11
પરમાત્મારૂપ ભગવાન	6-16-19
દુર્ગમ્ય પરબ્રહ્મ	6-16-21
કાર્યકારણ - કૃતિરૂપ પરબ્રહ્મ	6-16-22
ઈશ્વરની જ સર્વત્ર સત્તા	6-16-24
સર્વ પ્રભુના અંશ છે	6-16-35
પરમાત્માને પોતાનો અંશ આત્મા પ્રિય છે	6-17-33
ત્રિગુણાત્મક સૃષ્ટિ પોતાને માટે ભગવાન કરે છે	7-1-10
ત્રિગુણાત્મક સૃષ્ટિકાલને આધીન છે	7-1-11
કાલ ભગવાનના પરમાત્મા દેહમાં રહેવા છતાં નિર્લેપ છે	7-2-43
પરમાત્મા	8-1-9
પરબ્રહ્મ	8-1-12
પરબ્રહ્મ	8-1-13
પરબ્રહ્મ	8-3-3
પરબ્રહ્મ	8-3-4
પરબ્રહ્મ	8-3-8
પરબ્રહ્મ	10-3-13
બ્રહ્મ જગત ઉત્પન્ન કરી તેમાં પ્રવેશતા દેખાય માત્ર છે	10-3-14
બ્રહ્મની વિરુદ્ધધર્માશ્રયતા	10-3-19
બ્રહ્મના સ્વરૂપનાં વિશેષણો	10-3-24
બ્રહ્મ શેષ છે	10-3-25
પરમાત્મા પ્રિય હોવાના કારણે આત્મા પ્રિય લાગે છે	10-13-26
આત્મા એથી પ્રિય છે કેમકે પરમાત્મા પ્રિય છે	10-14-50
પ્રભુ સર્વાત્મા હોવાથી સર્વને પ્રિય છે	10-29-32
પરબ્રહ્મ પોતે પોતાની સાથે લીલા કરે છે	10-33-17
આત્મારામની આત્મક્રીડા	10-33-20
ભગવાનનું પરમાત્ત્વ	10-37-12
ભગવાનની સર્ગલીલા	10-48-19
બ્રહ્મ સ્વરૂપ શ્રીકૃષ્ણ	10-57-15
ભગવાન જ સર્વ કારણોના કારણ છે	10-59-30
બ્રહ્મ સર્વવ્યાપી નિર્વિકારી છે	10-63-34

ભાગવતમાં પ્રમેય - પરબ્રહ્મ - પરમાત્મા અક્ષરબ્રહ્મ B1

કૃષ્ણની પરબ્રહ્મતા	ભાગવત	10-68-37
બ્રહ્મ જ ગુણ-દોષો બન્યા છે	કારિકા-૧૩	10-87-26
લીલા કરવા તત્પર પ્રભુ પોતાનામાંથી જીવસૃષ્ટિ બનાવે છે	કારિકા-૧૬	10-87-29
ભગવાન જ બધાંનુ ઉપાદાન કારણ છે અને લયસ્થાન છે	કારિકા-૧૮	10-87-31
કાળરૂપ ભગવાન		11-1-24
સર્વ વસ્તુ - ક્રિયાનું મૂળ અવતારી છે		11-4-4
સૃષ્ટિકર્તા - પાલક - નાશક પ્રભુ જ છે		11-9-21
પરબ્રહ્મ નિત્ય છે		11-19-16
બ્રહ્મરૂપ કૃષ્ણનું સ્વરૂપ		11-26-30
ભગવાન કૃષ્ણ પરબ્રહ્મ છે		11-28-6

ભગવદ્ ગીતામાં પ્રમાણ વચનો

પ્રમેય - પરબ્રહ્મ - પરમાત્મા - અક્ષરબ્રહ્મ B1

ભ્રહ્મ સર્વજ્ઞ છે અને જીવ અજ્ઞ છે	4/5/
સર્વ કંઈ બ્રહ્મ જ છે	7/7/
સર્વ કંઈ બ્રહ્મ જ છે	7/9
અક્ષરબ્રહ્મ	8/3
ભગવાન અને ભગવદ્ધામ અવિનાશી છે	8/20-21
અક્ષરબ્રહ્મ	9/4
અક્ષરબ્રહ્મ	9/7
બ્રહ્મને ભજવા દુષ્કર છે	11/24
અવ્યકતમાં ગતિ કલેશજનક છે	12/5
પરબ્રહ્મ સર્વ સ્થળે છે	13/13
દેહમાં રહેલ અંતર્યામી	13/22
પરમાત્મા	13/31
જગતનું મૂળ પરબ્રહ્મ છે	15/1
ભગવાનનું ધામ	15/6
પરબ્રહ્મ પરમેશ્વર	15/15
અક્ષરબ્રહ્મ	15/16
પરમાત્મા	15/17

ઉપનિષદ્‌માંથી પ્રમાણ વચનો **B1**

પ્રમેય-પરબ્રહ્મ-પરમાત્મા-અક્ષબ્રહ્મ

પરબ્રહ્મ	ઈશાવાશ્યોપનિષદ્	4
વિરુદ્ધ ધર્માશ્રયત્વ	ઈશાવાશ્યોપનિષદ્	5
પરબ્રહ્મ	ઈશાવાશ્યોપનિષદ્	8
પરમાત્મા સર્વનું કારણ છે	કેનોપનિષદ્	1/2
પરમાત્માને જાણવાથી મુકિત થાય પરબ્રહ્મ	કેનોપનિષદ્	1/3
સર્વની શકિતનું મૂળ બ્રહ્મ છે	કેનોપનિષદ્	1/4
બ્રહ્મને જાણવાનો ઉપાય	કેનોપનિષદ્	4/8
પરમાત્માની પ્રાપ્તિ દુર્લભ	કેનોપનિષદ્	1/2/7
પરમાત્માનું સ્વરૂપ	કઠોપનિષદ	1/2/12
પરમાત્માની પ્રાપ્તિ તે જ શ્રેષ્ઠ ધ્યેય	કઠોપનિષદ	1/2/12
પરમાત્માનું સ્વરૂપ	કઠોપનિષદ	1/2/14
પરમાત્માનું સ્વરૂપ	કઠોપનિષદ	1/2/20
પરબ્રહ્મ પરમેશ્વર	કઠોપનિષદ	1/2/22
પરબ્રહ્મ	કઠોપનિષદ	1/3/15
પરમાત્માનું સ્વરૂપ	કઠોપનિષદ	2/1/5
પરમાત્માનું સ્વરૂપ	કઠોપનિષદ	2/1/12
પરમાત્મા જ સર્વ સત્યરૂપ છે	કઠોપનિષદ	2/2/2
બ્રહ્મની સર્વરૂપતા	કઠોપનિષદ	2/2/9
સર્વશકિતનું મૂળ પરમાત્મા છે	કઠોપનિષદ	2/2/15
જગતનું મૂળ કારણ પરબ્રહ્મ ભગવાન	કઠોપનિષદ	2/3/1
અમૃત સ્વરૂપ પરબ્રહ્મ	કઠોપનિષદ	2/3/8
ૐ શબ્દ પરબ્રહ્મનું પ્રતિપાદક નામ છે	કઠોપનિષદ	1/2/15
જીવાત્માનો આશ્રય પરમાત્મા	પ્રશ્નોપનિષદ	4/9
સર્વની ગતિ પરમાત્મા	પ્રશ્નોપનિષદ	6/5
જાણવા લાયક પરમાત્મા	પ્રશ્નોપનિષદ	6/6
ઓમ અક્ષર પરમેશ્વરનું જ ધ્યાન ધરવું	પ્રશ્નોપનિષદ	5/5
ઉપાદાન કારણ પરમાત્મા છે	મુંણ્ડક ઉપનિષદ	1-1-7
જીવોની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થાય છે	મુંણ્ડક ઉપનિષદ	2-1-1
અવિનાશી બ્રહ્મનું સ્વરૂપ	મુંણ્ડક ઉપનિષદ	2-2-2
પરબ્રહ્મનું સ્વરૂપ - સર્વમયતા	મુંણ્ડક ઉપનિષદ	2-2-7
જીવ - પરમાત્માનો સંબંધ	મુંણ્ડક ઉપનિષદ	3-1-1
જીવનું અસામર્થ્ય / પરમાત્માનું સામર્થ્ય	મુંણ્ડક ઉપનિષદ	3-1-2
પરમાત્માનું સ્વરૂપ	મુંણ્ડક ઉપનિષદ	3-1-8
સર્વના ઉપાદાનકારણ પરમાત્મા	માંણ્ડુકય ઉપનિષદ	1-1-9
આનંદ સ્વરૂપ બ્રહ્મ	માંણ્ડુકય ઉપનિષદ	5
સૃષ્ટિનું કારણ-સ્થિતિ અને લયનું સ્થાન પરબ્રહ્મ	માંણ્ડુકય ઉપનિષદ	6

ઉપનિષદ્માં પ્રમેય-પરબ્રહ્મ-પરમાત્મા-અક્ષબ્રહ્મ

B1

પરમાત્માનું અક્ષર સ્વરૂપ જ ઓમ છે	માંણ્ડુકય ઉપનિષદ	1
પરબ્રહ્મે પોતાની ઈચ્છાથી સૃષ્ટિ રચી	એતરેય ઉપનિષદ અ.ખં.શ્લોક	1-1-1
પરમાત્મા જ વેદ સ્વરૂપ છે	તૈતરીય ઉપનિષદ	3
પરબ્રહ્મનું ઈન્દ્રિયાતીત સ્વરૂપ વિજ્ઞાનમય આત્મા તે જ પરમાત્મા સર્વની અંદર છે	તૈતરીય ઉપનિષદ	4
આત્માનો આત્મા પરમાત્મા છે આનંદમય પરમાત્મા	બ્રહ્માનંદ વલ્લી/અનુવાક	5
અંતર્યામી જગતકર્તા પરમાત્મા છે, જગત સત્ય છે	બ્રહ્માનંદ વલ્લી/અનુવાક	6
આનંદની ગણના/પરબ્રહ્મનું સર્વોપરિત્વ આનંદની ગણના	બ્રહ્માનંદ વલ્લી/અનુવાક	8
પરબ્રહ્મનો આનંદ	બ્રહ્માનંદ વલ્લી/અનુવાક	9
આનંદ જ બ્રહ્મ છે	બ્રહ્માનંદ વલ્લી/અનુવાક	6
પરબ્રહ્મ	શ્વેતાશ્વેતરોપનિષદ	1-7
આશ્રયરૂપ પરબ્રહ્મ	શ્વેતાશ્વેતરોપનિષદ	1-8
જીવ જગત અને જગદીશ	શ્વેતાશ્વેતરોપનિષદ	1-9
પરબ્રહ્મનું સામર્થ્ય	શ્વેતાશ્વેતરોપનિષદ	3-1
પૂર્ણપુરુષોતમનું શ્રેષ્ઠત્વ	શ્વેતાશ્વેતરોપનિષદ	3-9
વિરુદ્ધ ધર્માશ્રયત્વ	શ્વેતાશ્વેતરોપનિષદ	3-14
પરબ્રહ્મ જગતરૂપ બન્યા	શ્વેતાશ્વેતરોપનિષદ	3-15
સર્વના આશ્રય પરબ્રહ્મ	શ્વેતાશ્વેતરોપનિષદ	3-17
પરબ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ	શ્વેતાશ્વેતરોપનિષદ	3-19
પરમાત્માનું સ્વરૂપ અને સ્થાન	શ્વેતાશ્વેતરોપનિષદ	3-20
જીવાત્મા અને પરમાત્માનો ભેદ	શ્વેતાશ્વેતરોપનિષદ	4-6.7
પરમેશ્વર માયાપતિ છે	શ્વેતાશ્વેતરોપનિષદ	4-10
સર્વના કારણરૂપ પરમેશ્વર	શ્વેતાશ્વેતરોપનિષદ	4-11
પરમેશ્વરનું સ્વરૂપ	શ્વેતાશ્વેતરોપનિષદ	5-13
પરમેશ્વરનું સ્વરૂપ	શ્વેતાશ્વેતરોપનિષદ	6-9
સર્વનું સામર્થ્ય પરમેશ્વરને કારણે	શ્વેતાશ્વેતરોપનિષદ	6-14
પરમેશ્વર પ્રતિ શરણાગતિ	શ્વેતાશ્વેતરોપનિષદ	6-18
પરમાત્માનું સ્વરૂપ	શ્વેતાશ્વેતરોપનિષદ	4-20
પરમાત્માનું સ્વરૂપ	શ્વેતાશ્વેતરોપનિષદ	5-8
પરમેશ્વરનો મહિમા	શ્વેતાશ્વેતરોપનિષદ	6-8
દિવ્યશકિતયુકત પરમેશ્વર	શ્વેતાશ્વેતરોપનિષદ	6-10

પ્રમેય ભાગવતમાં અવતારી કૃષ્ણ ભગવાન B2

કૃષ્ણનું બ્રાહ્મિક સ્વરૂપ	પદ્મપુરાણ.મા.	1-1
વ્રજની વ્યાખ્યા	ભાગવતમહાત્મ સ્કન્દપુરાણ	1/19-20
રસાત્મક કૃષ્ણ	ભાગવતમહાત્મ સ્કન્દપુરાણ	1/21
આત્મારામની વ્યાખ્યા	ભાગવતમહાત્મ સ્કન્દપુરાણ	1/22
ભગવાનનો અનુગ્રહ		1-1-8
સર્વમાગનું લક્ષ્ય શ્રીકૃષ્ણ		1/2/28-29
ભગવાનની નિસ્મૃહતા		1-2-36
સર્વલોક ઈશ્વરને વશ છે		1-6-7
ભગવાનની કૃપાળુતા		1-6-10
ભગવાનના ચરણરૂપ સર્વતીર્થ		1-6-33
ભગવાનનું ભકત-પ્રિયત્વ		1-7-22
ભગવાનની અવતારલીલા		1-7-25
ભગવાનનું ખરું સ્વરૂપ જાણવું દુર્લભ છે		1/8/17-18
મુનિઓના ભકિતયોગને વિસ્તારનાર પ્રભુ કૃષ્ણ		1-8-19
કાળના સ્વરૂપમાં ભગવાન		1-8-27
ભગવાનનું લીલાર્થ નાટક		1-8-29
ભકતને મોહ કરાવનાર ભગવાન		1-8-30
ભગવાન સ્નેહવશ કોઈ પણ સંબંધ સ્વીકારે છે		1-9-20
ભગવાનની કૃપાળુતા		1-9-22
ભકતવત્સલતા		1-9-37
શ્રીકૃષ્ણ જ ભગવાન		1-10-20
ભગવદ્-ચરણની ઉત્તમતા		1-11-33
ભગવાનની ઈશ્વરતા		1-13-40
ભગવાનને સર્વવશ		1-13-41
ભગવાનની ભકતવત્સલતા		1-15-4
ભગવદ સંબંધ		1-15-14
ભગવદ્ લીલા		2-1-9
સર્વાત્માનું ભજન		2-1-39
ભગવાનની પ્રસન્નતા		2-2-1
ભગવાનની સ્વતંત્રતા અને ફળરૂપતા		2-2-6
પરમપુરુષને ભજવું એ જ કર્તવ્ય		2-3-10
ભગવાન પોતાની શકિત ધારણ કરી સર્વ કંઈ કરે છે		2-4-12
સાધનથી અસાધ્ય ભગવાન		2-4-14
કર્તા-ભોકત ભગવાન છે		2-4-23

ભાગવતમાં અવતારી-કૃષ્ણ-ભગવાન (પ્રમેય) B2

ભગવાન સ્વયં પ્રકાશ છે. સૃષ્ટિ એમનાથી પ્રકાશિત છે	2-5-11
વિરાટપુરુષ દ્વારા ફલદાન	2-6-17
ભગવાનની શકિત વિદ્યા-અવિદ્યા	2-6-20
પૂજય અને પૂજન સામગ્રીમાં અભેદ	2-6-27
ત્રણ ગુણને ધારણ કરવા છતાં નિર્ગુણ	2-6-30
સર્વ ગુણાધિપતિ દેવો ભગવાનને આધીન	2-6-31
ભગવાન જ સાધન	2/7/47-48
વ્રજ ભગવાનની અંગીકૃતિ	2-7-31
નિ:સાધન ફલાત્મા	2-7-31
ભગવાનના અગણિત મહિમા	2-7-40
વૈકુંઠધામ	2-9-10
ભગવાનની ઈચ્છા નિયામક	2-9-21
ભગવાન સંબંધે વર્ણન અનુવાદ માત્ર છે	2/10/44-45
ભગવાનના જન્મનું પ્રયોજન	3-1-44
ભગવાનની મનુષ્યવત્ લીલા	3-2-17
ભગવાનની ઈશ્વરતા	3-2-21
સ્વકીયવ્રજના શરણાગત વત્સલકૃષ્ણ	3-2-33
ભગવાન કૃષ્ણનું માહાત્મ્ય	3-3-2
ભગવાનનું વિરુદ્ધ ધર્માશ્રયત્વ	3-4-16
ભગવાનની ક્રીડાનું કારણ	3-5-7
ઈશ્વરનું સ્વરૂપ	3/5/5-6
ભગવાન સર્વના કારણ	3-5-9
કાલરૂપે ભગવાન	3/6/1-2
ભગવાન પોતાની માયા વડે સૃષ્ટિકાર્ય કરે છે	3-7-3
ભગવદ્ કૃપાથી માયા નિવૃત્ત થાય	3-7-11
ભકતની ભાવના પ્રમાણે ભગવાનરૂપ ધરે છે	3-9-11
ભગવાનના અવર્ણનીય ગુણકર્મ	3-13-46
ભગવાન માટે ભકિત	3-13-50
ભગવાનની અકળ લીલા	3-16-21
ભગવદ્ લીલા	3-16-23
શરણાગત વત્સલતા	3-19-35
ભગવાનનો અનુગ્રહ/સંસાર તારકતા	3-21-20
ભગવાનની ભકત પ્રતિ ઉદારતા	3-21-21
ભગવાન સ્વેચ્છયા રૂપ ધારણ કરે છે	3-24-31

ભાગવતમાં (પ્રમેય)-અવતારી-કૃષ્ણ-ભગવાન **B2**

ભકતેચ્છાને અનુસરનારા ભગવાન	3-25-3
શ્રીહરિનું સ્વરૂપ	3-32-5-7
લીલાનુસાર ભગવાનના નામ	4-11-22
ભગવાન સર્વેશ્વર	4-11-27
સ્તુતિ કરવા લાયક તો ભગવાન જ	4-15-23
ભકતાધીન ભગવાન	4-31-22
ભગવાન સ્વતંત્ર, સૌ તેમને આધીન	5-1-11
જીવના ભાગ્યવિધાતા ઈશ્વર, કર્મ નહિ	5-1-13
સર્વ કોઈ ભગવાનને આધિન છે	6-3-12
અવતારી	6-4-33
ભગવાનની ભકતો પર કૃપા	6-11-23
પ્રાણીમાત્ર ભગવાનને આધીન	6-12-10
સર્વ વ્યૂહરૂપ પ્રભુ જ છે	6-16-18
ભકતોના પ્રિય - ભકતો જેમને પ્રિય	6-16-34
ભગવાન ભકતની લૌકિક કામનાનો નાશ કરે છે	6-16-39
સત્યસંકલ્પતોર્વિષ્ણુ	6-16-43
દૈન્યંતત્‌તોષસાધનમ્	6-16-46
મહોદાર ભગવાન	6-18-75
માયા વડે વિરુદ્ધ ધર્માશ્રયને પ્રભુ ધારણ કરે છે	7-1-6
ભગવાન સમદૃષ્ટા છે	7-1-25
ભગવાનના પ્રિયનું રક્ષણ પોતે કરે છે	7-1-42
જીવોને સજા કે વર આપનાર ભગવાન છે	7-2-39
ભગવાન ભકતનો દ્રોહ સહી નથી શકતા	7-4-28
ભગવદ્‌કૃપા હોય તો હીન યોનિમાં પણ ભગવદ્‌ સ્મરણ રહે	7-7-16
દરેકમાં રહેલ સામર્થ્ય ભગવાનનું જ છે	7-8-8
નિસ્પૃહ હોવા છતાં ભગવાન ભકતની ભેટની સ્પૃહા કરે છે	7-9-11
ભગવાનનું સ્વરૂપ	7-9-31
ભગવાનનું ભજન	7-14-36
ભગવાનની ચેષ્ટા લોક શિક્ષાર્થ	8-2-16
ભગવાન જ સર્વના પતિ-રક્ષક	8-3-33
ભગવાન	8-3-12
ભેદ સહિષ્ણુ અભેદ - બ્રહ્મવાદ	8-5-30
અનુગ્રહ	8-6-12
સર્વમાં સારરૂપ શ્રીકૃષ્ણ અવતારી	8-8-29
પરબ્રહ્મ તુ કૃષ્ણો હિ	8-12-43

ભાગવતમાં (પ્રમેય) અવતારી-કૃષ્ણ-ભગવાન **B2 (4)**

પરમાનંદ રૂપે તુ કૃષ્ણ સ્વાત્મનિ નિશ્ચય	8-17-8
અનુગ્રહ કરું તેનું દ્રવ્ય ખેંચી લઉ છું	8-22-24
અનુગ્રહ દોષહારક	8-22-26
ભગવદ્ અનુગ્રહ	8-23-6
ભકત પ્રિયત્વ	8-24-5
ભગવાનનું ભકતાધીનત્વ	9-4-63-70
સર્વ ચિજ વસ્તુના આશ્રય ભગવાન	12-2-19
ભગવાનની હાજરીમાં કલિદુષ્ટતા દૂર	12-2-29
ભગવાન અંતઃકરણમાં બીરાજે ત્યારે દોષનાશ	12-3-45
ભગવાન અંતઃકરણમાં બીરાજે ત્યારે દોષનાશ	12-3-47
ભગવાનથી ભગવાનની માયા નિવૃત્ત થાય	12-6-29
ભગવાનનું જ ધ્યાન	12-6-32
ભકતવશ્યતા	12-8-40
ભગવાનના ચરણ કલેશનાશક	12-8-42
બ્રહ્મ સંબંધ	10-1-43
ભગવાન માયાના પતિ છે / ભકત પ્રિયત્વ	10-2-6
ભગવન્ માહાત્મ્ય, ભકત માહાત્મ્ય ભગવાનને કારણે	10-2-17
સત્ય સ્વરૂપ ભગવાન	10-2-26
ભગવાનનું કાર્ય સ્વરૂપ	10-2-27
અવતાર ધારણ કરવાનું પ્રયોજન	10-2-29
અવતાર લીલાનું પ્રયોજન	10-2-34
અવતાર લીલામાં ગુણ પ્રકાશે છે	10-2-35
અવતાર લીલામાં નામ અને રૂપ	10-2-36
ભગવાનના અવતારોનું કારણ	10-2-39
ભગવાનનો જન્મ નહિ પ્રાકટય છે	10-3-8
ભગવાન સમાન કોઈ નથી	10-3-41
કૃષ્ણની અનંતલીલા અને નામ	10-8-16
ભગવાનની ભકત પ્રતિ કરૂણા	10-8-33
ભગવદ્ કૃપા	10-8-51
ભકતનું વચન સત્ય કર્યું	10-8-52
ભગવાન સ્નેહથી પરાજિત થાય છે	10-9-9
ભગવાન ભકતને સ્નેહવશ	10-9-19
અવતારીનું અતુલ્ય સામર્થ્ય	10-10-34
ભગવાનની મનુષ્યવત્ લીલા	10-11-7
ભગવાનની ભકતાધીનતા	10-11-9

ભાગવતમાં (પ્રમેય) અવતારી-કૃષ્ણ-ભગવાન B2

ભગવાનનો ભકત પ્રતિ સખ્યભાવ	10-13
ભકતના હિતેચ્છુ ભગવાન	10-13-18
ભગવાનની લીલા અપરંપાર છે	10-13-43
કૃષ્ણની પરબ્રહ્મતા	10-14-7
પ્રભુનું ઔદાર્ય	10-14-12
અનુગ્રહ	10-14-29
નિ:સાધન ફલાત્મા	10-14-31
ભગવાને વ્રજવાસીઓનું વરણ કર્યું	10-14-32
ભકતના દોષો ભગવાન દૂર કરે છે	10-14-36
ભગવાનનું અતુલ્ય ભકત વાત્સલ્ય	10-15-14
અનન્ય ભકતોની તામસતા પોતે જ દૂર કરે છે	10-20-2
ભગવાન કૃષ્ણનું રસાત્મક સ્વરૂપ	10-21-5
ભગવાનનો ભકત-મનોરથ-પૂરકતા સ્વભાવ	10-22-27
ભગવાનને ભકત પર વિશ્વાસ	10-23-14
ભગવાન "મનુષ્ય" નાટયલીલા કરે છે	10-24-2
ભગવાન શરણાગતની રક્ષા કરે છે	10-25-18
ભગવાન સર્વ સમર્થ છે તેથી ગર્વ ન કરવો	10-25-24
ભગવન્માહાત્મ્ય	10-26-2
ભગવાન અતુલ્ય મહાત્મ્યવાન હોય છે	10-26-14
કૃષ્ણ પરબ્રહ્મ ભગવાન છે	10-26-18
કૃષ્ણ જ પરબ્રહ્મ નારાયણરૂપ છે	10-26-22
ભગવાનનું માહાત્મ્ય	10-27-4
કૃષ્ણ જ સર્વના અધીશ્વર-સ્નેહી છે	10-27-6
ભગવાનના અવતારનું પ્રયોજન	10-27-9
ભગવાનનો દંડ પણ ભકત માટે કૃપારૂપ છે	10-27-13
ભગવાન સંપત્તિ હરિ લે તે પણ આપની કૃપા છે	10-27-16
ભગવાનના સાન્નિધ્યથી દોષો દૂર થઈ જાય છે	10-27-27
ભગવન્ માહાત્મ્ય	10-28-16
સત્ય સંકલ્પ / ક્રિયાશકિતવાન	10-29-1
મનુષ્યકલ્યાણ માટે પ્રભુ સ્વરૂપ ધારણ કરે છે	10-29-14
ભગવાનથી નિ:સાધન ભકતોની મુકિત	10-29-16
ભગવાન ઉત્તમ ભકતોની પરીક્ષા પણ કરે છે	10/29/18-20
ભકતોના ભય અને આર્તિને હરનારા	10-29-41
ભગવાન દીનતાથી રીઝે	10-29-42
આત્મારામનું ભકતો સાથેનું રમણ પોતાની સાથે થતું રમણ જ છે	10-29-42

ભાગવતમાં (પ્રમેય)-અવતારી-કૃષ્ણ-ભગવાન **B2**

ભગવાનના ચરણ ચિન્હો	10-30-25
ભગવાનની ચરણરેણુની ઉત્કૃષ્ટતા	10-30-29
ષડ્ધર્મયુકત ભગવાનનું ચરણ	10-31-13
ભગવાનનું અધરામૃત	10-31-14
ભકતોથી શોભે તે ભગવાન	10-32-10
ભકિતપૂર્વકનું સમર્પણ ભગવાન પ્રસન્નવદને સ્વીકારે છે	10-32-14
ભકતનું ચિત્ત નિરુદ્ધ કરવા ભગવાન લીલા કરે છે	10-32-20
કૃષ્ણાત્ પરમ્ નાસ્તિ દૈવં	10-32-21
ભકતોના તાપહારક ભગવાન	10-35-25
શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ અવતારી છે	10-37-24
ભગવાન સમ હોવા છતાં, ભકતો પ્રિય છે	10-38-22
કૃષ્ણ જ આદિકારણ	10-40-1
દેવાધિદેવ કૃષ્ણ	10-40-10
ભગવદ્ અનુગ્રહથી જ ભકિત	10-40-28
સમ હોવા છતાં ભકતપ્રિયત્વ	10-42-47
ભગવાન એક જ સમયે પ્રત્યેકને ભાવાનુસાર રસાનુભૂતિ કરાવે છે	10-43-17
ભગવાનનું આદર્શ શિષ્યજીવન	10-45-32
ભગવાન ભકતનો કલેશ સહી નથી શકતા	10-46-6
ભજનીયકૃષ્ણ નિર્ગુણ પરમાત્મા છે	10-46-37
ગુણાતીત ભગવાન લીલાર્થે ગુણોને ધારણ કરે છે	10-46-40
ભગવાન સર્વાત્મા છે	10-46-42
વરણીય શ્રીકૃષ્ણ જ છે, એ એમની કૃપા હોય તો થાય	10-47-26
ભગવાન ભકતોને ત્યજતા નથી	10-47-29
માત્ર કૃષ્ણની જ આશા રાખવી જોઈએ	10-47-48
ભગવાનની અસીમ કૃપા	10-47-60
ભગવાનની સર્વરૂપતા	10-48-18
ભગવાનના અવતારનું પ્રયોજન	10-48-23
પ્રેમીભકતો પર જ ભગવાનની કૃપા	10-48-26
ભગવાનની ભકત પૂર્વાગ્રહતા	10-50-30
પ્રભુ નિર્દોષ	10-53-24
સર્વપ્રતિ સમભાવે છતાં પ્રભુને ભકતો અતીપ્રિય છે	10-58-10
ભગવાત પોતાની કૃપાના કારણે ભકતપ્રતિ પ્રસન્ન રહે છે	10-58-37
ભગવાન ભકત માટે શંખનાદ કરે તો તેની અવિદ્યા દૂર થાય	10-59-6
ભગવાન લીલાર્થ ગુણોને ધારણ કરે છે તેથી લિપ્ત થતા નથી	10-59-29
શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન છે	10-59-42

ભાગવતમાં (પ્રમેય)-અવતારી-કૃષ્ણ-ભગવાન B2

ભગવાનના પ્રાકટયનું પ્રયોજન		10-60-2
ભગવાનની કરૂણા		10-60-27
ભગવાનની પ્રત્યેક લીલા કલ્યાણકારક		10-64-48
કૃષ્ણ પરબ્રહ્મ-પરમાત્મા-ભગવાન છે તે શ્રુતિસિદ્ધ છે		10-69-17
કાલ સ્વરૂપ શ્રીકૃષ્ણ		10-70-26
સર્વદેવો ભગવાનના સામર્થ્યથી શકિતમાન છે		10-71-8
સંપત્તિ જાય તો પણ પ્રભુ ઈષ્ટ જ કરે		10-72-9
ભગવાન્ સમર્થ હોવા છતાં ભકતાધીન છે		10-74-3
કૃષ્ણ પરબ્રહ્મ છે		10-74-4
ભગવાન કૃષ્ણ બ્રહ્મ છે		10-74-21
બળદેવજીએ લીલાર્થ જ મનુષ્યશરીર ધારણ કર્યું છે		10-79-33
ભગવાનની ભકત વત્સલતા		10-80-18
ભગવાન બ્રાહ્મણને સન્માન અને ભકતને પ્રીતિ આપે છે		10-81-15
પ્રેમીભકતો પ્રતિ પ્રભુનું ઔદાર્ય		10-81-35
કૃષ્ણનું પરબ્રહ્મત્વ-સર્વત્ર બિરાજે છે		10-82-46
ભગવાનનાં ચરણકમલ સંસારનાશક		10-82-49
બધા જ મંત્રોના સ્વામી ભગવાન છે		10-84-51
કૃષ્ણનું પરબ્રહ્મત્વ		10-85
પ્રભુનું અવતાર પ્રયોજન		10-85-20
ભગવાનને ભકત પ્રતિ પ્રિયત્વ		10-86-32
ભકતોને પ્રભુ સ્વરૂપદાન કરે છે		10-86-33
વિષયો ભગવાનેવ		10-87-25
નિર્દોષ-સમ પ્રભુ સર્વત્ર બિરાજે છે		10-87-6
ભગવાનની વિહાર કરવાની ઈચ્છા તે સર્ગ-વિસર્ગ લીલા		10-87-29
સુખ ભગવાનમાં છે		10-87-34
ભગવાન આનંદરૂપ છે		10-87-35
કૃષ્ણ જ ભજનીય છે	કારિકા-૨૩	10-87-36
સેવ્ય તો પૂર્ણ નિર્દોષ ભગવાન જ છે	કારિકા-૨૫	10-87-38
ભગવાનનું જ ભજન કરવું નહિ કે જીવનું	કારિકા-૨૬	10-87-39
સેવા કરવા યોગ્ય - પુરુષાર્થરૂપ ભગવાન		10-87-42
અનુગ્રહ - અહંતા-મમતાનો નાશ		10/88/8-9
ભગવાનના અવતારનું પ્રયોજન		11-4-1
ભગવાન અનંત ગુણધારી છે		11-4-2
પ્રેમીભકતના પાપ ભગવાન ધોઈ નાખે છે		11-5-42
ભગવાનના સાક્ષાત્ દર્શન દુર્લભ છે		11-6-7

ભાગવતમાં (પ્રમેય)-અવતારી-કૃષ્ણ-ભગવાન **B2**

સંસારમાં ફસાયેલાનો ઉદ્ધાર માત્ર પ્રભુ જ કરી શકે	11-8-41
જીવ નિત્યબદ્ધ અને ઈશ્વર નિત્યમુકત છે	11-11-7
ભગવાન ગુણોને ધારણ કરતા જણાતા છતાં ગુણરહિત છે	11-13-40
ભગવાનને પ્રેમીભકતો જ સૌથી વધુ પ્રિય છે	11-14-15
કૃષ્ણનું પરબ્રહ્મત્વ	11-16-9
ભગવાન્ જ સર્વગુણોનું મૂળ છે	11-16-40
સર્વશાસ્ત્રો પરબ્રહ્મ કૃષ્ણનું જ વર્ણન કરે છે	11-21-43
પરમાત્માને અધ્યાસ નથી	11-23-45
ભગવદ્કૃપા અને ઉપકાર	11-29-6
ભગવલ્લીલા	11-31-11
ભગવત્ લીલા	11-31-13

ભગવદ્ ગીતામાંથી પ્રમાણ વચનો **B2**
અવતારી, કૃષ્ણ, ભગવાન

ભગવદ્ આજ્ઞાથી કરેલ કર્મનો નાશ નથી થતો	2/40
બુદ્ધિનો વિષય માત્ર ભગવાન	2/41
કર્મને લીધે નહિ પણ સ્વતંત્ર સામર્થ્યથી ભગવાન અવતાર લે છે	4/6
ભગવાન કર્મથી નહિ પણ પ્રયોજનથી અવતાર લે છે	4/7
ભગવાન કૃપાળુતા પ્રગટ કરી અવતાર લે છે	4/8
ભગવાનમાં વિષમતાનો દોષ નથી	4/13
ભગવાન જ સાધનાને સ્વીકારે છે	5/29
ભગવાન ગુણોથી લેપાતા નથી	7/12
ભગવાનમાં શ્રદ્ધા	7/21-23
ભગવાનનું સ્વરૂપ	7/25
યજ્ઞના પદાર્થો સહિત યજ્ઞ ભગવાન જ છે	9/16
સર્વ કંઈ પ્રભુ જ છે	9/17
ભગવાનના ભકતનું યોગક્ષેમ ભગવાન કરે છે	9/22
દેવાધિદેવ ભગવાન કૃષ્ણ છે	9/23-24
ભકતો પર ભગવાનની વિશિષ્ટ કૃપા	9/29
પરબ્રહ્મને જ ભજવું	10/8
અનુગ્રહ	10/11
પુરુષોત્તમ હોવાથી પોતાના સ્વરૂપને જાણે છે	10/15
ભગવાનનું ઐશ્વર્ય જ વિભૂતિ વગેરેમાં પ્રસરીત છે	10/41
ભગવાનનું વિરાટ સ્વરૂપ	11/19
ભગવાનની સર્વોપરીતા	11/43
અનુગ્રહ	11/53-54
ભગવાન અને અક્ષરબ્રહ્મમાં પર કોણ ?	12/1
ભગવાન ક્ષેત્રજ્ઞ છે	13/2
ભગવાનનું જ સામર્થ્ય સર્વત્ર છે	15/12
પુરુષોત્તમ	15/18
ભગવાનની કૃપાથી મોહ દૂર થાય	18/73
ભગવાનની આજ્ઞા પ્રમાણે કરવું	18/73
જયાં ભગવાન છે ત્યાં વિજય છે	18/78

ઉપનિષદ્માં (પ્રમેય) અવતારી-કૃષ્ણ-ભગવાન **B2**

ભગવાનનું ઐશ્વર્ય	કઠ અ. વલ્લી શ્લોક	1/2/21
ભગવાનનું સ્વરૂપ	કઠ અ. વલ્લી શ્લોક	2/2/13
સર્વાધિપતિ પરમેશ્વર	કઠ અ. વલ્લી શ્લોક	2/3/3
સૌનો આશ્રય ભગવાન	પ્રશ્ન અ. વલ્લી શ્લોક	4/7
ભગવાનને પરોક્ષતા પ્રિય છે	એતરેય અ.ખં.શ્લો.	1/3/14
બ્રહ્મનું સ્વરૂપ - જીવનદાતા	તૈતરીય બ્ર.અ.-૩	
બ્રહ્મનું સ્વરૂપ - જીવનદાતા	તૈતરીય બ્ર.અ.-૩	
સૃષ્ટિ ભગવાનની લીલા છે	શ્વેતાશ્વેતર અ.શ્લો.	3/18
જગતનું કારણ ભગવાનની લીલા	શ્વેતાશ્વેતર અ.શ્લો.	6/1

ભાગવતમાં અવતાર કાલ-કર્મ-સ્વભાવ દેવતા **B3**

ગુણાધિકારી દેવો	ભાગવત માહાત્મ્ય સ્કંદપુરાણ	3/21-22
કાલના સ્વરૂપમાં ભગવાન		1-8-27
ભગવાને ધારણ કરેલ રૂપ તે અવતાર		1-15-35
પુરુષરૂપ અવતાર		2-6-15
સર્વે ગુણાધિપતિ દેવો ભગવાનને આધીન		2-6-31
નારાયણ નામ		2/10/10-11
વિરાટપુરુષના અંગ આ રીતે બન્યા		2-10-21
કપિલ અવતારનું પ્રયોજન		3-33-5
સદાશિવનું અલૌકિક સ્વરૂપ		4-2-2
ભગવાન જ ગુણાધિકારી દેવ બને છે		4-7-51
યાદવો દેવો		10-1-22
કાલરૂપ કલિયુગનો ગુણ		11-5-36
ભગવાનનું ઐશ્વર્ય વિભૂતિમાં પ્રસરેલ છે (ભગવદ્ ગીતા)		10-41

ભાગવતમાં મર્યાદા સાધન - કર્મ, જ્ઞાન, યોગ, ઉપાસના C1

વ્રત કથામાં સહાયક ન હોય તો ત્યાજય	ભાગવત માહાત્મ્ય પદ્મપુરાણ	6-43
ધ્યાનથી હૃદયમાં ભગવદ્દર્શન - યોગ	શ્રીમદ્ ભાગવત	1/6/16-20-21
યજ્ઞ-કર્મથી થતા દોષ/સાધન શુદ્ધિ		1-8-51
ધર્મનાં ચરણ		1-17-23
અંતકાળે કર્તવ્ય (વિદ્યા)		2/1/15-18
સમાધિ યોગ		2-1-19
યોગની ચરમ અવસ્થા		2/2/15-16
યૌગિક ધારણા-ધ્યાન		2/2/8
કર્મ દુ:ખદ છે		3/5/2
કર્મ મોક્ષ નથી અપાવી શકતા		3/7/40
કર્મ ફલનું ભગવાનને અર્પણ		3/21/30
(વિદ્યા) વૈરાગ્ય		3/22/34
સાખ્ય મુજબ ચિત્ત એકાગ્રતાનો ઉપાય		3/27/21-23
માયાથી છૂટવાનો યૌગિક ઉપાય		3-31-48
હરિ પ્રાપ્તિનો જ્ઞાનમાર્ગીય ઉપાય		3/32/5-7
જ્ઞાનમાર્ગ ને મળતું ફળ		3/32/24-25
જ્ઞાનમાર્ગીને બ્રહ્માનુભૂતિ		3/32/26
અદ્વૈતભાવ (જ્ઞાન)		4/7/53
સમદર્શી મુમુક્ષુ (જ્ઞાન)		4/13/9-10
દેહ અને આત્માની ભિન્નતા (જ્ઞાન)		4-20-3
યોગથી સંસાર પાર કઠીન		4-22-40
આત્મજ્ઞાનથી ભગવત્ પ્રાપ્તિ		4-23-27
મર્યાદિક ભકતો (ઉપાસના)		4-24-62
કર્મથી આત્યંતિક કલ્યાણ થતું નથી		4-25-4
જ્ઞાનીને પ્રારબ્ધકર્મ ભોગવવા પડે છે		5-1-16
પરમહંસ		5-5-30
યોગમાર્ગની ત્રૂટી		5/8/28-29
કર્મ વિદ્યાથી લૌકિકપુરુષાર્થ સિદ્ધ થાય		5-9-8
કર્મમાર્ગીય પ્રાયશ્ચિતની વ્યર્થતા		6-1-10
કર્મ બેડી છે		6-1-52
વૈદિક સાધનો પણ ભકિતના અંગ તરીકે લેવા		7-6-26
કર્મોના બીજના નાશનો ઉપાય ભગવાનમાં નિષ્કામ પ્રેમ		7-7-29
પોતાના આત્મામાં સંતુષ્ટ રહે તેને કર્મ બંધન ન થાય		8-1-15
કર્મ સમર્પણ		8-23-15
યોગથી ભગવદ્દર્શન		12-8-32

ભાગવતમાં મર્યાદા સાધન કર્મ-જ્ઞાન-યોગ-ઉપાસના C1

કર્મથી પુનર્જન્મ	10-1-39
જ્ઞાન ભકિતવિહીન હોય તો દુ:ખરૂપ અને ફળહીન	1014-4
કર્મના સમર્પણથી પરમગતિ	10-14-5
કૃષ્ણ પ્રાપ્તિના અંગ રૂપ વ્રત	10-22-5
કર્મના સ્વરૂપને જાણીને જ કર્મ કરવું જોઈએ	10-24-6
કુલ પારંપારિક ધર્મ તેનું સ્વરૂપ સમજીને કરવું જોઈએ	10-24-11
વૈદિક સાધનો કૃષ્ણભકિતના અંગ રૂપે જ કરવાના છે	10-47-24
દેવપૂજા પણ ભગવાનની વિભૂતિ જાણીને કરવી	10-72-3
બધાં જ અનુષ્ઠાન કૃષ્ણ પ્રાપ્તિ માટે હોય	10-74-2
યજ્ઞ કૃષ્ણરૂપ છે	10-74-2
કર્માનુષ્ઠાન પણ ભગવાનની કૃપાથી જ થાય છે	10-74-22
જ્ઞાન	10-79-31
નિષ્કામ કર્મથી સ્વભાવ વિજય થાય છે	10-80-30
પ્રેમભકિતપૂર્વિકા પૂજા-ઉપાસના	10/86/27-29
જ્ઞાનમાર્ગ ચિત્તશુદ્ધિ કરાવે છે, ભગવત્ પ્રાપ્તિ નહિ	10/87/24
યોગ કરતાં ભકિતની શ્રેષ્ઠતા	10/87/33
સંન્યાસીએ વિરકત રહેવું	11-9-14
કર્મનિષ્ઠ ભગવદ્‌ભકતોએ નિષ્કામ નિત્યકર્મ કરવાં	11-10-4
આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં જ માયાકૃત અધ્યાસ છૂટે છે	11-10-10
સકામકર્મથી આખરે દુ:ખાત્મક જન્મ-મરણ જ મળે છે	11-10-29
ગુણોથી થતાં કર્મોથી જીવ બંધાય છે	11-11-10
સંકલ્પ રહિત ક્રિયા, કર્મ નથી બનતી	11-11-14
ભકિતમાર્ગના અધિકારી નથી તો જ્ઞાનમાર્ગ કે નિરપેક્ષ કર્મમાર્ગને અનુસરતા	11-11-22
કર્મયોગથી મળતું સુખ-ફળ નાશવંત છે	11-14-11
સેવા-પૂજા (ઉપાસના)	11-19-21
જ્ઞાનયોગ અને કર્મયોગના અધિકારી	11-20-7
અધિકાર ભેદથી માર્ગભેદ	11-20-6
કર્મશુદ્ધિ	11-21-15
પ્રવાહી જીવોની સ્થિતિ	11-21-27
જ્ઞાનનો વિવેક	11-22-47
ત્રિગુણાત્મક કર્મોને કારણે ગતિની ભિન્નતા	11-22-51
ત્રણ ગુણો કર્મના સંદર્ભમાં	11-25-23
ગુણના બંધનથી છૂટવાનો ઉપાય પરમાત્મામાં ધ્યાન	11-25-36
આત્મ-અનાત્મ વચ્ચે ભેદનું જ્ઞાન	11-28-19

ભગવદ્ ગીતામાં મર્યાદા સાધન કર્મ-જ્ઞાન-યોગ-ઉપાસના C1

સાંખ્ય-યોગનો એકાર્થ	2-38
ઈન્દ્રિય સંયમી, સ્થિરબુદ્ધિવાળો મુની	2-69
આસકિતરહિત થઈને ભગવદ્કર્મ કરવું	3/7
પોતાના અધિકારાનુસાર સ્વધર્મનું અંગ સહિત આચરણ	3/35
નિષ્કામકર્મ કરનારને કર્મો બાંધતા નથી	4/19
કર્મફળને ન ઈચ્છનાર કર્મથી બંધાતો નથી	4/20
પોતાના અધિકાર અનુસાર યજ્ઞ કરે	4/28
કર્મ કરતાં જ્ઞાનની શ્રેષ્ઠતા	4/33
જ્ઞાનથી બંધનકારક કર્મ નષ્ટ થાય છે	4/37
યોગ્ય જ્ઞાનીને પરાશાંતિ મળે છે	4/39
અનધિકારીને જ્ઞાન થતું નથી	4/40
અજ્ઞાનનું મૂળ સંશય છે	4/42
સન્તોષ માટે યોગની મુખ્યતા	5/6
યોગીનું સ્વરૂપ	5/8
મનથી ત્યાગ	5/13
ભગવદ્પરાયણતા-યોગી	6/14
ચિત્તને ભગવાનમાં લગાવે તે ઉત્તમયોગી	6/46-47
જ્ઞાનનું ફલ ભગવદ્ શરણાગતિ	7/19
કર્મ ભગવદર્થે કરવું	12/10
ફલત્યાગપૂર્વક કર્મ કરવાં	18/6
શ્રદ્ધાથી કરેલ કર્મ ફળે છે	17/18
કર્મફળ ત્યાગ	18/11
બ્રાહ્મણનાં લક્ષણથી થતાં કર્મ	18/42
ક્ષત્રીયનાં લક્ષણથી થતાં કર્મ	18/43
વૈશ્યનાં લક્ષણથી થતાં કર્મ	18/44
વર્ણાશ્રમ પ્રમાણે કર્મ કરવા	18/45
સહજ કર્મનો ત્યાગ ન કરવો	18/48

ઉપનિષદ્માં મર્યાદા સાધન કર્મ-જ્ઞાન-યોગ-ઉપાસના C1

પરમાત્મા પ્રાપ્તિનું સાધન	કઠ અ.વ.શ્લો.	2/3/9
પરમાત્માના અસ્તિત્વનો સ્વીકાર	કઠ અ.વ.શ્લો.	2/3/13
ઈન્દ્રિયોએ અંદર જોવું જોઈએ	કઠ અ.વ.શ્લો.	2/1/1
ઓમ અક્ષર પરમેશ્વરનું જ ધ્યાન કરવાનું સ્વરૂપ છે	પ્ર.શ્લો.	5/5
સકામ કર્મથી અવિચલ મુકિત નથી મળતી	મુણ્ડક/ખંડ/શ્લોક	1-2-7
સકામ કર્મોની તુચ્છતા	મુણ્ડક/ખંડ/શ્લોક	1-2-10
અપરા અને પરા વિદ્યા	મુણ્ડક/ખંડ/શ્લોક	1-1-5
જીવાત્માની મુકિતનો ઉપાય	મુણ્ડક/ખંડ/શ્લોક	2-2-8
પરમાત્માનું ધ્યાન	મુણ્ડક/ખંડ/શ્લોક	3-1-8
બ્રહ્મ બાબતે શ્રદ્ધા-અશ્રદ્ધા	તૈતરીય બ્રવ.અનુ.	6
પરબ્રહ્મની શોધ - બ્રહ્મ જિજ્ઞાસા	શ્વેતાશ્વેતર અ.શ્લો.	1-1
જાણવાલાયક તત્ત્વ બ્રહ્મ	શ્વેતાશ્વેતર અ.શ્લો.	1-12
ઓમકારના ધ્યાનથી પરમાત્મા પ્રાપ્તિ	શ્વેતાશ્વેતર અ.શ્લો.	2-13
યોગ	શ્વેતાશ્વેતર અ.શ્લો.	2-12
પરબ્રહ્મ પરમાત્માને જાણવાથી (જ્ઞાન) મુકિત	શ્વેતાશ્વેતર અ.શ્લો.	6-15

શ્રીમદ્ ભાગવતમાં

મર્યાદા સાધન (પુરુષાર્થ-વર્ણાશ્રમ વિદ્યા સર્વાત્મભાવ) C2

ભકિત-જ્ઞાન-વૈરાગ્ય	પદ્મપુરાણ	1/5-6-7
કળીકાળમાં જ્ઞાનવૈરાગ્યની દુર્બળતા	પદ્મપુરાણ	1/45
પુરુષાર્થ - અર્થથી ધર્મ અને ધર્મથી મોક્ષ	પદ્મપુરાણ	1-2-9
વિદ્યા - વૈરાગ્ય		1-4-8
વિદ્યા - ભકિત		1-9-23
પંચમપુરુષાર્થ - ભકિતથી ભગવદ્ પ્રાપ્તિ		1-15-46
પુરુષાર્થની ક્ષુદ્રતા		1-18-21
વિદ્યા - વૈરાગ્ય		1-19-7
ભગવાનની શકિત વિદ્યા - અવિદ્યા		2-6-20
બ્રહ્માને તપની આજ્ઞા - વિદ્યા		2-9-6
સ્વધર્માચરણ		3-28-2
સત્પુરુષો માટે સદાચાર		4-4-17
દુષ્ટતા સામે સત્પુરુષોનો ધર્મ		4-7-17
સંતોષ		4-8-33
વિદ્યા - દેહાધ્યાસની નિવૃત્તિ		4-12-18
વૈરાગ્ય - પ્રતિકૂલે ગૃહં ત્યજેત્		4/13/47
પુત્રથી દુષ્ટ પિતાનું કલ્યાણ (પુરુષાર્થ)		4-21-46
દુર્લભ મનુષ્યજન્મ (પુરુષાર્થ)		4-23-28
વિષયાસકિતનો ત્યાગ (વિદ્યા)		4-23-28
પુરુષાર્થરૂપ ભગવાન		4-30-30
અર્થ પુરુષાર્થરૂપ ભગવાન		4-31-22
વૈરાગ્ય સહિતનો ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ		5-1-17
સન્યાસીને પણ ભકિતથી સાયુજય		5-1-27
પુષ્ટિમાર્ગીય ધર્મ પુરુષાર્થ		6-11-24
પુષ્ટિમાર્ગીય અર્થ પુરુષાર્થ		6-11-25
પુષ્ટિમાર્ગીય કામ પુરુષાર્થ		6-11-26
પુષ્ટિમાર્ગીય મોક્ષ પુરુષાર્થ		6-11-27
ભગવાનની પ્રાપ્તિથી પુરુષાર્થો સિદ્ધ થાય		7-5-31
સાંસારિક સુખ માટે પ્રયાસ ન કરવો		7-6-4
સંન્યાસી (વર્ણાશ્રમ)એ શું ન કરવું ?		7/13/7-8
મનુષ્ય દેહની ઉત્તમતા		7-14-38
સત્ય		8-20-4
મર્યાદા ભકિતથી વિષય વૈરાગ્ય		9/21/6
સર્વાત્મભાવથી સંસારમાં વૈરાગ્ય વર્ણાશ્રમ		12-3-33

શ્રીમદ્ ભાગવતમાં C2
મર્યાદા સાધન/પુરુષાર્થ-વર્ણાશ્રમ-વિદ્યા-સર્વાત્મભાવ

દેહખાતર આત્માનું નુકશાન ન કરાય	10-9-11
પરોપકાર	10//22/34-35
વર્ણાશ્રમીઓના ગુરુ	10-80-32
કૃષ્ણભકિત અર્થે જ સદ્ધર્મ કરવો	10-82-11
કોઈનો ય દોષ ન જોવો	10-82-21
પ્રાપ્તં સેવેત નિર્મમ	10-86-15
સાધારણ શ્રેણીનો ભકત	11-2-47
આત્મવિદ્યા અને અવિદ્યા બન્ને ભગવાનની જ શકિત છે	11-11-3
ભકત સંન્યાસી	11-18-20
ભકત સંન્યાસી	11-18-31
જ્ઞાનાર્થ સંન્યાસી	11-18-38
ગૃહસ્થના ધર્મ	11-18-43
વર્ણાશ્રમીને મોક્ષ કઈ રીતે પ્રાપ્ત થાય	11-18-47
ઋત પવિત્રતા - સંન્યાસની વ્યાખ્યા	11-19-38
સૌંદર્ય-સુખ-દુ:ખ-પંડિતની વ્યાખ્યા	11-19-41
દેહની આવશ્યકતા	11-20-14
મનુષ્ય દેહનો સાચો ઉપયોગ	11-20-17
મનુષ્ય જીવનની સાર્થકતા (પુરુષાર્થ)	11-23-23
પરમ-આત્મા	11-24-27
આત્મા ગુણાતીત છે	11-25-20
સત્વગુણ	11-25-16

ભગવદ્ ગીતામાં

C2

મર્યાદા સાધન (પુરુષાર્થ-વર્ણાશ્રમ વિદ્યા સર્વાત્મભાવ)

તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય	ગીતા	2/60
સત્વાદિ ગુણોને સર્વ કોઈ આધીન છે	ગીતા	3/5
ભગવદ્ સ્વરૂપ જ્ઞાન થાય તો મુકિત થાય	ગીતા	4/9
ભગવાનનું મહાત્મ્ય જાણે તે ભવસાગર તરે	ગીતા	4/36
સમભાવ	ગીતા	5/19
પ્રપંચ વિસ્મૃતિ (વિદ્યા)	ગીતા	6/24-25
સર્વભાવ	ગીતા	6/30
મનનો નિગ્રહ (વૈરાગ્ય)	ગીતા	6/35
મનનો નિગ્રહ	ગીતા	6/36
ભગવાનને ભજનારાના પ્રકાર (મર્યાદાભકત)	ગીતા	7/16-17
દુ:ખમુકિતનો ઉપાય (વિદ્યા)	ગીતા	14/20
સર્વ શ્રદ્ધામય છે	ગીતા	17/28
સ્વધર્મની ઉત્તમતા	ગીતા	18/47
સંન્યાસ સિદ્ધિનો ઉપાય	ગીતા	18/49

સર્વાત્મભાવ ઉપનિષદ્માં

કલ્યાણમાર્ગ (દૈવી)ની શ્રેષ્ઠતા	કઠ અધ્યાય વલ્લી શ્લોક	6/2/2
સર્વાત્મબુદ્ધિ	કઠ અધ્યાય વલ્લી શ્લોક	2/1/5
નિષ્કામભાવ	કઠ અધ્યાય વલ્લી શ્લોક	2/3/14
અવિદ્યા દૂર કરવાના ઉપાય-અંતર્યામીને જાણો	મુણ્ડક/ખંડ/શ્લોક	2-1-10
સર્વાત્મભાવ	અધ્યાય શ્લોક	1-11
પૂર્ણકામ થવાની પ્રક્રિયા	શ્વેતાશ્વેતર અ.શ્લો.	3-1-3

ભાગવતમાં પુષ્ટિ સાધન-ફળરૂપા સેવા D1

સેવાથી જ મનની શાંતિ		1-6-35
સેવારૂપ કર્મથી બંધનમુકિત		3-23-57
પ્રભુચરણસેવાથી સંચિતમેલની નિવૃત્તિ		4-21-31
હરિસેવામાં જ કૃતાર્થતા		4-31-9
સેવાની અનિવાર્યતા		5-14-44
છ અંગવાળી સેવા		7-9-50
ઘરમાં ભગવાન બિરાજે તે મહાભાગ્ય		7-15-75
સેવા ફલાત્મક છે		8-17-17
પ્રભુસેવા માટે અનંતશેષ પહેલાં પ્રકટશે		10-1-24
પ્રભુ માટે શૃંગાર ધારણ કરવું તે પણ સેવા છે		10-5-9
સેવા એકલા કરે ભગવદ્‌કથા સાથમાં કરે		10-21-6
દેહ ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ		10-21-7
ચરણકમળની સેવા		10-21-15
પ્રભુને સુખ થાય તેવી સેવા		10-21-17
દાસ્યભાવે સેવા		10-29-38
જીવનું સહજ દાસત્વ		10-41-48
ભગવાનની સેવા કરવામાં જ ભકતની કૃતાર્થતા છે		10-60-45
તત્ સિદ્ધયૈ તનુવિત્તજા		10-69-13
ભગવદ્ સેવાનું માહાત્મ્ય		10-69-38
આપની સેવાથી અધિક કોઈ ફળ નથી		10-70-43
ભકતની સેવાનુસાર ભગવાન ફળ આપે છે		10-72-6
ભગવદ્ સેવાથી જ ભગવદ્ પ્રાપ્તિ		10-77-32
ભગવદ્ સેવાની જ અભિલાષા		10-81-19
ભગવદ્ ચરણ સેવાનું માહાત્મ્ય		10-83-8
ભગવદ્ સેવા અને ભગવદ્ પ્રસાદીનો પ્રભાવ		10-85-55
દાસ (ભકિત) ભાવ		10-86-49
કૃષ્ણની જ સેવા કરવી		10-87-17
કર્મમાર્ગ કે યોગમાર્ગ કરતાં ભગવદ્ પ્રસાદીનો પ્રભાવ	કારિકા-૫	10-87/18
પૂર્ણાનંદ હરિની જ સેવા કરવી	કારિકા-૭	10/87-7-20
ભગવદ્ સેવાને અનુકૂળ દેહ-ઈન્દ્રિયો જ મિત્ર છે		10/87/22
ઈન્દ્રિયોનું અહિત કરીને પણ ભગવત્ સેવા કરવી	કારિકા-૯	10/87/22
ભગવાન પ્રસન્ન થાય તે પ્રકારે સેવા કરવી	કારિકા-૧૦	10/87/23
નિર્દોષકૃષ્ણ સેવ્ય છે	કારિકા-૧૫	10/87/28
ભગવદ્ સેવાથી જ સર્વોચ્ચ સુખ	કારિકા-૨૭	10/87/47
ભગવદ્ ભકતની લાલસા ભગવદ્ સેવામાં હોય છે		11-2-1
ભગવદ્‌સેવા અહંતા-મમતા જન્મ ઉદ્‌વેગ નાશક છે		11-2-33
જીવન ભગવદર્થ જ		11-11-24

શ્રીમદ્ ભાગવતમાં પુષ્ટિ સાધન-ફળ-કથા-સત્સંગ-સ્મરણ D2

સારરૂપ કથા	પદ્મપુરાણ માહાત્મ્ય	1-4
ભગવાનનાં ગુણગાન	પદ્મપુરાણ માહાત્મ્ય	1/68
મોટાઓનો સમાગમ	પદ્મપુરાણ માહાત્મ્ય	1/79
સત્સંગનો પ્રભાવ	પદ્મપુરાણ માહાત્મ્ય	2/76
સર્વદા કથા, સાપ્તાહિકી નહિ	પદ્મપુરાણ માહાત્મ્ય	3/25-29-37
સદા ભાગવતકથા શ્રવણ	પદ્મપુરાણ માહાત્મ્ય	3/45
કૃતાર્થતારૂપ કથા શ્રવણ		1-1-11
ઈશ્વરની લીલા-કથા		1-1--18
ધર્મનું પ્રયોજન-ભગવદ્કથામાં પ્રીતિ		1-2-8
ભગવદ્ લીલાગાન વગર બધું અધૂરું		1-4-25
ભગવદ્યશ ગાનની શ્રેષ્ઠતા		1-5-8
ભગવદ્વાણી		1-5-11
ગુણ કીર્તનથી કર્મની અબાધકતા		1-5-36
ભગવદીયને અચલ સ્મૃતિ		1-6-24
સત્સંગ		1-10-11
સત્સંગ		1-18-13
મુનિઓ માટે પણ ભગવદ્કથા		2-1-7
યોગી-વૈરાગી માટે પણ ભગવદ્ કીર્તન		2-1-11
કથામૃતની ફળરૂપતા		2-2-37
વાણી અને કર્ણની સુફલતા-ભગવદ્ ગુણગાન		3-6-37
ભગવદ્ શ્રવણ-કીર્તનનો મહિમા		3-33-6
ભગવાન કરતાંય ભગવદ્કથા શ્રેષ્ઠ		4-9-10
ભગવદ્કથા		4-9-11
ભગવાનનું સ્મરણ		4-12-8
કથાશ્રવણ		4-20-24
કથા, વાસનાના મેલને કાપે છે		4-22-20
સત્સંગની ઉત્કૃષ્ટ ફલરૂપતા		4-24-57
કથાવાર્તાથી ગૃહસ્થાશ્રમીને બંધન ન નડે		4-30-19
ભગવદ્કથાથી દુ:ખ નિવૃત્તિ		4-30-35
ભગવન્ નામનો મહિમા		6-2-11
ભગવાનની અમૃતમય કથાનો મહિમા		6-9-39
ભગવનશ્રવણ મુકિતસાધક		6-16-44
ભગવદ્શ્રવણ-કીર્તનથી કૃતાર્થતા		7-1-2
ભગવન્નામની શ્રેષ્ઠતા		8-23-16
ગુણગાને સુખાવાપ્તિ		12-3-15

શ્રીમદ્ ભાગવતમાં પુષ્ટિ સાધન-ફળ-કથા-સત્સંગ-સ્મરણ D2

શ્રવણ-કીર્તન		12-3-46
ભગવદ્કથા સંસાર સાગરને તારનારી નૌકા		12-4-40
ભગવદ્કથા દુઃખો દૂર કરે છે		12-12-47
ભગવદ્ ગુણગાન વગરની વાણીની વ્યર્થતા		12-12-48
ભગવત્ ચરિત્ર		10-1-4
ભગવત્ ચરિત્ર		10-1--7
કથામૃત		10-1-13
ભગવદ્કથા		10-1-15
ભગવદ્કથા પવિત્ર કરનાર		10-1-16
રૂપ ચિંતન		10-2-37
ભગવદ્ ચરિત્ર		10-7-2
ભગવદ્કથાની ઉત્તમતા		10-14-3
કૃષ્ણ કીર્તન		10-21-3
કૃષ્ણકીર્તનમાં કામાવેગ બાધક		10-21-4
ભગવદ્કીર્તન ભેગા મળીને કરે અને સેવા એકલા		10-21-6
અસદાલાપ છોડી ભગવદ્કથાનું રસપાન		10-21-14
ગુણગાનની અધિકતા		10-29-27
વિરહમાં ગુણગાન		10-30-4
ગુણગાન		10-30-44
કથાની ભગવદ્રૂપતા		10-31-9
ગુણગાન		10-35-1
અખંડ ભગવદ્ ચિંતન કરવાથી મુકિત પ્રાપ્તિ		10-44-39
ભગવાનના દાસ ભગવાનની લીલા જ ગાય		10-47-1
ગુણગાનની વિશેષતા		10-47-17
કૃષ્ણ કથારસ જીવન અમૃત છે		10-47-18
ભકતો માટે ભગવદ્કથા જ જીવન		10-47-56
ભગવાનની લીલાનું શ્રવણ પાવનકારી છે		10-69-39
ભગવાન કૃષ્ણની કથા, વાણી, ચરણામૃત પાવન કરનાર છે		10-82-30
લીલાકથારૂપ રસની અદ્ભૂતતા		10-83-3
હરિકથા પરમાનંદ સાગર છે	કારિકા-૮	10-87-21
અવતારી કૃષ્ણની દિવ્ય લીલાનાં શ્રવણથી કર્મ બંધનથી નિવૃત્તિ		10-90-49
ભગવલ્લીલાના શ્રાવણાદિથી ઉત્તમ ભગવદ્ધામની પ્રાપ્તિ		

શ્રીમદ્ ભાગવતમાં પુષ્ટિ સાધન કથા-સત્સંગ-સ્મરણ D2

ભગવદ્કથા ભવતારિણી	11/1/6-7
ભગવદીયનો સંગ પવિત્ર કરનાર છે	11-2-12
ભક્તો ભગવાનનું સ્મરણ કરાવનારનો ઉપકાર માને છે	11-2-13
ઉત્તમપુરુષોનો થોડોક સંગ પણ સન્માર્ગદર્શક છે	11-2-30
ભગવદ્કથાનું ફળ સ્વરૂપાનંદ	11-2-31
ભગવદ્સ્મરણની તન્મયતામાં દેહાદિધર્મ બાધા નથી કરતા	11-2-49
ભગવદ્કથા પવિત્ર કરે છે	11-6-19
કલિયુગમાં ભગવદ્કથા જ સંસાર તારક	11-6-24
કથાશ્રવણ મંગલકારક	11-6-44
ભગવત્ સંબંધ વિનાની વાણી વાંઝણી છે, ફલરૂપ નથી	11-11-20
સત્સંગનો મહિમા	11-11-25
સત્સંગ સમાન કોઈ સાધન નથી જે પ્રભુને વશ કરે	11-12-1
સત્સંગ દ્વારા ગમે તે હીન યોનિને પણ ભગવદ્ પ્રાપ્તિ થાય	11/12/3-4
સત્સંગ દ્વારા હીન યોનિવાળાને ભગવદ્ પ્રાપ્તિનું ઉદાહરણ	11/12/5-6
વેદાભ્યાસ કે વ્રત વગરના પણ સત્સંગથી ભગવાનને પામ્યા	11-12-7
ભગવાનની કથા ચિત્તને શુદ્ધ કરી ભગવત્ સ્વરૂપના દર્શન કરાવે છે	11-14-26
ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય તો ઉદ્ધાર થાય	11-19-10
કૃષ્ણકથાની ફળરૂપતા	11-23-1
સત્પુરુષોનો સંગ સંસાર-તારક	11-26-26

ભગવદ્ ગીતામાં પુષ્ટિસાધન-ફળ-કથા-સત્સંગ સ્મરણ D2

પ્રભુ સ્મરણ	ગીતા	8/5-6
ભગવત્ પ્રાપ્તિનો ઉપાય-સ્મરણ	ગીતા	8/14

શ્રીમદ્ ભાગવતમાં પુષ્ટિ સાધન
પરિચર્યા-યાત્રા, વિવેકધૈર્યાશ્રય-વિજ્ઞપ્તિ
અલૌકિક-પુરુષાર્થ-પશ્ચાતાપ

D3

યાત્રા - ભગવદ્ વિરહમાં પર્યટન	1-6-27
આશ્રય - શરણાગત રક્ષક ભગવાન જ	1-8-9
આશ્રય - ભગવાન જ પતિ	1-15-11
આશ્રય - ભગવદાશ્રય	2-7-42
આશ્રય - ભગવદાશ્રય	2/8/5-6
યાત્રાની સફળતા	3-1-19
તીર્થોના તીર્થ ભકતો	4-30-37
ત્રિદુઃખ સહનં ધૈર્યમ્	5-9
લૌકિક વૈદિકં કાપટ્યાત્ તેષુનાન્યથા	5-10-12
પ્રભુ પાસે માંગવુ નહિ એ વિવેક	6-15-20
ભાગવતધર્મ વિષમબુદ્ધિવાળો નથી હોતો	6-16-41
દૈન્યં તત્ તોષ સાધનમ્	6-16-46
સાધુભકત ધૈર્યવાન હોય છે	6-17-37
ધૈર્ય	12-6-34
ધૈર્ય	10-1-45
આશ્રય	10-2-31
ભગવદાશ્રિત	10-2-33
વિવેક ધૈર્યાશ્રય	10-14-8
આશ્રયભાવપૂર્વક પૂજન તામસતા મટાડે છે	10-15-5
ભગવાનનો દોષિત પશ્ચાત્તાપ કરે તો ભગવાન કૃપા કરે	10-23-38
ભગવાન સર્વ સમર્થ છે તેથી ગર્વ ન કરવો	10-25-24
ભગવાનનું માહાત્મ્ય વિચારી ભકતે ગર્વ ન કરવો	10-27-7
વિજ્ઞપ્તિ	10-31-3
શરણાગતને ભગવાનનું અભયદાન	10-38-16
ભકતનો વિવેક - અપ્રાર્થના	10/39/1-2
ભગવાનની શરણાગતિ	10-40-30
શરણાગતિ	10-49-12
કૃષ્ણની શરણાગતિથી અભયદાન	10-70-25
શરણાગતિનું પ્રયોજન	10-70-39
ભગવાનનું શરણ જ સુખ અને મુકિત આપનાર છે	10-72-4
અલૌકિક પુરુષાર્થ	10/83/41-42

શ્રીમદ્ ભાગવતમાં પુષ્ટિ સાધન D3
પરિચર્યા-યાત્રા, વિવેકધૈર્યાશ્રય-વિજ્ઞપ્તિ
અલૌકિક-પુરુષાર્થ-પશ્ચાતાપ

અલૌકિક પુરુષાર્થ	10/83/43
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ (વિવેક)	10/84/31
ભગવાનના પ્રેમાત્મક શરણથી કાલભય નથી રહેતો	10/87/32
ભકિત માર્ગીય સંન્યાસ (પુરુષાર્થ)	11-7-6
દેહાભિમાનીએ વર્ણાશ્રમધર્મો સહિત પ્રભુ-શરણાગતિ સ્વીકારવી	11-10-1
શરણાગતભકતનું વિષયાકર્ષણથી ભગવાન્ રક્ષણ કરે છે	11-14-18
ભગવદ્ શરણાગતિ	11-19-9

ભગવદ્ ગીતામાંથી શરણાગતિ D3

ભગવદ્ આશ્રય	7/14
જ્ઞાનનું ફલ ભગવદ્ શરણાગતિ	7/19
સર્વ કોઈ ભગવદાશ્રયના અધિકારી	9/32-33
ભગવદાશ્રયની શ્રેષ્ઠતા	9/32-33
શરણાગતિ	18/62

ઉપનિષદ્માં શરણાગતિ D3

સૌનો આશ્રય ભગવાન્	પ્રશ્નોપનિષદ પ્રશ્ન-શ્લોક	4-7
જીવાત્માનો આશ્રય પરમાત્મા	પ્રશ્નોપનિષદ પ્રશ્ન-શ્લોક	4-9
પરમેશ્વર પ્રતિ શરણાગતિ	શ્વેતાશ્વેતરઉપનિષદ અધ્યાય-શ્લોક	6-18

શ્રીમદ્ ભાગવતમાં નિર્ગુણ ભકિત E1

બ્રહ્મ સાયુજય કરાવનાર	ભાગવત માહાત્મ્ય પદ્મપુરાણ	2/3-4
પ્રેમલલક્ષણા ભકિત	ભાગવત માહાત્મ્ય પદ્મપુરાણ	2/16
ભકિતથી જ ભગવાન વશ થાય છે	ભાગવત માહાત્મ્ય પદ્મપુરાણ	2/18
ભકિતથી ભગવાન ખેંચાય	ભાગવત માહાત્મ્ય પદ્મપુરાણ	3/73
નિષ્કામ ભકિત		1/2/6-7
એકનિષ્ઠ ભકિત		1-2-18
ભકિતની કર્મ-જ્ઞાનથી શ્રેષ્ઠતા		1-5-12
ભગવદ્સેવા-કથાનું ફળ-ભકિત		1-5-19
કૃષ્ણમાં જ રતિ		1-8-41
ભકિતની બડાઈ		1-9-40
ભકિતથી ભગવત્ પ્રાપ્તિ-પંચમ પુરુષાર્થ		1-15-46
સર્વેન્દ્રિયોથી ભગવાનને ભજવા		2/3/20-24
કલ્યાણમાર્ગ-ભકિતમાર્ગ		3-5-4
ભકિત અને નિર્મળ અંત:કરણથી ભગવદ્ધામમાં સ્થિતિ		3-5-45
ભગવાનના ચરણોમાં પ્રીતિ કલેશ નાશક		3-7-13
અધૂરી ભકિત કે જ્ઞાન કલેશ કરાવે છે		3-7-16
ભગવદ્ચરણની ભકિત		3-7-18
ભગવાનમાં પ્રીતિથી જ મોક્ષરૂપ ફળ મળે છે		3-9-41
સર્વમાં પ્રિયત્વનું કારણ ભગવાનમાં જ રહેલ છે		3-9-42
ભગવાન માટે ભકિત		3-13-50
ભગવાનની ભકત પ્રતિ કૃપા		3-14-49
દુર્લભ મનુષ્ય જન્મનો સદ્દુપયોગ		3/15/23-24
ભકિત		3-21-21
ભગવદ્ પરાયણતા		3-22-35
પ્રેમલક્ષણા ભકિતથી ભગવદ્ગતિ		3-24-47
ચિત્ત ભગવદાસકત થાય તો મુકિત		3-25-15
ભગવાનની ભકિતથી બ્રહ્મ પ્રાપ્તિ		3-25-19
અનન્ય ભગવદાસકિતથી મોક્ષ		3-25-38
અનન્ય ભકિતથી સનકાદિ જેવી સ્થિતિ		3/25/39-40
ચિત્તને વિષયમાંથી ખેંચી ભગવાનમાં આરોપણ		3-27-5
ભકિતના અનેક ભેદ		3-29-7
નિર્ગુણભકિતનાં લક્ષણ		3-29-11

શ્રીમદ્ ભાગવતમાં નિર્ગુણ ભકિત E1

આત્યંતિક ભકિતયોગ	3-29-12
ભકિતનો હેતુ માત્ર ભગવત્ પ્રાપ્તિ	4-9-9
ભકિતથી અહંતા-મમતા છૂટે	4-11-30
ભકિત	4-20-9
ભગવાનના પૂજનમાં સર્વનુ પૂજન	4-31-14
સન્યાસીને પણ ભકિતથી સાયુજય	5-1-27
ભકિતયોગીનીના લક્ષણ	5-6-17
ભકિતયોગીનાં મુકિત કરતાં અધિકતા	5-6-18
ભકિતવર્ધિની	5-7-12
ભકતને પૂર્વજન્મના સંસ્કાર અને સ્મૃતિ	5-9-3
ભકિતથી જ પાપમુકિત	6-1-16
ભકિતનો મહિમા	6/2/14-25
પુષ્ટિમાર્ગીય ધર્મ પુરુષાર્થ - સેવા	6-11-24
પુષ્ટિમાર્ગીય અર્થ પુરુષાર્થ - ભગવાન	6-11-25
પુષ્ટિમાર્ગીય કામ પુરુષાર્થ ભગવદ્દર્શન આતુરતા	6-11-26
પુષ્ટિમાર્ગીય મોક્ષ પુરુષાર્થ ભગવાનથી મિત્રતા	6-11-27
ભગવદાસકિત થવી દુર્લભ છે	6-14-5
ભગવાનની નિષ્કામ આરાધના	6-18-74
મન ભગવાનમાં લગાડનારની કૃતાર્થતા	7-1-30
બાળપણથી જ ભકિત કરવી જોઈએ	7-6-1
વૈદિક સાધનો ભકિતના અંગ તરીકે લેવા	7-6-26
ભગવાનની નિષ્કામભકિત	7-7-48
નિષ્કામભકિતથી ભગવદ્ પ્રાપ્તિ	7/7/51-52
ભકિત જ ભગવાનને પ્રસન્ન કરી શકે છે	7-9-9
ભગવદ્ભજન	7-9-43
માગવા લાયક ભકિત	7-9-50
નિષ્કામ ભકિત	7-10-4
ભકિત અંતર્ગત ભોગ	7-10-11
અનન્યભકિતનો પ્રભાવ	7-13-21
ભકિતથી અચલ ભગવદ્ સ્મૃતિ	8-4-12
આપણો નિર્ગુણ ભકિતમાર્ગ છે	8-6-11
ભગવાનની આજ્ઞાનું પાલન	8-23-17
ભગવાનમાં ચિત્ત પરોવવું	9/2/11-12
ભકિત	9/4/63-70

શ્રીમદ્ ભાગવતમાં નિર્ગુણ ભકિત E1

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્નેહ (ભકિત) જ પરમગતિ	10/3/45
બીનજરૂરી પ્રભુથી વિમુખ ન રહેવું જોઈએ	10-5-31
ભકિત પ્રતિબંધ દૂર કરે છે	10-6-3
જ્ઞાનથી ભકિતની અધિકતા	10-11-9
ભકિતવિહીન જ્ઞાન દુ:ખરૂપ અને ફળહીન	10-11-39
પ્રભુને વિજ્ઞપ્તિ	10/11/11-12
સેવા-કથા	10-12-4
પોતાના પાસે હોય તે સામર્થ્યથી ભકિત કરવી	10-14-3
ભકિત વિહીન જ્ઞાન દુ:ખરૂપ અને ફળહીન	10-14-4
પ્રભુને વિજ્ઞપ્તિ	10-14-12
સેવાકથા	10-15-6
પોતાના પાસે હોય તે સામર્થ્યથી ભકિત કરવી	10-15-7
ભગવદ્કાર્યમાં ધન્યતા અનુભવવી જોઈએ	10-15-8
વ્રજ સિમંતિનીઓની ભકિત	10-15-43
પોતાના સામર્થ્યની ચિંતા વગર ભકિત કરવી	10-16-15
ભગવાન બ્રહ્મ હોવા છતાં અવતાર કાળમાં સાત્વિકો પ્રિય છે	10-16-50
કૃષ્ણભકિત ઉગારે	10-20-34
નિ:સાધન જીવોની ભકિત	10-21-11
પુલિંદીનીઓની કૃષ્ણલાલસા	10-21-17
ભકિતની સર્વોત્કૃષ્ટતા	10/23/42-43
ભગવદ્ સુખાર્થ કરાય તે ભકિત	10-25-29
કૃષ્ણભકિત	10-26-24
સર્વેન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ	10-30-43
ભકિતભાવ-સખ્યભાવ	10-31-11
ભકતનો કોમળ ભાવ	10-31-19
ભગવાનના ગુણગાન સહિતની સેવા અમંગળ નિવૃત્તક છે	10-46-46
વૈદિક સાધનો કૃષ્ણભકિતના અંગ રૂપે કરવાના છે	10-47-24
ભકિતની ઉત્કૃષ્ટતા	10-60-53
આસકિતરહિત થઈને વિષયભોગ કરે તો જ કૃષ્ણભજન ફળે	10-82-38
ભકિતનું માહાત્મ્ય	10-82-45

શ્રીમદ્ ભાગવતમાં નિર્ગુણ ભક્તિ

E1

દાસ્યધર્મ	10-83/10/11
ભગવાનના ઘરની દાસી થવું સૌભાગ્ય	10-83-39
છલકતી ભક્તિ	10-85-38
સંસારમાંથી છૂટી સર્વાત્મભાવ સુધી પહોંચવાની સાધના-ભક્તિ	10-85-45
કર્મ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા	10-86-47
ભગવદ્ ભજનમાં સુખ છે, તપ વગેરે સાધનોમાં કલેશ છે	10-87-16
ભગવાનની આજ્ઞામાં રહેવું જ સાચું પ્રાણધારણ છે	10-87-17
કૃષ્ણભજન અભયદાન કરે છે	કારિકા 10-87-32/19
ભક્તિ જ ભક્તનું રક્ષણ કરે છે	11-2-35
શરણાગતિ પૂર્વકના ભજનથી પ્રેમલક્ષણાભક્તિ થાય છે	11-2-42
કર્મ કરતાં ભક્તિ વિશેષ શુદ્ધ છે	11-6-9
કર્મમાર્ગથી નહિ ભગવદ્ લીલાકથામય થવાથી માયા તરી જવાય	11/6/48-49
વિષયો નહિ પ્રભુમાં પ્રિયત્વ	11-8-35
નિર્હેતુકપ્રેમથી જ ભગવાનને ભજવા જોઈએ	11-8-42
ભક્તને ભક્તિમાં કોઈ સન્માર્ગ આડે આવે તો તેનો પણ ત્યાગ કરે	11-11-32
ભગવાનના માહાત્મ્યજ્ઞાન કરતાં અનન્ય ભાવ શ્રેષ્ઠ છે	11-11-33
મૂઢબુદ્ધિવાળાઓ પણ ભગવત્પ્રીતિને કારણે ભગવાનને પામ્યા	11-12-8
સત્વગુણની વૃદ્ધિ થાય તો ભક્તિ પ્રાપ્ત થાય	11-13-2
ભક્તિયોગ સ્વતંત્ર અને નિરપેક્ષ સાધન છે	11-14-2
ભક્તિ પાપને બાળી નાખે છે	11-14-19
અન્ય કોઈ સાધન ભગવત્ પ્રાપ્તિ કરાવી શકતું નથી સિવાય કે ભગવાનની ભક્તિ	11-14-20
અનન્યભક્તિ ગમે તેને પવિત્ર કરી દે છે	11-14-21
ભક્તિ વગરનાને અન્ય કોઈ સાધન પવિત્ર કરી શકતું નથી	11-14-22
ભગવાના પ્રેમમાં ગળાડૂબ ન હોય તે પ્રવિત્ર નથી થઈ શકતો	11-14-23
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણ	11-17-43
ભક્તિ કઈ રીતે પ્રાપ્ત થાય ?	11-18-44
ભક્તિભાવથી ભજન	11-19-5
સેવા-કથાથી ભક્તિ	11-19-20
પ્રેમભક્તિની ઉત્કૃષ્ટતા	11-19-24
ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય-ઐશ્વર્યની વ્યાખ્યા	11-19-27
ભક્તિયોગના અધિકારી	11-20-8
ભક્તિ સ્વતંત્ર છે	11-20-31
ભક્તિની શ્રેષ્ઠતા	11-20-32
નિરપેક્ષતાથી ભક્તિ	11-20-34

શ્રીમદ્ ભાગવતમાં નિર્ગુણ ભકિત

E1

ભગવાનમાં થોડો સમય પણ પૂર્ણ ચિત્ત લાગે તો મુકત થાય છે	11-23-30
ભગવાનમાં જ બુદ્ધિ રાખવી જોઈએ	11-23-61
ભકિત	11-26-30
ભકિતયોગ	11-20-53
ભકિતયોગથી જ રજોગુણ દૂર થાય	11-28-28
બધાંમાં ભગવદ્‌ભાવના એ જ ભગવત્ પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન	11-29-19
હૃદય શુદ્ધિનો ઉપાય-ભકિત	12-3-48
ભકિતથી કૃતાર્થતા	12-9-2
ભગવાનના ચરણોની સ્મૃતિથી ભકિત	12-12-54

ભગવદ્ ગીતામાં નિર્ગુણ ભકિત

E1

ભકિતનો મહિમા	9/26
ભગવાનમાં અનન્યતા	9/30-31
ભગવત્ પ્રાપ્તિનો ઉપાય	9/34
અવતાર પ્રયોજન ભકિત પ્રચાર છે	10/2
ભકિત	11/53-54
ભગવદ્ ભજનથી ઉદ્ધાર	12/6-7
ભગવન્મયતા	12/8
ભકિતયોગથી ગુણોનું અતીક્રમણ	14/26
પરાભકિત કયારે પ્રાપ્ત થાય	18/54
ભકિતથી ભગવાનનું સ્વરૂપ જાણવું	18/55

ઉપનિષદ્‌માં નિર્ગુણભકિત

ભકિતથી ભગવદ્ ગતિ	ઈશા	15
પ્રભુના માહાત્મ્યને જાણવું અને મનથી માણવું	કેન ખંડ-શ્લોક	4/3
ભગવાનમાં નિરોધ	કઠ અધ્યાય/વલ્લી/શ્લોક	1/3/13

શ્રીમદ્ ભાગવતમાં પ્રેમ આસકિત વ્યસન નિરોધ, માનસી	**E1**
નિરોધ સ્થિતિ	3/2/4-5
સર્વેન્દ્રિયો ભગવાનમાં નિરુદ્ધ થાય તો કલેશ ન રહે	3-7-12
પ્રેમથી જ પ્રભુને તોષ	5-3-6
ભગવદાસકિત થતાં લોકાશકિત છૂટી જાય છે	7-4-37
કર્મોના બીજના નાશનો ઉપાય નિષ્કામપ્રેમ	7-7-29
નિરોધ	12-3-49
પરમાત્મ ચિંતનથી જ સાક્ષાત્કાર	12-5-9
પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસકિત	12-6-32
નિરુદ્ધાવસ્થા	10/2/23-24
સ્નેહ માહાત્મ્યને ભૂલાવે છે	10/3/29-30
ભગવાનમાં જ ચિત્ત નિરુદ્ધ	10-13-02
નિરોધ	10-13-12
સ્નેહની સિદ્ધ દશા	10-19-6
પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસકિત	10-21-10
ભગવાનમાં ચિત્ત લગાવવાથી જ ભગવાન મળે	10-23-32
ભકત ભગવાનને સ્નેહ કરે તો ભગવાન તેવો જ પ્રતિભાવ આપે છે	10-26-13
ભગવન્ નિરોધ	10/29/5-6
રોકયો રોકાય નહિ તેવો તીવ્ર નિરોધ	10-29-8
ભગવાનમાં પ્રીતિ	10-29-23
ધર્મથી પણ ઉપર ભગવદ્પ્રેમ છે	10-29-32
નિરુદ્ધ ચિત્ત	10-29-34
ભગવાનમાં જ પ્રીતિ કરવી જોઈએ	10-29-33
ભગવનમય ચિત્ત	10-30-2
સર્વેન્દ્રિયોથી નિરોધ	10-43-21
સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપ:	10-44-15
દરેક સાધનાનું પ્રયોજન ભગવાનમાં નિરોધ	10-47-34
વ્યસનાવસ્થા	10-47-51
શુદ્ધાપ્રેમ્ણાતિ દુર્લભા	10-47-58
અનન્ય ભગવદ્ પ્રેમ	10-47-60
પ્રેમની ચરમ કક્ષા	10-65-15
પ્રપંચ વિસ્મૃતિ થાય તો ભગવદાસકિત થાય	10-87-34
નિરોધાવસ્થા	10-90-17
નિરોધાવસ્થા	10-90-46
પ્રેમાવેગમાં પ્રકૃતિનું ઉલ્લંઘન - વ્યસનાવસ્થા	11-2-40
ગોપીજનોનો ફલાત્મક નિરોધ	11-12-12

ભગવદ્ ગીતામાં પ્રેમાસકિત વ્યસન નિરોધ - માનસી E1

ઈન્દ્રિયો વિષયમાંથી ખેંચી ભગવાનમાં પ્રતિષ્ઠિત કરવી	2-58

શ્રીમદ્ ભાગવતમાં સમર્પણ E1

કર્મનું ભગવાનને સમર્પણ	1-5-34
સમર્પણ વગરની સર્વ સાધના વિફલ	2-4-17
આત્માનું સમર્પણ - કૃતાર્થતા	3-21-24
કર્મ અર્પણ પૂર્વક ભગવદ્ ભજનથી મોક્ષ	3-24-38
સમદર્શી સમર્પીત હોય છે	3-30-33
સમર્પણ	4-22-44
સમર્પણ	5-7-6
નવધા ભકિતનું સમર્પણ	7/5/23-24
પોતાના વિત્તથી જ સમર્પિત જીવન જીવવું	8-1-10
સમર્પણ	8-9-29
સમર્પણ	10-10-38
સમર્પણ ભાવ	10-13-10
કર્મના સમર્પણથી પરમગતિ	10-14-5
સમર્પિત ભકિત	10-16-10
આત્મ સમર્પણ	10-32-13
ભકિતપૂર્વકનુ સમર્પણ ભગવાન સ્વીકારે	10-32-14
સખ્યાત્મક સમર્પણભાવ	10/35/12-13
સમર્પિત ભકતને પ્રભુ વિરહ	10/39/17-18
શરણ-સમર્પણની સિદ્ધ દશા	10-46-4
કૃષ્ણ પરાયણતા	10-47-67
ઈન્દ્રિયો-દેહનો ભગવાનમાં વિનિયોગ તે જ સાર્થકતા	10-80-3
ગોપીજનોનો કૃષ્ણપ્રેમ	10-82-40
સર્વ સમર્પણ	11-2-36
સમર્પણ	11-3-28
પ્રેમલક્ષણા ભકિતના વ્યાપાર સાધન	11-3-31
ભગવદ્ પ્રસાદીથી જ નિર્વાહ	11-6-46
ભકત સમર્પિત દાસ હોય છે	11-11-35
પ્રભુને અભિષ્ટ વસ્તુ સમર્પિત કરાય	11-11-41
સર્વ ઈન્દ્રિયો ભગવદ્ અર્થે જ છે	11-19-22
સર્વ કૃતિ ભગવદ્ અર્થે કરવી	11-19-23
ભગવાનને પ્રીતિથી ધરેલું કંઈ પણ સ્વીકારે છે	11-27-18
ભગવત્ પ્રસાદી ગ્રહણ	11-27-47
સમર્પિત ભકત	11-29-9
સર્વ સમર્પણ	11-29-21

ભગવદ્ ગીતામાં સમર્પણ E1

ભગવદ્ પ્રસાદી અન્નથી દેહનું પોષણ કરવું	3/13
ભગવાનથી સંપૂર્ણ જોડાયેલને દોષ બાધા નથી કરતા	3/17
સમર્પણ	9/27

ઉપનિષદ્માં સમર્પણ

સમર્પણ	ઈશાવાસ્ય શ્લોક	1
સમર્પણ	શ્વેતાશ્વેતર અધ્યાય શ્લોક	6/4

ભાગવતમાં સર્વાત્મભાવ E1

સર્વાત્મભાવ	9-4-2
પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવ	10-8-37
ભકિતમાર્ગીય સર્વાત્મભાવ	10-41-5
ભગવાનમાં જ સર્વભાવની સ્થિરતા	10-47-27
સર્વાત્મભાવ	10-75-23
ભકતનો સર્વભાવ	11-2-41
સર્વાત્મભાવ-ઉત્તમ ભકતનું લક્ષણ	11-2-45
સર્વાત્મભાવ અભિમુખતા	11-3-23

શ્રીમદ્ ભાગવતમાં સંયોગ વિપ્રયોગ E1

નિત્ય સંયોગ	સ્કન્દપુરાણ ભાગવત માહાત્મ્ય	2/10
આપના દર્શનની કામના એ જ કામપુરુષાર્થ		1-8-24
ભગવાનની ઈચ્છાથી સંયોગ/વિપ્રયોગ		1-13-42
ભગવદ્ વિયોગ		1-14-21
તીવ્ર વિરહ		10-30-7
તીવ્ર વિરહભાવ		10-30-39
પલકાંતર વિરહ		10-31-15
ભગવદ્ વિરહ		10/32/1-2
ભગવદ્ વિપ્રયોગ		10-35-1
ભગવદ્ દર્શનની આતુરતા		10-44-16
વિપ્રયોગાત્મક આસકિત		10-46-27
સંયોગ કરતાં વિપ્રોગમાં પ્રેમની અધિક તીવ્રતા		10-47-36

શ્રીમદ્ ભાગવતમાં આશ્રયભાવ E3

ભગવત્ ચરણામૃતની મહત્તા	1-18-21
ભગવદાશ્રય	2-7-42
ભક્તિપૂર્વક શરણાગતિથી પરમગતિ	3-25-44
મુક્તો પણ શરણાગત	4-9-8
શરણ	4-9-17
કૃષ્ણાશ્રયથી સંસાર પાર સહજ	4-22-32
ભગવાન જ રક્ષક છે તેવું માનનારને ચિંતા નથી	7-2-38
અહંતા-મમતા ત્યાગપૂર્વકનું શરણ	7-5-5
ભગવદ્આશ્રય	8-24-30
ચરણકમલનો આશ્રય	12-8-42
ભગવદાશ્રય	10-1-5
ભગવાનના ચરણ અભયદાતા છે	10-3-27
ભગવાનનો આશ્રય ઉગારે	10-8-17
અનન્ય આશ્રિતના રક્ષક ભગવાન	10-12-27
ભગવદાશ્રયથી પરમગતિ	10-14-58
નિરપેક્ષ આશ્રયભાવ	10-16-37
અનન્ય આશ્રય	10-17-23
અનન્ય આશ્રય	10-19-10
કૃષ્ણની શરણાગતિ	10-25-13
ભગવાન શરણાગતની રક્ષા કરે છે	10-25-18
ભગવાનની ચરણરજની ઉત્તમતા	10-29-37
શરણાગતિ	10-31-3
અનન્ય આશ્રય માત્રથી મુક્તિ	10-38-20
અનન્ય શરણાગતિ	10-47-53
શ્રીકૃષ્ણ શરણં મમ	10-58-20
સિદ્ધશરણાગત ભક્તોને સાધન ક્લેશમય લાગે છે કારિકા-૩	10-87-16
ભગવાનનું ભજન કરનાર શરણાગત ભક્ત અભય થાય છે	10-87-27
વિષયભોગ નહિ, જગદીશ્વરનું શરણ	11-8-39
ભગવદ્શરણ	11/12/14-15

ભગવદ્ ગીતમાં આશ્રયભાવ E3

ભગવદાશ્રયથી ભગવદ્કૃપા થાય	18/56
અનન્ય શરણાગતિ	18/66

શ્રીમદ્ ભાગવતમાં ફલ-મોક્ષ-સાયુજય-બ્રહ્મભાવ F1

સર્વાત્મભાવ	પદ્મપુરાણ માહાત્મ્ય	1-2
બ્રહ્માત્મભાવ		1-4-5
મુકિતની પ્રક્રિયા		1/15/41-42
સર્વાત્મભાવથી મોક્ષ		2-2-27
કામમુકિતની દુ:ખરૂપતા		3-24-39
આત્મવિદ્યાથી મોક્ષ		3-24-40
ચિત ભગવદાસકત થાય તો મુકિત		3-25-15
મહાપુરુષોના સંગથી મોક્ષમાર્ગગતિ		3-25-25
ભગવાનની ભકિતથી બ્રહ્મ પ્રાપ્તિ		3-25-19
અનન્ય ભગવદાસકિતથી મોક્ષ		3-25-38
અનન્ય ભકિતથી સનકાદિ જેવી સ્થિતિ		3/25/39-40
ભકિતપૂર્વક શરણાગતિથી પરમગતિ		3-25-44
મોક્ષ પ્રાપ્તિ		4-8-33
મુકતો પણ શરણાગત		4-9-8
બ્રહ્મ પ્રાપ્તિ		4-11-14
સંન્યાસીને પણ ભકિતથી સાયુજય		5-1-27
ભકત માટે ભજન કરતાં મોક્ષ તુચ્છ		7-6-25
ભગવાનનો સ્પર્શ ભગવદીય બનાવી દે છે		8-4-6
નિરોધ દ્વારા વિષ્ણુપદની પ્રાપ્તિ		12-6-32
અશુભનષ્ટ/કર્મભોગ થઈ ગયો		10-29-10
સાયુજયમુકિત		10-29-11
સ્વરૂપબળથી મુકિત		10-29-15
અખંડ ભગવદ્ચિંતનથી મુકિત		10-44-38
ભેદબુદ્ધિ ગયા પછીની ફલાત્મક અવસ્થા		10-85-26
જીવનમુકત		11-11-17

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મોક્ષ-સાયુજ્ય-બ્રહ્મભાવ

ભગવદ્ સ્વરૂપજ્ઞાન થાય તો મુકિત થાય	4/9
અધિકાર અનુસાર ફળ	4/11
યોગ્યજ્ઞાનીને પરાશાંતિ મળે છે	4/39
યોગી ક્રમશ: પરામુકિતને પામે છે	6/41-43
સર્વનો લય ભગવાનમાં થાય છે	11/28

ઉપનિષદ્માં મુક્તિ **F1**

મુકિતનો ઉપાય	ઈશા	9
મુકિતનો ઉપાય	કઠ અધ્યાયવલ્લી શ્લોક	1/3/15
સાયુજયરૂપ ફળ	કઠ અધ્યાયવલ્લી શ્લોક	2/1/15
મુકિતનો ઉપાય	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	1-7
જીવનબંધન અને મુકિત	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	1-8
મુકિતનો ઉપાય	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	3-1
જીવાત્માની મુકિતનો પ્રકાર	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	5-13
સમર્પણથી જ મુકિત	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	6-4
પરબ્રહ્મ પરમાત્માને જાણવાથી મુકિત	શ્વેતાશ્વેતર ઉપનિષદ અધ્યાય શ્લોક	6-15
જીવન મુકિતનો પ્રકાર	મુણ્ડક ઉપનિષદ-ખંડ-શ્લોક ઉપનિષદ	3/2/9

શ્રીમદ્ ભાગવતમાં ફલ F2

અલૌકિક સામર્થ્ય-સેવાપયોગી દેહ-ભજનાનંદ-પ્રભુદર્શન

અકિંચનતા/ઘમંડરહિતતાથી પ્રભુદર્શન થાય	1-8-25
સદ્યોમુકિતરૂપ ભકિતમાર્ગ	2-2-33
ભગવદ્દર્શન ફલાત્મક	2-9-20
પ્રેમલક્ષણા ભકિતથી ભગવદ્ગતિ	3-24-43
પરમાનંદની પ્રાપ્તિ	4-8-52
ભગવત્ સ્વરૂપાનંદ જ ફળ	4-20-31
સ્વરૂપ સાક્ષાત્કાર જ ફળ	4/31/10-12
પરમાત્મા જ નિર્દોષ ફળ છે	7/7/40
ભજનાનંદની બ્રહ્માનંદથી ઉત્કૃષ્ટતા	10-28-15
સ્વરૂપાનંદ	10-29-1
નિ:સાધન ભકતોની મુકિત ભગવાનથી	10-29-16
અલૌકિક અર્થપુરુષાર્થનું ફળ ભગવદ્દર્શન	10-32-9
ભકિતનું ફલ ભકિત	10-32-22
ભગવાનનું રમણ લીલાગાન ઉદ્ધારક	10-33-37
ભગવદ્દર્શન એ જ જન્મની સાર્થકતા	10-38-10
ભગવાનેવ હિ ફલં	10-46-33
પરાત્પર ફલ-કૃષ્ણભકિત વર્ધન	10-48-68
ભગવદ્દર્શન રૂપ કૃપા	10-64-26
જીવનો અમૂલ્ય લ્હાવો ભગવદ્દર્શન છે (ભગવદ્કામ પુરુષાર્થ)	10-80-12
નિષ્કામ ભકતોને પ્રભુ સ્વરૂપાનંદનું દાન કરે છે	10/81/6-7
ભગવદ્ દર્શનથી અધિક લૌકિક સંપતિ નથી જ	10-81-14
ભગવદ્ ચરણારવિંદના દર્શન ફલાત્મક છે	10-84-26
કૃષ્ણાનંદની સર્વોપરીતા	કા.૨૮ 10-87-41
ભકતને ભગવદ્ અનુભવથી જ સંતોષ થાય છે.	11-14-13
લોકવેદથી વિરત થયેલ ભકતને ભગવાનમાં જ પરમાનંદનો અનુભવ થાય છે	11-14-17
ભકતને તો ભગવાન જ ફળરૂપ છે	11-29-33
આત્મ સમર્પણથી મોક્ષ પ્રાપ્તિ	11-29-34
ભગવાનમાં સાયુજય	11-29-44

શ્રીમદ્ ભાગવતમાં ફલ - પ્રાકૃત લોકમાં ગતિ F3

કર્માદિ દ્વારા સ્વર્ગલોક વગેરે નાશવંત ફળ છે	6-7-40
લોકસેવાથી આખરે સંસાર જ મળે	7-15-29

ભગવદ્ ગીતામાં ફળ F3

સ્વર્ગલોક તુચ્છ ફલ છે	9/21
ભગવાન સિવાયનું યજન તુચ્છ ફલ છે	9/25

શ્રીમદ્ ભાગવતમાં જીવ G

જીવની સ્વરૂપ વિસ્મૃતિ	ભાગવત માહાત્મ્ય સ્કન્દપુરાણ	4/3
જીવની દુષ્ટતા પ્રભુની ઉદારતા		1-15-1
જીવાત્માની શુદ્ધિ		2/8/5-6
જીવની નિર્લેપતા		2-9-3
દૈવીજીવ તરીકેનું વરણ		10-14-11
જીવની ક્ષુદ્રતા જીવનું અંશત્વ		10-14-11
જીવનું પરિમાણ અણુ જેટલું છે, વ્યાપક નહિ	કારિકા-૧૭	10-87-30
જીવ નિત્યબદ્ધ અને ઈશ્વર નિત્યમુકત છે		11-11-7
મનુષ્યદેહની ઉત્તમતા		11-20-12

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જીવ G

આત્માનું સ્વરૂપ	2/20
ભગવાન સર્વજ્ઞ છે અને જીવ અજ્ઞ છે	4/5
આસુરી જીવો	9/11-12
જીવ ભગવદંશ છે	15/7
આસુરી સૃષ્ટિનાં લક્ષણો	16/6-8

ઉપનિષદ્માં જીવ G

જીવાત્માનું સ્વરૂપ	કઠ અ.વલ્લી શ્લોક	1/2/18
જીવનું વરણ ભગવાન દ્વારા	કઠ અ.વલ્લી શ્લોક	1/2/23
જીવ-પરમાત્માનો સંબંધ	મુંણ્ડક મું.ખં.શ્લો.	3/1/1
જીવનું અસામર્થ્ય	મુંણ્ડક મું.ખં.શ્લો.	3/1/2
વરણ	મુંણ્ડક મું.ખં.શ્લો.	3/2/3
જીવ જગત અને જગદીશ	શ્વેતાશ્વેતર ઉપનિષદ અ.શ્લોક	1/9
જીવાત્મા અને પરમાત્મામાં ભેદ	શ્વેતાશ્વેતર ઉપનિષદ	4/6-7
જીવનું પરિમાણ	શ્વેતાશ્વેતર ઉપનિષદ	5/9
જગતની રચનાનો પ્રકાર	શ્વેતાશ્વેતર ઉપનિષદ	6/3

શ્રીમદ્ ભાગવતમાં શ્રોતા H1

વકતા	પદ્મપુરાણ માહાત્મ્ય	1-4
ભાગવતકથાના વકતા	પદ્મપુરાણ માહાત્મ્ય	6/20-21
ભાગવતકથાના વકતા	સ્કન્દપુરાણ માહાત્મ્ય	4/22
કૃષ્ણસંબંધિ પ્રશ્ન કલ્યાણકારક	શ્રીમદ્ ભાગવત	1-2-5
ઉત્તમ શ્રોતા	ભાગવત	3-15-25
ઉત્તમ શ્રોતા	ભાગવત	4/25/39-40
ભગવદ્ ભકતોના મુખની વાણી	ભાગવત	12-12-51
શ્રોતાની લાયકાત	ભાગવત	11-2-31
કોને ઉપદેશ કરવો	ભાગવત	11-29-31

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પ્રમાણ વચનો શ્રોતા સંબંધે H1

અનધિકારીને ભગવદ્ બોધ ન કરવો	18/67

શ્રીમદ્ ભાગવતમાં ભગવદીય ભકત H2

ભગવદીય જીવન	પદ્‌મપુરાણ માહાત્મ્ય	4/79-80
રસિક ભકત	સ્કન્દપુરાણ માહાત્મ્ય	1/21
વ્રજભકતોની ચરણરજની કામના	સ્કન્દપુરાણ માહાત્મ્ય	2/24-25
ભકત મુકિત ન માગે	સ્કન્દપુરાણ માહાત્મ્ય	4/31
તીર્થરૂપ ભગવદીય	શ્રીમદ્ ભાગવત	1-4-8
મહાપુરુષોનો અનુગ્રહ		1-5-24
ભકતોની નિર્ભયતા		1-7-22
ભગવદીયોનો ઉત્કર્ષ		1-11-8
તીર્થરૂપ ભગવદ્ ભકતો		1-13-10
ભગવદીય		1-13-26
ભકતોનો સદાચાર		1-18-47
ભગવદીય જીવન		1-19-16
મોટાઓનો અનુગ્રહ		1-19-23
ભગવદ્ પ્રેમીનો સંગ		2/3/11-12
શ્રદ્ધાવાન ભકત		3-5-13
મહાપુરુષોનું અનુસરણ		3-12-31
ભકતોને મોક્ષ તુચ્છ છે		3-15-48
ભગવદાશ્રય કરનાર ભકતો		3-21-17
સદ્‌પુરુષોના સંગથી મોક્ષમાર્ગે ગતિ		3-25-25
ભગવદ્ ભકતોમાં આસકિત કરે તો મોક્ષ મળે		3-25-20
નિષ્કામ ભકતો		3/29/13-14
ભકતના અનુગ્રહથી માયાથી છૂટાય		3-31-15
મહાત્મા પુરુષો ગુણગ્રાહી		4-4-12
મહાત્મા પુરુષ		4-4-19
ભગવદીયનો સંગ		4-9-11
ભકતોનાં લક્ષણ		4-9-12
સાધુઓ કરૂણાવાન		4-11-10
મોટાઓનો વ્યવહાર		4-11-13
ભકતની કામના		4-12-8
ભકતની વ્યાકુળતા		4-12-18
ભકતોનાં લક્ષણ		4-12
મોટાઓની લોકશિક્ષાર્થ કૃતિ		4-24-18
વૈષ્ણવો		4-24-30

શ્રીમદ્ ભાગવતમાં ભગવદીય ભકત H2

ભકતનો સમાગમ	4-30-33
ભકતોનો સમાગમ શ્રેષ્ઠ ઉપલબ્ધિ	4-30-34
તીર્થોના તીર્થ ભગવદ્ ભકતો	4-30-37
ભગવદ્ભકતોને ગૃહાસકિત થતી નથી	5-1-1
મહાત્મા	5-5-2
મહાત્માપુરુષોની ચરણરજનું માહાત્મ્ય	5/12/12-13
ભકતને મોક્ષની તુચ્છતા	5/14/44
ભકતોનો સંગ	6/2/24-25
સાધુપુરુષના સંગથી સંસારમુકિત	6-2-39
ભગવદીયોને કાલ કર્મ નવ બાંધે રે	6-3-27
ભગવદ્ભકતોની નિસ્પૃહતા	6-17-27
ભગવદીય અભય હોય છે	6-17-28
ભગવદીયનો સંગ	7-4-42
ભકતનાં કર્તવ્ય અને સાધના	7-7-30
ભગવાનમાં દૃઢ રતિવાળા ભકતના લક્ષણ	7-7-34
ભગવાનનો ચાંડાળ ભકત ધર્માચરણ કરનાર બ્રાહ્મણથી ઉત્તમ	7-9-10
ભગવાનના દાસાનુદાસપણુ સર્વશ્રેષ્ઠ સુખદાયક છે	7-9-24
ભકત ૨૧ પેઢી તારે	7-10-18
ભકત તદ્દન અપવિત્રને પણ પવિત્ર કરે	7-10-19
અનન્ય ભકત	8-3-20
દૈન્યં તત્ તોષ સાધનમ્	8-3-32
સ્વદોષદર્શન	8-4-11
ભકત નિર્મોહિ	8-22-27
ભકતની પ્રભુ રક્ષા કરે છે	9-4-28
ભકતો પાપનાશક છે	9-9-6
ભકતની કૃપાળુતા	9-21-14
ભકતો જ ભગવાનને જાણી શકે	12-11
મોટા ભકતો	10-2-31
અભેદદૃષ્ટિ	10-4-27
ભકતને સ્નેહવશ માહાત્મ્ય અસહ્ય થાય છે	10-7-39
ભગવદીયો કૃપા કરવા જ યાત્રા કરે છે	10-8-4
ભગવદીયોની દીન વત્સલતા	10-10-25
ભગવદીયનાં દર્શન બંધન છોડાવે	10-10-41
ગોપબાળકોનું સૌભાગ્ય	10-12-11
વ્રજવાસી ભકતોનું સૌભાગ્ય	10-12-12
ભકતને ભગવાન ઉત્તમ ગતિ આપે છે	10-12-39

શ્રીમદ્ ભાગવતમાં ભકત

H2

ભગવાનના દુ:ખે દુ:ખી	10-16-10
ભગવાનની શોભારૂપ ભકતો	10-20-44
ભકતને ભગવાનથી જ સુખ	10-20-45
ભગવદ્ ભકતનાં લક્ષણ	10-21-18
માંગવું તો ભકતે કૃષ્ણ માંગવા	10-22-4
ભગવદ્ પ્રાપ્તિ માટે ભકત કંઈ પણ કરવા તૈયાર	10-22-20
ભકત કદી ભગવાનમાં દોષદૃષ્ટિ ન કરે	10-22-22
ભકત સંસારના કામનો રહેતો નથી	10-22-26
ભગવદ્ પ્રાપ્તિમાં ભકતોને લૌકિક-વૈદિક બંધનો નડતા નથી	10-23-20
ભકતોની પ્રીતિ ભગવાનમાં જ	10/23/26-27
ભકતને ભગવાન સિવાય કોઈનું શરણ નથી	10-23-29
ભકત ભગવદ્ પ્રાપ્તિ માટે દેહ-પ્રાણને તુચ્છ જાણે છે	10-23-34
સિદ્ધાંત કહે તે આત્મીય અને મૌન રહે તે ત્યાજય	10-24-5
ભકતોનો વૈરાગ્ય	10-29-31
ભગવદ્ આવેશી ભકતો	10-30-2
ભગવદ્રૂપતા	10-30-15-19
નિ:શુલ્ક શરણાગત દાસી	10-31-2
ભકતોથી શોભે તે ભગવાન	10-32-10
ભગવદ્ ભકતનું લક્ષણ-વિહ્વળતા	10-38-26
ભકતની અભિલાષા	10-41-51
ભગવાનના દાસ ભગવાનની જ લીલા ગાય	10-47-1
પ્રેમીભકતો પર ભગવાનની કૃપા	10-48-26
ભકતોના પ્રાણરૂપ ભગવાન	10-58-2
દૃઢપ્રેમી ભકત	10-60-25
ભકતની દીનતાયુકત પ્રાર્થના	10-64-20
ભગવાનના દર્શનથી ભકતની દશા	10-71-26
ભકતને જન્મયોનિની ચિંતા નથી પણ ભગવદ્ સ્મરણ ન ભૂલાય તે માંગે	10-72-15
ભગવાન કે ભકતની નિંદા સાંભળી લેવી ન જોઈએ	10-74-40
મોટાઓ લોકશિક્ષા માટે સદાચરણ કરે છે	10-78-33
મોટાઓ લોકસંગ્રહ માટે પણ કર્મ કરે છે	10-79-30
ભકત શું માંગે ?	10-81-36
પ્રભુ પોતાના ભકતોને સંપત્તિરહિત રાખે છે	10-81-37
ભકતના ઘરમાં ભગવાન બિરાજે એથી વિશેષ ઉત્તમ કંઈ નથી	10-82-31
ભગવદ્ ભકતોનું માહાત્મ્ય	10-84-11

શ્રીમદ્ ભાગવતમાં ભકત

H2

પ્રભુની આજ્ઞાનું પાલન	10-85-46
અવ્યાવૃત્ત ભકત	10/86/13-14
ભકતને ત્યાં ભગવાન વગર વિનતીએ પધારે છે	10/86/16
ભકતોને ભગવદ્ સ્વરૂપ જાણ્યા	10/86/39
દીનતા સ્વભાવ	10/86/42
ભકત બ્રાહ્મણમાં પણ પૂજયભાવ રાખવો	10/87/55
હરિ લીલારસામૃતના ભોકતા ભકત મોક્ષને પણ તુચ્છ જાણે છે	10/87/21
પરમશુદ્ધ ભકતોની જ સેવા કરવી, અન્યોની નહિ કા-૧૪	10/87/27
ભકતો તીર્થરૂપ છે	10/87/35
ભકતની શ્રેષ્ઠતા	11/2/5-6
ઉત્તમપુરુષનું લક્ષણ - સમભાવ	11-2-48
ભગવાન જેને વશ છે તે મુખ્ય ભકત	11-2-55
ભકતો	11-4-10
લક્ષ્મીજીથી ય ભકતોની શ્રેષ્ઠતા	11-6-12
ભગવન્મય જીવન	11-6-45
ભકત	11-11-34
સત્પુરુષોના સંગથી ભકિત થાય	11-11-48
નિષ્કામ અને સમર્પિત ભકત શ્રેષ્ઠસુખ પ્રાપ્ત કરે છે	11-14-12
ભગવાનને સમર્પિત ભકત કોઈ અન્ય ફલની સ્પૃહા કરતો નથી	11-14-14
ભકત	11-16-44
ગૃહસ્થ ભકત	11-17-52
ગૃહસ્થ ભકત	11-17-54
સંતપુરુષનાં લક્ષણ	11-26-27
ભકતો	11-26-32
સમર્પિત ભકત	11-29-19

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભકત **H2**

ભકત ભકિતમાં ઉપયોગી માત્ર જ વેદમાંથી ગ્રહણ કરે છે	2/46
ભકત લોક-વેદમાં સ્નેહરહિત, બુદ્ધિ કૃષ્ણમાં સ્થિત	2/57
ભકતે કર્મ કાપપ્યવત્ કરવાં	3/19
આવશ્યક ન હોવા છતાં ભગવદીયે લોક સંગ્રહથી કર્મ કરવાં	3/25
આવશ્યક ન છતાં ભગવદીયે લોકાર્થે આચરણ કરવું	3/21
ભકતની દુર્ગતિ નથી	6/40
અનન્ય ભકત	7/16-17
ભકતો	9/14
ભગવાનના ભકતો જ તેમની સમીપ પહોંચે છે	10/9-10
દીનતા	11/41-42
ઉત્તમભકત જ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે	11/55
શ્રેષ્ઠ ભકત	12/2
ઉત્તમ ભકતનાં લક્ષણ	12/3-4
કેવો ભકત ભગવાનને પ્રિય છે	12/13-15
ભગવાનના પ્રિય ભકતનાં લક્ષણ	12/16-17
ભગવાનના પ્રિય ભકતનાં લક્ષણ	12/18-19
ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તે યોગ્યતા	13/18
ભગવાનના સ્વરૂપને જાણે તે સર્વજ્ઞ	15/19
ભકત	18/65

ઉપનિષદ્માં ભકત **H2**

દૈન્ય	કેન અ.શ્લો.	2-3
પરમાત્માને જાણનારનું લક્ષણ	કઠ અ.વ.શ્લો.	2-1-12

ગુરુ દીક્ષા-ઉપદેશ-લક્ષણ

		J
ગુરુ દ્વારા બોધ	પદ્મપુરાણ માહાત્મ્ય	1-4
પાખંડી ધર્માચાર્યો	શ્રીમદ્ ભાગવત	1-5-15
ગુરુ સર્વનું જ્ઞાન કયારે કરે ?		3-7-35
ગુરુ રૂપ ભગવાન		4-30-30
સદ્‌ગુરુ		7-9-44
ગુરુદેવ		7-15-26
મૂર્ખગુરુ		8-24-50
સંપ્રદાય પ્રવર્તક રૂપ નાવ		10-2-31
ગદ્યમંત્રનો ભાવાર્થ		10-31-1
ગુરુની કૃપાળુતા		10-34-14
વર્ણાશ્રમીના ગુરુ		10-80-32
સદ્‌ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલનાર શિષ્ય		10-80-33
શિષ્યનું ગુરુ પ્રતિ કર્તવ્ય		10-80-41
ગુરુ		11-3-22
શિષ્યત્વ		11-3-48
પોતાનો આત્મા જ પ્રથમગુરુ		11-7-20
ગુરુભકિત		11-18-39

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ગુરુ

	J
શિષ્ય	2-7

શ્રીમદ્ ભાગવતમાં દુષ્ટઅસુર, અભકત, નિષિદ્ધાચરણી, K
સંસારી, માયાનુસારી, અવિદ્યાનુસારી

ભાગવત વિક્રય	પદ્મપુરાણ ભા.મા.	1-71
ભકત દ્રોહી	પદ્મપુરાણ ભા.મા.	2-20
સંસારરૂપ આંધળો કૂવો	પદ્મપુરાણ ભા.મા.	4-78
પાખંડી ધર્માચાર્યો	શ્રીમદ્ ભાગવત	1-5-15
મનુષ્યનો અહંકાર મિથ્યા છે		1-7-17
ભગવદ્ સ્વરૂપ સંબંધે અજ્ઞાન		1-11-37/38/39
અધર્મ		1-17-21
અધર્મની પ્રવૃત્તિ		1-17-40/41
સંસારી		2-1-3/4
ભગવાન ન બિરાજતા હોય તે ઘર ત્યાજય		3-1-2
ભગવદ્ દ્વેષી પુત્ર ત્યાજય		3-1-13
ભાગવત કથાના અનધિકારી		1/17
વાણીનો અન્ય વિનિયોગ		3-6-36
માયા સંબંધ અનર્થકારી		3-7-11
અલ્પ તપ વાળાને ભગવદ્ભકતોનો સંગ નથી મળતો		3-7-19
ભેદદૃષ્ટિ		3/30/21-22
માયાનો દુષ્પ્રભાવ		3-30-5
મહાત્મા દ્રોહી		4-3-21
પ્રસંશા મહાત્માને પણ પાડે છે		4-15-23
વંચક		4-19-12
ઉપધર્મ - નાસ્તિકવાદ		4-19-25
સકામતા		4-20-31
દેહાધ્યાસ		4-29-5
ચંચલચિત્ત ભરોસા લાયક નથી		5-6-2
દૃઢ વિષયાસકિત		5-8-11
નિરંકુશ મન		5-11-4
નિરંકુશ મનથી દેહાધ્યાસ		5-11-7
ભગવાનથી વિમુખના પ્રાયશ્ચિત અર્થહીન છે		6-1-18
ગૃહાસકિત છૂટવી દુર્લભ છે		6/14/3-4
પ્રાપંચિક સંબંધોમાં મમતા ન રાખવી		6/16/4-6
પ્રભુ વિમુખતાથી સંસાર પ્રાપ્તિ		6-16-57
સંસારના દ્વંદાદિ સુખ-દુ:ખ ભગવાનની લીલા છે		6-17-29
દુર્બુદ્ધિવાળો દુર્ભાગી જીવ		7-1-1
ભેદભાવનું મૂળ દેહાધ્યાસ		7-1-23
ભગવદ્વિમુખ		7-9-43

શ્રીમદ્ ભાગવતમાં સંસારી, આસુરી વગેરે	K
અધર્મની શાખાઓ પણ અધર્મરૂપ જ છે	7-15-12
અધર્મની શાખાની વ્યાખ્યા	7/15/13-14
લોકસેવાથી સંસાર મળે, મોક્ષ નહિ	7/15/29
ભગવાનનો અનાશ્રય પતન નોંતરે	7/15/46
ભગવાનની માયા બહુ શકિતમાન છે	8-19-23
દુ:સંગથી ડરવું	8-22-3
સંસાર	9-19-14
સંસારસુખ ક્ષણિક છે	12-3-2
નિષિદ્ધાચરણ	12-3-33
અધ્યાસથી સંસાર	10-1-42
દેહાધ્યાસ	10-1-43
જ્ઞાનખલ	10-2-19
માયાથી મોહિત	10-2-28
અન્યાશ્રય	10-2-32
ત્રિગુણની બાધકતા	10-4-47
માયાની પ્રભા છેતરે છે	10-6-9
લક્ષ્મીનો મદ	10-10-7
પાખંડી	10-20-23
કામાવેગ કૃષ્ણકીર્તનમાં બાધક	10-21-4
ભગવાનમાં મનુષ્યદૃષ્ટિ તે મહા અજ્ઞાન	10/23/10-11
જીવનું અજ્ઞાન	10-28-12
ભગવન્ માહાત્મ્ય ભૂલે તો ભગવાનથી વિમુખ થાય	10-29-48
અહંકાર પ્રભુને પ્રિય નથી	10-30-38
અન્યાશ્રય ભકિતમાં બાધક છે	10-34-1
ભગવન્ બહિર્મુખતાનું ફળ	10-40-23
ભકિતનો અનધિકારી	10-48-8
અધર્મીની દુર્દશા	10-49-23
જીવ દોષીત	10-53-24
ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન	10-56-12
માયા મોહિત જીવ સંસારમાં ભટકે છે	10-63-40
માયાનો પ્રભાવ	10-63-41
શિક્ષા શ્લોકી - બહિર્મુખતા	10-64-42
ધર્મમૂલક સંપત્તિ ન હોય તો મદ થાય અને નાશ થાય	10-72/10
પાખંડીને વિદ્યા હિતકર ન થાય	10-78-26
ધર્મ પાખંડીનો વધ ભગવાન કરે છે	10-78-27

શ્રીમદ્ ભાગવતમાં સંસારી, આસુરી વગેરે	K
ધન સંપત્તિની અનર્થતા	10-81-20
ભગવાનનો અનાદર - અવજ્ઞા	10-82-6
બ્રાહ્મણનો તિરસ્કાર કરનારા	10-86-55
સંસાર સુખ આભાસી છે	10-87-34
અહંતા-મમતાત્મક ગૃહ હરિમાર્ગમાં બાધક છે	10-87-35
દેહાભિમાનીને અંતર્યામિ હોવા છતાં ભગવદ્દર્શન નથી થતા	10-87-39
મદત્યાગ	11-5-9
લૌકિક આસકિત ત્યજવી	11-7-52
ઈન્દ્રિય લોલુપતા ત્યાજય	11-8-2
સર્વમાર્ગેષુ નષ્ટેષુ	11-14-9
ભગવાનના ધ્યાનમાં સ્ત્રી વિષયાસકિત ખૂબ બાધક છે	11-14-29
પાખંડી સંન્યાસી	11/18/40-41
પ્રાકૃત સુખો નાશવંત છે	11-19-18
અવિવેકી	11-22-50
અહંતા-મમતાત્મક બુદ્ધિ	11-23-50
ત્રિગુણ	11-25-12
ગુણ જીવોને સંસારમાં બાંધે છે	11-25-32
માયા	11-26-19
સંસાર અસાર છે તે વેદ સિદ્ધ છે	11-28-10

શ્રીમદ્ ભગવદ્ગીતામાં સંસારી, આસુરી વગેરે	K
બુદ્ધિના વિનાશનું કારણ - વિષય ધ્યાન	2/62
દંભી	3/6
કામક્રોધ ભકિતમાં બાધક છે	3/37
અજ્ઞાનનું મૂળ સંશય છે	4/42
માયા દુસ્તર છે	7/14
અજ્ઞાની	7/25
ત્રિગુણનું અતીક્રમણ	14/20
આસુરી સૃષ્ટિનો મદ અને ગતિ	16/14-16
અસૂર	16/17-18
અધમ દુષ્ટોની ગતિ	16/19-20
ત્યાજય	16/21
શ્રેય સાધવા દુષ્ટ વૃત્તિ ત્યજવી	16/22

ઉપનિષદ્માં સંસારી/આસુરી

K

અન્યાશ્રય		ઈશા-12
દંભી		ઈશા-12
અંધતમ નરક - આત્મ હત્યારો		ઈશા-3
અભિમાન	ખંડ શ્લોક	કેન-2/8
મૂર્ખાઓ જ ભોગ ઈચ્છે છે	અધ્યાયવલ્લી શ્લોક	કઠ-1/2/5
બલવતી માયા	અધ્યાયવલ્લી શ્લોક	કઠ-1/3/11
માયારૂપ આવરણ	અધ્યાયવલ્લી શ્લોક	કઠ-1/3/12
ભેદબુદ્ધિ મુકિતમાં બાધક	અધ્યાયવલ્લી શ્લોક	કઠ-2/1/10
બ્રહ્મ બાબતે શ્રદ્ધા - અશ્રદ્ધા	તૈતરીય બ્ર.અ.-૬	
જીવનું બંધન અને મુકિત	શ્વેતાશ્વેતરીયનિષદ અ.શ્લો.	1-8
જીવાત્માના બંધનું કારણ	શ્વેતાશ્વેતરીયનિષદ અ.શ્લો.	5-12

શ્રીમદ્ ભાગવતમાં તત્ત્વ, સત્, પ્રકૃતિ - પ્રપંચ, મહત્‌તત્વાદિ L દેહ ઈન્દ્રિયો વ.

સૃષ્ટિની નિત્યતા	3-10-13
પ્રાકૃત દેહમાં ભાવવિકાર થાય છે	7-7-18
ઈન્દ્રિયોની વ્યર્થતા	12-12-48
ભગવાનનું કાર્ય સ્વરૂપ	10-2-27
વ્યકત જગત સત્ય છે	10-10-29
પ્રપંચ સત્ય છે	10-14-16
દેહ - ઈન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ	10-21-7
દેહની સાર્થકતા	10-28-5
વાક્ઈન્દ્રિયની સાર્થકતા - ભગવદ્ ગુણગાન	10-38-12
પ્રાકૃત સૃષ્ટિ મોહમયી છે	11-7-7
તત્ત્વોની સંખ્યા	11-22-4
કર્માધીન મન	11-22-37
પ્રાકૃત વસ્તુઓ કાલથી વિકાર પામે છે	11-22-43
મન જ સુખ-દુઃખનું કારણ	11-23-43

શ્રીમદ્ ભાગવદ્ગીતામાં તત્વ સંબંધિ વચનો L

બ્રહ્મલોક સુધી પ્રાકૃતલોક છે	8/16
ત્રણગુણ	14/17

ઉપનિષદ્માં તત્વ સંબંધિ વચનો

ઈન્દ્રિયો જીવન નથી પણ પ્રાણ જીવન છે	એતરેય ઉપનિષદ અ.ખં.શ્લો. 1-3-4